સૌરાષ્ટ્ર યુનિવર્સિટી પ્રકાશન

# ગુજરાતી ભાષાના દ્વિરુક્ત પ્રયોગો

લેખક

**પ્રભાશંકર રામશંકર તેરૈયા**

M. A., Ph. D., H.S.S. भाषारत्न

ગુજરાતી ભાષા–સાહિત્ય ભવન,
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

[ ડૉ. હરિવલ્લભ ભાયાણીના પુરોવચન સાથે ]

**સૌરાષ્ટ્ર યુનિવર્સિટી**
**રાજકોટ – ભાવનગર**

Ac. Gunratnasuri MS
Jin Gun Aradhak Trust

લેખકનાં અન્ય પ્રકાશનો

(૧)

**ગુજરાતી-હિંદી દીપિકા**
**ભાગ-૧**
પ્રકાશક :
બમ્બઈ હિંદી વિદ્યાપીઠ
મુંબઈ-૨૬

(૨)

**ગુજરાતી-હિંદી દીપિકા**
**ભાગ-૨**
પ્રકાશક :
બમ્બઈ હિંદી વિદ્યાપીઠ
મુંબઇ-૨૬

Ac. Gunratnasuri MS
Jin Gun Aradhak Trust

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી પ્રકાશન

# ગુજરાતી ભાષાના દ્વિરુક્ત પ્રયોગો

લેખક

**પ્રભાશંકર રામશંકર તેરૈયા**

M. A., Ph. D., H.S.S. भाषारत्न

ગુજરાતી ભાષા–સાહિત્ય ભવન,
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

[ ડૉ. હરિવલ્લભ ભાયાણીના પુરોવચન સાથે ]

**સૌરાષ્ટ્ર યુનિવર્સિટી**
**રાજકોટ – ભાવનગર**

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

Gujarātī Bhāshānā Dvirukta Prayogo :- *A linguistic study of Gujarati Reduplicatives by (Dr.) P. R. Teraiya*

પ્રથમ આવૃત્તિ ] [ ૧૯૭૦

આ ગ્રંથની પ્રથમ આવૃત્તિના પ્રકાશન હક્કો સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના છે.

કિંમત : રૂપિયા દશ
રૂ. ૧૦-૦૦

મુદ્રક
શ્રી. શાંતિલાલ છોટાલાલ પારેખ
પ્રોપ્રાયટર,
સરસ્વતી પ્રિન્ટિંગ પ્રેસ,
ભાવનગર

પ્રકાશક
શ્રી. વા. મ. દેસાઈ
કુલસચિવ,
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,
રાજકોટ – ભાવનગર

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

પૂ. માતુશ્રી

તથા

પૂ. પિતાશ્રી

તથા

શ્રીમતી જયાલક્ષ્મીને......

સાદર – સસ્નેહ

સમર્પિત......



ખારાપાટે મુજ જીવનના શુષ્ક ને રુક્ષ આરા,
તેમાં સૌએ અખૂટ રસથી રેલવી સ્નેહધારા;
ને, એવી યે ઊષર ભૂમિમાં ઊગ્યું આ પુષ્પ નાનું;
નૈવેદ્યે, એ કુસુમ બસ હું અર્પું તાજું, સુહાનું.

પ્ર. રા. તેરૈયા

Ac. Gunratnasuri MS

Jin Gun Aradhak Trust

# આવકાર

ભાઈ તેરૈયાએ લખેલ 'ગુજરાતી ભાષાના દ્વિરુક્ત પ્રયોગો' પુસ્તકને આવકારતાં મને અત્યંત આનંદ થાય છે. આ પુસ્તક ભાષાશાસ્ત્રમાં એક મહત્ત્વનું પ્રદાન બની રહેશે તેમાં મને શંકા નથી. ઉચ્ચ શિક્ષણક્ષેત્રે માતૃભાષાને માધ્યમ તરીકે સ્વીકાર કર્યાના આપણા નિશ્ચયને આવાં પ્રકાશનથી અદકેરું બળ પણ મળશે.

નાનાં બાળકો સાથેના મારા વર્ષોના સંપર્કથી હું જોઈ શક્યો છું કે બાળકની ભાષામાં દ્વિરુક્ત પ્રયોગો અત્યંત મહત્ત્વનું સ્થાન ધરાવતા હોય છે. જેમણે બાળકાવ્યો, હાલરડાં, બાળવાર્તાઓ, બાળરમતો વગેરેનો અભ્યાસ કર્યો હશે તેમને આ બાબતનો પરિચય થયો જ હશે. એ દૃષ્ટિએ પણ આ પુસ્તક અત્યંત આવકાર્ય ગણું છું.

ભારે પરિશ્રમ લઈને અધ્યાપક તેરૈયાએ આવું અધ્યયન કર્યું અને તેના ફલસ્વરૂપ આવો સુંદર ગ્રંથ આપ્યો તે માટે તેમને ખરેખર અભિનંદન ઘટે છે. આ દિશામાં હજી પણ તેઓ સંશોધન-ગ્રંથો આપતા રહેશે તેવી મને શ્રદ્ધા છે.

પુસ્તકના પાંચમા પ્રકરણ તરફ અભ્યાસીઓનું ધ્યાન ખેંચું છું.

અનેક શુભેચ્છાઓ સાથે આ ઉપયોગી પુસ્તકને હું આવકારું છું.

ભાવનગર

તા. ૨૦-૨-૭૧

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

'ગુજરાતી ભાષાના દ્વિરુક્ત પ્રયોગો' નામનું આ પુસ્તક ગુજરાતી ભાષાશાસ્ત્રના અભ્યાસમાં એક નવી દિશા ઉઘાડી આપે છે. લેખકે પોતાના વિષય માટે પદ્ધતિ ઘડી છે અને એ પદ્ધતિ પ્રમાણે જ એમણે વિષયનિરૂપણ કર્યું છે. આવા પ્રયોગોના વર્ગીકરણમાં પણ તેમની દૃષ્ટિ સ્પષ્ટ દેખાય છે. દરેક પ્રકારનાં અનેક દૃષ્ટાંતો તેમણે આપ્યાં છે. આ રીતે પુસ્તક મહત્ત્વનું બન્યું છે. આવા દ્વિરુક્ત પ્રયોગો પાછળ, આવા પ્રયોગો કરનારની માનસિક પ્રક્રિયા કઈ જાતની હોય છે તે પ્રશ્ન પણ તપાસવા જેવો છે. જુદી જુદી ભાષાના આવા અભ્યાસો થાય તો તેના ઉપરથી, ભાષા-ભાષા વચ્ચેના આદાનપ્રદાનના સંબંધો સમજવામાં ઘણી મદદ થાય.

પ્રાધ્યાપક તેરૈયાનો આ અભ્યાસ, આમ, ખૂબ મહત્ત્વનો છે. આ વિષયનાં કેટલાંક બીજાં પાસાંઓનો અભ્યાસ, આના ઉપરથી તેઓ તેમ જ બીજાઓ કરવા પ્રેરાશે એવી આશા રાખીએ. આ પુસ્તકને હું આવકારું છું.

રાજકોટ
તા. ૧૨-૨-૭૦

**ડોલરભાઈ માંકડ**

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

# નિવેદન

'**ગુજરાતી ભાષાના દ્વિરુક્ત પ્રયોગો**' એ શોધ-પ્રબંધને **મુંબઈ** યુનિવર્સિટીએ **૧૯૬૪**માં પીએચ. ડી.ની ઉપાધિ માટે સ્વીકૃત કર્યો છે. આજે તે પ્રકાશિત થાય છે તે મારા માટે અત્યંત આનંદનો વિષય છે. પ્રકાશનની મંજૂરી દેવા માટે મુંબઈ યુનિવર્સિટીનો હું આભાર માનું છું.

પ્રસ્તુત અધ્યયન માટે મેં છ-સાડા છ વરસ કામ કર્યું છે. ભાષાશાસ્ત્રના સમર્થ વિદ્વાન અને મારા પૂજ્ય ગુરુ **ડૉ. હરિવલ્લભ ભાયાણીના** માર્ગદર્શનનો લાભ મને મળ્યો છે તેને મારું સદ્ભાગ્ય ગણું છું. તેમના મમતાયુક્ત માર્ગદર્શન વિના આ કાર્ય આ સ્વરૂપે પૂર્ણ બની શકયું ન હોત. આ ઉપરાંત આ પુસ્તક માટે 'પુરોવચન' લખવાની મારી વિનંતીનો તેમણે સ્વીકાર કર્યો છે તે બદલ તેમનો હું ઋણી છું.

આ સંશોધન-કાર્ય માટે, મને ભારતીય વિદ્યા ભવન, મુંબઈની રિસર્ચ સ્કોલરશીપ મળી હતી. તેથી તે સંસ્થાનો પણ આભાર માનું છું. ભારતીય વિદ્યા ભવનના ગ્રંથપાલ **ડૉ. નિપુણભાઈ પંડ્યાએ** મને જે જે વાચન-સામગ્રીની આવશ્યકતા હતી તે તે સુલભ કરી આપી છે તે બદલ તેમનો પણ આભાર માનું છું.

આ અધ્યયનમાં મેં જે જે લેખકોના ગ્રંથો અને લેખોનો ઉપયોગ કર્યો છે તે માટે તે સર્વ લેખકશ્રીઓનો આભાર માનું છું.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિશ્રી **ડોલરભાઈ માંકડે** અને કુલનાયકશ્રી **હરભાઈ ત્રિવેદીએ** આ પુસ્તક વિશે પોતાના મૂલ્યવાન અભિપ્રાયો લખી આપી મને પ્રોત્સાહન આપ્યું છે તે માટે તેમનો હાર્દિક આભાર માનું છું.

આ પુસ્તક પ્રકાશિત કરવા માટે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીએ વ્યવસ્થા કરી છે તે માટે તે સંસ્થાનો હું ઋણી છું.

આવા શાસ્ત્રીય પુસ્તકને યોગ્ય રીતે મુદ્રિત કરવા માટે સરસ્વતી પ્રેસના સંચાલકે મુદ્રણકાર્યમાં જે સરળતાથી કામ આપ્યું છે તે ઉલ્લેખનીય ગણું છું.

**ભાવનગર** **પ્રભાશંકર રા. તેરૈયા**

**તા. ૨૫-૨-૭૦**

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

# પ્રકાશક સંસ્થાનું નિવેદન

સંશોધન પ્રવૃત્તિઓ શરૂ કરવી, ચાલુ રાખવી અને વિકસાવવી એ યુનિવર્સિટીનું ખાસ અગત્યનું કર્તવ્ય છે. થયેલા સંશોધનકાર્યનું પ્રકાશન-કાર્ય અને યુનિવર્સિટી ભવનો, સંલગ્ન કૉલેજો તથા માન્ય સંસ્થાઓના શિક્ષકોના પીએચ. ડી.ના મહાનિબંધોનું પ્રકાશન કાર્ય કરવું એ આ પ્રવૃત્તિઓ પૈકી એક છે. પ્રારંભથી જ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં ગુજરાતી ભાષાને શિક્ષણ અને પરીક્ષાના માધ્યમ તરીકે સ્વીકારવામાં આવી છે. યુનિવર્સિટી ભવનોમાં તેમ જ સંલગ્ન સંસ્થાઓમાં અભ્યાસ કરતા જ્ઞાનપિપાસુઓને ગુજરાતી ભાષામાં પૂરતું સાહિત્ય મળી રહે તે દૃષ્ટિબિન્દુને લક્ષમાં રાખીને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીએ આયોજનપૂર્વક અધ્યાપકોને પ્રકાશન સહાય-આપવાનું ગોઠવ્યું છે. યુનિવર્સિટીએ પોતે પણ વિદ્વાન અધ્યાપકોના આ દૃષ્ટિથી તૈયાર થયેલાં પુસ્તકોને પ્રકાશિત કરવાની શરૂઆત કરી છે. યુનિવર્સિટીની પ્રકાશન સમિતિની ભલામણો ઉપરથી સિન્ડીકેટે સંલગ્ન કૉલેજોના ત્રણ શિક્ષકોના પીએચ. ડી.ના મહાનિબંધોનું પ્રકાશન કરવા નિર્ણય કર્યો છે. આ ત્રણ મહાનિબંધો પૈકી એકનું પ્રકાશન થઈ ગયું છે. હવે ડૉ. તેરૈયાના "ગુજરાતી ભાષાના દ્વિરુક્ત પ્રયોગો" નામના મહાનિબંધને પ્રકાશિત કરતાં અમને ખૂબ આનંદ થાય છે.

યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશને ચોથી પંચવર્ષીય યોજનાના ગાળા દરમિયાન આ યુનિવર્સિટીને આ પ્રકારનાં સંશોધન-પ્રકાશનો માટે આર્થિક સહાય મંજૂર કરેલી છે. યુનિવર્સિટીએ પણ પોતાના અંદાજપત્રમાં આવાં પ્રકાશનો માટેની રકમની જોગવાઈ કરેલી છે.

ભાષાશાસ્ત્રના વિષયને લગતું આ પુસ્તક માત્ર વિદ્યાર્થીઓને જ નહિ પણ ગુજરાતી ભાષાના વિકાસમાં રસ લેતાં સૌ કોઈને ઉપયોગી થઈ પડશે એવી અમને શ્રદ્ધા છે.

ગુજરાત યુનિવર્સિટીના ભાષાવિજ્ઞાનના વિદ્વાન પ્રાધ્યાપક ડૉ. હરિવલ્લભ ભાયાણીના આ પુસ્તકના પુરોવચન લખવા માટે અમે આભારી છીએ.

**વા. મ. દેસાઈ**
કુલસચિવ

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય,
ધરમપુર હાઉસ, કવિશ્રી નાનાલાલ માર્ગ,
રાજકોટ-૧
તા. ૧૦-૩-૧૯૭૦

## અનુક્રમણિકા

પુરોવચન
આવકાર
નિવેદન
પ્રકાશક સંસ્થાનું નિવેદન
અનુક્રમણિકા
સંક્ષેપોની સમજ

### વિભાગ-૧

| પ્રકરણ | | પૃષ્ઠ |
|---|---|---|
| ૧ | પ્રતિપાદિત વિષયોની રૂપરેખા | ... ૩ |
| ૨ | વિષયની ક્ષેત્ર-મર્યાદા | ... ૬ |
| ૩ | પુરોગામીઓનું કાર્ય | ... ૧૦ |
| ૪ | સ્વીકૃત પરિભાષા | ... ૩૨ |
| ૫ | અધ્યયન-સામગ્રીનું સંકલન અને તેની મર્યાદા | ... ૩૬ |
| ૬ | આવર્તન : નિસર્ગમાં, સાહિત્યમાં અને ભાષામાં | ... ૪૩ |
| ૭ | દ્વિરુક્તિ અને ભારતીય-આર્યભાષા | ... ૫૬ |
| ૮ | દ્વિરુક્ત પ્રયોગોનું વર્ગીકરણ | ... ૬૨ |

### વિભાગ-૨

| | | |
|---|---|---|
| ૯ | વીપ્સાવાચક કે આવર્તનવાચક દ્વિરુક્ત પ્રયોગો | ... ૬૯ |
| ૧૦ | રવાનુકારી દ્વિરુક્ત પ્રયોગો | ... ૮૯ |
| ૧૧ | પ્રાસસાધક દ્વિરુક્ત પ્રયોગો | ... ૧૨૧ |
| ૧૨ | ઉપસંહાર | ... ૧૪૮ |
| | પરિશિષ્ટ-૧ | ... ૧૫૧ |
| | (આદ્યાક્ષરની દ્વિરુક્તિવાળા રવાનુકારી શબ્દો) | |
| | પરિશિષ્ટ-૨ | ... ૧૫૫ |
| | (નેપાળી ભાષાના દ્વિરુક્ત પ્રયોગો) | |
| | સંદર્ભ-સૂચિ | ... ૧૮૦ |
| | શબ્દ-સૂચિ | ... ૧૮૪ |
| | શુદ્ધિઓ | ... ૧૮૮ |

Ac. Gunratnasuri MS
Jin Gun Aradhak Trust

# ગુજરાતી ભાષાના

Kumar Jayakant K.

# દ્વિરુક્ત પ્રયોગો

Ac. Gunratnasuri MS

Jin Gun Aradhak Trust

# સંક્ષેપોની સમજ

| | | |
|---|---|---|
| અ. | : | અવ્યય |
| અ. ક્રિ. | : | અકર્મક ક્રિયાપદ |
| અપ. | : | અપભ્રંશ |
| ઉદા. | : | ઉદાહરણ |
| એ. વ. | : | એકવચન |
| કા. | : | કાઠિયાવાડી ( શબ્દ ) |
| ક્રિયાવિ. | : | ક્રિયાવિશેષણ |
| ચ. | : | ચરોતરી ( શબ્દ ) |
| દા. ત. | : | દાખલા તરીકે |
| દે. | : | દેશ્ય |
| ન. | : | નપુંસકલિંગ |
| ન. બ. વ. | : | નપુંસકલિંગ, બહુવચન |
| પ્રા. | : | પ્રાકૃત |
| પું. | : | પુંલિંગ |
| પું. બ. વ. | : | પુંલિંગ, બહુવચન |
| ફા. | : | ફારસી |
| મ. | : | મરાઠી |
| રવ. | : | રવાનુકારી ( શબ્દ ) |
| લા. | : | લાક્ષણિક ( અર્થમાં ) |
| વિ. | : | વિશેષણ |
| વિ. ન. | : | વિશેષણ, નપુંસકલિંગ |
| સર. | : | સરખાવો |
| સુ. | : | સુરતી ( શબ્દ ) |
| સ્ત્રી. | : | સ્ત્રીલિંગ |
| સ્ત્રી. બ. વ. | : | સ્ત્રીલિંગ, બહુવચન |
| સં. | : | સંસ્કૃત |
| હિં. | : | હિંદી |

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

# વિભાગ—૧

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

# વિભાગ ૧

## પ્રકરણ ૧

## પ્રતિપાદિત વિષયોની રૂપરેખા

ભાષા એ માનવજીવનની અગત્યની લાક્ષણિક પ્રવૃત્તિ છે. જીવનના અને જ્ઞાનના હરેક ક્ષેત્રમાં ભાષા હવે અત્યંત મહત્ત્વની બનતી જાય છે, એટલું જ નહીં પણ વિજ્ઞાનની ભિન્ન ભિન્ન શાખાઓ પણ ભાષાના એકાદ અંશનો વિશેષ અભ્યાસ કરે છે.

અજાણી ભાષા કોઇને પણ અપરિચિત અને વિચિત્ર અવાજોનો–ધ્વનિઓનો ઘોધ લાગે પણ તે ભાષા સમજનારને તો તે ધ્વનિઓ સાંભળી જુદી જ અસર થાય. શિક્ષિત લોકોને પણ પોતે જાણતા હોય તે ભાષાના અંતરંગની વિશેષ જાણકારી હોતી નથી. ભાષાના સાચા સ્વરૂપને ભાષાશાસ્ત્ર સમજાવે છે. માનવોપયોગી કોઈ પણ વસ્તુને સમજવાની માનવમાં અદમ્ય જિજ્ઞાસા રહેલી છે. તેની તૃપ્તિ દ્વારા તે પોતાને તેમ જ માનવજાતિને, રોજિંદા જીવનને સાચી અને સારી રીતે સમજવામાં સહાય કરે છે. ભાષાશાસ્ત્ર, જે જીવનની અનિવાર્ય પ્રવૃત્તિ છે તે ભાષાને તેના સાચા સ્વરૂપમાં સમ્મુખ લાવે છે.

ભાષા જીવનની બધી પ્રવૃત્તિઓમાં ફરી વળે છે, તેથી તે અનિવાર્ય તો છે જ, પરંતુ ભાષાને પોતાનું પોતા તરીકે પણ મહત્ત્વ છે. ભાષાશાસ્ત્ર એ ભાષાના અંતરંગને સમજવાનું શાસ્ત્ર છે. પણ ભાષાનું અંતરંગ એટલે શું ? ભાષામાં મુખ્ય બે પદાર્થ છે–ધ્વનિ અને અર્થ. ધ્વનિ (sound) એ પદાર્થવિજ્ઞાનનો વિષય છે, જેમકે ફોન, રેડિયો વગેરે. વૈજ્ઞાનિકને મન ધ્વનિ એ માત્ર ધ્વનિ જ છે. તેને મન ધ્વનિ એ નિરપેક્ષ પદાર્થ છે, પણ ભાષાશાસ્ત્રીને મન ધ્વનિ એ સાપેક્ષ છે. તેને મન ભાષા એ ધ્વનિઓનો શંભુમેળો નથી પણ એક સુગ્રથિત, વ્યવસ્થિત ધ્વનિયોજના છે, જે ભાવ કે વિચારની અભિવ્યક્તિમાં (Expression) કામ લાગે છે. બોલનાર બોલતી વખતે પોતાના કથયિતવ્યને (Content) જેમ બને તેમ વિશદ અને સચોટ કરવા ઇચ્છશે. બોલતી વખતે તે ભાષાના ઉપયોગ વિશે સભાન નહીં હોય, તે વખતે તો તેને મન કથયિતવ્યનું જ મહત્ત્વ છે.

શાસ્ત્રીય દૃષ્ટિએ કોઈ પણ ભાષાના અમુક સમયે વિદ્યમાન સ્વરૂપનું અધ્યયન ત્રણ વિભાગમાં વહેંચી શકાય. (૧) અભિધાનનું રચનાતંત્ર (The Structure of Expression) (૨) અભિધેયનું રચનાતંત્ર (The Structure of Content) (૩) શબ્દભંડોળ (Vocabulary).

પ્રસ્તુત અધ્યયનનો વિષય આમાંથી સાવ સ્પષ્ટ રીતે એકેય વિભાગમાં મૂકી શકાય તેમ નથી. અમુક અંશે તે વ્યાકરણમાં આવે છે પણ વિશેષે કરીને તેનો શબ્દભંડોળના વિભાગમાં સમાવેશ કરી શકાય તેમ છે. વળી અધ્યયન ભાષાના સાવ એકકાલીન સ્વરૂપ પૂરતું જ મર્યાદિત નથી, ક્વચિત ઐતિહાસિક દૃષ્ટિએ પણ વિચારણા કરી છે.

બીજી દૃષ્ટિએ જોઈએ તો એમ પણ કહી શકાય કે માનવ ભાષા દ્વારા પોતાના ભાવ અને વિચારને

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

વ્યવહારાર્થ પ્રગટ કરે છે. આ ભાવ અને વિચારને પ્રગટ કરવાની ભાષામાં ઘણી પદ્ધતિઓ છે. તેમાંનો એક વિશિષ્ટ પ્રકાર તે દ્વિરુક્તિ છે.[૧]

પ્રસ્તુત અધ્યયનનો વિષય 'ગુજરાતી ભાષાના દ્વિરુક્ત પ્રયોગો' છે. નિત્યની સામાન્ય વાતચીતમાં, વિધિપૂર્વકના વાણીવ્યવહારમાં તથા લખાણમાં આપણે એકનો એક વર્ણ, શબ્દ, શબ્દગુચ્છ કે ઇતરપ્રયોગ બેવડાતો કે દ્વિરુક્ત થતો જોઈએ છીએ. આ પ્રકારની ગુજરાતી ભાષામાં વર્ણની અને શબ્દની જે દ્વિરુક્તિઓનો વ્યવહાર થાય છે તેમનો સમગ્રતયા અભ્યાસ કરવો, તેમનું સ્વરૂપ, પ્રકારો, પ્રયોગ અને મહત્ત્વ તપાસવું એ પ્રસ્તુત અધ્યયનનો વિષય છે.

આ અધ્યયનને બે વિભાગમાં વહેંચી નાખવામાં આવ્યું છે. દ્વિરુક્તિની પ્રક્રિયાને સામાન્ય સ્વરૂપે સમજવાનો તેમજ ભારતની આર્ય ભાષાઓમાં તે કેવી રીતે પ્રતિબિંબિત થાય છે તે પ્રથમ વિભાગમાં દર્શાવવામાં આવ્યું છે. બીજા વિભાગમાં ગુજરાતી ભાષાના દ્વિરુક્ત શબ્દો, તેમનું ઘડતર, પ્રકાર તેમ જ દ્વિરુક્ત શબ્દોના વર્ગીકરણ પ્રમાણે કોશ આપવામાં આવ્યો છે.

આ પહેલા પ્રકરણ પછી બીજા પ્રકરણમાં અભ્યાસપ્રાપ્ત દ્વિરુક્તિઓની ક્ષેત્રમર્યાદા બાંધી છે. તેમાં સાચા દ્વિરુક્ત પ્રયોગોને દ્વિરુક્ત પ્રયોગો જેવી રચનાઓથી ભિન્ન પાડી તેનાં કારણોની વિગતવાર ચર્ચા કરી છે. અહીં જેની અંદર ધ્વનિની દ્વિરુક્તિ થતી હોય તેને જ દ્વિરુક્ત પ્રયોગ તરીકે સ્વીકારવામાં આવ્યો છે. અર્થની દ્વિરુક્તિને આ વિષયના ક્ષેત્રની મર્યાદા બહાર ગણવામાં આવી છે. બોલીમાં આપણે ઘણી વાર વિશેષણના અંતિમ અક્ષરને બેવડાવીએ છીએ. તેને પણ વિષયની બહાર ગણ્યાં છે અને તે માટે સકારણ ચર્ચા કરી છે. આ ઉપરાંત રવાનુકારી શબ્દોના અમુક પ્રકારોને દ્વિરુક્ત પ્રયોગ ગણ્યા નથી. આ પ્રકરણમાં અભ્યાસના ક્ષેત્રને કયા કયા દ્વિરુક્ત પ્રયોગો વિષયની બહાર છે અને કયા કયા પ્રયોગો પ્રસ્તુત છે તેની ચર્ચા કરવામાં આવી છે.

'ગુજરાતી ભાષાના દ્વિરુકત પ્રયોગો' એ વિષયના અધ્યયનનો આ વ્યવસ્થિત અને વિસ્તૃત પ્રથમ પ્રયાસ છે. પણ આ વિષયને લગતા છૂટક છૂટક લેખો દ્વારા ગુજરાતનાં તેમ જ ગુજરાત બહારના કેટલાક વિદ્વાનોએ ચર્ચા કરી છે. આ વિષયનું કેટલું કેટલું પૂર્વકાર્ય થયું છે તેની વિગતવાર ચર્ચા ત્રીજા પ્રકરણમાં કરવામાં આવી છે. ક. પ્રા. ત્રિવેદી, ન. ભો. દીવેટિયા, દેવકૃષ્ણ જોશી, વિદ્યાબેન નીલકંઠ, નવલરામ ત્રિવેદી, હરિવલ્લભ ભાયાણી, એસ. એમ. કત્રે અને એમ. બી. એમેનો વગેરેના લેખોનું વિવેચન કરી તેમની વર્ગીકરણપદ્ધતિ, ગુણવત્તા અને ઐતિહાસિક અગત્યની નોંધ લીધી છે.

ચોથા પ્રકરણમાં પરિભાષાની ચર્ચા કરી છે. અધીત પ્રયોગો માટે અનેક પ્રાચીન–અર્વાચીન સંજ્ઞાઓ યોજાઈ છે તેની ચર્ચા કરવામાં આવી છે. 'આમ્રેડિત', 'અભ્યાસ', 'દ્વિર્ભાવ', 'પુનઃ પૌન્યવાચક', 'દ્વિરુક્તિ' આદિ પર્યાયોમાંથી પ્રસ્તુત વિષય પૂરતી શાસ્ત્રીય અને તર્કશુદ્ધ સંજ્ઞા સૂચવી છે.

પાંચમા પ્રકરણમાં પ્રસ્તુત અધ્યયન માટે આવશ્યક સામગ્રી ક્યાંથી અને શા માટે અને કેવી રીતે

---

૧. ભાષા ઉપરાંત કથયિતવ્યની સચોટતા માટે બોલતી વખતે અભિનયમાં (Gesture) પણ દ્વિર્ભાવ આવે છે. હા કે ના પાડતી વખતે માથાનું બે વાર હલચલન, કોઈને બોલાવતી વખતે હાથનું સંજ્ઞામાં બે વાર હલન-ચલન એ પણ દ્વિર્ભાવ છે.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

મેળવી છે તે દર્શાવવામાં આવ્યું છે. આ પ્રાપ્ત-સામગ્રીની મર્યાદાઓની અસર પ્રસ્તુત અધ્યયન ઉપર કેવી પડી છે તે પ્રત્યે ધ્યાન દોર્યું છે.

દ્વિરુક્ત પ્રયોગોના ઘડતરમાં આવર્તનનું તત્ત્વ અત્યંત મહત્ત્વનો ભાગ ભજવે છે. આ આવર્તનની વિશદ છણાવટ છઠ્ઠા પ્રકરણમાં કરવામાં આવી છે. તે આવર્તનનું તત્ત્વ નિસર્ગમાં, સાહિત્યમાં તેમજ ભાષામાં કેવી રીતે પ્રગટ થાય છે તેની ચર્ચા કરવામાં આવી છે.

ભારતની આર્ય ભાષાઓનો તુલનાત્મક કે ઐતિહાસિક અભ્યાસ એ પ્રસ્તુત અધ્યયનનો મુખ્ય આશય નથી, પરન્તુ ગુજરાતી ભાષાના દ્વિરુક્ત પ્રયોગો સમુચિત રીતે સમજાય તે દૃષ્ટિથી પ્રાચીન ભારતીય-આર્ય, મધ્ય ભારતીય-આર્ય અને અર્વાચીન ભારતીય-આર્ય ભાષાના દ્વિરુક્ત પ્રયોગોને અહીં દર્શાવવામાં આવ્યા છે. હિંદી, બંગાળી, મરાઠીના થોડા આવા પ્રયોગોના નિર્દેશથી તેમનું અને ગુજરાતી ભાષાના પ્રયોગોનું સામ્યવૈષમ્ય જોઈ શકાય છે. આ બધી ચર્ચા સાતમા પ્રકરણમાં કરવામાં આવી છે. આ ઉપરાંત ગુજરાતીના દ્વિરુક્ત પ્રયોગો અને અન્ય ભારતીય ભાષાઓના દ્વિરુક્ત પ્રયોગો વચ્ચે શું સામ્યવૈષમ્ય છે તેનો થોડો વધુ ખ્યાલ આવે તે માટે જે એક અર્વાચીન ભારતીય-આર્ય ભાષા અંગે આર. એલ. ટર્નર જેવા વિદ્વાને વ્યવસ્થિત કામ કર્યું છે તે નેપાળી ભાષાના દ્વિરુક્ત શબ્દો અધ્યયનને અંતે પરિશિષ્ટરૂપે નોંધ્યા છે.

આઠમા પ્રકરણમાં દ્વિરુક્ત શબ્દોના વર્ગીકરણની યોજના સૂચવવામાં આવી છે. આ પહેલાં પુરોગામી લેખકોએ સૂચવેલી યોજનાઓની સમીક્ષા કરવામાં આવી છે અને તે યોજનાઓ શા માટે અસ્વીકાર્ય છે તેની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી છે.

નવમા પ્રકરણમાં ગુજરાતીના દ્વિરુક્ત શબ્દોનો પહેલો પ્રકાર – (વીપ્સાવાચક કે આવર્તનવાચક દ્વિરુક્ત શબ્દો) આપવામાં આવ્યો છે. આઠમા પ્રકરણમાં વર્ગીકરણની યોજના પ્રમાણે તેના પેટા પ્રકારો, સ્વરૂપ, ઇતિહાસ આદિની ચર્ચા કરી છે અને અંતે તે પ્રકારના શબ્દોનો કોશ આપવામાં આવ્યો છે.

દસમા પ્રકરણમાં ગુજરાતીના દ્વિરુકત શબ્દોનો બીજો પ્રકાર (રવાનુકારી શબ્દો) ચર્ચવામાં આવ્યો છે. તેના પેટા પ્રકારો, સ્વરૂપ આદિની ચર્ચા પછી તે પ્રકારના શબ્દોનો કોશ આપ્યો છે.

અગિયારમા પ્રકરણમાં ગુજરાતીના દ્વિરુક્ત શબ્દોનો ત્રીજો પ્રકાર (પ્રાસસાધક દ્વિરુક્ત શબ્દો) ચર્ચવામાં આવ્યો છે. તેના પેટા પ્રકારો, સ્વરૂપ આદિની ચર્ચા પછી વર્ગવાર કોશ આપ્યો છે.

અંતમાં નિર્ણયો તારવવામાં આવ્યા છે.

ઉપર સાતમા પ્રકરણમાં નિર્દિષ્ટ કર્યું તે પ્રમાણે પરિશિષ્ટમાં ટર્નરકૃત નેપાળી કોશમાંથી તારવેલા બધા દ્વિરુક્ત શબ્દોની યાદી આપી છે.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

# પ્રકરણ ૨

# વિષયની ક્ષેત્રમર્યાદા

'દ્વિરુક્તિ' શબ્દ એ 'દ્વિઃ+ઉક્તિ'નો બનેલો છે. દ્વિઃ=બે વાર અને ઉક્તિ=કહેવું તે અથવા કથન. આમ દ્વિરુક્તિનો શબ્દશઃ અર્થ 'બે વાર કથન' થાય છે. આમાં શબ્દનું તેમ જ અર્થનું પુનરાવર્તન એમ બંનેનો સમાવેશ કરવો હોય તો કરી શકાય પણ પ્રસ્તુત અધ્યયનમાં દ્વિરુક્તિ એટલે શબ્દનું કે ધ્વનિનું આવર્તન એવી મર્યાદિત વ્યાખ્યા સ્વીકારી છે. આ વ્યાખ્યામાં ધ્વનિનું પુનરુચ્ચારણ એ જ દ્વિરુક્તિનું વ્યાવર્તક લક્ષણ ગણવામાં આવ્યું છે. તેથી જેમાં ધ્વનિ સિવાય બીજું કોઈ પણ તત્ત્વ બેવડાતું હોય તેવા શબ્દો એની મેળે જ આપણા વિષયની મર્યાદા બહાર ચાલ્યા જાય છે.

ધ્વનિની દ્વિરુક્તિ ઉપરાંત અર્થની દ્વિરુક્તિ પણ ઘણા શબ્દોમાં જોવામાં આવે છે.[1] આવા શબ્દોના બે પ્રકાર પાડી શકાય. પહેલા પ્રકારમાં એક ભાષાના શબ્દની સાથે બીજી ભાષાનો તે શબ્દનો પર્યાય મૂકવામાં આવે છે, ત્યારે બીજા પ્રકારમાં એક જ ભાષાના સમાનાર્થ બે શબ્દો સમસ્ત રૂપમાં, એક શબ્દ તરીકે સાથે આવે છે. જો કે અર્થનું સ્વરૂપ પ્રકૃતિથી જ અચોક્કસ, અનિયત અને અસ્પષ્ટ હોય છે. સંદર્ભાનુસાર એક શબ્દની અનેક અર્થચ્છાયાઓ બંધાય છે. આ રીતે અહીં જેની ચર્ચા કરીએ છીએ તે સમાનાર્થ શબ્દયુગ્મોના બંને ઘટકોના અર્થની સમાનતા સર્વત્ર સાવ એકરૂપ નથી હોતી. એ બે અર્થોમાં અમુક અંશે વત્તેઓછે સૂક્ષ્મ ભેદ હોય જ છે. કેટલીક વાર તો એક જ વસ્તુ કે વિભાવના (Concept) બે તદ્દન નિકટના પ્રકારો સમસ્ત શબ્દોના વાચ્ય હોય છે. નીચે આપેલાં ઉદાહરણોમાં સમસ્ત ઘટકોના અર્થોને સ્થૂળ માને સમાન ગણવાના છે, સૂક્ષ્મ તર્કની કક્ષાએ નહીં.

પહેલા પ્રકારનાં ઉદાહરણો આ પ્રમાણે છે:–

પાંઉ રોટી (પાંઉ, પોર્ચુગીઝ=રોટલી + રોટી, હિંદી), સીલમહોર (સીલ, Seal અંગ્રેજી + મહોર ફારસી), ખેલતમાસો (ખેલ, હિંદી + તમાસો, ફારસી), લાજશરમ (લાજ, સંસ્કૃત 'લજ્જા' + શરમ, ફારસી), ધનદોલત (ધન, સં. + દોલત, ફા.), જંતુજનાવર (જંતુ, સં. + જનાવર, ફા.),

---

૧. સહેજે વિચાર કરતાં 'કામકાજ' 'માનમર્તબો' જેવા અનેક પ્રયોગો આપણને યાદ આવશે. આ પ્રકારના શબ્દો ઘણીખરી અર્વાચીન ભારતીય-આર્યભાષાઓના શબ્દભંડોળની વિશિષ્ટતા છે. સુનીતિકુમાર ચેટરજીએ આ પ્રકારના શબ્દોનાં મહત્ત્વ અને ઘડતર વિશે પ્રથમ ધ્યાન ખેંચ્યું હતું. તેમણે આમાંના ઘણાખરા શબ્દો જુદી જુદી બે ભાષાના સમાનાર્થ શબ્દો હોવાનું દર્શાવ્યું છે અને પરભાષાનો અલ્પ પરિચિત લાગતો શબ્દ સ્પષ્ટ કરવા તેની સાથે સ્વભાષાનો પરિચિત શબ્દ ટિપ્પણરૂપે જાણે કે મુકાતો હોય એ રીતે આવા શબ્દો પ્રાચીન સમયથી ઘડાતા રહેવાના વલણને સ્પષ્ટ કર્યું છે. તેમણે આવા શબ્દોને ભાષાન્તર સમાસ (Translation Compounds) એવું વિશેષ નામ આપ્યું છે. એ માટે જુઓ તેમનો લેખ 'Polyglottism in Indo-Aryan.' The Seventh All India Oriental Conference, Vol. I, Baroda, 1933:pp. 177-189

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

રાજાબાદશાહ ( રાજા, સં. + બાદશાહ, ફા. ), ઝંડાનિશાન ( ઝંડા, હિંદી + નિશાન, ફા. ), કાગળપત્ર ( કાગળ, ફા. + પત્ર, સં. ).

તેવી જ રીતે માનમર્તબો, ભાઈબંધ–દોસ્તદાર, માયામહોબત, જીવજાન, તનબદન, દુઃખદર્દ, નામનિશાન, ફિકરચિન્તા, વગેરે.

બીજા પ્રકારનાં ઉદાહરણો આ પ્રમાણે છે :–

કામકાજ, જીવજંતુ, ગરીબગુરબાં ( ગરીબનું જ બહુવચન ગુરબાં ), બાલબચ્ચાં, પાલનપોષણ, ભૂતપ્રેત, લાજમરજાદ, રંગરાગ, ઘરબાર, પૂજાપાઠ[2] વગેરે.

આ બન્ને પ્રકારોમાં અર્થની દ્વિરુક્તિ રહેલી છે. આવા અર્થની દ્વિરુક્તિવાળા શબ્દો આપણા વિષયની બહારના છે.

આ ઉપરાંત અર્થની દ્વિરુક્તિ નથી પણ અપેક્ષા રાખનાર, વિરોધ દર્શાવનાર આદિ શબ્દ–જોડકાં સાથે વપરાય છે. જેમકે :–

દૂધદહીં, ઢાલતલવાર, બારીબારણાં, ભૂખતરસ, હાથપગ, સોયદોરો, ટેબલખુરસી, થાળીવાટકો, બૂટમોજાં, ગાદીતકિયો, રાતદહાડો, ગાડીઘોડો, દોરીલોટો, શેઠવાણોતર, સૂડીસોપારી, માદીકરો, તડકોછાયો, ખાડાટેકરા, બાંધછોડ, માંડવાળ, લીલીસૂકી, ચડતીપડતી, મારફાડ, ખાલીખમ, રાતોપીળો.

આવા શબ્દો એક સાથે જ પ્રયુક્ત થતા હોઈ રૂઢ જેવા થઈ ગયા છે, પરન્તુ તેમાંના મોટા ભાગના શબ્દો દ્વંદ્વ સમાસાત્મક કે અન્ય સમાસાત્મક છે. તેથી તેવા શબ્દો વિષયની બહાર ગણ્યા છે.

જેમ કેવળ અર્થની દ્વિરુક્તિને પ્રસ્તુત અધ્યયનની બહારની ગણી છે તેમ અમુક પ્રકારનું માત્ર ધ્વનિનું આવર્તન થાય એટલે જ દ્વિરુક્ત એમ પણ અહીં સ્વીકાર્યું નથી. જે ધ્વનિમૂલક દ્વિરુક્તિમાં પણ જ્યાં પાયાનો કોઈ ઘટક દ્વિરુક્ત થયો હોય તેને જ દ્વિરુક્તિ ગણી છે. આ રીતે રવાનુકારી ( Onomatopoetic ) શબ્દોના અમુક વિશિષ્ટ વર્ગને પણ આપણે દ્વિરુક્ત કહી શકીએ નહીં. અહીં અમુક વિશિષ્ટ વર્ગ એ શબ્દ પર લક્ષ આપવાનું છે. આનો અર્થ એ કે બધા જ રવાનુકારી શબ્દો દ્વિરુક્ત ન ગણાય. તેમાં અમુક વર્ગ, ઉપરની વ્યાખ્યા અનુસાર દ્વિરુક્ત ગણવાનો રહેશે જ. જે રવાનુકારી શબ્દોમાં શરૂઆતના એકલા કે છેવટે એક સસ્વર વ્યંજનનું આવર્તન હોય છે તે આપણી વ્યાખ્યા પ્રમાણે દ્વિરુક્તિના ક્ષેત્રમાં નહીં આવે, જેમકે :–

ઠીઠીઠી, ખાખાખા હસવાનો વિચિત્ર રવ,
ખોંખોં–ઉધરસનો રવ,
ખુંખું–ઉધરસનો રવ,
ઓખો–એક રમતમાં કરવામાં આવતો રવ,
ગોગો–અક્કલ વગરનો ગો...ગો...કરતો હોય તેવો,
ઘૂઘૂ–કબૂતર કે હોલાનો રવ,
છમ્ છમ્–બળતા પર પાણીનાં ટીપાંનો રવ,

---

૨. સરખાવો ' જળ રે જમનાનાં અમે પાણીડાં ગ્યાં'તાં ' – એક લોકગીત.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

થૈ થૈ–નૃત્યમાં થતો રવ,
ફેં ફેં–પૂરતું ન બોલતાં થતો રવ વગેરે.
ટનનન–ઘંટડીનો રવ,
ખડડડ–કંઈક ઢસડાવાનો રવ,
ખળળળ–પ્રવાહી વહેવાનો રવ,
ચરરર–કંઈક ફાટવાનો રવ,
ફડડડ–કંઈક ફાટવાનો રવ,
તડડડ–કંઈક તૂટવાનો રવ,
કડડડ–કંઈક તૂટી પડવાનો રવ,
ખનનન–કંઈક ખખડવાનો રવ,
ફરરરર–કંઈક ઊડવાનો રવ,
ખરરરર–કંઈક ખરવાનો રવ,
ગડડડ–કંઈક ગગડવાનો રવ,
ઘરરરર–કંઈક ઘસાવાનો રવ,
છનનન–કંઈક ખખડવાનો રવ,
ધડડડ–કંઈક ધડાકા જેવો રવ,
ભડડડ–કંઈક ભરડાવા–દળાવા જેવો રવ વગેરે.

આપણી વ્યાખ્યા પ્રમાણે આ શબ્દો પણ આપણા વિષયની મર્યાદામાં આવતા નથી, અલબત્ત આવા રવાનુકારીઓમાંથી સાધિત થતા તડતડ, ફડફડ, ખનખન, ગડગડ, ઘરઘર, ભડભડ, ખળખળ–જેમાં સ્પષ્ટ રીતે અમુક ઘટકનું આવર્તન હોવાથી દ્વિરુક્ત ગણ્યા છે અને તેમનો સમાવેશ કરવામાં આવ્યો છે.

ઉપર જણાવેલા ખનનન, ઘરરર, ખળળળ જેવા શબ્દો વાસ્તવિક નિત્યના વ્યવહારની ભાષામાં અને ખાસ કરીને ગ્રામીણ પ્રદેશમાં અત્યંત વ્યાપક રીતે વપરાય છે અને એ રીતે દ્વિરુક્ત પ્રયોગોની જેમ આ જાતના રવાનુકારી શબ્દો પણ આપણા શબ્દભંડોળનું એક મહત્ત્વનું અંગ છે. પરન્તુ કોશોમાં એ બધાનો સમાવેશ થયો નથી. માત્ર મર્યાદિત અંશનો જ સમાવેશ થયો છે.

ઘણી વાર ગુજરાતીમાં બે અક્ષરવાળાં (syllable) વિશેષણોનો બીજા અક્ષરનો વ્યંજન જ્યાં ભાર દેવો હોય ત્યાં દીર્ઘ કરવામાં આવે છે. બીજી રીતે કહીએ તો ગુજરાતીમાં ઘણાંયે દ્વિ–અક્ષરી વિશેષણો-નાં બે રૂપ હોય છે–એક ભારમુક્ત (Unemphatic) અને બીજું ભારયુક્ત (Emphatic) હોય છે. તેમની વચ્ચેનો ભેદ બીજા વ્યંજનની હ્રસ્વતા–દીર્ઘતા દ્વારા દર્શાવાય છે. જેમકે

| | | | |
|---|---|---|---|
| સાચું–સાચ્ચું, | પાકું–પાક્કું, | મીઠું–મીઠ્ઠું, | કાચું–કાચ્ચું, |
| ફીકું–ફીક્કું, | ખોટું–ખોટ્ટું, | તીખું–તીખ્ખું, | ખાટું–ખાટ્ટું, |
| એઠું–એઠ્ઠું, | આધું–આદ્ધું, | છેટું–છેટ્ટું, | બધું–બધ્ધું, |
| જૂઠું–જૂઠ્ઠું. | | | |

આમ આવાં દ્વિ–અક્ષરી વિશેષણો આપણા વિષયની બહારનાં ગણ્યાં છે.

આ ઉપરથી પ્રસ્તુત અધ્યયનનું ફલક અને મર્યાદા સ્પષ્ટ થશે. જે શબ્દમાં ઘટકરૂપ ધ્વનિની દ્વિરુક્તિ થાય તે જ અભ્યાસનો વિષય છે. આ ઉપરાંત માત્ર શબ્દાન્તર્ગત દ્વિરુક્તિની વિચારણા થઈ છે, પછી તે શબ્દ સાદો હોય કે સમસ્ત. શબ્દની કક્ષાના દ્વિરુક્ત પ્રયોગો જ અભ્યાસપ્રાપ્ત છે.

શબ્દ ઉપરાંત શબ્દગુચ્છ અને વાક્યની કક્ષાએ પણ ભાષામાં દ્વિરુક્ત પ્રયોગો થાય છે. જો કે તે શબ્દકક્ષાના દ્વિરુક્ત પ્રયોગો જેટલા વ્યાપક નથી.

'તે મનમાં ને મનમાં દુખી થતો હતો.' 'તેણે વાતમાં ને વાતમાં રાત પસાર કરી.' 'તે કૂદતો કૂદતો આવ્યો.' 'સૂડી સૂડીને ઠેકાણે રહી અને તે સોપારી ખાઈ ગયો.' 'તેણે તો દળી દળીને

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

ઢાંકણીમાં ઊધરાવ્યું.' 'ખેડૂતે લણી લણીને વેપારીને જ આપ્યું.' 'શેણી શેણી કરતો વિજાણંદ ચાલ્યો જાય છે.' 'રાક્ષસ ખાઉં ખાઉં કરતો અને માર માર કરતો દોડ્યો.' 'તે ઘરમાં ને ઘરમાં બેઠો રહે છે.' 'તે વહેમમાં ને વહેમમાં મોળો પડતો ગયો.' 'તેણે હોંશમાં ને હોંશમાં ખર્ચ કરી નાખ્યો.'—આમ આ વાક્યોમાં શબ્દગુચ્છની કક્ષાના દ્વિરુક્ત પ્રયોગો છે.

આ ઉપરાંત ઉશ્કેરાટ, ઉતાવળ, ભાર મૂકવા, ધ્યાન ખેંચવા ઇત્યાદિ કારણે બોલાયેલાં વાક્યોના પણ દ્વિરુક્ત પ્રયોગો જોવા મળે છે. જેમકે–'હમણાં આવશે હમણાં આવશે એમ કરતાં બાર વાગ્યા.' 'ચાલ્યો જા, ચાલ્યો જા.' 'અહીં આવ, અહીં આવ.' 'વાઘ આવ્યો રે વાઘ આવ્યો.' 'ધાજો રે ધાજો.' 'કોણે માર્યું? કોણે માર્યું?' 'તે વાસણ પડ્યું પડ્યું.' 'આવે આવે ને જાય રે મેહુલિયો.' આમ શબ્દગુચ્છ તેમ જ વાક્યની કક્ષાના દ્વિરુક્ત પ્રયોગો આપણા વિષયની મર્યાદા બહારના છે.

આ સમગ્ર ચર્ચાને ટૂંકમાં આ પ્રમાણે મૂકી શકીએ કે આપણા વિષય માટે નક્કી કરેલી દ્વિરુક્તિ માટે ધ્વનિની સમ્પૂર્ણ કે અંશતઃ દ્વિરુક્તિ અને એક શબ્દનો જ વિસ્તાર એમ બે મૂળભૂત મર્યાદા તેમ જ વિશેષતા બની રહે છે.

આ વિષયમાં લખાયેલા છૂટક લેખોમાં દ્વિરુક્ત પ્રયોગો અને દ્વિરુક્તિ વિશે ભાગ્યે જ તાર્કિક અને સ્પષ્ટ માહિતી મળે છે. આ વિષયમાં થયેલા પૂર્વકાર્યની નોંધ લેતાં તે જણાઈ આવે છે. આ પછી આ વિષયના પુરોગામી વિદ્વાનોના કાર્યની સમીક્ષા કરવામાં આવી છે.



Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

## પ્રકરણ ૩

# પુરોગામીઓનું કાર્ય

સામાન્યતઃ ભારતીય ભાષાઓના અને વિશેષે ગુજરાતી ભાષાના દ્વિરુક્ત પ્રયોગોના વિષયમાં ગુજરાત તેમજ ગુજરાત બહારના વિદ્વાનોએ પ્રસંગોપાત્ત ઉલ્લેખો કે લેખો લખ્યા છે. ઈ. સ. ૧૯૧૯થી ઈ. સ. ૧૯૫૪ના ગાળામાં આ વિષયને લગતી ચર્ચા ચાલી છે. કેટલાકે દ્વિરુક્ત પ્રયોગોના વર્ગીકરણના પ્રયાસો પણ કર્યા છે. તેમણે કરેલા કાર્યની વિશેષતા તેમજ મર્યાદાનું મૂલ્યાંકન કરવાનો અહીં પ્રયાસ છે. અહીં કાલક્રમ અનુસાર તેમના કાર્યની ચર્ચા કરવામાં આવી છે.

## રા. બ. કમળાશંકર પ્રાણશંકર ત્રિવેદી

'ગુજરાતી ભાષાનું બૃહદ્ વ્યાકરણ'ના ૩૧મા પ્રકરણમાં[1] દ્વિરુક્ત શબ્દો વિશે ચર્ચા કરતાં ક. પ્રા. ત્રિવેદી નોંધે છે, "ગુજરાતી ભાષામાં ઘણે સ્થળે એકનો એક શબ્દ બેવડાયેલો જોવામાં આવે છે. શબ્દની આ પ્રમાણે દ્વિરુક્તિ થવાથી તેમાં 'દરેક'નો 'પૂર્ણપણા'નો 'વારંવાર થવા'નો કે 'અતિશય'નો—એવો અર્થ નીકળે છે."

તેઓ દ્વિરુક્તિ કેવી કેવી રીતે થાય છે તે સંબંધી વર્ગીકરણ કરી ઉદાહરણો આપે છે. તેઓ વર્ગીકરણના ૭ પ્રકારો આપે છે. તે પ્રકારો નીચે પ્રમાણે છે.

(૧) "દ્વિરુક્તિના બંને શબ્દો સરખા હોય છે, અને તે સમુદાયમાંથી 'પ્રત્યેક'નો કે 'પૂર્ણપણા'નો અર્થ નીકળે છે."

"દા. ત. માણસ માણસમાં ફેર છે. (પ્રત્યેક)

ક્ષણેક્ષણે—પળેપળે આયુષ્ય વહ્યું જાય છે. (પ્રત્યેક)"

(૨) "દ્વિરુક્તિના બે શબ્દમાં પ્રથમ શબ્દને વિભક્તિ લાગેલી હોય છે કે તેનો અન્ત્ય સ્વર દીર્ઘ થયેલો હોય છે કે તેમાં ફેરફાર થયેલો હોય છે અને બીજો મૂળ સ્વરૂપમાં હોય છે."

"દા. ત. મેં ગામેગામ તપાસ્યું. મનોમન સાક્ષી છે.

× × ×

ધપ્પાધપ્પી, ગડદાગડદી, ફેરફાર."

આ પ્રકારમાં મૂળ દ્વિરુક્ત શબ્દમાં થતા વિકારની ચર્ચા કરી ક. પ્રા. ત્રિવેદી સર્વનામ—વિશેષણ આદિની દૃષ્ટિએ પ્રયોગો નીચે પ્રમાણે નોંધે છે.

---

૧. 'ગુજરાતી ભાષાનું બૃહદ્ વ્યાકરણ', મુંબઈ, ૧૯૧૯. પ્રકરણ. ૩૧. પૃ. ૩૮૯–૩૯૪.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

સર્વનામ—"ત્યાં કોણ કોણ આવ્યું છે ને શું શું કરે છે તે જુઓ." (પ્રત્યેકનો અર્થ)

વિશેષણ—"ચાર ચાર ગાઉ, પાંચ પાંચ રૂપીઆ,
છૂટાં છૂટાં – આઘાં આઘાં ઘર"

ક્રિયાવિશેષણ—"આવા સંજોગો કવચિત કવચિત જ આવે છે."

ક્રિયાપદ, ક્રિયાવાચક નામ અને વિશેષણ—

"તે આખો દહાડો ખા–ખા કરે છે......
તે ચાલતો ચાલતો આવ્યો......
તેણે રડારડ કરી મૂકી." (ક્રિયાનું વારંવાર થવું.)

× × ×

ખેંચાખેંચ, તાણાતાણ, ફેંકાફેંક, મારામારી."

(૩) "દ્વિરુક્તિના પહેલા શબ્દનો એકાચ કેટલેક ઠેકાણે લોપાય છે. જેમકે નિરનિરાળાં સ્થાનો ઘણાં રમણીય લાગતાં નથી. તેઓ પોતપોતાને કામે વળગ્યા."

(૪) "કેટલેક સ્થળે પહેલો શબ્દ સામાનાધિકરણ્યવાચક ષષ્ઠીમાં હોય છે. 'એકનો એક માણસ રોજ કામ કરે છે' 'ઘરનું ઘર છે.'"

(૫) "કેટલેક સ્થળે દ્વિરુક્તિમાં શબ્દો અનુકરણવાચક હોય છે. અર્થાત્ પ્રાણી કે પ્રદાર્થના પડવા, અફળાવા કે બોલવાના ધ્વનિ પરથી થયેલા હોય છે. જેમકે તે ધડધડ ચાલે છે. તું કડકડાટ વાંચે છે. સડાસડ, તડાતડ, ફટાફટ."

*આ દ્વિરુક્તિના પ્રકારને ક. પ્રા. ત્રિવેદી અનુકરણવાચક દ્વિરુક્તિ કહે છે. આ પ્રકારની દ્વિરુક્તિના તેઓ ત્રણ પ્રભેદ પાડે છે.*

(૧) બંને શબ્દ સરખા જ હોય છે કે

(૨) પહેલા શબ્દનો અન્ત્ય સ્વર દીર્ઘ થયેલો હોય છે કે તેમાં ફેરફાર થયેલો હોય છે કે

(૩) પહેલા શબ્દ પર પ્રત્યય ('આટ' જેવો) આવી બીજો શબ્દ બનેલો હોય છે.

દા. ત. "(૧) ચપચપ, ધબધબ, બડબડ, ખડખડ (૨) સડાસડ, ફડાફડ (૩) સડસડાટ, ફડફડાટ."

(૬) "કેટલેક સ્થળે દ્વિરુક્તિમાં પ્રથમ શબ્દના પ્રથમ વર્ણમાં ફેરફાર થઈ બીજો શબ્દ બનેલો હોય છે. આવા ફેરફારમાં પ્રથમ વર્ણને સ્થળે બકાર વિશેષ જોવામાં આવે છે. પરંતુ મકાર ને પકાર કે સકાર પણ જણાય છે. જેમકે કાગળબાગળ, ચોપડીબોપડી...ઝટપટ, ચટપટ...આડોશી પાડોશી...ગડબડસડબડ."

(૭) "કેટલેક સ્થળે પર્યાય શબ્દથી દ્વિરુક્તિ થાય છે." જેમકે
"તીખુંતમતમું...ચાલચલગત...ક્ષેમકુશળ...કાગળપત્ર."

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

ક. પ્રા. ત્રિવેદીએ દ્વિરુક્ત શબ્દોના આ પ્રમાણે ૭ પ્રકારો દર્શાવ્યા છે. પ્રકારનાં લક્ષણ આપતી વખતે વ્યાકરણ જેવા વિષયમાં આવશ્યક એવી શાસ્ત્રીયતા ક્યાંક ક્યાંક જળવાઈ નથી. જેમકે બીજા પ્રકારનું તેઓ આમ લક્ષણ આપે છે, “દ્વિરુક્તિના બે શબ્દમાં પ્રથમ શબ્દને વિભક્તિ લાગેલી હોય છે કે તેનો અન્ત્ય સ્વર દીર્ઘ થયેલો હોય છે કે તેમાં ફેરફાર થયેલો હોય છે.’ અહીં જણાવવામાં આવેલું ત્રીજું લક્ષણ ‘ફેરફાર થયેલો હોય છે’ તે એક વ્યાપક વિકાર છે. વિભક્તિનો પ્રત્યય લાગવો કે સ્વરનું દીર્ઘ થવું એ પણ વિશિષ્ટ પ્રકારનો ફેરફાર છે. આમ વિશિષ્ટ પ્રકારના ફેરફારને સામાન્ય પ્રકારના ફેરફાર સાથે સમાનાધિકરણમાં મૂકવામાં આવ્યો છે.

ત્રીજા પ્રકારનું આપેલું લક્ષણ ઉદાહરણો સાથે બંધબેસતું નથી. “દ્વિરુક્તિના પહેલા શબ્દનો એકાદ કેટલેક ઠેકાણે લોપાય છે.” એ આપેલું લક્ષણ છે અને ‘પોતપોતાને’ ‘નિરનિરાળાં’ એ તેનાં ઉદાહરણો છે. અહીં ‘પોતપોતે’ અને ‘નિરનિરાળું’ એ જ મૂળ શબ્દ છે. લક્ષણમાં કહ્યું છે તે પ્રમાણે સાધિત થયેલ નથી.

ચોથા પ્રકારમાં દર્શાવાયેલી દ્વિરુક્તિ શબ્દકક્ષાની નથી પરંતુ વાક્યખંડ (Phrase)ની કક્ષાની છે. તેની સ્પષ્ટતા કરવામાં આવી નથી જેમકે એકનો એક, ઘરનું ઘર.

છઠ્ઠા પ્રકારમાં ‘દ્વિરુક્તિમાં વિશેષ બકાર જોવામાં આવે છે અને ક્યારેક મકાર ને પકાર કે સકાર જોવામાં આવે છે’, એમ જણાવાયું છે, પણ હકીકતમાં માણસબાણસ, કાગળબાગળ, એ વર્ગના શબ્દો ઝટપટ, ચટપટ કે આડોશીપાડોશીના વર્ગના શબ્દોથી તદ્દન ભિન્ન છે. આ બકારયુક્ત દ્વિરુક્તિમાં ‘તે કે તેના જેવું કંઈક’ એવો અર્થ નિષ્પન્ન થાય છે, જેમકે ‘કાગળબાગળ’ એટલે ‘કાગળ કે કાગળ જેવું કંઈક.’ ત્યારે મકાર, પકાર કે સકારમાં આવો અર્થ અભિપ્રેત નથી. આ ઉપરાંત ‘કાગળબાગળ’ જેવા શબ્દોમાં એક ઘટક સાર્થ છે જ્યારે ‘ઝટપટ’ ‘ચટપટ’ માં એકેય ઘટક સાર્થ નથી.

સાતમા પ્રકારમાં દ્વિરુક્તિનું લક્ષણ આપતી વખતે ‘એકનો એક શબ્દ બેવડાય’ એમ કહી લેખક ‘કાગળપત્ર’ ‘ક્ષેમકુશળ’ જેવા શબ્દોનાં ઉદાહરણ આપે છે. આ સ્પષ્ટ રીતે ભાષાંતર–સમાસ કે પર્યાય–સમાસ છે. અહીં દ્વિરુક્તિ શબ્દની નથી, અર્થની છે. ધ્વનિ અને અર્થની દ્વિરુક્તિ વચ્ચે ભેદરેખા દોરવામાં આવી નથી.

અહીં કરવામાં આવેલા વર્ગીકરણની ચર્ચા આપણે કરેલા વર્ગીકરણની ચર્ચા સાથે કરવામાં આવશે.[૨] જે જે રીતે દ્વિરુક્ત શબ્દોનું ઘડતર થાય છે તેની કમળાશંકરે ચર્ચા કરી છે. વ્યાકરણવિષયક આ ચર્ચા હોઈ લેખકે તેની અર્થ સાથે ચર્ચા કરી છે. દ્વિરુક્તિથી અર્થમાં શું પરિવર્તન થાય છે તે કૌંસમાં દર્શાવવામાં આવ્યું છે. ગુજરાતીમાં આ પ્રકારની આ પ્રથમ ચર્ચા છે તેથી સ્વાભાવિક રીતે આપણે ઉપર દર્શાવી તેવી મર્યાદાઓ રહી જાય તે સમજી શકાય તેમ છે. આમ છતાં આ પછી આ વિષયમાં થયેલા પ્રયાસો કરતાં આ પ્રથમ પ્રયાસમાં વિશેષ શાસ્ત્રીય દૃષ્ટિ જણાય છે.

## નરસિંહરાવ ભો. દિવેટિયા

મુંબઈ યુનિવર્સિટીના આશ્રયે ‘વિલ્સન ફિલોલોજિકલ’ વ્યાખ્યાનમાળાના ઉપક્રમે આપેલાં

---

૨. જુઓ પ્રકરણ ૮–‘દ્વિરુકત પ્રયોગોનું વર્ગીકરણ.’

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

વ્યાખ્યાનો પૈકી[3] વ્યાખ્યાન ૫ના ખંડ ૨માં નરસિંહરાવે 'વાસણકૂસણાદિ ગણ'ની ચર્ચા કરી છે. નરસિંહરાવના મત પ્રમાણે આ પ્રકારના શબ્દો 'ગાયબાય' જેવા શબ્દોથી ભિન્ન છે. તે વિશે તેઓ લખે છે, "They are to be distinguished from the duplicate words like ગાયબાય, ઘોડોબોડો, where the second member is formed by jingling the first member by tacking on the same word with બ્ substituted for the first consonant; (where the first member begins with a બ્ the duplicate is formed by substituting ફ્ for બ્ eg બરફીફરફી, બકરીફકરી)" આવી ગુજરાતી રચનાને મળતી હિંદી રચનામાં 'બ્' ને સ્થાને 'અ' મૂકવામાં આવે છે તેમ તેઓ જણાવે છે, જેમકે 'ઘોડાઓડા'.

નરસિંહરાવના મતે 'ઓસડવેસડ' અને 'ઓસડઓસડ'ના અર્થમાં ફેર છે. ઓસડવેસડ એટલે ઓસડ, માવજત વગેરે. ત્યારે ઓસડઓસડ એટલે ઓસડ અને ઓસડ જેવું જ બીજું કંઈક. આમ બકારયુક્ત દ્વિરુક્તિને જુદી કરી નરસિંહરાવ 'વાસણકૂસણાદિ ગણ'ના ત્રણ ભેદ પાડે છે.

(૧) જેનું બીજું પદ અર્થરહિત હોય એવા શબ્દો
(૨) જેનું પ્રથમ પદ અર્થરહિત હોય તેવા શબ્દો
(૩) જેનાં બંને પદો અર્થયુક્ત હોય તેવા શબ્દો.

પહેલા વર્ગનાં ઉદાહરણો નીચે પ્રમાણે છે :—

| | | | |
|---|---|---|---|
| "વાસણકૂસણ | ઢેકાઢૈયા | ઓપટીસોપટી | નવુંસવું |
| ઢોરઢાંખર | આંટીઘૂંટી | ઓળખીતુંપાળખીતું | ઝાડેઝપટે |
| વીંછીકૂંછી | ઓસડવેસડ | પૂછગાછ | લૂગડાંલત્તાં |
| માણસફૂણસ | દાણોદૂણી | સિપાઈસપરાં | ઠીકઠાક |
| કોળીનાળી | છાનુંમાનું | સાફસૂફ | ઢાંકાઢૂમા |
| ખાલીપીલી | વાંકુંચૂકું | તાણીતૂશીને | વાતચીત" |
| ડોસાંડગરાં | પ્હેરણાપાઈ | ચૂપચાપ | |

બીજા વર્ગનાં ઉદાહરણો નીચે પ્રમાણે છે :—

"ઓળાખોળા, આસપાસ, આજૂબાજૂ, આડોશીપાડોશી, આરપાર."

ત્રીજા વર્ગનાં ઉદાહરણો નીચે પ્રમાણે છે :—

| | | | |
|---|---|---|---|
| "રાચરચીલું | અડીઓપટી | છાનુંછપનું | માલમત્તા |
| ન્હાનુંસૂનું | ફેરોફાંટો | જણસભાવ | પૂછપરછ |
| ગૂપચૂપ | જીવજંત | સુંઢમુંઢ | નોકરનફર" |
| જનજનાવર | ગલીગૂંચી | ગરીબગુરબાં | |

ત્રીજા વર્ગનું લક્ષણ એ છે કે બંને ઘટકો અર્થયુક્ત હોવા જોઈએ. તેથી ત્રીજા વર્ગમાં અસ્પષ્ટ જણાતા ઘટકોનો અર્થ નરસિંહરાવે ટિપ્પણમાં આપ્યો છે.

નરસિંહરાવ પોતે 'વાસણકૂસણાદિ ગણ'ની ચર્ચા કરે છે. તેઓ દ્વિરુક્તિની ચર્ચા કરે છે તેમ કહેતા

3. Gujarati Language and Literature. Bombay, Vol. II, 1932, pp. 178–180

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

નથી, તેથી સ્વાભાવિક રીતે જ તેમણે દ્વિરુક્તિને લક્ષ્યમાં રાખી આ વિષયની છણાવટ કરી નથી. નરસિંહરાવે આપેલા ત્રણ પ્રકારોમાં બીજો પ્રકાર શુદ્ધ દ્વિરુક્તિનો છે ત્યારે પહેલા વર્ગમાં 'દાણોદૂણી, ઓળખાતુંપાળખાતું, વાસણકૂસણ' જેવા શબ્દો પણ દ્વિરુક્ત છે અને 'દેકાઢૈયા, સિપાઈસિપરાં, લૂગડાંલત્તાં' જેવા શબ્દો સ્પષ્ટ રીતે જ દ્વિરુક્ત નથી. ત્યારે ત્રીજા વર્ગમાં દર્શાવેલા 'જીવજંત, છાનુંછપનું, 'નોકર-નફર' જેવા ભાષાન્તર-સમાસ કે પર્યાય-સમાસ છે. નરસિંહરાવનો આશય તો શબ્દયુગ્મોની (Double-barrelled words) ચર્ચા કરવાનો છે નહીં કે દ્વિરુક્ત શબ્દોનો (Reduplicatives), તેથી દ્વિરુક્તિની શુદ્ધ અને શાસ્ત્રીય છણાવટની તેમની પાસેથી અપેક્ષા રાખી શકાય નહીં.

બકારવાળી દ્વિરુક્તિને તેઓ પ્રથમથી જ જુદી ગણે છે કારણ કે તે પ્રકારના દ્વિરુક્ત શબ્દોનો અર્થ અને પ્રસ્તુત શબ્દયુગ્મોના અર્થમાં ફેર છે. નરસિંહરાવની આ ચર્ચા અને વર્ગીકરણ અર્થાશ્રિત છે તેથી શબ્દઘડતરની દૃષ્ટિએ વિચારણા અપ્રસ્તુત છે. તેમણે કરેલા વર્ગીકરણની ચર્ચા આપણા વર્ગીકરણની ચર્ચા સમયે કરવામાં આવશે.[૪]

ગુજરાતીમાં 'ઘોડોબોડો' થાય છે અને હિંદીમાં 'ઘોડાઓડા' થાય છે તેમ નરસિંહરાવ નોંધે છે. નરસિંહરાવના મત પ્રમાણે હિંદીમાં આદ્ય વ્યંજનને સ્થાને 'અ' મુકાય છે. હિંદી પ્રદેશમાં 'અ' ઉપરાંત 'વ' પણ ઘણી વાર જોવામાં આવે છે તે તરફ તેમનું ધ્યાન ગયું લાગતું નથી. જેમકે 'ઘોડા-વોડા' 'પૈસાવૈસા' 'પાનીવાની' 'હાથવાથ' વગેરે.[૫] હિંદીમાં બંને રીતો પ્રચલિત છે.

કમળાશંકર ત્રિવેદીએ 'બૃહદ્ વ્યાકરણ'માં દ્વિરુક્તિની ચર્ચા કરી છે તેનો ઉલ્લેખ નરસિંહરાવે કર્યો નથી.

## દેવકૃષ્ણ પી. જોશી

'કેટલાંક શબ્દ–જોડકાં અને તેનું વિવરણ' નામક પોતાના લેખમાં[૬] દેવકૃષ્ણ જોશી, લેખનું શીર્ષક સૂચવે છે તે પ્રમાણે કેટલાંક શબ્દ–જોડકાંનું તેના અર્થ આપી વિવરણ કરે છે. તેમના મત અનુસાર ગુજરાતી ભાષામાં ઘણા શબ્દોની પાછળ બબ્બાની બલિહારી લગાડવાની પ્રથા છે. તેઓ નોંધે છે, "મૂળ શબ્દમાં તેની પાછળ ઉચ્ચારાતા બબ્બા–વાચક મિથ્યા શબ્દથી કશો ફેરફાર થતો નથી, તેમ તે મિથ્યા શબ્દ કોઈ અર્થ ધરાવતો હોતો નથી, પરંતુ મૂળ શબ્દના ઉચ્ચારણને માત્ર ઠેક્કો આપવાના આશયથી તે યોજાતો હોય એમ અનુમાન થાય છે."

શબ્દ–જોડકાંના તેઓ બે ભેદ પાડે છે. (૧) 'બબ્બાની બલિહારીવાળા' શબ્દો (૨) 'ઉપલક દૃષ્ટિએ બબ્બાની બલિહારી જેવાં જણાતાં પરંતુ વાસ્તવિક રીતે સંપૂર્ણ અર્થવાહી જોડકાં.'

બબ્બાવાળા શબ્દોમાં અર્થમાં કંઈ જ ફેર પડતો નથી તે દર્શાવતાં તેઓ આ પ્રમાણે લખે છે, "જગતબગત–જગત તે વિશ્વ, બગત તે માત્ર બલિહારી. બગત ન લગાડવાથી જગતને હાનિ થવાની નથી તેમ જ લગાડવાથી જગતના અર્થને કંઈ લાભ થતો નથી. ચાવીબાવી–ચાવી તે કૂંચી, બાવી તે માત્ર બલિહારી (બાવાની વહુ નહીં). બાવી શબ્દ એટલે ચાવીને લાગેલું લફરું કે વળગાડ. લોટબોટ–લોટ

૪. જુઓ પ્રકરણ ૮–'દ્વિરુક્ત પ્રયોગોનું વર્ગીકરણ.'

૫. 'રાજસ્થાની ભાષા'–લેખક :–સુનીતિકુમાર ચેટરજી : પ્રથમ સંસ્કરણ : ઉદયપુર, ૧૯૪૯. પૃ. ૫૧–૫૨.

૬. બુદ્ધિપ્રકાશ : જાન્યુઆરી–માર્ચ : અંક ૧. ૧૯૩૬. પૃ. ૮૨–૮૫.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

તે આટો, બોટ તે બલિહારી ( આગબોટ નહીં ) લફરું કે વળગાડ. સૈનિકના ‘ વન–ટુ ’ની પેઠે માત્ર ઠેકો. ”

બીજા પ્રકારનાં શબ્દ–જોડકાંની યાદી આપી દરેકના અર્થને સમજાવવાનો પ્રયાસ કર્યો છે.

| | | | |
|---|---|---|---|
| “ ઢાંકણ–ઢૂંબણ, | લીંપણ–ગુંપણ, | વાસણ–કૂસણ, | વેરણછેરણ, |
| ગરીબગુરબાં, | આવળગોવળ, | રમતગમત, | ઝાકડશીકડ, |
| શોરબકોર, | ટેલટપોરો, | ગારગોરમટી, | વિંછીકૂછિ, |
| ધણીધોરી, | દાણોદૂણી, | ગૂપચૂપ, | વાળટાળ, |
| આંટીઘૂંટી, | ઓળીઝોળી, | વેડીઝેડી, | વાટેઘાટે, |
| શીમેંશેડે, | મેળાખેળા, | પાટોપીંડી, | રોગદોગ, |
| રજતજ, | કાચરકૂચર, | થોટથાપલી | નામઠામ, ” |

આવાં શબ્દ–જોડકાંના દરેક પદનો મારીમચડીને અર્થ બેસાડ્યો છે. આવા પ્રયાસોમાં તો તેઓ ઘણી વાર હાસ્યાસ્પદ અર્થ આપે છે, જેમકે ‘ ગરીબગુરબાં ’માં ગુરબાં એટલે ‘ કૂતરાં ’ એવો અર્થ આપ્યો છે. જ્યારે હકીકતમાં તો ‘ ગુરબાં ’ ‘ ગરીબ ’નું અરબી ભાષામાં બહુવચન છે. ‘ લીંપણગુંપણ ’માં ‘ ગુંપણ ’ એટલે ‘ ગુપ્ત કરવું, ગૂમ કરવું, ઢાંકી દેવું, ઓંસરી કે ભીંતમાં દરેક ન્હાની તરીને ગુપ્ત કરવી. ’ આ વિવરણ પણ કલ્પનામૂલક છે. મૂળ શબ્દનો અર્થ પહેલાં નિશ્ચિત કરીને તેના ઘટકોનો અર્થ કલ્પના કરીને મૂળ અર્થને અનુકૂળ દર્શાવવાનું કલ્પનામૂલક વલણ સ્પષ્ટ દેખાઈ આવે છે.

‘ બબ્બાની બલિહારી ’વાળા શબ્દોના અર્થની ચર્ચા કરતાં દેવકૃષ્ણ જોશી કહે છે કે મૂળ અર્થમાં કશો વધારો કે ઘટાડો થતો નથી. બકારયુક્ત રચના તે માત્ર ‘ લફરું કે વળગાડ ’ છે. તેમનું આ કથન બરાબર નથી. બકારવાળો ઘટક પોતે એકલો કશો અર્થ ધરાવતો નથી એ સાચું પણ એ કદી એકલો વપરાતો જ નથી અને જોડીમાં તે મૂળ ઘટકના અર્થમાં અવશ્ય વધારો કરે છે. આપણે આગળ જોયું તે પ્રમાણે નરસિંહરાવ ‘ ઓસડઓસડ ’ અને ‘ ઓસડવેસડ ’ વચ્ચેના અર્થમાં સ્પષ્ટ અંતર દર્શાવે છે. બબ્બાવાળી રચના ‘ તે કે તેવું ’ એવો અર્થ સૂચવે છે. જેમકે કાગળબાગળ–કાગળ કે કાગળ જેવું ( બીજું, જેની ઉપર લખી શકાય તેવું ), ચાવીબાવી–ચાવી કે ચાવી જેવું ( ખોલવાના કામમાં આવે એવું ).

તેમણે આપેલાં શબ્દ–જોડકાં, તેમાંની કેટલાંકની આપેલી સમજણ, વિષયની માંડણી વગેરે ઉપરથી સ્પષ્ટ દેખાય છે કે લેખકનો અભિગમ ( Approach ) લૌકિક સ્વરૂપનો ( Popular ) છે. આવા શાસ્ત્રીય વિષયને હળવી શૈલીએ વર્ણવવામાં વિષય પ્રત્યે લેખકની નિષ્ઠા જણાતી નથી. ‘ ચાવીબાવી ’ના અર્થને સમજાવતાં ‘ બાવાની વહુ ’ને અને ‘ લોટબોટ ’માં ‘ આગબોટ ’ને અપ્રસ્તુત રીતે લાવી હાસ્યરસને નિષ્પન્ન કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

લેખકે આ વિષયમાં કમળાશંકર કે નરસિંહરાવના પૂર્વકાર્યનો ઉલ્લેખ કર્યો નથી.

## વિદ્યાબેન ર. નીલકંઠ

‘ શબ્દનાં જોડકાં ’ નામના લેખમાં વિદ્યાબેન નીલકંઠ[૭] દેવકૃષ્ણ જોશીની ચર્ચાના અનુસંધાનમાં વધુ પ્રકારનાં જોડકાંઓ આપે છે. દેવકૃષ્ણ જોશીએ થોડાં શબ્દ–જોડકાંની યાદી આપી દરેકનો અર્થ સમજાવ્યો છે.

૭. બુદ્ધિપ્રકાશ : એપ્રિલ–જૂન : અંક–૨ : ૧૯૩૬ : લેખ ૭. પૃ. ૧૭૨–૧૭૪.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

આ શબ્દનાં જોડકાં વિષે વિદ્યાબેન લખે છે કે તેમાં "ઘણે ભાગે શબ્દના અર્થનું વધારે સબળ રૂપ થાય છે તે હેતુ હોય છે. કેટલાંકમાં ગુણ અને ઉપમા હોય છે. કેટલાંક અપેક્ષારૂપ હોય છે. કેટલીક વસ્તુઓ હંમેશ સાથે જોવામાં આવે છે તેવાં છે. કેટલાંકમાં ખાસ પ્રયોજન હોતું નથી તેવાં છે. શબ્દ ને અર્થ જોરદાર કરવા માટે એવાં શબ્દ–જોડકાંમાં ઘણાં એવાં છે કે ગુજરાતી શબ્દ સાથે હિંદી–ઉર્દુ તે જ શબ્દ મૂકી ભાર દર્શાવવામાં આવે છે. આ તો ગમે તે શબ્દને લગાડી શકાય તેમ છે."

વિદ્યાબેન નીલકંઠ પોતાના આ લેખમાં કુલ ૧૧ પ્રકારનાં શબ્દ–જોડકાં નીચે પ્રમાણે આપે છે.

(૧) ગુજરાતીની સાથે હિંદી તેમ જ ઉર્દુ શબ્દ તે જ અર્થનો મૂકવાનાં દૃષ્ટાંત–"ભાઈબંધ-દોસ્તાર, માનમર્તબો, માનઅકરામ, ચાડીચુગલી, ધનદોલત, વગવસીલો, માયામહોબત, દીવાબત્તી, જીવજાન, જડીબુટી, મારપીટ, જાતબુનિયાદ, લાજશરમ, તનબદન, ભાગહીસ્સો, મહેણાંટોણા, દુઃખદર્દ, જાણપીછાણ, ભાગઘલાકો, હાયઅફસોસ, ડોડદમામ, દોરદમામ, નામ-નિશાન, બાલબચ્ચાં, જોરશોર, દમદાટી, દોરાધાગા, ભેટસોગાદ, શાકતરકારી, ભારબોજ, વાંકગુજ, બળજોરી, રીતરીવાજ, જોરજુલ્મ, ભારવઝ્ઝર, ધોળુંસફેદ, વાંકુટેડું, આડુંટેડું, ખણખોદ, વીણવુંચુંટવું, વીણીચુણીને, જાણીબુઝી, નાસભાગ."

(૨) ફક્ત ભાર મૂકવા એના એ શબ્દ બે વાર મૂકીને અગર તેને મળતા શબ્દો મૂકી જોડકાં બનાવાય છે. તેનાં દૃષ્ટાંત :–

"સાથસથવારો, બાગબગીચા, દાદફરિયાદ, કામકાજ, છાલછોતરું, ઠામઠેકાણું, ડેરાતંબુ, સાંચ્યુંસીંચ્યું, તાપતડકો, તોડછોડ, થિરથાવર, પાડસપાડું, પાલનપોષણ, ફીકરચિન્તા, ભાંગફોડ, સાનભાન, ભૂતપ્રેત, માલમીલકત, મોજમજાહ, શાકભાજી, વાદવિવાદ, લાજમરજાદ, ઝેરવેર, શાલદુશાલા, શાલપામરી, હરહંમેશ, બજારહાટ, કરવેરા, ખોડખાંપણ, પૈસોટકો, રંગરાગ, જીગરજાન, ખાસખસુસ, રેડારોળ, રાહરસમ, ધરપકડ, કૂડકપટ, કરકરિયાવર, ઢંગધડો, ઢોંગસોંગ, નાચરંગ, રસકસ, બાળગોપાળ, સાજાતાજા, સાજાસમા, સાજાસમ, વાળઝુડ, નાજનખરાં, કુલકુલાન, સરઅવસર, વારતહેવાર, રાંધવુંસીંધવું, ખતપત્ર, કાગળપત્ર, ઓળખ-પાળખ, ઓળખાણપાળખાણ, માતુંસમાતું, નોકરચાકર, ઝાડઝુડ, ઘરબાર, રાશદોરડું, રાશપરોણા, સુખશાંતિ, મેલમૂક, દાનધર્મ, પુન્યદાન, શુદ્ધબુદ્ધ, વેપારવણજ."

(૩) કેટલાંક શબ્દ–જોડકાં જે વસ્તુઓ સાથે હોય તેનાં હોય છે, જેમકે :–
"ખાનપાન, ગાનતાન, દુધદહીં, દૂધઘી, પાઠપૂજા, ઢાલતલવાર, ધાનલુગડાં, ઘરબાર, બારી-બારણાં, ભૂખતરસ, રૂપરંગ, જરજવાહીર, હાથપગ, સોયદોરો, ટેબલખુરસી, લોટોપવાલું, થાળીવાટકો, બૂટમોજાં, કોટપાટલુન, ધુપેલકાંસકી, ચણીઓ-કબજો, હોરણીચણીઓ, દાળભાત, ઘીતેલ, પાનસોપારી, છત્રીજોડા, ગાદીતકીઓ, ઘાસદાણો, રાતદહાડો, ગાડીઘોડો, દોરીલોટો, સૂર્યચંદ્ર, ઈંટચુનો."

(૪) અપેક્ષા રાખનાર શબ્દોનાં જોડકાં–
"શેઠવાણોતર, સુડીસોપારી, ખલદસ્તો, ખાંડણીપરાર, તાળુંકુંચી, નકુચોસાંકળ, તાજવાં-કાટલાં, ગુરુચેલો, માદીકરી, બાપદીકરો, સાસુવહુ, સસરોજમાઈ, ભાઈબહેન, ધણીધણીઆણી, મામાભાણેજ, કાકાભત્રીજી, નણંદભોજાઈ, દેરાણીજેઠાણી."

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

(૫) વિરોધ દર્શાવનારાં જોડકાં –
"જનમમરણ, તડકોછાંયડો, ઢેકા (ઉંચા) ઢળીઆ (નીચા), ખાડાટેકરા, જાતપરજાત, નાના-મોટા, સારાખોટા, રાગદ્વેષ, માનઅપમાન, આપલે, ઘાલમેલ, લેમુક, સારાસાર, ગડભાંજ, લીલીસુકી, ચડતીપડતી."

(૬) ગુણ સરખાવવા માટે તેમ જ તેને મળતાં શબ્દ–જોડકાં –
"લાલચોળ, લીલુંછમ, શાહકાળું (શીહાકાળું), જડભરત, ડાહ્યુંડમરું, ખાલીખમ, ઠાલીઠમ, લાંબુંલચ, ટૂંકુંટચ, મોળુંમચ, તીખુંતમ, ખાટુંઉસ, લીલુંકચ, ફીકુંભચ, કાચુંનચ, સુકુંભઠ, લાલઘુમ, પીળુંપચ, કાળુંઠણક, ઠંડુંગાર, (મરાઠી ઠંડું એટલે ગાર), ઊંચુંતાડ, કડવુંવખ, આંધળુંભીંત, બહેરૂંટુંઠ, લાલલાલ, રાતોપીળો, ગોળમટોળ."

(૭) ક્રિયાનું ઉગ્રપણું બનાવનાર જોડકાં –
"મારફાડ, ફાટફુટ, રોકકળ, લુંટફાટ, હાડછેડ, છેકાછેક, ખોળાખોળ, ખાંગખોળા, ટપાટપી, ઠોકાઠોક, દોડાદોડ, દોડધામ, નાસાનાસ, ધમપછાડા, પડાપડ, પડાપડી, ફેરફેરા, ફાકંફાકા, બાથંબાથા, ભીડાભીડ, મારંમારા, મારામારી, ચોળાચોળી, ચુથંચુથા, બોલાચાલી, બોલાબોલ, તાણાતાણ, ખેંચતાણ, તાણીતુસી, તાણીતોડી, શોધાશોધ, ચટપટ, તડનેફડ, શોધાશોધ, ભૂકેભૂકા, ચુરેચુરા."

(૮) પ્રત્યેકનો અર્થ દર્શાવવા શબ્દ બે વાર મૂકી બનાવેલાં જોડકાં–"વર્ષોવર્ષ, દશેદશ, દહાડેદહાડે, ગામેગામ, હાથોહાથ, ઘેરઘેર, જગેજગ."

(૯) એવડા શબ્દ પણ અર્થ ઉપરના કરતાં જુદો–"રાતોરાત, નામેનામ, શાખેશાખ, કાનોકાન, નજરોનજર, બેઠાબેઠ."

(૧૦) છઠ્ઠી વિભક્તિના પ્રત્યય ઉડાવી દઈ બનાવેલાં જોડકાં–'પાડ(પાડાના) પડોશી, રાજપાટ, પુણ્ય-પ્રતાપ, તેલકુલેલ, ઝાડઝપટ, ઘરકુકડી, પાનબીડાં."

(૧૧) ખાસ કોઈ વર્ગમાં ન મુકાય તેવાં જોડકાં –
"લાગવગ, દરદાગીનો, તાવતરીઓ, તાલતલવટ, ચાલચલગત, ગામગરાસ, ગામગામોત્રા, દેશદેશાંતર, ટોળટપ્પા, લાલનપાલન, લાડકોડ, સાફસૂફ, દવાદારૂ, ડોસાંડગરાં, બાઈબાવરા, હાલીમવાલી, ચેનચાળા, જાનમાલ, ઠામઠીકરાં, પાણીછાણી, ઠાઠમાઠ, ડાકડમાળ, ડાઘાડુઘી, ઢોરઢાંખર, ધૂળધાણી, ફેરફાર, લાગભાગ, ઘરબાર, ભોગજોગ, ભેળસેળ, માટલાંકુટલાં, મોજ-શોખ, શાકપાંદડું, રીતભાત, શેકપોત (પોતાં), હાકોધોકો, ટાકોટીકો, દાણોદુણી, લાગલગાટ, વિવેકવિચાર, કટોકટી, ખરખબર, ઘરવરાઉ, હરફર, ફરહર, ક્ષેમકુશળ, ગરગુમાસ્તા, ઠીકઠાઈ, ખાઈકુઈ, અંધારપછેડો, ઢાંકપીછોડો, નાનુંસુનું (શૂન્ય), બાકીસાકી, વાકુંચુકું, હાથવેંત, વાસીકુસી, હેરફેર, સાડદગડ, દાબડદુબડ, થીંગડથાગડ, ગાબડગુબડ, લોચોપોચો, વેચવું-સાટવું, રાતવરત, ઝટપટ, તલપાપડ, હડધુત."

વિદ્યાબેન નીલકંઠ આ પ્રમાણે ૧૧ જોડકાં આપી આ પ્રમાણે નોંધે છે, "જે વિભાગો દર્શાવ્યા છે તે ખાસ શાસ્ત્રીય નથી. ઘણા શબ્દો કદાપિ એકબીજામાં જઈ શકે એવા પણ હશે." આ આખી

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

ચર્ચા શબ્દ–જોડકાંને લક્ષ્યમાં રાખી કરવામાં આવી છે, તેથી તેમાં દ્વિરુક્તિ જેવી પ્રક્રિયા ધ્યાન બહાર રહી જાય તે સાવ સ્વાભાવિક છે. આમ છતાં વિદ્યાબેને દર્શાવેલ ૮ અને ૯ પ્રકારમાં સ્પષ્ટ રીતે દ્વિરુક્ત પ્રયોગો જોવા મળે છે.

આખો ય લેખ મૂળ તો શબ્દ–જોડકાંના સંગ્રહના પ્રકારનો છે. દરેક વર્ગની વિશિષ્ટતા, ઘડતર, અર્થ વગેરેની ચર્ચાને સ્થાન જ મળ્યું નથી. કેટલાયે શબ્દ દ્વન્દ્વ સમાસો છે અને અન્ય સમાસો માફક આપણે તેનો વિગ્રહ કરી શકીએ. આ ઉપરાંત તત્સમ સમાસ, ભાષાંતર સમાસો – પર્યાય સમાસો પણ જોવા મળે છે.

તેમના આ લેખથી અર્થને કારણે અને ધ્વનિને કારણે યુગ્મચારી એવા શબ્દો, પ્રકાર અને ઘડતરની દૃષ્ટિએ ગુજરાતીમાં કેટલા વિવિધ, સંકુલ અને વ્યાપક છે તેનો વિશેષ ખ્યાલ આવે છે.

કમળાશંકર અને નરસિંહરાવના કામનો ઉલ્લેખ કર્યો નથી. પ્રસ્તુત લેખ દેવકૃષ્ણ જોશીના લેખના અનુસંધાનમાં જ લખાયેલો છે.

## નવલરામ ત્રિવેદી

'શબ્દ–જોડકાં : વાસણકૂસણાદિ ગણ' નામના[૮] લેખમાં નવલરામ ત્રિવેદી, દેવકૃષ્ણ જોશી અને વિદ્યાબેન નીલકંઠની ચર્ચાને આગળ ચલાવી નરસિંહરાવના વાસણકૂસણાદિ ગણ સાથે સાંકળે છે.

પ્રારંભમાં તેઓ વિષયની સ્પષ્ટતા કરતાં નોંધે છે, "શરૂઆતમાં એ પ્રશ્નની ચોખવટ કરવી જોઈએ કે કેવા પ્રકારનાં શબ્દ–જોડકાં આપણે એકઠાં કરવા માગીએ છીએ. સંસ્કૃતમાં શબ્દ–જોડકાંની નવાઈ નથી...શ્રી દેવકૃષ્ણના અને શ્રી વિદ્યાબેનના સંગ્રહમાં અનેક જોડકાં દ્વન્દ્વ સમાસનાં છે જેમકે જન્મમરણ, ખાડાટેકરા." આમ નવલરામનું દૃષ્ટિબિંદુ લેખના આરંભથી જ શાસ્ત્રીય રહ્યું છે.

આ લેખમાં નવલરામ ત્રિવેદી, દેવકૃષ્ણે તાણીતૂશીને આપેલા અર્થની હાંસી કરે છે અને વિદ્યાબેનના વિભાગોને અશાસ્ત્રીય ગણે છે. નરસિંહરાવે 'બક્રાદિ ગણ'થી 'વાસણકૂસણાદિ ગણ'ને જુદો ગણ્યો છે. નવલરામ પણ તેમ જ ગણી નરસિંહરાવે આપેલા વિભાગમાં સંશોધન કરી નરસિંહરાવે બતાવેલા ત્રીજા વર્ગના ત્રણ ભાગ પાડી આ પ્રમાણે વર્ગીકરણ કરે છે.

(ક) એક જ શબ્દ બે વખત વપરાય :
"ઝટઝટ, મોરમોર, આઘેઆઘે"

(ખ) એક જ અર્થવાળા બે જુદા જુદા શબ્દો વપરાય તેમાં બીજા શબ્દોનો ઉદ્દેશ 'વગેરે' દર્શાવવાનો હોય છે જેમકે

"કાગળપત્ર, છૈયાછોકરાં, ઠામઠેકાણું, કામકાજ, ચીજવસ્તુ, બાવાસાધુ, લાજઆબરૂ, ફિકરચિન્તા,"

(ગ) મળતા અર્થવાળા શબ્દો જેમાં બીજા શબ્દનો ઉદ્દેશ પહેલા શબ્દના અર્થમાં ઉમેરો કરવાનો છે. તેમાં નરસિંહરાવે ગણાવેલ ત્રીજા વર્ગના સર્વ શબ્દો આ પેટા વિભાગમાં આવી શકે તેમાં 'વગેરે' જેવો અર્થ પણ કોઈ વાર નીકળે જેમકે "માનમરતબો".

---

૮. બુદ્ધિપ્રકાશ : જુલાઈ–સપ્ટેંબર : અંક ૩ : ૧૯૩૬ : પૃ. ૨૬૩–૨૬૭.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

નરસિંહરાવના ત્રીજા વર્ગમાં આટલું ઉમેરણ કર્યા પછી નવલરામ સ્વતંત્ર ચોથો વર્ગ ઉમેરે છે. તેઓ નોંધે છે "કેટલાંક શબ્દ–જોડકાં એવાં હોય છે કે જેમાં છૂટક બંને શબ્દ અર્થ વગરના હોય છે. પણ ભેગા થાય ત્યારે તેમાંથી અર્થ નીકળે છે. જેમ હાઈડ્રોજન અને ઓકસીજન જુદા હોય ત્યારે દેખાય નહીં પણ ભેગા મળે તો પાણી સ્વરૂપે દેખાય. જેમકે

"આળપંપાળ, કડેધડે, અડુકદડુક, અડીઝડીને, અડેકડે, અડંગજડંગ, અડીદડી."

ત્રીજા વર્ગના બીજા પ્રકારમાં 'વગેરે'નો અર્થ થાય છે તે નવલરામ જણાવે છે. આ પ્રકારના શબ્દોના અર્થની આ વિશેષતા પ્રત્યે દેવકૃષ્ણ જોશી અને વિદ્યાબેન નીલકંઠનું ધ્યાન ગયું નથી. આ બંને કરતાં નવલરામમાં શાસ્ત્રીયતા સ્પષ્ટ દેખાઈ આવે છે. તે બંનેએ નરસિંહરાવની ચર્ચાને ગણતરીમાં લીધી નથી અથવા તેઓનું તે તરફ ધ્યાન ગયું નથી, જ્યારે નરસિંહરાવની ચર્ચાએ પણ નવલરામની વિષય–માંડણીમાં મદદ કરી છે.

નરસિંહરાવે આપેલા વર્ગીકરણમાં નવલરામે સંશોધન કર્યું છે તે આપણે ઉપર જોયું. નરસિંહરાવે આવાં શબ્દ–જોડકાંમાં અનુપ્રાસનું તત્ત્વ કામ કરતું હોવાનું કહ્યું છે. આ વિશે નવલરામ લખે છે કે શ્રી નરસિંહરાવે બીજા વર્ગના શબ્દોમાં અનુપ્રાસ આવે છે એટલું જ નોંધ્યું છે પણ પહેલા અને ત્રીજા વર્ગના શબ્દોમાં પણ પ્રાસાનુપ્રાસ આવે છે તે તરફ નરસિંહરાવનું ધ્યાન ગયું લાગતું નથી.

નવલરામે આપેલી વર્ગીકરણની યોજનાની અહીં ચર્ચા ન કરતાં આપણે દ્વિરુક્ત પ્રયોગોના વર્ગીકરણની યોજના સાથે કરીશું. જે દૃષ્ટિથી નરસિંહરાવે આ વિષયને જોયો છે તે જ દૃષ્ટિથી જોતાં નવલરામ એક ડગલું આગળ ગયા છે, તેની નોંધ લેવી ઘટે.

'બુદ્ધિપ્રકાશ'વાળી ચર્ચામાં ક્યાંય કમળાશંકરના કાર્યની નોંધ લેવામાં આવી નથી. નરસિંહરાવે પણ કમળાશંકરનો ઉલ્લેખ કર્યો નથી. તેઓ જાણ્યેઅજાણ્યે આ વિષયને વ્યાકરણના ક્ષેત્રની બહારનો ગણતા હોય તેમ લાગે છે.

## એસ. એમ. કત્રે

ભારતીય આર્ય ભાષાસમૂહની દ્વિરુક્તિનો આધુનિક દૃષ્ટિએ સમગ્રતાથી અને સુવ્યવસ્થિત રીતે અભ્યાસ કરવાનો પ્રથમ પ્રયાસ એસ. એમ. કત્રેનો છે.[૯] અગિયાર પૃષ્ઠના તેમના સંશોધનલેખમાં તેમણે સંસ્કૃતમાં મળતા દ્વિરુક્તિના પ્રકારો, પાલિ–પ્રાકૃત અને અર્વાચીન ભારતીય–આર્યમાં થયેલાં વિશેષ પરિવર્તનો અને અર્વાચીન ભારતીય–આર્યની દ્વિરુક્તિઓના વર્ગીકરણની યોજના એ વિષયોને મુખ્યત્વે સ્પર્શ્યા છે અને યથાપ્રાપ્ત ઉદાહરણો ઠીક ઠીક પ્રમાણમાં આપ્યાં છે. તેમનો આ પ્રયાસ તેમણે કરવા ધારેલા આ વિષયના એક વિસ્તૃત સંશોધનગ્રંથના પ્રારંભિક પ્રકરણના કાચા ખરડા જેવો હોવાનું તેઓ કહે છે. એ ગ્રંથમાં ભારતીય–આર્યમાંના દ્વિરુક્તિતત્ત્વનું સમગ્રપણે પ્રતિપાદન કરવાનો અને સાથોસાથ ઉત્તર હિંદની ભિન્ન ભિન્ન ભાષાઓની દ્વિરુક્તિઓનો એક સંપૂર્ણ તુલનાત્મક અને વ્યુત્પત્તિદર્શક કોશ આપવાનો તેમનો વિચાર હતો. આ દૃષ્ટિએ સંસ્કૃત–પાલિ–પ્રાકૃત, મરાઠી, હિંદી અને નેપાળીમાંથી વિસ્તૃત સામગ્રી એકત્રિત

---

૯. 'Reduplicatives in Indo-Aryan' Bulletin of Deccan College Research Institute, Poona. Vol. I: 1939-40 pp. 60-70.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

કરી લીધી હોવાનું પણ તેમણે કહ્યું છે. પરંતુ પ્રસ્તુત લેખ પછી આ દિશામાં તેમના તરફથી હજી સુધી વિશેષ કશું પ્રકાશિત થયું નથી.

કત્રેએ તેમના લેખનો પ્રારંભ દ્વિરુક્તિની વ્યાખ્યાથી કર્યો છે. દ્વિરુક્તિમાં તેઓ કોઈ પણ વ્યયી (inflected) કે અવ્યય શબ્દના દ્વિર્ભાવ ઉપરાંત પ્રતિધ્વનિ–શબ્દો (echo–words) તથા પ્રાસબદ્ધ અવયવોના સમાસોનો પણ સમાવેશ કરે છે.

દ્વિરુક્ત શબ્દો એ સમસ્ત શબ્દસામગ્રીનું એક અંગ છે. આખ્યાતિક અંગો, નામિક અંગો, દેશ્ય શબ્દો અને આર્યેતર શબ્દોની જેમ દ્વિરુક્ત શબ્દો એ મધ્યમ અને અર્વાચીન ભારતીય આર્યના શબ્દોનો એક પ્રકાર છે અને તેમાં પ્રાસમૂલક, પ્રતિધ્વન્યાત્મક અને અન્ય વર્ગોનો સમાવેશ થાય છે.

સંસ્કૃતમાં રવાનુકરણ, વીપ્સા, અને કેટલીક વિશેષણાત્મક સમાસ–રચના એ ત્રણ દ્વિરુક્ત શબ્દોનાં પ્રભવસ્થાન છે. સંસ્કૃતના રવાનુકારી શબ્દોની સામગ્રી માટે મુખ્ય આધાર તરીકે કત્રેએ વાકરનાગલ (Wackernagel)ના 'Altindische Grammatik'ને સ્વીકાર્યું છે.[૧૦]

રવાનુકારી દ્વિરુક્તિઓમાં (૧) એક વ્યંજનની (૨) એક અક્ષરની (૩) અક્ષરસમૂહની દ્વિરુક્તિ એવા ત્રણ વર્ગ પડે છે.

'અખ્ખલી કૃત્વા' (= ડ્રાઉં ડ્રાઉં કરવું) એ પહેલા પ્રકારનું ઉદાહરણ છે–

'અલલા ભવન્ત'– (= આનંદ–ધ્વનિ કરતું), 'કિકિરા કૃ'–(= ચીરેચીરા કરવા), 'મશ્મશા (કે મષ્મષા–મૃષ્મૃષા) + કૃ'–(= કચરવું અથવા ચગદી નાખવું), વગેરે બીજા પ્રકારનાં ઉદાહરણ છે.

'પટપટા', 'શિરિશિરા', 'ચટચટા શબ્દ', 'ચટચટાયતે' એ ત્રીજા પ્રકારનાં ઉદાહરણ છે.

આ ઉપરાંત આવર્તનના તથા અપૂર્ણ દ્વિરુક્તિઓના પણ કેટલાંક ઉદાહરણો છે. જેમકે 'ધુ ધુ ધુ ધુ' 'ગુમ ગુમ ગુમ' 'હુહુ હુહુ હુહુ' પ્રાકૃતમાંથી આવર્તનનાં ઉદાહરણ છે. 'મન્મલા–ભવન્ત (કે મલ્મલા-ભવન્ત)', કિકિકચ', 'બિબિબા ભવન્ત', 'કક્કુર', 'કુક્કટા,' 'તિત્તિરિ', 'કક્કુટ', 'ડિંડિમ'–આ અપૂર્ણ દ્વિરુક્તિનાં ઉદાહરણો છે. 'કોકિલ', 'કિંકિર', 'કંકણ', 'ઝિઞ્ઝ', 'ક્રકચ'–માં દ્વિરુક્તિ અસ્પષ્ટ છે.

આ ઉપરાંત જેમાં બંને અવયવો પૂર્ણપણે દ્વિરુક્ત હોય જેમાં આગલો અગર પાછલો અપૂર્ણરૂપે દ્વિરુક્ત હોય અને જેમાં સ્વર નહીં પણ એકલો વ્યંજન દ્વિરુક્ત હોય એ રીતનું પણ રવાનુકારી દ્વિરુક્તિનું વર્ગીકરણ કરી શકાય.

આવર્તનમૂલક દ્વિરુક્તિઓમાં પ્રથમ તો સંસ્કૃત[૧૧] વ્યાકરણમાં જેમને આમ્રેડિત કહ્યા છે એ પ્રકારના પ્રયોગો આવે છે. 'ગૃહે ગૃહે' (= દરેક ઘરમાં), 'દમે દમે', 'વિશે વિશે' વગેરેમાં પ્રત્યેકતાનો કે વીપ્સાનો અર્થ છે. વાકરનાગલે II ૨. પૃ. ૧૪૩ અને પછીનાં પૃષ્ઠોમાં આ પ્રકારનાં ભિન્ન ભિન્ન ઉદાહરણો નોંધેલાં છે. આમ્રેડિતોમાં ઘણી વાર તીવ્રતા કે ઉત્કટતાનો પણ અર્થ હોય છે અને શબ્દપ્રકારની દષ્ટિએ તેમાં નામો, વિશેષણો અને સંખ્યાવાચકોનો સમાવેશ થાય છે. આના એક પરિણામ તરીકે આપણને

---

૧૦. Altindische Grammatik ગ્રંથ ૨: ભાગ ૧: બીજો પરિચ્છેદ. પૃ. ૬ થી ૯.

૧૧. આ અંગે Altandiche Grammatik ગ્રંથ ૨ : ભાગ ૧ નું અનુલક્ષણ શ્રી કત્રેએ આપ્યું છે.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

આવૃત્તિમૂલક સમાસો મળ્યા છે. તેમાં પણ નામ, વિશેષણ, સંખ્યાવાચક, સર્વનામ, અવ્યય અને કૃદંતોનો સમાવેશ થાય છે.

ત્રીજા પ્રકારનાં ઉદાહરણો તરીકે "આચપરાચ" (=અહીં તહીં જવું), 'આચોપચ' (=દુર્બળ થતું-કરતું), 'ઉચ્ચાવચ', 'કૃતાકૃત', 'દિવ્યાદિવ્ય', 'બલાબલ', 'દસ્યાદસ્ય' 'ઘોરાઘોર' આપવામાં આવ્યાં છે.

સંસ્કૃત વ્યાકરણકારોએ એક અવ્યય રૂપ વિશિષ્ટ પ્રકારના દ્વિરુક્તિમૂલક સમાસો નોંધેલા છે. 'કેશાકેશિ' (=વાળ પકડીને થતું યુદ્ધ), 'હસ્તાહસ્તિ' (=હાથહાથથી થતું યુદ્ધ) તે જ પ્રમાણે 'મુષ્ટામુષ્ટિ', 'કચાકચિ', 'રથારથિ', 'નખાનખિ'.

વૈદિક ભાષામાં દ્વિરુક્ત ક્રિયાપદોના સમાસનાં ઉદાહરણો પણ મળે છે. જેમકે 'પિબ-પિબ' (=પી પી), 'યજસ્વ-યજસ્વ' (=યજ્ઞ કર યજ્ઞ કર).

આ પછી શ્રી કત્રે પ્રાસમૂલક દ્વિરુક્ત રચનાઓની વિચારણા કરે છે. તેમાં તેમણે પુંલિંગ-સ્ત્રીલિંગ શબ્દોના સમાસો, પ્રાસબદ્ધ સમાસો, અને આજ્ઞાર્થ રૂપો જોડીને રચાયેલાં સ્ત્રીલિંગી નામોની રચના નોંધી છે. પુંલિંગ-સ્ત્રીલિંગ શબ્દોના સમાસોનાં આ ઉદાહરણ આપ્યાં છે—

'કુટિકુટમ્', 'દાસિદાસમ્', 'ભાગવતિભાગવતમ્', 'નદિનદમ્'

પ્રાસબદ્ધ સમાસોની રચના આ પ્રમાણે છે—

'ગાજવાજ', 'દારજાર', 'પારાવાર' વગેરે. 'ખાદતમોદતા' (=સતત ખાવાપીવા અને આનંદપ્રમોદની ક્રિયા)એ આજ્ઞાર્થરૂપ જોડીને રચાયેલ સ્ત્રીલિંગ નામની રચના છે.

સંસ્કૃતના દ્વિરુક્ત પ્રયોગોની વિચારણા પછી શ્રી કત્રે, મધ્યમ ભારતીય-આર્ય ઉપર આવે છે. તેમાં ઉપર્યુક્ત પ્રકારો ઉપરાંત કેટલાક નવા વિકસેલા પ્રકારો પણ છે. પાલિમાં પહેલી જ વાર અનુસ્વાર કે મકારથી જોડાયેલા દ્વિરુક્ત શબ્દોનો પ્રકાર મળે છે. જેમકે 'કથંકથા' (=શંકા), 'અગ્ગમગ્ગ' (=દરેકમાં ઉત્તમ), 'અંગમંગ' (=અંગેઅંગ), 'અમમઞ' (=અન્યોઅન્ય), 'એકમેક' (=દરેક) વગેરે. પ્રાકૃતમાં પણ 'એક્કમેક્ક', 'કલંકલ', 'ખુલંખુલા', 'દુરંદુર', 'તુમંતુમ', 'દિલ્લિંદિલ્લિય' વગેરે જોવા મળે છે.

પાલિ-પ્રાકૃતમાં મળતા બીજા એક પ્રકારમાં દ્વિરુક્ત શબ્દના પ્રથમ અવયવનો અન્ત્ય સ્વર દીર્ઘ કરેલો હોય છે. જેમકે 'ચલાચલ', 'ખંડાખંડ', 'ઢુક્કાઢુક્ક', 'ધુક્કાધુક્ક'. આનું એક રૂપાન્તર તે દ્વિરુક્તિના બીજા ઘટકના આદ્ય વ્યંજનને બેવડાવતા શબ્દો, જેમકે 'ખણખ્ખણ', 'ખલક્ખલ', 'ઝડપ્પડ' 'તડપ્ફડ', ત્યારે 'કટ્ટો-કટ્ઠ' (=ખેંચાખેંચી), 'હલ્લો-હલ્લ' (=બૂમાબૂમ), જેવામાં બંને ઘટકો 'ઓ' ઉપસર્ગથી જોડાયેલા છે.

પ્રાકૃતમાં પહેલી જ વાર આપણને ખરેખરા પ્રતિધ્વનિશબ્દો (Jingle-words) જોવા મળે છે, જેમાં દ્વિરુક્તિનો માત્ર એક જ ઘટક સાર્થ છે. જ્યારે બીજો ઘટક એ સાર્થ અંશ ઉપરથી ઘડાયેલા પ્રતિધ્વનિ રૂપ કે પ્રાસસાધક ઘટક છે. જેમકે 'અલટ્ટ-પલટ્ટ' (=ઉલટ પુલટ), 'કઇલ્લ-બઇલ્લ' (=અણપલોટ બળદ). દ્વિરુક્તિનો આ પ્રકાર પાછળથી અર્વાચીન આર્ય ભાષાઓમાં કેટલો પ્રચલિત બને છે તેનું પ્રમાણ મરાઠી કોશમાંથી આવા ૧૫૦૦ જેટલા શબ્દો અને ગુજરાતી કોશોમાંથી આવા ૭૦૦-૮૦૦

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

જેટલા શબ્દો તારવી શકાયા છે, તે ઉપરથી કંઈક પ્રમાણનો ખ્યાલ આવશે. ચાલુ વપરાશમાં આથી ત્રણગણા શબ્દો હોવાની શકયતા છે. અર્વાચીન ભારતીય–આર્ય દ્વિરુક્તિઓમાં મધ્યમ અને પ્રાચીન ભારતીય–આર્યમાં મળતા બધા ય પ્રકારો મળે છે. પણ તેમાં પ્રતિધ્વનિમૂલક કે પ્રાસમૂલક રચનાઓ બીજા બધા પ્રકારો કરતાં સૌથી વધુ સંખ્યામાં મળે છે.

દ્વિરુક્તિના બે ઘટકોને જોડનારો કે સંયોજિત કરનારો જુદો જુદો તત્ત્વોમાં અર્વાચીન ભારતીય–આર્યમાં (ખાસ કરીને મરાઠીમાં) ઓકાર સર્વસાધારણ અને લાક્ષણિક છે. મરાઠી, ગુજરાતી અને હિંદીનાં ઉદાહરણો કત્રે આ પ્રમાણે આપે છે.[૧૨]

“ અકટોવિકટ, આંખોઆંખ, અરધોઅરધ, આરોપાર, કદોવિકદ, ખડોઅડ, ખરોખર, ચટોવટી, ચઢોવઢી, ટંકોટંક, ટાંકોટાંક, તંટોતંટ, પદોપદી, ભરોભરી, રાતોરાત, રાનોરાન, લગોલગ, લાગોલાગ, સરોબરી, સરોસર, સાંડોસાંડ, સાલોસાલ ” આ મરાઠીનાં ઉદાહરણ છે.

“ અડોઅડ, ખચોખચ, ખરોખર, ઘરોઘર, ચપોચપ, છમોછમ, જન્મોજન્મ, ઝટોઝટ, ટંકોટંક, ઠારોઠાર, તડોતડ, તારોતાર, પારોપાર, ભચોભચ, રાતોરાત, સટોસટ, હાથોહાથ, હાડોહાડ ” ગુજરાતીનાં ઉદાહરણ છે. ત્યારે હિંદીમાં ‘ આધોઆધ ’ છે.

સંયોજક ‘ આ ’વાળી દ્વિરુક્તિઓ પણ સુપ્રચલિત છે.[૧૩]

| | | | |
|---|---|---|---|
| “ અટાઅટપ, | અટાઅટ, | અટાઘાટ, | અડવાઅડવ, |
| અડાઅડ, | અદ્દલાબદ્દલ, | આપસાઆપસ, | સકળાઉકળ, |
| ઉચકાઉચક, | ઉચલાઉચલ, | ઉડવાઉડવ, | કચાકચ, |
| કળવાકળવ, | ખાદાખાદ, | ખેટાખેટ, | ગટાગટ, |
| ગુટાગુટ, | ગુથવાગુથવ, | ઘડાઘડ, | ઘાસાઘાસ, |
| ચટાચટ, | ચેપાચેપ, | ચાટાચાટ, | જમાજમ, |
| ઝગડાઝગડ, | ટોલાટોલ, | ઠોકાઠોક, | ડાલાડાલ |
| ઢવળાઢવળ ”. | | | |

આનું જ સ્ત્રીલિંગી કે વિશેષણ સ્વરૂપ–

| | | | |
|---|---|---|---|
| “ તડકાતડકી, | ઢકલાઢકલી, | થોપાથોપી, | દડાદડી, |
| ધપ્પાધપ્પી, | નોકાનોકી, | પાંગાપાંગી, | ફઠાફઠી, |
| ભરમાભરમી, | મરદામરદી, | રમારમી, | લેંકાલેંકી, |
| વડલાવડલી, | વર્ગાવર્ગી, | સરદાવરદી, | હાકાહાકી ” |

આ મરાઠીનાં ઉદાહરણો છે.

ગુજરાતીનાં આ ઉદાહરણો છે:–

| | | | |
|---|---|---|---|
| “ અકડાઅકડી, | અડાઅડી, | અથડાઅથડી, | ઉચલાઉચલ કે ઉચલી, |
| ઓળાઓળ, | કચરાકચરી, | કટાકટી, | કડાકડ, |

૧૨. ઉક્ત લેખ : પૃ. ૬૪–૬૫. § ૧૭.
૧૩. ઉક્ત લેખ : પૃ. ૬૫–૬૬. § ૧૮.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

| | | | |
|---|---|---|---|
| કડાકડી, | કસાકસી, | ધમાધમ, | ધુરકાધુરકી, |
| ચટાપટી, | ચરસાચરસી, | ચટાચટ, | છલોછલ, |
| છેકાછેક, | છેડાછેડ, | ઝઘડાઝઘડી, | ઝપાઝપ (પી), |
| ઠોકાઠોક, | ડાઘાડૂધ (ઘી), | તડાતડ, | તાણાતાણ, |
| થડાથડ, | દેખાદેખી, | ધક્કાધક્કી, | નાસાનાસી, |
| પક્ષાપક્ષી, | ફટાફટ, | બોલાબોલ, | મારામારી, |
| દેણાદેણી, | સરસાસરસી, | હોંસાતોંસી. ” | |

હિન્દીમાં આ પ્રમાણે ઉદાહરણો છે:–

| | | | |
|---|---|---|---|
| “ અંધાદુંધ, | એકાએકી, | એરાફેરી, | કહાકહી, |
| ખચાખચ, | ખટાપટ, | ખેંચાખેંચી, | ગરમાગરમ, |
| ધચાધચ, | ચખાચખી, | ચટાચટ, | ઝરાઝર, |
| ઝાંકાઝાંકી, | ટુંગાટુંગી, | દંડાદંડી, | ધુસાધુસી, |
| ફેરાફેરી, | માલામાલ, | રુઠારુઠી, | લુટાલુટ, |
| હટકાહટકી. ” | | | |

કેટલાક પ્રકારોમાં સંયોજક તરીકે ‘ એ ’ આવે છે.[૧૪]

મરાઠીનાં ઉદાહરણો આ પ્રમાણે છે, “ આપેઆપ, કોણેકોણ, નિમેનિમ, લગેલગ. ”

ગુજરાતીમાં–“ કાનેકાન, કોટેકોટ, કોળેકોળો, છેડેછડું, ટાળેટાળું, થોકેથોક, નિમેનિમ, પાકેપાકું, પેચેપેચ, પોલેપોલ, ભૂકેભૂકા, મીંટેમીંટ, લાગેલાગ, સાચેસાચું, હાડેહાડ. ”

આ પછી કત્રે અર્વાચીન ભારતીય–આર્યની દ્વિરુક્તિના વર્ગીકરણનો પ્રશ્ન હાથ ધરે છે. પ્રાચીન અને મધ્યમ ભારતીય–આર્યોના દ્વિરુક્ત શબ્દો તેમજ અર્વાચીન ભારતીય આર્ય ભાષાઓના દ્વિરુક્ત શબ્દોનું એક જ રીતે વર્ગીકરણ થઈ શકે છે.[૧૫] કત્રે આ દ્વિરુક્ત શબ્દોના ચાર વર્ગો આપે છે.

(૧) રવાનુકારી રચના – જેમાં વર્ણ કે વર્ણસમૂહની દ્વિરુક્તિ થઈ હોય છે.

(૨) આમ્રેડિત રચના – જેમાં નામ, વિશેષણ, સર્વનામ, સાર્વનામિક વિશેષણ, સંખ્યાદર્શક, ક્રિયા અને ક્રિયાસાધિત રૂપોનો સમાવેશ થાય છે.

(૩) પ્રાસબદ્ધ રચના – જેમાં બંને ઘટકો સાર્થ હોય છે.

(૪) પ્રતિધ્વનિમૂલક રચના – જેમાં એક ઘટક જ સાર્થ હોય છે. બીજો ઘટક માત્ર પ્રતિધ્વનિ જ હોય છે.

આમ ચાર વર્ગો પાડી કત્રે દરેક વર્ગનાં ઉદાહરણો આપે છે.

---

૧૪. ઉક્ત લેખ : પૃ. ૬૬. § ૧૯.
૧૫. જુઓ પ્રકરણ ૮–‘ દ્વિરુક્ત પ્રયોગોનું વર્ગીકરણ ’

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

## રવાનુકારી રચના[૧૬]

મરાઠીમાં, "કચકચ, કટકટ, કડકડીં, ખટખટ, ગટગટ, ગડગડણેં, ચકમક, છમછમ, ઝકઝક, ઝગઝગ."

ગુજરાતીમાં, "ઠણઠણ, ડમડમ, તડતડ, થૈથૈ, ધડધડ, પટપટ, ફટફટ, ફડફડ, બડબડ."

હિંદીમાં, "પટપટ, પિચપિચા, ફટફટાના, ફરફરાના, ફુસફુસ, બડબડાના, ભિનભિનાના, લટપટ, વટવટાના, સુમસુમ, હાહા" રવાનુકારી રચના છે.

## આમ્રેડિત રચના

મરાઠીમાં– "અધરઅધર, આપઆપ, ઉનઉન, એકએક," ગુજરાતીમાં– "આપઆપણું, ક્ષણેક્ષણે, ઘડીઘડી, જેમજેમ, જોતજોતામાં, જરાજરા, ઠામઠામ, ઠામેઠામે," હિંદીમાં, "એકએક, બહાબહા, ફિરના, સટીસટી, સાથસાથ" આમ્રેડિત રચનાનાં ઉદાહરણ છે. કત્રે આ રચનાના પ્રયોગની દષ્ટિએ નીચે પ્રમાણે પ્રભેદો પાડે છે.

(૧) નામો : ગુજરાતી – 'ક્ષણેક્ષણે, ઘડીઘડી'.

(૨) વિશેષણો : મરાઠી, ગુજરાતી, હિંદી – 'જરાજરા, ગરમગરમ'.

(૩) સર્વનામો : મરાઠી, હિંદી – 'આપઆપ', ગુજરાતી – 'આપઆપણું'.

(૪) સાર્વનામિક વિશેષણો : મરાઠી – 'જસજસ, તસતસ, કસકસ', ગુજરાતી – 'જેમ જેમ, તેમ તેમ, એમ એમ', હિંદી – 'જૈસા જૈસા, તૈસા તૈસા'.

(૫) સંખ્યાદર્શક : મરાઠી, ગુજરાતી, હિંદી – 'એક એક',
મરાઠી – 'દોન દોન'. ગુજરાતી – 'બે બે,' હિંદી – 'દો દો'.

(૬) ક્રિયા : જાતાં જાતાં

(૭) ક્રિયાસાધિત રૂપો : મરાઠી, ગુજરાતી – 'રમતરમત'.

## પ્રાસબદ્ધ રચના

આ પછી, જેમાં એક ઘટક સાથે છે એવા પ્રાસબદ્ધ સમાસોનાં ઉદાહરણો કત્રે આપે છે.

મરાઠીમાં, 'અંગભંગ, અંગસંગ, અધલામધલા, અધચામધચા, અસાસાઉસાસા, આઈબાઈ, આઈમાઈ, ઐસમૈસ, આલાપાલા, ઉજળપાજળ (સં. ઉજ્જ્વલ + પ્રોજ્જ્વલ) કર્મધર્મ, ખાંજણી-ભાંજણી, ગમતરમત, ગરમનરમ, નરદીવરદી, ધાતપાત, જંતરમંતર',

ગુજરાતીમાં, 'ચલનવલન, જંતરમંતર, જરીમરી, જેમતેમ, રમણભમણ, રમતગમત, રહ્યુંસહ્યું.'

હિંદીમાં, "અતીગતી, અબતબ, આડવાડ, આનાજાના, આસપાસ, ઇધરઉધર, જલાબલા, બાજા-ગાજા", ઉદાહરણો છે.

---

૧૬. ઉક્ત લેખ: પૃ. ૬૭ § ૨૧.

## પ્રતિધ્વનિમૂલક રચના ( echo –words )[૧૭]

આ પ્રકારના દ્વિરુક્ત શબ્દોમાં એક ઘટક સાર્થ હોય છે જ્યારે બીજો ઘટક સ્પષ્ટ રીતે નિરર્થક હોય છે. કત્રે આ વર્ગના બે પ્રભેદ પાડે છે. (૧) જેમાં પ્રથમ ઘટક સાર્થ હોય છે. (૨) જેમાં બીજો ઘટક સાર્થ હોય છે.

પ્રથમ ઘટક સાર્થ હોય તેનાં ઉદાહરણો આ પ્રમાણે છે :–

| | | | | |
|---|---|---|---|---|
| મરાઠીમાં, | “ અચરપચર, | અંધારીકુંધારી, | આડીબિડી, | ઉઆબાઆ, |
| | કાતરકુતર, | ખાબડખુબડ, | ગાડાનાડા.” | |
| ગુજરાતીમાં, | “ નવુંસવું, | રમકઝમક, | સાચમાચ. ” | |
| નેપાળીમાં, | “ ઉથલપુથલ, | ઉધિનપાધિન, | કેલાઈકુલાઈ, | ખતાનાપતાના, |
| | ખરચાપરચા, | ખલબલ, | ખલબલી, | ખલ્લમલ્લ, |
| | ખલ્લબલ્લ, | ખિચરીમિચરી, | ખોજખાજ, | ખોદ્દલાખાદ્દલ, |
| | ચાટચુટ, | છાલમાલ, | ચિજબિજ, | ચુરચાર, |
| | છામછામ–છુમછુમ, | છામછુમ, | ચિતિરમિતિર, | ચેઉચાઉ, |
| | છેકછાક, | જમાનકમાન, | જાલેમાલે, | ઝગડાસગડા, |
| | ઝલકઝિલક, | ઝાલકમાલક, | ઝાંટઝુટ, | ઝારઝોર, |
| | ઝિટિમિટિ, | ઢલિમલિ, | ઢાંટઢૂંટ, | ઢિલઢાલ, |
| | ઢુકનેબુકને, | તાઉરમાઉર, | તાહુરમાહુર, | તાઉરતાઉર, |
| | તાચતુચ, | દુબલેદાબલો, | ધુતધાત, | નિફાનનાફાન, |
| | પાતસાત, | પાલસાલ, | પિટિપાટિ, | પુછપાછ, |
| | પોતપાત, | બલ્લાતલ્લા, | બાંડબુંડ, | ભાણભુણ, |
| | ભુટિભાટિ, | મુછમાછ, | રહલપહલ. ” | |

બીજો ઘટક સાર્થ હોય તેનાં ઉદાહરણો આ પ્રમાણે છે :–

મરાઠીમાં, “ અચકબચક, અંજારણેગોંજારણે, આડોશીપાડોશી, અવડચિવડ, આસભાસ, ઈડાપિડા, ઉમેરાધમેરા, કોથેમોથે, ખુદ્રાપાદ્રા, ચિલીપિલ, પાઠોરાપિઠોરા, પાર્જાપુર્જી.”

નેપાળીમાં, “ આંચોખાંચો, આકલઝુકલ, આલ્તુફાલ્તુ, ઈર્દગિર્દ, લાખલિખ, લાટલોટ. ”

લેખના અંતભાગમાં કત્રે પ્રાસમૂલક દ્વિરુક્તિ રચનાઓનું ઘડતર તપાસે છે. ભારતીય આર્ય ભાષાઓમાં દ્રાવિડી ભાષાઓની જેમ આ પ્રકારના ઘડતર માટે કોઈ સર્વસામાન્ય સિદ્ધાંત પ્રવર્તતો નથી. પણ સામાન્ય વલણ તરીકે ઈકારસહિત તાલવ્ય વ્યંજન દ્વિરુક્તિ–સાધક બને છે. આ પ્રકારના પ્રયોગો વિશેષ તો બોલીઓમાં પ્રચલિત છે. સાહિત્યિક ભાષાઓમાં, કોશો અને વ્યાકરણોમાં એ ખાસ દેખાતા નથી. હાલ પૂરતું તો આપણે દ્વિરુક્તિના કેટલાક વર્ગો તારવી શકીએ. ૧) મૂળ ઘટકની સીધી દ્વિરુક્તિ ૨) મૂળ ઘટકની વ્યંજનો કે સ્વરો કે બંનેના સહેજસાજ પરિવર્તન સાથેની દ્વિરુક્તિ. આમાંના પહેલા વર્ગમાં સંયોજક તત્ત્વવાળી કે વિનાની અને પૂર્વ પ્રત્યય (Prefix)વાળી કે વિનાની બધી જાતની દ્વિરુક્તિઓ આવશે. બીજા વર્ગમાં નીચેના પ્રભેદો મળશે.

---

૧૭. ઉક્ત લેખ: પૃ. ૯૮–૯૯, § ૨૪.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

**(૧) વ્યંજનનું પરિવર્તન[૧૮] :**

મરાઠીમાં, "અગડતગડ, અટરફટર, ખળકેવળકે, ખુટપુટ, ગાજવાજ,"

ગુજરાતીમાં, "ખટપટ, ખડબડ, કોરુંમોરું, ગટકમટક, ચટાપટા,"

હિન્દીમાં, "નટખટ, તુટફુટ, લુડખુડ, લપડશપડ" એ વ્યંજનના પરિવર્તનનાં ઉદાહરણ છે.

**(૨) સ્વરનું પરિવર્તન :**

મરાઠીમાં, "કાટકુટ, ગરીબગુરીબ, ગડગુડ, ધામધુમ, ધાળધોળ, ચાપીચોપી, ચપુનચોપન, ચુકચાક, ચિવુનચવુન, ચુપચાપ."

ગુજરાતીમાં, "સાફસૂફ, સૂમસામ, ફુસફાસ" એ સ્વરના પરિવર્તનનાં ઉદાહરણ છે.

**(૩) સ્વર તથા વ્યંજનનું પરિવર્તન :**

મરાઠીમાં, "અકડતિકડ, અગટચિગટ, આજાદુજા, અબકટબક, ખારટતુરટ, ખોટાનાટા, ચાલાબોલા, ચુકટમાકટ, ચેરામોરા જુનાપાના, દેશિરાશિ" એમાં સ્વર તથા વ્યંજન બંને પરિવર્તન પામે છે.

આ બધાં ઉદાહરણોમાં પ્રાસનો સંબંધ મૂળ ઘટકના અન્ત્યાક્ષર સાથે જ પ્રધાનપણે છે જ્યારે ઉપર્યુક્ત પરિવર્તનો માત્ર પ્રથમાક્ષર પૂરતાં મર્યાદિત છે.

અન્તે, ભારતીય–આર્ય તુલનાત્મક વ્યુત્પત્તિદર્શક દ્વિરુક્તિકોશની દૃષ્ટિએ વિચારતાં કત્રેએ સૂચવ્યું છે કે આવા કોશમાં સાર્થ કે પ્રતિધ્વન્યાત્મક બધા મૂળ ઘટકોની નીચે તેમના પરથી સાધિત દ્વિરુક્તિઓ ગોઠવી શકાય, જ્યારે માત્ર અલંકારની દૃષ્ટિએ સધાયેલા સમાસોને શૈલી કે રીતિના અધ્યયનપ્રદેશમાં પડતા ગણી શકાય અને તેથી પ્રસ્તુત અભ્યાસની બહાર રાખી શકાય.

એકના એક સાદા મૂળ ઘટક ઉપરથી કોઈ એક ભાષામાં કેટલા જુદા જુદા દ્વિરુક્ત પ્રયોગો સધાયેલા છે તે આ ઉદાહરણોથી જોઈ શકાશે.[૧૯]

મરાઠીમાં, "અગડતગડ, અગડબગડ, અગડધગડ, અગડીદગડી, અવડચિવડ, અવડનાવડ, આટધાટ, આટછાટ, આટોઆટ, આટોધાટ, આટાપિટી, આટાપિટ, આટપાટ, આળાતાળી, આળાટોલિયા, ઉગામુગા, ઉગાવાગા, કડકડ, કડખડ, કડમડ, ખટખટ, ખટનટ, ખટપટ."

ગુજરાતીમાં, "અડીઅડી, અડીદડી, અરસદરસ, અરસપરસ, ગડગડ, ગડબડ, તડતડ, તડપડ, તડફડવું, તડભડ."

લેખને અન્તે, ભવિષ્યના કાર્ય તરીકે દ્વિરુક્તિઓના ઇતિહાસ માટે સેંકડો ભારતીય–આર્ય બોલીઓમાંથી પ્રાસરંગી રચનાઓને એકઠી કરવાનું અને શબ્દોના વિકાસ અને ઘડતર ઉપર તથા વાકચરચના ઉપર પડેલા તેમના પ્રભાવનો નિર્ણય કરવાના કાર્યનો કત્રેએ નિર્દેશ કર્યો છે. પરંતુ હજી સુધી આ એક લેખ સિવાય તેમના તરફથી આ વિષયમાં હજી કશું વિશેષ મળ્યું નથી. પરંતુ આ લેખ દ્વિરુક્તિનું તત્ત્વ ભારતીય–આર્યમાં કેટલું વ્યાપક છે તેનો પરિચયાત્મક ખ્યાલ આપે છે.

---

૧૮. ઉક્ત લેખ : પૃ. ૬૯. §. ૨૫.

૧૯. ઉક્ત લેખ : પૃ. ૭૦. § ૨૬.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

## એમ. બી. એમેનો

એમ. બી. એમેનોએ નીલગિરિના નિવાસી તોડા લોકોની ભાષાના દ્વિરુક્ત પ્રયોગોના એક વિશિષ્ટ પ્રકાર ઉપર લેખ લખ્યો છે.[૨૦] લેખના પ્રારંભમાં તેમણે તોડા ભાષામાં 'સુદસોદ' જેવા પ્રાસાત્મક શબ્દોને લીધાં નથી તેમ સ્પષ્ટ કર્યું છે. સુદ (સં. શુદ્ધ) અને સોદ (સં. શબ્દ) એ પ્રયોગ એકબીજાને અભિવાદન કરવા માટે પ્રયુક્ત થાય છે. તેનો અર્થ 'સારા સમાચાર છે ને?' એ પ્રમાણે થાય છે. આ શબ્દમાં બંને ઘટક સાર્થ છે અને પ્રાસાત્મક છે. દ્વિરુક્ત શબ્દોનો આ એક વિશિષ્ટ પ્રકાર છે, પણ તેની ચર્ચા પ્રસ્તુત લેખમાં કરવામાં આવી નથી.

જેમાં એકાદ વર્ણના અપવાદે આખું અંગ દ્વિરુક્ત થતું હોય છે તે પ્રકારના પ્રયોગોની ચર્ચા આ લેખમાં કરવામાં આવી છે. આ પ્રકારના શબ્દોમાં તોડા ભાષામાં 'કિ' અથવા 'કી'નો આગમ થાય છે. જ્યારે નામના પ્રથમાક્ષરમાં હ્રસ્વ સ્વર કે હ્રસ્વ સંયુક્ત સ્વર હોય છે ત્યારે 'કિ'નો આગમ થાય છે, અને જ્યારે દીર્ઘ સ્વર કે દીર્ઘ સંયુક્ત સ્વર હોય છે ત્યારે 'કી'નો આગમ થાય છે. આ પ્રક્રિયાને આપણે આ પ્રમાણે સ્પષ્ટ કરી શકીએ.

આખો દ્વિરુક્ત પ્રયોગ = મૂળ નામ + આગમ + પ્રથમાક્ષર સિવાયનો મૂળ નામનો બાકીનો અંશ.

એમેનો 'કિ–કી'ને પ્રત્યય ગણતા નથી પરંતુ અંગના પહેલા અક્ષરને સ્થાને આવતો આદેશ ગણે છે. તેમણે આપેલાં ઉદાહરણોમાંથી થોડાં ઉદાહરણો નીચે પ્રમાણે છે:–

| | | |
|---|---|---|
| " નરિકિરિ | = શિયાળબિયાળ | (નરિ = શિયાળ) |
| એળૂફ્કિળૂફ્ | = હાડકુંબાડકું | (એળૂફ્ = હાડકું) |
| ઇસિકિસિ | = ઉંદરબુંદર | (ઇસિ = ઉંદર) |
| પુસિકિસિ | = વાઘબાઘ | (પુસિ = વાઘ) |
| કોબકીબ | = વાસણબાસણ | (કોબ = વાસણ) |
| ઓગ્મગિગ્મ | = દોરડુંબોરડું | (ઓગ્મ = દોરડું) |
| ઉપકિપ | = મીઠુંબીઠું | (ઉપ = મીઠું) |
| તોજ્મો ગિજ્મો | = ભેંસબેંસ | (તોજ્મો = ભેંસ) |
| ઉવાસકિસ્ક | = લોટબોટ | (ઉવાસ્ક = લોટ) |
| કા–કીક | = કાગડોબાગડો | (કાક = કાગડો) |
| મેણુકીણુ | = ઝાડબાડ | (મેણુ = ઝાડ) |
| નીરકીર | = પાણીબાણી | (નીર = પાણી) |
| પોટકીટ | = ગીતબીત | (પોટ = ગીત) |
| ઊકી | = ટુકડોબુકડો | (ઊ = ટુકડો) |
| મૈકી | = વરસાદબરસાદ | (મૈ = વરસાદ) |
| કુએળકીળ | = નળીબળી | (કુએળ = નળી) |
| તોઉકી | = પાટિયુંબાટિયું | (તોઉ = પાટિયું) " |

૨૦. 'Eeho-words in Toda'. New Indian Antiquary, Vol. I, Bombay, 1938-39. pp. 109-119.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

આ ઉદાહરણો ઉપરથી આ પ્રકારના ગુજરાતી પ્રયોગો તરફ આપણું ધ્યાન સહેજે જાય છે. તોડા ભાષામાં જેમ ‘ કિ–કી ’ આવે છે તેમ ગુજરાતી ભાષામાં ‘ બ ’ આવે છે. આ પ્રકારના ઘડતરનું કાર્ય એ છે કે એ દ્વારા સમાન કે એક જ પ્રકારના, અલગ અલગ અનેક ચીજોના સંભાવ્ય સમૂહમાંથી કોઈ પણ એકનો તેને સ્પષ્ટ રીતે ઓળખાવ્યા વિના નમૂના રૂપે નિર્દેશ કરવાનું છે. કેટલીકવાર આવા પ્રયોગોમાં સર્વવાચક શબ્દ પણ અંતે ઉમેરાય છે, ત્યારે એ સંભાવ્ય સમૂહના બધા અનિર્દિષ્ટ નમૂનાઓનો નિર્દેશ તે દ્વારા સમજવાનો છે. ગુજરાતી માટે પણ તેમ જ છે. જેમકે ‘ કાગળબાગળ ’ એટલે કાગળ કે તેના જેવી – જેના ઉપર લખી શકાય તેવી – વસ્તુઓનો સંભાવ્ય સમૂહ. પણ તે સમૂહમાંથી એકેય નિશ્ચિત વસ્તુનો નિર્દેશ થતો નથી. તેવી જ રીતે ‘ પાણીબાણી ’ એટલે પાણી કે બીજી કોઈ પેય વસ્તુ પણ તેનો ચોક્કસ નિર્દેશ નથી.

એમેનો નોંધે છે કે આ રીતિ ક્રિયાપદમાં પણ અજમાવવામાં આવે છે. ગુજરાતીમાં પણ ‘ ખાધુંબાધું ’ ‘ લાવ્યોબાવ્યો ’ જેવા પ્રયોગોનો આપણે ઉપયોગ કરીએ છીએ. પણ આ રીતિ ક્રિયાપદ કરતાં નામના વિષયમાં વધુ પ્રચલિત છે.

એમેનો જણાવે છે કે આ જાતનો દ્વિરુક્તિસાધક અંશ તામીલ અને તોડામાં ‘ કિ–કી ’, કાનડી, તેલુગુ, કુવી અને કોલામી ભાષાઓમાં ‘ ગિ–ગી ’ છે. મૂળ દ્રાવિડ ભાષામાં[૨૧] ‘ ગિ–ગી ’ એ દ્વિરુક્તિસાધક હતો કે ‘ કિ–કી ’ તેનો સ્પષ્ટ નિર્ણય પ્રાપ્તસામગ્રીને આધારે થઈ શકે તેમ નથી એમ એમેનો જણાવે છે. શ્રી. એમ. એસ. એન્ડ્રેનોવ પણ દ્રાવિડ ભાષાઓના આ વલણની નોંધ લે છે.[૨૧] (અ)

આ પ્રકારની દ્વિરુક્તિ–રચના ભારતની બધી જ ભાષાઓમાં પ્રચલિત છે અને અત્યંત વ્યાપક છે. એમેનો જેવા પરદેશી વિદ્વાને ભારતની એક નાની ભાષાના આ વિષયની છણાવટ કરી તે ધન્યવાદને પાત્ર છે. તેમનો આ લેખ અને તેનું નિરૂપણ આધુનિક ભાષાશાસ્ત્રના સિદ્ધાંતોને લક્ષ્યમાં રાખી કરવામાં આવ્યું છે અને સમગ્ર રીતે શાસ્ત્રીય છે.

## હરિવલ્લભ ચૂ. ભાયાણી

ગુજરાતી ભાષામાં આ વિષયને સ્પષ્ટ રીતે સમજનાર અને તેની ચર્ચા કરનાર ભાયાણી પ્રથમ છે. ‘ આડોશીપાડોશી ગણ ’[૨૨] નામના લેખમાં તેઓ દ્વિરુક્ત શબ્દોના એક વિશિષ્ટ પ્રકારની ચર્ચા કરે છે. લેખમાં તેઓ એસ. એમ. કત્રેનો ઉલ્લેખ કરે છે. અને વિષયનું નિરૂપણ પણ કત્રેની પદ્ધતિનું છે. જેમ એમેનોએ તોડા ભાષાના દ્વિરુક્ત પ્રયોગના એક પ્રકારની જ ચર્ચા કરી છે, તેમ અહીં ગુજરાતી ભાષાના એક પ્રકારની જ માત્ર ચર્ચા છે. તેઓ લખે છે, “ ભારતીય–આર્યમાં દ્વિરુક્ત કે વીપ્સિત શબ્દોના જે ભિન્ન ભિન્ન વર્ગો ગણાવાયા છે તેમાં એક વર્ગ ‘ પ્રતિધ્વનિ–શબ્દો ’ કે ‘ પ્રાસરંગી સમાસો ’નો

---

૨૧. સુનીતિકુમાર ચેટરજીએ પણ આની નોંધ લીધી છે. તેલુગુ, કાનડી, તામીલ અને મલયાલમ ભાષાઓમાં પ્રતિધ્વનિ–શબ્દોમાં સર્વત્ર આદ્ય અક્ષરમાં ‘ કિ ’ અથવા ‘ ગિ ’ આવે છે. જેમકે તામીલમાં ‘ મનિદન્–ગિનિદન્ ( = આદમીબાદમી ); ‘ કુદિરૈ–ગિદિરૈ ( = ઘોડોબોડો ) ’. જુઓ તેમનું પુસ્તક ‘ રાજસ્થાની ભાષા ’, રાજસ્થાન વિશ્વવિદ્યાલય, ઉદયપુર, ૧૯૪૯. પૃ. ૫૧–૫૨.

૨૧. (અ) “ Dravidian Languages ”. archiv orientalni. Vol. 31–2, 1963 Prague

૨૨. ‘ વાગ્વ્યાપાર ’, ભારતીય વિદ્યાભવન, મુંબઈ, ૧૯૫૪,. પૃ. ૨૪૪–૨૪૬.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

છે, જેના બે ઘટકોમાંથી બીજો ઘટક જ સાર્થ હોય છે. આમાં પણ ગુજરાતીમાં એક એવો પ્રકાર મળે છે જેમાં પાછલો આખો શબ્દ માત્ર આદ્ય વ્યંજનના અપવાદે પુનરુચ્ચરિત થાય છે.”

આવા શબ્દોમાં મૂળ પ્રાસનું તત્ત્વ કામ કરતું હોય છે અને દ્વિરુક્તિ સધાતી હોય છે. પ્રસ્તુત લેખમાં ભાયાણીએ મુખ્યત્વે ઘરઆંગણે રમાતી રમતોના દ્વિરુક્ત શબ્દો તેમના ઘટકોની વિવેચના સાથે નોંધ્યા છે. તેઓ આવા શબ્દોના બે વિભાગ પાડે છે : પહેલા વિભાગમાં અસમસ્ત સ્વરૂપના શબ્દો આવે છે જ્યારે બીજા વિભાગમાં સમસ્ત સ્વરૂપના. આમ તો આડોશીપાડોશી જેવા શબ્દો સાથે જ વપરાય છે પણ જોડકણાં, ગીત વગેરેમાં છૂટા પણ પડી શકે છે. આના ઉદાહરણ તરીકે ભાયાણી આ ઉદાહરણ આપે છે :

૧. ‘અતરીશ કોઠા, બતરીશ કોઠા, તેમાં રમે નાનામોટા.’

૨. ‘અસલી દેજો, પસલી દેજો.’[૨૩]

બીજા પ્રકારના શબ્દો સમસ્ત રીતે વપરાય છે. જો કે પ્રથમ પ્રકારનું મૂળ સમસ્ત રૂપમાં હોય છે. શૈલી તરીકે, લ્હેંકા તરીકે અસમસ્ત બને છે. બીજા વર્ગના શબ્દ પણ જોડકણાં કે ગીતમાં ઉપયોગથી પ્રથમ વર્ગમાં આવી શકે. બીજા વર્ગનાં ઉદાહરણો આ પ્રમાણે આપવામાં આવ્યાં છે.

| | | | |
|---|---|---|---|
| “ આડોશીપાડોશી, | આણપાણ, | ઇંડિયાપિંડિયા, | અગડંબગડં, |
| આજુબાજુ, | અચકોમચકો, | અડુકદડુક, | આરોવારો, |
| અડખેપડખે, | ઓળઘોળ, | આલતુંફાલતું, | અલકમલક, |
| ઓટોગોટો, | અકરીટકરી, | અકરીબકરી, | અકલીચકલી, |
| અગલીઢગલી, | ઇંગલીઢીંગલી, | અજારીબજારી, | અડકણદડકણ, |
| અટકણદટકણ, | અટકીમટકી, | અટીપટી, | અડકોદડકો, |
| અડધોદડધો, | અડવળધૂમપડવળધૂમ, | અડીદડી, | અડિયોદડિયો, |
| અડંગજડંગ, | અણિદરોકણિદરો, | અતનમતન, | અંતીપંતી, |
| અબીલતબીલ, | અબુલોઢબુલો, | અદુડોમદુડો, | અરવારીપરવારી, |
| આખલોદાખલો, | આટાપાટા, | આડવોગાડવો, | આનવાન, |
| આનપાન, | આંટીફાંટી, | ઈંપળીપીંપળી, | ઉકડમુકડ, |
| ઉડકીદુડકી, | ઉડમતુડમ, | ઉડાંગતુડાંગ, | ઉલાંટગુલાંટ, |
| એનઘેન, | એલોઘેલો, | એંડીગેંડી, | ઓઘોડોઘો, |
| ઓળીઝોળી, | ઓડકદોડક, | ઓળામણોકોળામણો. ” | |

આ પ્રકારના શબ્દઘડતરના ઉદ્‌ગમ વિશે ભાયાણી એક શાસ્ત્રીય સંભાવના દર્શાવે છે, “ સંભવ છે કે આ પ્રકારની પ્રથાનો ઉદ્‌ગમ બંને ઘટકો સાર્થ હોય તેવા પ્રાસબદ્ધ જોડકાંમાંથી થયો હોય. એટલે સાર્થક પ્રાસરંગી જોડકાંના આદર્શ પરથી કોઈ પણ શબ્દને શરૂઆતનો વ્યંજન સિવાય બેવડાવી

---

૨૩. સરખાવો –

એતર બોલે, તેતર બોલે, ગામના ગધેડા બોલે,
શેઢા માંહ્યલી શિયાળ બોલે, વાડી માંહ્યલો હોલો બોલે. – એક લગ્નગીત

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

નવા શબ્દો ઘડવાનું વલણ વિકસ્યું હોય. ‘ આસપાસ ’માં સં. ‘ અસ્ર ’ = ખૂણો અને સં. ‘ પાર્શ્વ ’ = બાજુ, બંને અર્થવાહક છે. આવળબાવળમાં બંને જુદી જુદી વનસ્પતિનાં નામ છે. અવર–જવર કે આવરો–જાવરોને આવવું–જવું સાથે ખુલ્લો સંબંધ છે. અગવડ–સગવડ, ઊલટું ને સુલટું, અવળું ને સવળું એ વિરોધી શબ્દો પણ પોતાનો પ્રભાવ પાડ્યા વિના ન રહે. એ રીતે પછી આડોશીપાડોશી– પાડોશી અને બીજાં તેવાં, આણપાણ–પાણ અને તેને લગતું, ઈંડિયાપિંડિયા–પિંડ અને તેના જેવા એમ મૂળ શબ્દને આદ્ય વ્યંજનના અપવાદે બેવડાવી જોડિયા શબ્દો ઘડવાનું વ્યાપક વલણ ઉદ્‌ભવ્યું હોય. ”

અર્વાચીન ભાષાનાં સ્વરૂપ અને સિદ્ધાન્તને લગતી જે વિચારણા થઈ છે તેની પરંપરાને અને કર્ત્રેના લેખને લક્ષ્યમાં લઈને લેખકે ચર્ચા કરી છે. જોકે પ્રસ્તુત લેખમાં માત્ર એક જ પ્રકારના શબ્દોની ચર્ચા કરવામાં આવી છે.

આ ઉપરાંત ભાયાણીએ ગુજરાતી દ્વિરુક્ત આખ્યાતિક અંગોના બે વિશિષ્ટ પ્રકારો ઉપર એક બીજો લેખ લખ્યો છે.[૨૪] આ લેખમાં ‘ ફંફોસવું ’ શબ્દની વ્યુત્પત્તિની ચર્ચા કરતાં ભાયાણી નોંધે છે કે પ્રા. ફુસ–( સં. સ્પૃશ્ ) પરથી ફંફોસવું શબ્દ આવ્યો છે. તેના ઘડતરનો વિચાર કરતાં દ્વિરુક્તિના તત્ત્વને આધારે સિદ્ધ થયેલા કેટલાક ધાતુઓનો નિર્દેશ કરવામાં આવ્યો છે. એ ધાતુઓ વારંવાર કે તીવ્રતાપૂર્વક થતી ક્રિયા સૂચવવા મૂળ ધાતુઓનો આદ્ય વ્યંજન દ્વિરુક્ત અને સાનુસ્વાર કરે છે. તેમાં દ્વિરુક્તિનો સ્વર ‘ અ ’ છે. તેનાં ઉદાહરણો આ પ્રમાણે છે :–

“ ખેરવું — ખંખેરવું,
ખોરવું — ખંખોરવું,
ખોળવું — ખંખોળવું,
સં. ક્ષાલ્–પ્રા. ખાલ — ખંખાળવું,
છેડવું — છંછેડવું,
ફેડવું — ફંફેડવું,
ભેરવવું — ભંભેરવું,
ઝૂડવું — ઝંઝોડવું ( પ્રાચીન ),[૨૫]
ઝેડવું — ઝંઝેડવું.

આ ઉપરાંત ‘ કકડવું ’ ‘ કકળવું ’ જેવાં ક્રિયાપદોમાં આદ્ય અક્ષરની દ્વિરુક્તિ થતી હોય તેમ લાગે છે. પરંતુ તેમાં આદ્યાક્ષરની દ્વિરુક્તિ નથી. આની ચર્ચા કરતાં ભાયાણી નોંધે છે, “ ગુજરાતીમાં એવા સંખ્યાબંધ ધાતુઓ કે ઇતર શબ્દ છે જેમાં આખો દ્વિઅક્ષરી ધાતુ દ્વિરુક્ત થયો હોય અને પછી તેમાંથી પૂર્વાંશનો દ્વિતીય અક્ષર લુપ્ત થઈ દ્વિરુક્ત આદ્યાક્ષરવાળું સ્વરૂપ સિદ્ધ થતું હોય.

---

૨૪. ‘ ફાંફાં, ફંફોળવું, ફંફોસવું ’–Journal of the Gujarat Research Society, Bombay, Vol. 17, October, 1955, pp. 322-326.

૨૫. સરખાવો :–
મામા તારા ભાણેજાને વાર, ઝંઝોડે મારી ઓરડી,
ઝંઝોડતો હોય તો ઝંઝોડવાને દે, ભાણેજો મારો લાડકો,
લાડકો હોય તો લાડડી પરણાવ, ઝંઝોડે મારી ઓરડી. –લગ્નગીત

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

ઉદાહરણ :– કડકડવું—કકડવું : કરકરું—કકરું : કળકળવું—કકળવું
આનાં વિશેષ ઉદાહરણ નીચે પ્રમાણે છે :–

| | | | |
|---|---|---|---|
| " ખ(ડ)ખડવું, | ખ(ર)ખરવું, | ખ(ળ)ખળવું, | ગ(ડ)ગડવું, |
| ગ(ણ)ગણવું, | ગ(ળ)ગળવું, | ઘ(ર)ઘરણું | ચ(ણ)ચણવું, |
| ચ(ર)ચરવું, | છ(ણ)છણવું, | ઝ(ણ)ઝણાટ, | ટ(ળ)ટળવું, |
| ઠ(ણ)ઠણવું, | ઢ(ણ)ઢણવું, | ત(ડ)તડવું, | થ(ર)થરવું, |
| દ(ડ)દડવું, | ધ(ડ)ધડાવવું, | ધ(ણ)ધણાવવું, | પ(ડ)પડાટ, |
| ફ(ડ)ફડવું, | ફ(ળ)ફળવું, | બ(ડ)બડવું, | ભ(ડ)ભડવું, |
| ર(ડ)વડવું, | સ(ડ)સડવું, | સ(ણ)સણવું. " | |

આમાંના મોટા ભાગના શબ્દ રવાનુકારી છે અને મોટા ભાગના શબ્દોનાં બંને રૂપ પ્રચલિત છે.

આમ આ લેખમાં બે પ્રકારના આખ્યાતિક શબ્દોની ચર્ચા કરવામાં આવી છે – ' ફંફોસવું,' ' છંછેડવું ' પ્રકારનો એક વર્ગ અને ' ફફડવું,' ' ટટળવું ' પ્રકારનો બીજો વર્ગ. પ્રથમ વર્ગમાં મૂળના આદ્ય વ્યંજનને સાનુસ્વાર ( દ્વિરુક્તિનો સ્વર અ ) દ્વિરુક્ત કરવામાં આવે છે ત્યારે ' ફફડવું ' વગેરેમાં આગલા ઘટકનો અન્ત્ય અક્ષર લુપ્ત થાય છે. આવા અનેક શબ્દો ઉપરછલી દૃષ્ટિએ સામાન્ય લાગે છે પરંતુ તેની અંદર કામ કરી રહેલી દ્વિરુક્તિ–પ્રક્રિયાને સમજાવવાનો ભાયાણીએ પ્રથમ પ્રયાસ કર્યો છે. સંસ્કૃતમાં ધાતુઓમાં જેમ ' અભ્યાસ ' દ્વારા દ્વિરુક્તિ–પ્રક્રિયા સાધવામાં આવતી તે પ્રમાણે આ ક્રિયાઓમાં પણ તે તત્ત્વ કામ કરતું હોય તેમ લાગે છે. પરંતુ ગુજરાતના વ્યાકરણશાસ્ત્રીમાંથી કોઈએ આનો નિર્દેશ કર્યો નથી અને આપણે આ વલણ પ્રત્યે સભાન રહ્યા નથી. પરિણામે તૈયાર મળતાં રૂઢ રૂપોનું પ્રમાણ ઘણું જ ઓછું છે.

આપણે આગળ ચર્ચા કરી ગયા તે સર્વ ગુજરાતી વિદ્વાનોમાં ભાયાણીની આ વિષયની ચર્ચા શાસ્ત્રીય અને શુદ્ધ દ્વિરુક્તિને સ્પર્શે છે. આ ઉપરાંત એસ. એમ. કત્રે અને એમ. બી. એમેનોએ દ્વિરુક્ત પ્રયોગોના વિષયને શાસ્ત્રીય રીતે છેડ્યો છે.

કમળાશંકરે ' દ્વિરુક્તિ ' એવો શબ્દપ્રયોગ કર્યો છે. પછીના દેવકૃષ્ણ જોશી, વિદ્યાબેન નીલકંઠ અને નવલરામ ત્રિવેદી ' શબ્દ–જોડકાં ' કહે છે. નરસિંહરાવ ' વાસણકૂસણાદિ ગણ ' એવી સંજ્ઞા વાપરે છે. એસ. એમ. કત્રે અને એમ. બી. એમેનોએ અંગ્રેજીમાં લેખ લખ્યા છે તેથી તેમની પાસેથી ગુજરાતી ભાષામાં ' Reduplicatives 'નો ગુજરાતી પર્યાય મળતો નથી. ગુજરાતી વ્યાકરણમાં તેમ જ અન્ય વિદ્વાનોએ આ વિષય માટે જુદી જુદી પારિભાષિક સંજ્ઞાઓ યોજી છે. તેમાંથી યોગ્ય અને તર્કશુદ્ધ પરિભાષાની ચર્ચા અને પસંદગી આ પછીના પ્રકરણમાં કરવામાં આવી છે.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

## પ્રકરણ ૪

# સ્વીકૃત પરિભાષા

દ્વિરુક્ત શબ્દોનો ગુજરાતીમાં વિશિષ્ટ અભ્યાસ હજી સુધી થયો નથી. અવારનવાર જે છૂટક ચર્ચા થઈ છે તેમાં કોઈ એક જ અને શાસ્ત્રીય ચોક્કસાઈવાળી પરિભાષાનો ઉપયોગ થયો નથી. આ પ્રકારના શબ્દો માટે સંસ્કૃત વ્યાકરણમાંથી લીધેલા તેમ જ સામાન્ય પ્રકારના જુદા જુદા શબ્દો વપરાયા છે. સંસ્કૃતમાં વ્યાકરણના પારિભાષિક શબ્દ તરીકે ‘ અભ્યાસ ’ અને ‘ આમ્રેડિત ’ વપરાયા છે અને સામાન્ય અર્થમાં ‘ દ્વિરુક્તિ ’, ‘ દ્વિર્ભાવ ’, ‘ વીપ્સા ’, ‘ આવર્તન ’, ‘ પૌનઃપુન્ય ’ વગેરે વપરાયા છે. એમાં ‘ આમ્રેડિત ’ અને ‘ અભ્યાસ ’ વિશે નીચે પ્રમાણે માહિતી મળે છે.

‘ સિદ્ધાન્તકૌમુદી ’માં[1] એની ચર્ચા ‘ દ્વિરુક્ત પ્રકરણ ’માં આપવામાં આવી છે. પાણિનિના ૮–૧–૪ સૂત્રની[2] વ્યાખ્યા કરતાં કહ્યું છે કે પદનું દ્વિર્વચન એટલે કે દ્વિરુક્તિ. આભીક્ષ્ણ્ય અને વીપ્સા સૂચવવા કરાય છે. ક્રિયાનું પુનરાવર્તન તે આભીક્ષ્ણ્ય, જેમકે ‘ પચતિ પચતિ ’ ( = વારંવાર રાંધે છે– રાંધારાંધ કરે છે ) : ‘ ભુક્ત્વા ભુક્ત્વા ’ ( = ખાઈ ખાઈને ). વસ્તુનું પુનરાવર્તન તે વીપ્સા જેમકે ‘ વૃક્ષં વૃક્ષં સિઞ્ચતિ ’ ( = વૃક્ષેવૃક્ષને પાણી પાય છે – દરેક વૃક્ષને પાણી પાય છે ) : ‘ ગ્રામો ગ્રામો રમણીયઃ ’ ( = ગામેગામ રમણીય છે ). વળી બીજા સૂત્રમાં[3] ૮–૧–૮માં કહેલું છે કે વાક્યારંભે સંબોધનમાં અસૂયા, સંમતિ, કોપ, કુત્સા, ભર્ત્સન એ ભાવો વ્યક્ત કરવા માટે દ્વિરુક્તિ થાય છે. એ પછીના સૂત્રમાં[4] એક શબ્દ દ્વિરુક્ત થઈને થયેલા સમાસને બહુવ્રીહિ જેવો ગણ્યો છે.

---

૧. ‘ સિદ્ધાન્તકૌમુદી ’–પૂર્વાર્ધ–ભટ્ટોજિદીક્ષિતવિરચિતઃ સંપાદક–આદનૂર શં. ચંદ્રશેખર શાસ્ત્રી : બીજી આવૃત્તિ : મદ્રાસ, ૧૯૨૯.

૨. “ ૨૧૪૮ । નિત્યવીપ્સયોઃ । ( ૮–૧–૪ )
આભીક્ષ્ણ્યે વીપ્સાયાં ચ દ્યોત્યે પદસ્ય દ્વિર્વચનં સ્યાત્ ।
આભીક્ષ્ણ્યં તિઙન્તષ્વવ્યયસંશકકૃદન્તેષુચ । પચતિ પચતિ ।
ભુક્ત્વા ભુક્ત્વા । વીપ્સાયામ્ વૃક્ષં વૃક્ષં સિઞ્ચતિ ।
ગ્રામો ગ્રામો રમણીયઃ ”
એ જ પુસ્તક : પૃ. ૬૩૯.

૩. “ ૨૧૪૩ । વાક્યાદેરામન્ત્રિતસ્યાસૂયાસમ્મતિકોપકુત્સનભર્ત્સનેષુ । ( ૮–૧–૮ )
અસૂયયામ્ । સુન્દર સુન્દર વૃથા તે સૌંદર્યમ્ । સમ્મતૌ । દેવ દેવ વન્દ્યોઽસિ । કોપે । દુર્વિનીત દુર્વિનીત ઈદાનીં જ્ઞાસ્યસિ । કુત્સને । ધાનુષ્ક ધાનુષ્ક વૃથા તે ધનુઃ । ભર્ત્સને । ચોર ચોર ઘાતયિષ્યામિ ત્વામ્ । ”
પૃ. ૬૪૦.

૪. “ ૨૧૪૪ । એકં બહુવ્રીહિવત્ । ( ૮–૧–૯ ) ” પૃ. ૬૪૦.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

આમ આખું પદ કે શબ્દ દ્વિરુક્ત થાય છે અને તે દ્વારા આભીક્ષ્ણ્ય કે વીપ્સા સૂચવાય છે. એક પદની દ્વિરુક્તિ થયા પછી તેના બીજા સ્વરૂપને સંસ્કૃત વ્યાકરણમાં 'આમ્રેડિત' એવી સંજ્ઞા આપવામાં આવી છે.[5] આ ઉપરથી એ સ્પષ્ટ થાય છે કે 'આમ્રેડિત' સંજ્ઞા પદની છે, પદાવયવ કે ધાત્વવયવની નથી.

ધાતુના પ્રથમ એકાચ્ – અવયવનું દ્વિત્વ થાય છે.[6] આ સંસ્કૃત ભાષાની એક વ્યાકરણની પ્રક્રિયા છે. પરોક્ષભૂત ( 'પપાઠ' ), પ્રેરક અદ્યતન ( 'અપીપઠત્' ), દશમો ગણ અદ્યતન ( 'અચકથત્' ), ઇચ્છાદર્શક ( 'પિપઠિષતિ' ), પૌનઃ પુન્યાર્થક ( 'પાપઠ્યતે' ) વગેરેમાં ધાતુનો આદિ ઘટક દ્વિરુક્ત થાય છે. આ ઉપરાંત ત્રીજા ગણના બધા જ ધાતુઓના આદ્યાક્ષરની દ્વિરુક્તિ થાય છે. આ રીતે ધાતુના પ્રથમ એકાચ્નું દ્વિત્વ થાય છે અને પૂર્વ અવયવને 'અભ્યાસ' એવી સંજ્ઞા આપવામાં આવી છે.[7]

મોનિયર મોનિયર વિલિયમ્સના સંસ્કૃતકોશમાં[8] 'આમ્રેડિત' અને 'અભ્યાસ' અને 'વીપ્સા' વિશે નીચે પ્રમાણે માહિતી મળે છે :

## આમ્રેડિત

Ā-mreḍa, as, m. repetition.

Ā-mreḍana, am, n. tautology, reiteration of words and sounds.

Ā-mreḍita, mfn. reiterated, repeated.
-(am), n. repetition of a sound or word (in Gr.) reduplication; reiteration; the second word in a reiteration.

## અભ્યાસ

Abhyas – to repeat, double, to multiply.

Abhy-asaniya – mfn. To be practised, to be studied, to be repeated ( in Gr. ) to be reduplicated.

## વીપ્સા

Vîps ( Desid. of Vy – √ āp )
P. Vîpsati, to wish, to pervade, Pat.

Vîpsā, f. 'The desire to pervade' ( with any property or equality simultaneously or continuously ), several or successive order of series, distributiveness, repetition ( esp. repetition of words to imply continuous or suceessive action e.g. Vṛiksham̩ Vṛiksham̩ sin̄cati – he waters tree after tree :

૫. "૮૩ । તસ્ય પરમામ્રેડિતમ્ । ( ૮-૧-૨ )
દ્વિરુક્તસ્ય પરં રૂપમામ્રેડિતસઞ્જં સ્યાત્ । પટત્પટેતિ ।" પૃ. ૪૩.

૬. "૨૧૭૫ । એકાચો દ્વે પ્રથમસ્ય । ( ૬-૧-૧ ) ॥" પૃ. ૬૭૯.

૭. "૨૧૭૮ । પૂર્વોઽભ્યાસઃ । ( ૬-૧-૪ )
અત્ર યે દ્વે વિહિતે તયોઃ પૂર્વોઽભ્યાસસંજ્ઞઃ સ્યાત્ ॥" પૃ. ૬૮૦.

૮. 'A Sanskrit English Dictionary' – Sir Monier Monier Williams : New Edition: Oxford, 1956.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

mandaṃ mandaṃ nudati pavanaḥ – gently gently breathes the wind. (cf. Paṇ VIII, 1, 4 : Vām V, 2, 87)

આ કોશમાં દ્વિરુક્તિ વિશે કશું નોંધવામાં આવ્યું નથી.

સંસ્કૃત–કોશ 'વાચસ્પત્ય,' 'અભ્યાસ,' 'દ્વિરુક્ત' અને 'આમ્રેડિત'નો અર્થ નીચે પ્રમાણે આપે છે.[૯]

"અભ્યાસ – પુનઃપુનરનુશીલને પૌનઃપુન્યેન કરણે ।

દ્વિરુક્તમ્ – ત્રિ. હિ., દ્વિવારમુક્તમ્ । અભ્યસ્તં દ્વિત્વપ્રાપ્તે ધાત્વાદૌ દ્વિવારં કથિતે ચ ।

આમ્રેડિત. તિ.

આ + મ્રેડ્ – ઉન્માદે અચ્ આમ્રેડેન ઉન્મત્તેનેવાચર્યતે
આમ્રેડ + આચારે ક્વિપ્ તતઃ ક્તઃ । ઉન્મત્તેન યથા કથિતસ્ય પુનઃ પુનઃ કથનં ક્રિયતે એવં દ્વિસ્ત્રિઃ કથિતે આમ્રેડિતસ્યાન્ત્યસ્ય તુ વા ।"

ભીમાચાર્ય ઝળકીકર પોતાના 'ન્યાયકોશ'માં[૧૦] માત્ર 'અભ્યાસ'ની જ માહિતી આપે છે. 'આમ્રેડિત' અને 'દ્વિરુક્તિ'ની નોંધ લેવામાં આવી નથી.

"અભ્યાસ (ક) પુનઃ પુનઃ સંશીલનમ્ । (સર્વ૦ રામા૦ ૫૯)
(ખ) પૌનઃપુન્યમ્ । યથા સમાધિવિશેષાભ્યાસાદ્દિત્યાદૌ વિષયાન્તરાનભિષ્વઙ્ગસ્યાભ્યાસઃ । (ગૌતમસૂત્રવૃત્તિ ૪/૧૦૩)."

આ ઉપરાંત સંસ્કૃતકોશ – 'શબ્દકલ્પદ્રુમ'[૧૧] 'અભ્યાસ' 'આમ્રેડિત' અને 'દ્વિરુક્તિ'ની આ પ્રમાણે માહિતી આપે છે:

"અભ્યાસ – પું. (આભિમુખ્યેનાસ્યતે ક્ષિપ્યતે અસુક્ષેપે કર્મ્મણિ ઘઞ્ ।)
અભ્યાસં । આવૃત્તિઃ । ઇતિ મેદિની । શરાભ્યાસઃ તત્પર્યાયઃ ।
ખુરલીર યોગ્યા ૩ । ઇતિ ત્રિકાંડશેષઃ ॥ સમીપે ત્રિ । ઇત્યમરઃ ।

આમ્રેડિતં – ક્લિ. (આઙ્ + મ્રેડિ + ક્તઃ ।)
દ્વિસ્ત્રિરુક્તમ્ । ઇત્યમરઃ । દુઈ તિન્ વાર વલા ઇતિ ભાષા । (ઉન્મત્તેન યથા કથિતસ્ય પુનઃ પુનઃ કથનં ક્રિયતે એવં કથિતસ્ય દ્વિસ્ત્રિવાર કથનં ।)

દ્વિરુક્તિ – સ્ત્રી. (વચ્ + ક્તિન્ । દ્વિર્દ્વિવારં ઉક્તિઃ ।)
દ્વિવાર કથનમ્ । ઇતિ સંક્ષિપ્તસારઃ ।)"

આ ઉપરથી એમ સમજાય છે કે વ્યાકરણની એક પ્રક્રિયા તરીકે સંસ્કૃતમાં પરોક્ષ, અદ્યતન, ઇચ્છાદર્શક, પૌનઃપુન્યવાચક અંગોના ઘડતરમાં જે આદ્યાક્ષરની દ્વિરુક્તિ મળે છે તે 'અભ્યાસ' અને

---

૯. 'વાચસ્પત્ય'–સંપાદક – તારાનાથ તર્કવાચસ્પતિઃ કલકત્તા, ૧૮૭૩.
૧૦. 'ન્યાયકોશ'–ભીમાચાર્ય ઝળકીકરઃ બીજી આવૃત્તિ : મુંબઈ, ૧૮૯૩.
૧૧. 'શબ્દકલ્પદ્રુમ'–સ્યાર રાજા રાધાકાન્તદેવ બહાદુર, ચૌખમ્બા સંસ્કૃત ગ્રંથમાળા : વારાણસી, ૧૯૬૧.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

વાકયની તથા સમાસની કક્ષાએ પદોની જે પુનરુક્તિ મળે છે તે આમ્રેડિત ગણાતી. દ્વિરુક્તિ, દ્વિર્ભાવ, વીપ્સા અને પૌનઃપુન્ય સામાન્યતઃ ક્રિયાના કે વસ્તુના દ્વિત્વ કે અનેકતા દર્શાવવા વપરાતા. તેમનો કોઈ પારિભાષિક વિશિષ્ટ અર્થ – આમ્રેડિત કે અભ્યાસ – જેવો ન હતો.

અર્વાચીન દૃષ્ટિએ ભાષાના અભ્યાસમાં આપણે ત્યાં આ અંગે કોઈ વ્યવસ્થિત પરિભાષા ઘડાઈ નથી. લૌકિક કે શાસ્ત્રીય કક્ષાએ અનુકૂળતા પ્રમાણે આમાંથી કેટલાક શબ્દો વપરાયા છે. ‘ પુરોગામી-ઓનું કાર્ય ’ એ પ્રકરણમાં આપણે જોયું કે કમળાશંકર પ્રા. ત્રિવેદીએ પોતાના ‘ ગુજરાતી ભાષાનું બૃહદ્ વ્યાકરણ ’માં ‘ દ્વિરુક્તિ ’ એ સંજ્ઞાનો ઉપયોગ કર્યો છે. ડૉ. સુનીતિકુમાર ચેટરજીના મૂળ ગ્રંથ– ‘ Indo Aryan and Hindi ’ના ગુજરાતી અનુવાદ–‘ ભારતીય આર્ય–ભાષા અને હિંદી ’માં અનુવાદક ડૉ. ભોગીલાલ જ. સાંડેસરાએ તે પુસ્તકને અંતે કેટલાક પારિભાષિક શબ્દોનું પરિશિષ્ટ આપ્યું છે. તેમાં ‘ Reduplication ’નું ‘ અભ્યાસ ’ અને ‘ Reiterative ’નું ‘ દ્વિરુક્ત ’ એમ ભાષાન્તર આપ્યું છે. ઉપરની ચર્ચા ઉપરથી એ સ્પષ્ટ છે કે ‘ અભ્યાસ ’ એ સંસ્કૃત વ્યાકરણમાં એક પારિભાષિક સંજ્ઞા છે. જ્યારે ‘ દ્વિરુક્તિ ’ એ એક વ્યાપક અર્થવાળી સંજ્ઞા છે, જેમાં બેવાર ઉક્તિ એવો અર્થ થાય છે.

સંસ્કૃત વ્યાકરણની પરિભાષા સંસ્કૃત ભાષાની પ્રક્રિયા અને રૂપવર્ગોને માટે હોઈને ગુજરાતી ભાષા માટે આપણે તેને યથાતથ ઉપયોગમાં ન જ લઈ શકીએ. એટલે આપણે પરિભાષા અમુક અંશે તેને આધારે અને અમુક અંશે સ્વતંત્ર રીતે ઊભી કરવાની રહે છે. વ્યાકરણની અને વ્યાકરણની કક્ષાએ વર્ણ, શબ્દ આદિના બેવડા પ્રયોગને સામાન્ય રીતે આપણે ‘ દ્વિરુક્તિ ’ કહી શકીએ અને એવા પ્રયોગને ‘ દ્વિરુક્ત ’ પ્રયોગ કહી શકાય. જો સંસ્કૃત પરિભાષાનો, સંસ્કૃતના આદર્શ પ્રમાણે જ ઉપયોગ કરવો હોય તો વાક્યની કે પદની કક્ષાએ થતી રૂપોની દ્વિરુક્તિને ‘ આમ્રેડિત ’ અને ક્રિયાવાચક શબ્દની કક્ષાએ આદ્ય વર્ણની દ્વિરુક્તિને ‘ અભ્યાસ ’ એવી સંજ્ઞા આપી શકાય. આમાં પણ આદ્ય વર્ણની દ્વિરુક્તિ એ ગુજરાતી ભાષામાં કોઈ વ્યાપક પ્રક્રિયા ન હોવાથી તેને ‘ અભ્યાસ ’ એવું વિશિષ્ટ નામ આપવું કે કેમ તે થોડું ચિન્ત્ય છે.

તેથી જે દૃષ્ટિથી, જે રીતિથી આપણે આ વિષયનું અધ્યયન કર્યું છે તેને માટે આપણે ‘ દ્વિરુક્તિ ’ પ્રક્રિયા તરીકે અને ‘ દ્વિરુક્ત ’ – જેમાં એ પ્રક્રિયા થઈ છે તે – એવી સંજ્ઞાઓ એમ નિશ્ચિત કરીએ છીએ. આ અધ્યયનમાં એ સ્વીકૃત પરિભાષા છે.

આવા ગુજરાતી ભાષાના દ્વિરુક્ત શબ્દો કયાંથી એકત્રિત કર્યા છે અને તેમનું કેવી રીતે સંકલન કર્યું છે તેની વિચારણા આ પછીના પ્રકરણમાં કરવામાં આવી છે. અધ્યયન–સામગ્રીની મર્યાદા પ્રસ્તુત અધ્યયન ઉપર કેવી અસર કરે છે તેની પણ ચર્ચા કરવામાં આવી છે.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

# પ્રકરણ ૫

## અધ્યયન–સામગ્રીનું સંકલન અને તેની મર્યાદા

દ્વિરુક્ત પ્રયોગોનું સંકલન મુખ્યત્વે બે રીતે કરી શકાય. એક તો ક્ષેત્રકાર્ય ( Field–work ) દ્વારા અથવા કોશમાંથી એકત્ર કરીને. વિવિધ જાતિઓ, બોલીઓ આદિના પ્રત્યક્ષ પ્રયોગને આધારે આવા શબ્દો નોંધી શકાય. પણ પ્રસ્તુત અધ્યયન માટે અધ્યયન–સામગ્રીને એ રીતે સંકલિત કરવામાં આવી નથી. અહીં એ સામગ્રી કોશમાંથી તારવવામાં આવી છે અને આ માટે ગુજરાતી ભાષામાં જે અત્યારે સૌથી વધુ પ્રમાણભૂત કોશ મળે છે તે ગુજરાત વિદ્યાપીઠના ' સાર્થ જોડણીકોશ 'નો[1] મુખ્ય સાધન તરીકે આધાર લીધો છે, અલબત્ત અવારનવાર યાદ આવેલા અને કોશમાં ન હોય તેવા કેટલાક શબ્દોને પણ લઈ લીધા છે.

દ્વિરુક્ત શબ્દોનો ગ્રામીણ બોલીઓમાં વિશેષ પ્રમાણમાં પ્રયોગ થતો હોય છે. પરંતુ આપણા અધ્યયનનો હેતુ એક વ્યાપક રીતે ગુજરાતી દ્વિરુક્ત પ્રયોગોને તપાસી, તેમના પ્રકાર અને પ્રમાણ વિશે સામાન્ય માહિતી આપવાનો હોવાથી, અમુક બોલીઓમાં પ્રવર્તતા કોઈ પ્રયોગો વણનોંધાયા રહી ગયા હોય તો પણ તેથી સામાન્ય નિર્ણયો તારવવામાં કશો અંતરાય નડશે નહીં. શબ્દસંખ્યાની દૃષ્ટિએ શબ્દો પ્રચલિત હોય તેથી થોડા ઓછા પ્રાપ્ત થયા હોવાનો સંભવ ખરો. પણ આવા શબ્દોનો એકેય વિશિષ્ટ પ્રકાર કોશમાં પણ છોડી દેવાયો નથી. દ્વિરુક્ત શબ્દોના બધા જ પ્રાપ્ત પ્રકારો અને વર્ગો ' સાર્થ જોડણીકોશ 'માંથી મળી આવે છે.

વર્ણાનુક્રમ પ્રમાણે આવા દ્વિરુક્ત શબ્દોને સમગ્ર સાર્થ જોડણીકોશમાંથી અર્થ, વ્યાકરણની સંજ્ઞા અને વ્યુત્પત્તિ સાથે એકઠા કરવામાં આવ્યા છે. એકવાર આ રીતે એકત્ર થયેલા શબ્દોને આગળ પ્રકરણ ૮માં જેની ચર્ચા કરવામાં આવી છે તે વર્ગીકરણની યોજના મુજબ વર્ગીકૃત કરવામાં આવ્યા છે. ' સાર્થ ગુજરાતી જોડણીકોશ 'ને દ્વિરુક્ત શબ્દો માટે મુખ્ય સાધન ગણ્યું હોઈ, એ જોડણીકોશનું ક્ષેત્ર, મર્યાદાઓ, તેની શબ્દસંકલનની અને અર્થસંકલનની પદ્ધતિ, કોશરચના માટે સ્વીકૃત ધોરણ, વગેરેનો પરિચય અહીં આવશ્યક ઠરે છે.

ગુજરાત વિદ્યાપીઠના આ સાર્થ જોડણીકોશની નિર્મિતિ પાછળ ગાંધીજીની મુખ્ય પ્રેરણા હતી. તે સમયે ગુજરાતી ભાષાની જોડણીમાં અત્યંત અરાજકતા પ્રવર્તતી હતી. તેથી ગુજરાતી ભાષાની જોડણી પ્રચલિત અને સર્વમાન્ય બને તે મુખ્ય આશય અને આગ્રહ હતો. તેની પ્રથમ આવૃત્તિમાં તો માત્ર જોડણી જ આપવામાં આવી છે. આમ છતાં ગુજરાતી ભાષામાં વપરાતા શબ્દો માટે જ આગ્રહ

---

૧. ' સાર્થ ગુજરાતી જોડણીકોશ ' : ગુજરાત વિદ્યાપીઠ : નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ : ચોથી આવૃત્તિ, સને ૧૯૪૯.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

રાખવામાં આવ્યો હતો. સંસ્કૃત, બંગાળી, મરાઠી આદિ એક કુળની ભાષાઓ છે પણ તેના શબ્દો, જે ગુજરાતીમાં વપરાતા હોય તેમનો જ સમાવેશ કરવામાં આવ્યો છે. આમ કોશનું ક્ષેત્ર ગુજરાતી ભાષાના જ શબ્દો પૂરતું છે.

જોડણીકોશની બીજી આવૃત્તિમાં અર્થ મૂકવામાં આવ્યા છે, પણ પારિભાષિક શબ્દોના અર્થ વધુ ચોક્કસ નથી, તેમ બીજી આવૃત્તિના નિવેદનમાં કાકાસાહેબ નોંધે છે. વિસ્તારના મોહથી સંપાદકો દૂર રહ્યા છે તે સ્પષ્ટ છે. કાકાસાહેબ તે વિશે નોંધે છે. "પ્રત્યયસાધિત શબ્દો, ક્રિયાપદનાં પ્રેરક તથા કર્મણિ રૂપો અને અનેક સમાસોનો સમાવેશ કરીને કોશકાર ધારે તો શબ્દસંગ્રહ ઘણો મોટો દેખાડી શકે."

પહેલી આવૃત્તિમાં ૪૩,૭૪૩ શબ્દો છે અને બીજી આવૃત્તિમાં ૪૬,૬૬૧ શબ્દો છે અને ત્રીજી આવૃત્તિમાં શબ્દોની સંખ્યા ૫૬,૮૩૦ની થઈ છે. ત્રીજી આવૃત્તિમાં શબ્દોનું પ્રમાણ આ પ્રમાણે છે: સંસ્કૃત તત્સમ શબ્દોનું પ્રમાણ ૩૫ ટકા, ફારસી શબ્દોનું પ્રમાણ ૩ ટકા, અરબી શબ્દોનું પ્રમાણ ૧।। ટકો અને અંગ્રેજીનું ૦।। ટકો છે. હિંદીના ૧૮૩ શબ્દો, મરાઠીના ૪૪, તુર્કીના ૨૭ અને પોર્ટુગીજના ૨૯ શબ્દો છે. શબ્દોના અર્થ અને તત્સમ શબ્દોની વ્યુત્પત્તિ આપવામાં આવી છે, પણ ઉચ્ચારણની સ્પષ્ટતા નથી. સંવૃત–વિવૃત પ્રયત્ન, યશ્રુતિ, હશ્રુતિ, અનુસ્વાર–ભેદ આદિ સંકેતો યોજીને સ્પષ્ટ કરવામાં આવ્યા નથી.

મગનભાઈ દેસાઈ ચોથી આવૃત્તિની પ્રસ્તાવનામાં આ ચોથી આવૃત્તિની ત્રણ વિશિષ્ટતા નોંધે છે: "(૧) ગઈ આવૃત્તિમાં તત્સમ વ્યુત્પત્તિ જ આપી હતી તેમાં હવે ઉપલબ્ધ બધી વ્યુત્પત્તિ મૂકવામાં આવી છે (૨) શબ્દપ્રયોગો (૩) ઉચ્ચારણ."

તત્સમ શબ્દોની વ્યુત્પત્તિ સાથે પ્રસ્તુત આવૃત્તિમાં બને તેટલી તદ્ભવ શબ્દોની વ્યુત્પત્તિ આપવામાં આવી છે. મૂળ તદ્ભવ શબ્દનું માત્ર સંસ્કૃત તત્સમ રૂપ જ આપવામાં આવ્યું નથી પરંતુ અવાન્તર પ્રાકૃત રૂપ પણ આપવામાં આવ્યું છે. આમ દર્શાવેલાં પ્રાકૃત રૂપો માત્ર વ્યુત્પત્તિના નિયમો ઉપરથી કલ્પનાથી ફલિત કરીને આપવામાં આવ્યા નથી. તેનો પ્રત્યક્ષ ઉપયોગ થયો હોય તેને જ પ્રમાણભૂત માનવામાં આવ્યા છે. આ માટે સંપાદકોએ પંડિત હરગોવિંદદાસ ત્રિકમચંદ શેઠકૃત "પાઈઅ–સદ્–મહણ્ણવો" એ પ્રાકૃત–કોશનો ઉપયોગ કર્યો છે. જ્યાં જ્યાં પ્રાકૃત, અપભ્રંશ કે દેશ્ય શબ્દ બતાવ્યા છે તે આ કોશને આધારે ટાંકવામાં આવ્યા છે. આ ઉપરાંત કોઈ કોઈ અન્ય અર્વાચીન ભારતીય–આર્ય ભાષાઓના શબ્દો પણ તુલના માટે આપવામાં આવ્યા છે. મુખ્યત્વે હિંદી અને મરાઠીને આ રીતે ઉપયોગમાં લીધી છે. આ માટે સંપાદકોએ હિંદી માટે 'શબ્દસાગર' અને મરાઠી માટે દાતેનો 'મહારાષ્ટ્ર શબ્દકોશ' મુખ્યત્વે ઉપયોગમાં લીધા છે. આ ઉપરાંત જ્યાં જ્યાં વ્યુત્પત્તિ વિશે શંકા લાગી છે ત્યાં સ્પષ્ટ રીતે પ્રશ્નાર્થ ચિહ્ન મૂકવામાં આવ્યું છે.

આમ તો દરેક ભાષાને પોતાના શબ્દભંડોળનો સ્વતંત્ર વ્યુત્પત્તિ–કોશ હોવો જોઈએ. ગુજરાતીએ હજુ આ પ્રકારના કોશની પ્રતીક્ષા કરવાની છે. આમ છતાં તે વિષયમાં પ્રાથમિક કામની સામગ્રી અહીંથી મળી શકે તેમ છે.

શબ્દપ્રયોગને પણ અહીં સ્થાન મળ્યું છે. આમ છતાં ઘણા શબ્દપ્રયોગો વણનોંધાયા છે. વ્યુત્પત્તિ-કોશની જેમ શબ્દપ્રયોગ–કોશ પણ સ્વતંત્ર રીતે રચી શકાય. પ્રસ્તાવનામાં શબ્દપ્રયોગ કોને કહેવો ?

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

કહેવત અને તે બંનેમાં શો ફેર એ બધા પ્રશ્નોની ચર્ચા કરી નથી. આ વિષે મગનભાઈ દેસાઈ નોંધે છે, "કહેવતો સંઘરી નથી, અને જે શબ્દોના યોગથી, તેમના કેવળ શબ્દાર્થથી વિલક્ષણ એવો અર્થ ઉત્પન્ન કરાય છે, તેમને શબ્દપ્રયોગ ગણીને સંઘર્યા છે. અમુક શબ્દ સાથે જે અમુક શબ્દને રૂઢિથી વાપરવો જોઈએ તે પણ નોંધવા પ્રયત્ન કરવામાં આવ્યો છે."

ગુજરાતીની લિપિ એ દેવનાગરીનું અંશતઃ પરિવર્તનવાળું સ્વરૂપ છે. રોમન લિપિ કરતાં તેમાં ધ્વનિને વ્યક્ત કરવાની વિશેષ અનુકૂળતા છે. વિવૃત એ–ઓ, હશ્રુતિ, યશ્રુતિ, બે અનુસ્વાર જેવી વ્યવસ્થા આપણે વર્તમાન લિપિમાં લાવી શકતા નથી અને તેથી રૂઢિ ઉપર આધાર રાખવો પડે છે. આથી આ કોશના સંપાદકોએ સંજ્ઞાઓ યોજી આવો ઉચ્ચારણભેદ દર્શાવવા પ્રયાસ કર્યો છે. ઉચ્ચારણના સંકેત આ પ્રમાણે આપવામાં આવ્યા છે:—

( ૦ ) – પોચો અનુનાસિક છે એમ બતાવે છે, જેમ કે આંધળો ( ૦ ).

ઍ – પહોળો 'એ' છે એમ બતાવે છે, જેમ કે પેઠે ( પૅ ).

ઑ – પહોળો 'ઓ' છે એમ બતાવે છે, જેમકે હોવું ( હૉ ).

( ' ) – વર્ણ સાથે ઉપર મૂકેલું અલ્પવિરામ ત્યાં હશ્રુતિ બતાવે છે, જેમકે તારું ( તા' ).

( , ) – વર્ણ સાથે નીચે મૂકેલું અલ્પવિરામ ત્યાં યશ્રુતિ બતાવે છે, જેમકે આંખ ( ખ, ).

( ˷ ) – ખોડાનું ચિહ્‌ન લઘુપ્રયત્ન અકાર બતાવે છે, જેમકે કહેવું ( ક્હે ).

ઉચ્ચારણની આવી વ્યવસ્થા કરી છે છતાં પણ સંપાદકો તેને પૂરેપૂરો ન્યાય આપી શક્યા નથી, કારણ કે તેમાં તકલીફ એ રહે છે કે કયા ઉચ્ચારણને શિષ્ટ ગણવું ? સંભવ છે કે ગુજરાતની જુદી જુદી બોલીઓમાં એક જ શબ્દનાં અનેક ઉચ્ચારણો થતાં હોય છે.

પહેલી, બીજી અને ત્રીજી આવૃત્તિમાં સંગ્રહવામાં આવેલા શબ્દોની સંખ્યા સ્પષ્ટ આપવામાં આવી છે. ચોથી આવૃત્તિમાં ગણતરી કરી નથી. પોણા લાખની આસપાસ શબ્દભંડોળ પહોંચ્યું હશે તેવો અંદાજ કાઢવામાં આવ્યો છે. આમ છતાં ગુજરાતના જુદા જુદા ગ્રામપ્રદેશની બોલીઓના તેમ જ પારસીબોલીના અનેક શબ્દો વણનોંધાયેલા રહ્યા છે. કેટલીકવાર કા. ( કાઠિયાવાડી ), સુ. ( સુરતી ), ચ. ( ચરોતરી ) એમ પ્રદેશનિર્દેશ કરવામાં આવ્યો છે. આમ છતાં તેમાં કશો વિવેક રહ્યો નથી. ઘણી વાર તો અમુક પ્રાદેશિક શબ્દ હોય છતાં તે પ્રદેશનું સૂચન કરવાનું તો બાજુમાં રહ્યું પણ તેનો અર્થ પણ પ્રાદેશિક ભાષામાં આપવામાં આવ્યો છે. જેમ કે 'ગાલ્લી' શબ્દનો અર્થ કોશમાં આ પ્રમાણે છે:–

> "ગાલ્લી–સ્ત્રી૦ [ જુઓ ગાડલી ] નાનું ગાલ્લું ( ભાર કે વાહનનું )
> (૨) એક પરિમાણ: ત્રીશ મણનું માપ–લ્લું ન. ગાડું"

આ શબ્દ સ્પષ્ટ સ્થાનિક કે પ્રાદેશિક છે એમ છતાં તેને શિષ્ટ ગણવામાં આવ્યો છે. સૌરાષ્ટ્રમાં આ શબ્દ તદ્દન નવો જ છે. 'ગાડું' એ શબ્દ જ પ્રચલિત છે. આ ઉપરાંત "હવેજ પું. હળદરનો લોટ" એમ કોશમાં જણાવાયું છે. હવેજનો આવો અર્થ ગુજરાતના કયા ભાગમાં થાય છે તે સ્પષ્ટ

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

કરવામાં આવ્યું નથી. આ ઉપરથી એમ જ લાગે કે સમગ્ર ગુજરાતમાં એક જ અર્થ થતો હશે. 'હવેજ'નો અર્થ સૌરાષ્ટ્રમાં આવો હરગિજ થતો નથી. સૌરાષ્ટ્રમાં 'હવેજ' એટલે 'દાળમાં અપાતો વઘાર અથવા મસાલો.' આમ પ્રાદેશિક અર્થ અને વ્યાપક અર્થ વચ્ચે ઘણી વાર અવિવેક દેખાઈ આવે છે. 'સર્વોપરિ' એ સંસ્કૃત તત્સમ શબ્દ છે. આ જોડણીકોશમાં તત્સમ શબ્દોની જોડણી મૂળ પ્રમાણે જ રાખી છે. આમ છતાં કોશમાં આ શબ્દને 'સર્વોપરી' કરી દેવામાં આવ્યો છે.

શિષ્ટ કે વ્યાપક ગુજરાતી અને પ્રાદેશિક ગુજરાતી વચ્ચે કશો પણ વિવેક રહ્યો નથી. ચરોતરી તત્ત્વ આ કોશમાં એટલું બધું પ્રબળ બની ગયું છે કે તેને શિષ્ટ તરીકે ગણવામાં આવ્યું હોય તેવી અસર ઊભી થાય છે. આગળ આપણે 'ગાલ્લું' 'હવેજ' જેવા શબ્દો જોયા. આ ચરોતરીના તત્ત્વને અપાયેલા મહત્ત્વ વિશે ભૃગુરાય અંજારિયા લખે છે,[૨] "કોશમાં આ આવૃત્તિમાં પહેલી જ વાર એકાએક ચરોતરના સ્વતંત્ર શબ્દભંડોળનો નહીં, પણ ચરોતરના ઉચ્ચારોથી જાણે સ્વતંત્ર જ શબ્દો ગણાવાતા હોય તેમ માત્ર ઉચ્ચારભેદોનો મોટો ભરાવો નજરે પડે છે." આની વિગતે ચર્ચા કરતાં તેઓ લખે છે, "કચ્છ, સૌરાષ્ટ્ર અને સૂરતના જિલ્લાઓમાં જે ઉચ્ચાર મળે છે તેને બાજુએ મૂકી દઈને ચરોતરી ઉચ્ચાર માત્ર મૂકવામાં આવ્યા છે. આમાં 'જિંગોડો' શબ્દ પહેલેથી જ નિયમમાં છે, પણ કચ્છ, સૌરાષ્ટ્ર અને સૂરતમાં તે 'ગીંગોડો' જ છે. એટલે આ ગ – જની ચરોતરી પ્રક્રિયાથી થતો માત્ર ઉચ્ચારભેદ છે. 'જેંસલો,' એ ઘીંસલું–રું (સં. ઘૃષ્ ધાતુ પરથી) ગ – ઘ અને ઈ – એ (લીંબડો – લેંબડો) પ્રક્રિયાથી થતો ઉચ્ચારભેદ છે. 'જીતેલાં' તે ઘિયાં અને તેલાંનું સંયુક્ત નામ 'ઘીતેલાં' (સૂરત જિલ્લામાં = કુંભાં)નો ચરોતરી ઉચ્ચાર છે. 'ટીશી'નું 'ટેશી' થઈ ગયું છે. 'ઝીણુ' (પાણીની) અને 'ઝણુ' (ઝણ્ય, ડુંગળીની) એ બંનેનું 'ઝેણુ' થઈ જાય, અનુનાસિક હોય (બાકીના વ્યાપક ગુજરાતી ઉચ્ચારોમાં) ત્યાંથી રદ્દ થાય અને ન હોય ત્યાં દાખલ થાય – આવું બધું એટલા મોટા પાયા પર થયું છે કે તે બતાવવામાં ઘણો સમય જાય."

આવી અનેક, કોશની મર્યાદાઓ છે પરંતુ દ્વિરુક્ત શબ્દોના ઘડતરમાં જે પ્રક્રિયા કામ કરે છે તે પ્રાદેશિક અંશોથી પ્રભાવિત થતી નથી તેથી કોશની આ પ્રકારની મર્યાદાઓ આપણા આ અધ્યયન ઉપર વિશેષ અસર પાડતી નથી.

આધુનિક કોશપ્રવૃત્તિ વિશે ડૉ. ભોગીલાલ સાંડેસરા લખે છે,[૩] "કોશરચનાની નૂતન પદ્ધતિ પ્રમાણે, કોશ એ ભાષાના તમામ શબ્દોની માત્ર નોંધ નથી, પણ ઐતિહાસિક ક્રમે અર્થવિકાસની તપસીલ અને સમજૂતી છે. અત્યાર સુધીના આપણા લગભગ બધા કોશોમાં શબ્દોના અર્થો ઐતિહાસિક તો શું, તાર્કિક ક્રમે પણ ગોઠવાયેલા હોતા નથી, અર્થોનો ક્રમ ઘણુંખરું આકસ્મિક જ હોય છે."

આ વિધાન સાર્થ જોડણીકોશને પણ લાગુ પડે છે. આ કોશમાં ઐતિહાસિક વિકાસનું તત્ત્વ આપણને પ્રાપ્ત થતું નથી તેથી સ્વાભાવિક રીતે એ આધારની મર્યાદા આપણા અધ્યયનમાં પણ પ્રવેશે. આ જ કારણે ગુજરાતીમાં કયા કયા દ્વિરુક્ત શબ્દો ક્યારે ક્યારે પ્રચલિત થયા અને ક્યારે ક્યારે લુપ્ત થયા તેની વ્યવસ્થિત યોજના નિશ્ચિત થઈ શકતી નથી. તેથી અધ્યયનનું સ્વરૂપ પ્રચલિત ભાષા પૂરતું જ મર્યાદિત થયું છે.

---

૨. ભૃગુરાય અંજારિયાએ લખેલો મગનભાઈ દેસાઈને કોશવિષયક સૂચનો આપતો પત્ર: તા. ૨૫-૧૨-'૫૮.
૩. 'ગુજરાતી કોશ':–ભોગીલાલ સાંડેસરા: સંસ્કૃતિ: વર્ષ ૧૬: અંક ૨: ફેબ્રુઆરી, ૧૯૬૨. પૃ. ૫૫.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

શબ્દકોશમાં (૧) બોલીઓના પ્રયોગો અને શિષ્ટ વ્યવહારની ભાષાના પ્રયોગો, (૨) સાહિત્યિક અને શિષ્ટ બોલચાલની ભાષાના પ્રયોગો, (૩) પ્રાચીન પ્રયોગો અને અર્વાચીન પ્રયોગો, (૪) વ્યાપક વ્યવહારમાં આવતા શબ્દો અને વિશિષ્ટ વિષયના પારિભાષિક શબ્દો, (૫) ગુજરાતી શબ્દો અને સંસ્કૃત આદિ ઉપજીવ્ય ભાષાના શબ્દો, (૬) અર્થની સ્પષ્ટતા અને સમજૂતી – આટલું આવે. સમ્પૂર્ણ વ્યાવહારિક, ઐતિહાસિક ઇત્યાદિ માહિતી એ જ્ઞાનકોશનો વિષય છે. કોશમાં તો માત્ર સ્પષ્ટતા જ હોય છે. તેનું નિરૂપણ વર્ણનાત્મક હોઈ ન શકે. આ ધોરણે ચોક્કસ રીતે વળગી રહેવાનું વલણ આ કોશમાં દેખાતું નથી. કોશકારની કેળવણી, દૃષ્ટિ, યોગ્યતા, તેમને મળેલી સામગ્રી, સંકલનપદ્ધતિ આદિ કોશના સ્વરૂપ અને મૂલ્યવત્તા માટે અત્યંત મહત્ત્વપૂર્ણ છે.

'સાર્થ જોડણીકોશ' ઉપરાંત ગુજરાતી ભાષાનો બીજો બૃહદ્ કોશ તે 'ભગવદ્ગોમંડલ' કોશ છે. તેમાં પણ ઉપરના પરિચ્છેદમાં દર્શાવાયેલી ખામીઓ રહેલી છે. આ કોશને કુલ નવ ભાગમાં પ્રકાશિત કરવામાં આવ્યો છે.[૪] તેમાં લગભગ ૨ લાખ અને ૮૫ હજાર શબ્દોનો સંગ્રહ કરવામાં આવ્યો છે.

આગળ ડૉ. ભોગીલાલ સાંડેસરાએ જે શાસ્ત્રીય કોશનાં લક્ષણોની ચર્ચા કરી છે તે દૃષ્ટિએ આપણે જોઇએ તો આ કોશ પણ શાસ્ત્રીય અને પદ્ધતિસરના સંપાદનકાર્ય વગરનો છે.

માત્ર સ્થૂળ સંગ્રહની દૃષ્ટિએ આ કોશમાં ઘણી માહિતી મળી શકે છે. તે કોશ ( Dictionary ) અને જ્ઞાનકોશ ( Encyclopaedia ) બંનેનાં સ્વરૂપ ધરાવે છે અને પરિણામે એકેયને યોગ્ય ન્યાય આપી શકતો નથી.

સ્વરવિભાગ અને વ્યંજનવિભાગના શબ્દોની વર્ગીકૃત ગણતરી નીચે પ્રમાણે છે.[૫]

સ્વરવિભાગના ૫૪,૦૧૧ શબ્દો પૈકીની તત્સમ શબ્દોની વર્ગીકૃત ગણતરી ભાષાવાર નીચે પ્રમાણે છે:–

| ભાષા | શબ્દસંખ્યા | ટકા |
|---|---|---|
| સંસ્કૃત | ૨૯,૩૫૪ | ૫૪ |
| અરબી | ૨,૨૦૫ | ૪ |
| હિંદી | ૧,૫૦૧ | ૨॥ |
| ફારસી | ૮૫૩ | ૧॥ |
| અંગ્રેજી | ૫૭૫ | ૧ |

આ ઉપરાંત પ્રાકૃતના ૧૮૩, મરાઠી ૯૩, તુર્ક ૫૧, પોર્ટુગીઝ ૧૮, બંગાળી ૭, ઉર્દૂ ૭ અને ગ્રીક ૪ શબ્દો છે.

વ્યંજનવિભાગના ૨,૨૭,૩૬૬ શબ્દોમાંહેના તત્સમ શબ્દોની વર્ગીકૃત ગણતરી ભાષાવાર આ પ્રમાણે છે:–

૪. 'ભગદ્વગોમંડલ': ભગવતસિંહજી: ભાગ ૧ થી ૯. ગોંડલ, અનુક્રમે ૧૯૪૪, ૧૯૪૪, ૧૯૪૬, ૧૯૪૮, ૧૯૫૦, ૧૯૫૧, ૧૯૫૩, ૧૯૫૪, ૧૯૫૫.

૫. એજ. ભાગ ૯. પૃ. ૯૨૬૭.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

| ભાષા | શબ્દસંખ્યા | ટકા |
|---|---|---|
| સંસ્કૃત | ૮૧,૭૭૫ | ૩૬ |
| અરબી | ૯,૦૫૯ | ૪ |
| હિંદી | ૧૨,૮૮૧ | ૫.૭ |
| ફારસી | ૬,૪૫૭ | ૨.૯ |
| અંગ્રેજી | ૨,૯૯૯ | ૧.૪ |

આ ઉપરાંત પ્રાકૃત ૧૨૩૫, મરાઠી ૪૭૦, તુર્કી ૨૧૪, યુનાની ૧૨૯, પોર્ટુગીઝ ૪૦, બંગાળી ૪૫, ઉર્દૂ ૨૬ અને ગ્રીક ૨૨ શબ્દો છે.

આ ઉપરથી એ સ્પષ્ટ થાય છે કે આ વિપુલકાય કોશમાં તત્સમ શબ્દો અને વિશેષે કરીને સંસ્કૃત તત્સમ શબ્દોનું પ્રમાણ ઘણું જ વધારે છે. આખા યે કોશમાં ગુજરાતીને અપરિચિત એવા કેટલા યે સંસ્કૃત તત્સમ શબ્દો જોવા મળે છે. ' સાર્થ જોડણીકોશ ' વિશે એટલું કહી શકાય કે તેના સંપાદકો આ પ્રકારના વિસ્તારમોહથી મુક્ત રહ્યા છે.

જીવનનાં જુદાં જુદાં ક્ષેત્રમાંથી શબ્દો આ કોશમાં એકત્રિત કર્યા છે તેથી માહિતી ઘણી જ મળી શકે તેમ છે. સાહિત્ય, કલા, કારીગરી, ખેતી, ઘરકામ, ઘરવખરી, વિદ્યા, વેપાર, વનસ્પતિ, ઔષધિ, પ્રાણી, પંખી, રોગ, ઘરેણાં, વ્રતો, ઉત્સવો, પંથ, વાદ, અવતાર, વૈષ્ણવ, શૈવ, સ્વામિનારાયણ, ખ્રિસ્તી, મુસલમાન, જૈન વગેરેના પારિભાષિક શબ્દો અને તેમના અર્થો આપવામાં આવ્યા છે. આ ઉપરાંત ભીલ, દુબળા, આહીર, વાઘેર, તળાવિયા, મિંયાણા વગેરે પછાત કોમની બોલીના શબ્દો પણ એકઠા કરવામાં આવ્યા છે. શિલ્પ, વહાણવટું, સંગીત, પિંગળ, દેશી રમતો, લોકગીતો, દુહા, જૂની ગુજરાતીની શબ્દસમૃદ્ધિ પણ જોવા મળે છે. આ રીતે સમગ્ર ગુજરાતી ભાષાનો વાગ્વૈભવ સ્થૂળ સ્વરૂપે અહીં મળી આવે છે.[૬] પરંતુ સંપાદકોની તાલીમ, કેળવણી, યોગ્યતા અને અભ્યાસના અભાવે કશું પણ પદ્ધતિસરનું શાસ્ત્રીય કાર્ય થઈ શક્યું નથી તે ખેદની વાત છે.

શબ્દનો અર્થ સમજાવવા તે શબ્દના પ્રયોગને અવતરણ દ્વારા સમજાવવામાં આવ્યો છે. પરંતુ કયા શબ્દના અર્થને આવા અવતરણની આવશ્યકતા છે તે વિષયમાં વિવેક રહ્યો નથી અને ઘણી વાર તો આ વલણ હાસ્યાસ્પદ બની જાય છે. ' શિલ્પી ' જેવા અતિ પ્રચલિત સંસ્કૃત તત્સમ શબ્દને સમજાવવા માટે કવિ ખબરદારનું અવતરણ આપવામાં આવ્યું છે. અવતરણો નીચે ' સરસ્વતીચંદ્ર ', ' પ્રેમાનંદ ', ' ઇચ્છારામ સૂ. દેસાઈ', ' બાલરામાયણ ', ' દયારામ ' જેવા નિર્દેશો ધ્યાન ખેંચે છે. લેખક અને કૃતિની વચ્ચે કશો પણ વિવેક રહ્યો નથી એટલું જ નહીં પણ અવતરણ – માત્ર અવતરણ જ – અપાયું હોય છે. પણ કૃતિ અથવા લેખક, પૃષ્ઠસંખ્યા, આવૃત્તિ, પ્રકાશન–સાલ વગેરે કશી જ માહિતી મળતી નથી અને પરિણામે કશી જ વધુ માહિતી મળતી નથી અને જો આ માહિતી અવતરણમાંથી મળતી ન હોય તો અવતરણોનું પ્રયોજન સમજવું કઠિન બની જાય છે.

ઉચ્ચાર–ભેદ પણ સંતોષકારક નથી. ઉપરાંત સૌરાષ્ટ્રી, કચ્છી, ચરોતરી, સૂરતી જેવી પ્રાદેશિક

---

૬. ભગવદ્ગોમંડલ – ભાગ ૯ : ઉપસંહાર વિભાગ : પૃ. ૧૨.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

બોલીના શબ્દને સ્પષ્ટ સંજ્ઞા આપવામાં આવી નથી અને તેથી જ તેનો ઉલ્લેખ 'સંક્ષેપોની સમજ'માં પણ કરવામાં આવ્યો નથી.

'ભગવદ્ગોમંડલ' કોશનો મૂળ આશય દૃષ્ટાંતમૂલક અને વર્ણનાત્મક છે. તેમાં આપેલી સામગ્રીના મૂળ આધારોમાં એટલી ભેળસેળ જણાય છે, અને સામગ્રીની પસંદગી અને વ્યવસ્થામાં એટલી બધી ઉચ્ચાવચતા પ્રતીત થાય છે કે તેની શ્રદ્ધેયતા ડગલે ને પગલે પ્રશ્નાર્થ માગી લે છે અને તેથી જ પ્રસ્તુત અધ્યયન માટે ગુજરાત વિદ્યાપીઠનો 'સાર્થ જોડણી–કોશ' સ્વીકાર્યો છે. વિશાળતર કક્ષાએ 'ભગવદ્-ગોમંડલ'માં માહિતી છે તેથી સંભવ છે કે થોડાક દ્વિરુક્ત શબ્દો તેમાં વધુ મળી આવે પરંતુ તેથી માત્ર શબ્દસંખ્યાને બાદ કરતાં આપણા આ અધ્યયન ઉપર કશી વિશેષ અસર પડતી નથી.

એકત્ર કરેલા દ્વિરુક્ત શબ્દોને જોતાં જ પ્રાથમિક રીતે જ તેમાં રહેલું પ્રાસ–અનુપ્રાસનું તત્ત્વ આપણું ધ્યાન ખેંચે છે. આ પ્રકારના પ્રયોગોના ઘડતરમાં એ તત્ત્વ અત્યંત મહત્ત્વનો ભાગ ભજવે છે. આ જ તત્ત્વ નિસર્ગ, સાહિત્ય અને ભાષામાં કેવી રીતે પ્રવેશ્યું છે તેની ચર્ચા આ પછીના પ્રકરણમાં કરવામાં આવી છે.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

# પ્રકરણ ૬

## આવર્તન : નિસર્ગમાં, સાહિત્યમાં અને ભાષામાં

દ્વિરુક્ત પ્રયોગોના ઘડતરમાં મુખ્ય તત્ત્વ આવર્તનનું હોય છે. એકના એક ધ્વનિનો ફરી ફરીને પ્રયોગ તે આવર્તન. આ આવર્તનનું મૂળ તત્ત્વ આપણને નિસર્ગમાં પણ જોવા મળે છે. વરસાદના પાણીનાં ટીપાંના પડવાથી વારંવાર આવતા ધ્વનિને આપણે " ટપટપ " કહીએ છીએ. પવન વૃક્ષોમાંથી પસાર થતી વખતે " સરસર " એવો ધ્વનિ ઉત્પન્ન કરે છે. નદી કે ઝરણાના પાણીના વહનના ધ્વનિને આપણે " ખળખળ " કહીએ છીએ.[૧]

નિસર્ગમાં થતા આવા ધ્વનિઓ આપણે ભાષામાં ઝીલીએ છીએ. તેવી જ રીતે પશુ અને પંખાના રવમાં પણ આપણને આવર્તન સ્પષ્ટ રીતે દેખાઈ આવે છે. જેમકે કૂતરાના બોલવામાં " બાઉ–બાઉ " એ ધ્વનિનું સ્પષ્ટ અને નિયમિત આવર્તન લાગે છે. બકરીનો ધ્વનિ " બેં–બેં ", વાનરનો ધ્વનિ " હૂપ–હૂપ " વગેરેમાં ધ્વનિનો એક એકમ નિયમિત રીતે પુનરાવર્તિત થતો હોય છે. બિલાડીના બોલવાનો ધ્વનિ આપણને " મ્યાઉં–મ્યાઉં "માં નિયમિત રીતે આવર્તન–મૂલક લાગે છે. કોયલનું " કુઉ–કુઉ ", હોલાનું " ઘુ–ઘુ " કે ચકલીનું " ચીં–ચીં " કે કાગડાનું " કા–કા " એ બધા જ આવર્તનમૂલક ધ્વનિઓ છે.

નિસર્ગ અને પશુપંખાની ધ્વનિસૃષ્ટિ ઉપરથી ભાષામાં શબ્દ ઘડવાની પદ્ધતિ ઘણી જ વ્યાપક છે. આવા ધ્વનિને સંપૂર્ણ રીતે તો ભાષામાં ઉતારવા અશક્ય છે. આમ છતાં ભાષા એ ધ્વનિઓને પોતાની નિકટના વર્ણોમાં નિબદ્ધ કરવા પ્રયાસ કરે છે. આવા શબ્દોને આપણે રવાનુકારી શબ્દો કહીએ છીએ. જેમાં મુખ્યત્વે કોઈ વિશિષ્ટ ધ્વનિનું અનુકરણ કરવામાં આવે છે.

આવર્તનનું તત્ત્વ આપણને નિસર્ગના અનુભવમાં મળે છે અને ભાષામાં સ્થાન પામ્યું છે, તેમ

---

૧. સરખાવો :

" All literatures are, in their infancy metrical that is to say, based on a more or less regularly recurring rhythm. Thus, unless we wish to indulge all sorts of fanciful and highly 'logomorphic' notions, we are obliged to assume that the earliest verse–rhythms were 'given' by Nature in the same way as the earliest 'meaning'. And this is comprehensible enough Nature herself is perpetually rhythmetic. Just as the myths still live on a ghostly life as fables after they have died as real meaning, so the old rhythmic human consciousness of Nature (it should rather be called a participation than a consciousness) lives on as the tradition of metrical form. We can only understand the origin of metre by going back to the ages when men were conscious, not merely in their heads, but in the beating of their hearts and the pulsing of their blood when thinking was not merely of Nature but was Nature herself " –

'Poetic Diction'–by Owen Barfield. London : Second Edition : 1952.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

તે તત્ત્વ કલા અને સાહિત્યમાં પણ મહત્ત્વનો ભાગ ભજવે છે. કલામાં વિશેષ કરીને સંગીતમાં વ્યાપકપણે રહેલા લયોના તત્ત્વનો પાયો આવર્તન જ છે.

સંસ્કૃત કાવ્યસાહિત્યમાં રીતિસંપ્રદાય એક મહત્ત્વનો સંપ્રદાય છે. જે કાવ્યમાં પદસંઘટનાને અત્યંત મહત્ત્વ આપે છે. આ વાદનો મુખ્ય પુરસ્કર્તા વામન હતો. તેને મતે કાવ્યનો આત્મા રીતિ છે.[૨] વિશિષ્ટ પ્રકારની પદરચના તે રીતિ. રમણીય પદરચનાની આયોજના માટે અલંકાર જેવી પ્રયુક્તિઓ યોજવામાં આવે છે. જેમ કાવ્યના અર્થને અલંકૃત કરવા માટે અર્થાલંકારો વપરાય છે તેમ તેના બાહ્ય દેહને અલંકૃત કરવા માટે શબ્દાલંકાર વપરાય છે. આવા શબ્દાલંકારોમાં અનુપ્રાસ અને યમક ધ્વનિના આવર્તન–મૂલક અલંકારો છે..

લગભગ આઠમી શતાબ્દીમાં થઈ ગયેલા આલંકારિક દંડીએ અન્ય આલંકારિકો કરતાં યમકની વિસ્તૃત અને તલસ્પર્શી વિવેચના કરી છે. તે યમકની વ્યાખ્યા કરતાં નોંધે છે કે, "વર્ણસમુદાયનું વ્યવધાન વિના કે વ્યવધાનસહિત, ફરી ફરીને આવર્તન (વ્યાવૃત્તિ) તેને યમક કહે છે. એ યમક પાદની શરૂઆતમાં, મધ્યમાં તેમ જ અંતમાં આવ્યા કરે છે."[૩] યમકનું અત્યંત ઝીણવટથી વર્ગીકરણ કરી દંડી તેના કુલ ૩૧૫ પ્રકાર આવે છે.[૪]

એકપાદયમકના ... ... ... ... ... ૪ ભેદ
(પહેલા, બીજા, ત્રીજા અને ચોથા પાદમાં આવેલ યમક)

દ્વિપાદયમકના ... ... ... ... ... ૬ ભેદ
(પહેલા–બીજા, પહેલા–ત્રીજા, પહેલા–ચોથા,
બીજા–ત્રીજા, બીજા–ચોથા અને ત્રીજા–ચોથા પાદમાં આવેલ યમક)

ત્રિપાદયમકના ... ... ... ... ... ૪ ભેદ
(પહેલા–બીજા–ત્રીજા, પહેલા–બીજા–ચોથા,
પહેલા–ત્રીજા–ચોથા અને બીજા–ત્રીજા–ચોથા પદમાં આવેલ યમક)

ચતુષ્પાદયમક ... ... ... ... ... ૧ ભેદ
(જે ચારેય પદોમાં હોય તે યમક).

---

૨. "રીતિરાત્મા કાવ્યસ્ય । ૧, ૨, ૬ ।
વિશિષ્ટપદરચના રીતિઃ । ૧, ૨, ૭ ।"
'કાવ્યાલંકારસૂત્ર'–આચાર્ય વામનકૃત : સંપાદક–ડૉ. નગેન્દ્ર : દિલ્હી. ૧૯૫૪: પૃ. ૧૮–૧૯.

૩. "અવ્યપેતવ્યપેતાત્મા વ્યાવૃત્તિર્વર્ણસંહતેઃ ।
યમકં તચ્ચ પાદાનામાદિમધ્યાન્ત ગોચરમ્ ॥ ૧ ॥"
તૃતીય પરિચ્છેદ : "કાવ્યાદર્શ"–દંડિકૃત : સંપાદક–આચાર્ય રામચન્દ્ર મિશ્ર : વારાણસી, ૧૯૫૮: પૃ. ૨૨૩.

૪. "એકદ્વિત્રિચતુષ્પાદયમકાનાં વિકલ્પનાઃ ।
આદિમધ્યાન્તમધ્યાન્તમધ્યાદ્યાદ્યન્તસર્વતઃ ॥ ૨ ॥"
ઉપરનું પુસ્તક : પૃ. ૨૨૩.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

આમ માત્ર પદના સ્થાનની દૃષ્ટિએ પંદર ભેદ પડે છે. પણ પદમાં કયા સ્થાને યમક આવે છે તેના સાત અવાન્તર પ્રભેદ પાડવામાં આવ્યા છે. જેમકે આદિયમક, મધ્યયમક, અન્ત્યયમક, આદિમધ્યયમક, આદ્યાન્તયમક, મધ્યાન્તયમક, આદિમધ્યાન્તયમક : આમ ઉપરના ૧૫ યમકના દરેકના આવી રીતે સાત ભેદ પડે છે તેથી કુલ યમકના ૧૦૫ ભેદ પડ્યા.

આ ઉપરાંત યમકના ક્રમની દૃષ્ટિએ વિશેષ ત્રણ ભેદ પડે છે. જે સળંગ આવે તે અવ્યપેતયમક, જે યમકના બે ઘટકો વચ્ચે અન્ય શબ્દ કે શબ્દો આવે તે વ્યપેતયમક અને જેમાં બંનેનું સંમિશ્રણ હોય તે વ્યપેતાવ્યપેતયમક કહેવાય. આમ ઉપર જોયેલા ૧૦૫ પ્રકારના દરેકના ત્રણ ભેદ પડે તેથી કુલ યમકના ૩૧૫ પ્રભેદ પડે છે. આ યમકનાં ઉદાહરણો અહીં અપ્રસ્તુત છે. આટલા વિગતવાર ઉલ્લેખનો એ જ આશય છે કે આવર્તનમૂલક આ અલંકારને કેટલું બધું પ્રાધાન્ય આપવામાં આવ્યું છે.

રીતિકાર વામન પોતાના "કાવ્યાલંકારસૂત્ર"માં યમકની આ પ્રમાણે વ્યાખ્યા આપે છે: "સ્થાનનિયમની સાથે એકાર્થપદ અથવા અક્ષરનું આવર્તન તેને યમક કહે છે."[૫] આ વ્યાખ્યા પ્રમાણે એકાક્ષરી યમક અને અનેકાક્ષરી (પદગત) યમક એમ બે વિભાગ પડે છે. પણ તેને સ્થાનનિયમનું બંધન છે. નહીં તો એકાક્ષરી યમક અને અનુપ્રાસ વચ્ચે કશો ભેદ રહેતો નથી.

"નાનાકારેણ કાન્તાભ્રૂરારાધિતમનોભુવા ।
વિવિકતેન વિલાસેન તતક્ષ હૃદયં નૃણામ્ ॥"[૬]

(= કામની આરાધના કરવાવાળી સ્ત્રીઓએ ભિન્ન ભિન્ન પ્રકારના સુંદર વિલાસવડે લોકોનાં દિલને છોલી નાખ્યાં)

આ શ્લોકના પ્રથમ પાદમાં "નાના"માં નકારનું આવર્તન, દ્વિતીય પાદમાં "રારાધિત"માં રકારનું આવર્તન, ત્રીજા પાદમાં "વિવિકતેન"માં વિનું આવર્તન અને ચોથા પાદમાં "તતક્ષ"માં તકારનું આવર્તન હોઈને આ એકાક્ષરી યમક છે. આમ તો આ અનુપ્રાસનું ઉદાહરણ થઈ શકે, પરંતુ આ આવર્તનમાં સ્થાનનો નિયમ છે. ચારેય પાદની શરૂઆતમાં નિયમિત રીતે આ વર્ણોનું આવર્તન થાય છે તેથી આપણે તેને અનુપ્રાસ કહી શકીએ નહીં.

આમ નિયત સ્થાનના બંધન વગરના વર્ણ અને વર્ણસમૂહના આવર્તનને વામન અનુપ્રાસ કહે છે. વામન તેની વ્યાખ્યા જ આ પ્રમાણે આપે છે, "યમકથી ભિન્ન પ્રકારના સારૂપ્યને અનુપ્રાસ કહે છે."[૭] યમકમાં સ્થાન નિયત હોય છે, પણ અનુપ્રાસમાં સ્થાન જરા પણ નિયત હોતું નથી.

---

૫. "પદમનેકાર્થમક્ષરં વાઽઽવૃત્તં સ્થાનનિયમે યમકમ્ । ૪, ૧. ૧."
"કાવ્યાલંકારસૂત્ર"–આચાર્ય વામનકૃત :
સંપાદક – ડૉ. નગેન્દ્ર : દિલ્હી, ૧૯૫૪ : પૃ. ૧૬૪.

૬. એ જ પુસ્તક : પૃ. ૧૬૯.

૭. "શેષ: સરૂપોઽનુપ્રાસ: । ૪, ૧, ૮ ।" એ જ પુસ્તક :પૃ. ૧૭૭.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

આચાર્ય હેમચંદ્ર અનુપ્રાસની વ્યાખ્યા આ પ્રમાણે આપે છે, "વ્યંજનની આવૃત્તિ તે અનુપ્રાસ."[૮] એક કે એક કરતાં વધુ વ્યંજનોનું આવર્તન થાય છે અને તે આવર્તન કોઈ નિશ્ચિત રસની માત્રામાં ઉત્કટતા લાવતું હોવું જોઈએ.

આચાર્ય હેમચંદ્ર યમકની આ પ્રમાણે વ્યાખ્યા આપે છે, "જ્યારે નિકટ કે અમુક અંતરે અન્યાર્થક વર્ણ (સ્વરસહિત) કે વર્ણસમૂહ આવૃત્ત થાય તેને યમક કહે છે."[૯] વ્યાકરણ કે ધ્વનિની દૃષ્ટિએ બે વર્ણ કે વર્ણસમૂહમાં થોડું અંતર હોય તો પણ યમક કહેવાય છે. પણ જો બે શબ્દોનો એક જ અર્થ થતો હોય તો તે યમક કહેવાતો નથી. તેથી જ વ્યાખ્યામાં "અન્યાર્થક" એમ સ્પષ્ટ કરવામાં આવ્યું છે. વ–બ કે શ–સ્ય કે ન–ણ વચ્ચે અંતર ન ગણવાની આચાર્ય હેમચંદ્ર છૂટ આપે છે.

સંસ્કૃત સાહિત્યનું પ્રખ્યાત કાવ્ય "ભટ્ટિકાવ્ય" એ દ્વયાશ્રયી કાવ્ય છે. તેમાં કવિએ રામની કથા તેમ જ વ્યાકરણના નિયમો એમ બંનેને વિષય તરીકે રાખ્યા છે. આ કાવ્યના દસમા સર્ગમાં રામના કથાનક સાથે અલંકારોને પણ સાથે સમજાવવામાં આવ્યા છે. તેમાં દસમા સર્ગમાં ૨થી ૨૧ શ્લોક સુધી યમકના ભિન્ન ભિન્ન પ્રકાર સમજાવતાં કુલ ૨૦ શ્લોક આપ્યા છે.[૧૦]

આ પ્રમાણે આ આવર્તનમૂલક અલંકારોની ચર્ચા ઉપરથી એ સ્પષ્ટ છે કે તેનો સાહિત્યમાં લગભગ દરેક કવિએ વિપુલ ઉપયોગ કર્યો છે. આનાં અસંખ્ય ઉદાહરણો કાલિદાસ, માઘ, ભારવિ અને શ્રીહર્ષ જેવા કવિઓની કૃતિઓમાં મળી આવે છે. અનુપ્રાસને ગુજરાતીમાં સામાન્ય રીતે – લૌકિક સ્વરૂપે – વર્ણસગાઈ પણ કહેવામાં આવે છે ત્યારે યમકને શાસ્ત્રીય અર્થની છાયામાં નહીં પણ સામાન્ય રીતે પ્રાસ કહેવામાં આવે છે. ચરણને અંતે મળતા યમકને અન્ત્યાનુપ્રાસ કહેવામાં આવે છે. જો કે સંસ્કૃત અલંકારમાં અન્ત્યાનુપ્રાસની અર્થચ્છાયા જુદી છે.

આવર્તનમૂલક આ અલંકારોનો સયુક્તિક અને સમુચિત પ્રયોગ સૌંદર્યને – લાલિત્યને પ્રગટ કરે છે. આનું ભયસ્થાન પણ એ છે કે યાંત્રિક અને સભાન ઉપયોગથી કાવ્યમાં દુર્બોધતા પણ આવી જાય છે.

શબ્દાલંકારમાં યમકે એટલું બધું મહત્ત્વનું સ્થાન પ્રાપ્ત કર્યું હતું કે પ્રાકૃત ભાષામાં તો અમુક છંદોની અંદર આ તત્ત્વને અનિવાર્ય ગણવામાં આવતું. પ્રાકૃત છંદોની અંદર "ગલિતક" એ એક

---

૮. "૧૦૪ । વ્યંજનસ્યાવૃત્તિરનુપ્રાસ: ॥ ૧ ॥
વ્યંજનસ્યેતિ જાતાવેકવચનમ્ । તેનૈકસ્યાનેકસ્ય વા વ્યંજનસ્યાવૃત્તિ: પુન: પુનર્નિબન્ધો રસાદ્યનુગત: પ્રકૃષ્ટોઽદૂરાન્તરિતો ન્યાસોઽનુપ્રાસ: । ૪૩૦"
'કાવ્યાનુશાસનમ્' – હેમચંદ્રરચિત : સંપાદક – રસિકલાલ સી. પરીખ : મુંબઈ, ૧૯૩૮ : પૃ. ૨૯૫.

૯. "૧૦૬ । સત્યર્થેઽન્યાર્થાનાં વર્ણાનાં શ્રુતિક્રમૈક્યે યમકમ્ ॥ ૨ ॥
આવૃત્તિરિતિ વર્તતે । સત્યર્થે ભિન્નાર્થાનાં વર્ણાનાં સ્વરસહિતવ્યંજનાનામુપલક્ષણાચ્ચ વર્ણસ્ય વર્ણયો-શ્ચાવૃત્તિ: શ્રુત્યૈક્યે ક્રમૈક્યે ચ યમૌ દ્વૌ સમજાતૌ તત્પ્રતિકૃતિર્યમકમ્ । ૪૪૩ ।"
એ જ પુસ્તક : પૃ. ૨૯૮–૨૯૯.

૧૦. "ભટ્ટિકાવ્યમ્"–દશમ: સર્ગ: સંપાદક – શરદરંજન રે : કલકત્તા : બીજી આવૃત્તિ, ૧૯૫૯ : પૃ. ૬થી ૭૬.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

વિશિષ્ટ છંદનો વર્ગ છે. તેની અંદર " યમક " અનિવાર્ય ગણાતો.[૧૧] અહીં આ આવર્તનથી અલંકાર અને છંદનો સમન્વય થયો છે.

રાવણને નામે ચડેલા સંસ્કૃત ભાષાના પ્રખ્યાત " શિવતાંડવસ્તોત્ર "માં આવર્તનની ઝડી વરસે છે, જેમકે —

" જટાકટાહસંભ્રમભ્રમન્નિલિમ્પનિર્ઝરીવિલોલવિચિવલ્લરીવિરાજમાનમૂર્ધનિ ।
ધગદ્ધગદ્ધગજ્જ્વલલ્લલાટપટ્ટપાવકે કિશોરચંદ્રશેખરે રતિઃ પ્રતિક્ષણં મમ ॥ ૧ ॥ "

માત્ર પદ્યમાં જ આવી આવર્તનમૂલક શૈલીનો પ્રયોગ થયો છે એવું નથી. ગદ્યમાં પણ આ શૈલીનો વ્યાપક ઉપયોગ થયો છે. દંડીના સંસ્કૃત ગદ્યકાવ્યમાં–" દશકુમારચરિત "માં આવર્તનમૂલક શૈલી વ્યાપક છે. બીજા આલંકારિકો કરતાં દંડીએ " યમક " ઉપર વિશેષ ભાર મૂકયો છે તે આગળ આપણે જોઈ ગયા. તેમાં દંડીનો એ અલંકાર પ્રત્યેનો પક્ષપાત સ્પષ્ટ રીતે જોઈ શકાય તેમ છે. " દશકુમારચરિત "ના પ્રથમ ઉચ્છ્વાસમાં રાજા રાજહંસનું અને રાણી વસુમતીનું વર્ણન આ પ્રમાણે છે:

"તત્ર વીરભટપટલોત્તરઙ્ગતુરઙ્ગકુંજરમકરભીષણસકલરિપુગણકટકજલનિધિમથનમન્દરાયમાણસમુદ્દણ્ડ-ભુજદણ્ડઃ, પુરંદરપુરાઙ્ગણવનવિહરણપરાયણગીર્વાણતરુણગણિકાગણજેગીયમાનયાતિમાનયાશરદિન્દુકુન્દઘન-સારનીહારહારમૃણાલમરાલસુરગજનીરક્ષીરગિરિશાટ્ટહાસકૈલાસકાશનીકાશમૂર્ત્યા રચિતદિગન્તરાલપૂર્ત્યા કીર્ત્યાડ-ભિતઃ સુરભિતઃ, સ્વર્લોકશિખરોરુરુચિરરત્નરત્નાકરવેલામેખલાવલયિતધરણીરમણીસૌભાગ્યભોગભાગ્યવાન્, અનવરતયાગદક્ષિણારક્ષિતશિષ્ટવિશિષ્ટવિદ્યાસંભારભાસુરભૂસુરનિકરઃ, વિરચિતારાતિસંતાપેન પ્રતાપેન સતત-તુલિતવિયન્મધ્યહંસઃ, રાજહંસો નામ ઘનદર્પકંદર્પસૌન્દર્યસોદર્યહૃદ્યનિરવદ્યરૂપોભૂપો બભૂવ । તસ્ય વસુમતી નામ સુમતી લીલાવતીકુલશેખરમણી રમણી બભૂવ । "[૧૨]

સંસ્કૃતમાં તેમ જ પ્રાકૃત – અપભ્રંશમાં ગદ્યનું ખેડાણ પ્રમાણમાં ઓછું થયું છે, અલંકારશાસ્ત્ર પ્રમાણે તો ગદ્યને કવિનો નિકષ કહેવામાં આવેલ છે. જે થોડુંઘણું ગદ્ય લખાયું છે તેમાં અલંકાર–પ્રાચુર્ય અને આવર્તનની પરંપરાઓનો સભાન ઉપયોગ થયો છે. પ્રાચીન ગુજરાતીમાં પણ ગદ્ય કરતાં પદ્યનો જ ઉપયોગ થયો છે. જે થોડું ગદ્ય મળે છે તેમાં વ્યાકરણવિષયક બાલાવબોધ કે જૈનસૂરિઓની બોધકથાઓ છે. એમાં વિક્રમ સંવત ૧૪૭૮માં શ્રી માણિક્યચંદ્ર સૂરિનું " પૃથ્વીચંદ્ર – ચરિત્ર " આપણું ધ્યાન ખેંચે છે. આ ગદ્યની શૈલી પણ આવર્તનમૂલક છે. તેમાં આવર્તન, વાકયમાં આવતો આન્તર–પ્રાસ, સમતુલિત વાક્યરચના સ્પષ્ટ દેખાઈ આવે છે. લેખકના મનમાં પણ આ શૈલીનું આકર્ષણ અને સભાનતા હતાં તેથી તેણે " પૃથ્વીચંદ્ર – ચરિત્ર "નું અપર નામ " વાગ્વિલાસ " રાખ્યું છે. આપણે તેના બીજા ઉલ્લાસની આરંભની પંક્તિઓ ઉદાહરણાર્થે જોઇએ.

" હિવ તે કુમરિ, ચડી યૌવનિ ભરિ, પરિવરી પરિકરી, ક્રીડા કરઇ નવનવી પરિ। ઇસિઇં અવસરિ આવિઉ આષાઢ, ઇતરગુણિ સંબાઢ। કાટઇયઇ લોહ, ધામતણઉ નિરોહ। છાસિ ષાટિ, પાણી વીયાઇ માટી। વિસ્તરિઉ વર્ષાકાલ, જે પંથીતણઉ કાલ, નાઠઉ દુકાલ। જીણિઇ વર્ષાકાલિ મધુરધ્વનિ

૧૧. " છંદોડનુશાસન "–હેમચંદ્રરચિત : સંપાદક – પ્રાધ્યાપક હ. દા. વેલણકર : મુંબઈ, ૧૯૬૧.
૧૨. " દશકુમારચરિતમ્ " – મહાકવિદંડિવિરચિત : સંપાદક – નારાયણરામ આચાર્ય : નિર્ણયસાગર પ્રેસ, મુંબઈ, પંદરમું સંસ્કરણ: ૧૯૫૧: પૃ. ૨–૩.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

મેહ ગાજઈ, દુર્ભિક્ષતણા ભય ભાજઇ, જાણે સુભિક્ષભૂપતિ આવતાં જયઢક્કા વાજઇ । ચિહુ દિસિ બીજ ઝલહલઇ, પંથી ઘરભણી પુલઇ । વિપરીત આકાશ, ચંદ્રસૂર્ય પરિયાસ । રાતિ અંધારિ, લવઇં તિમિરી । ઉત્તરનઉ ઊનયણ, છાયઉ ગયણ, દિસિ ઘોર, નાચઇ મોર । સધર, વરસઇ ધારાધર । પાણીતણા પ્રવાહ ષલહલઇં, વાડિ ઊપરિ વેલા વલઇં । નદી મહાપૂરિ આવઇં, પૃથ્વીપીઠ પ્લાવઇં । નવાં કિસલય ગહગહઇં, વલ્લીવિતાન લહલહઇં । કુટુંબીલોક માચઈ, મહાત્મા બઈઠાં પુસ્તક વાચઇં । પર્વતતઉ નીઝરણ વિછૂટઇં, ભરિયાં સરોવર ફૂટઇં । "૧૩

અહીં આવર્તનમૂલક રચના કરતાં પ્રાસમૂલક રચના વિશેષ નજરે પડે છે. અનેક ક્રિયાવાચકોનો પ્રાસ, નાનાં વાક્યો અને સુંદર તાદૃશ વર્ણન ખરેખર વાગ્વિલાસ અર્પે છે. સંસ્કૃત કરતાં પણ વધુ પ્રમાણમાં પ્રાકૃત અને અપભ્રંશમાં પ્રાસ – અનુપ્રાસનો પ્રસાર થયો હતો. આની અસર નીચે લખાયેલા જયદેવના સંસ્કૃત કાવ્ય "ગીતગોવિંદ"માં આપણને પ્રાસ – અનુપ્રાસનો અતિરેક જોવા મળે છે. અપભ્રંશ–જૂની ગુજરાતીમાં માત્રામેળ છંદ અને દેશીઓમાં બે ચરણને અંતે પ્રાસ અનિવાર્ય ગણાતો. ગુજરાતી પિંગળમાં પણ અનુપ્રાસ અને યમકને શબ્દાલંકાર તરીકે મહત્ત્વ આપવામાં આવ્યું છે.[૧૪] આ વલણ અત્યારે પણ મહદંશે ચાલુ રહ્યું છે. દ્રાવિડી પિંગળમાં તો ચરણને આરંભે પણ પ્રાસની વ્યવસ્થા રાખવામાં આવી છે. "શ્રીમદ્ ભાગવત"ના દશમ સ્કંધના એકત્રીસમા અધ્યાયમાં પ્રસિદ્ધ ગોપીગીતમાં આ અસર સ્પષ્ટ દેખાઈ આવે છે જેમકે

"જયતિ તેડધિકં જન્મના વ્રજ: શ્રયત ઇન્દિરા શશ્વદત્ર હિ ॥
દયિત દૃશ્યતાં દિક્ષુ તાવકાસ્ત્વયિ ધૃતાસવસ્ત્વાં વિચિન્વતે ॥ ૨ ॥"

જો શિષ્ટ સાહિત્યમાં પ્રાસ - અનુપ્રાસનું આવું મહત્ત્વનું સ્થાન હોય તો પછી લોકસાહિત્યમાં તેનો વિશેષ અને વ્યાપક પ્રસાર હોય તે સ્વાભાવિક છે.

ડિંગળ અને પિંગળ ભાષામાં આ અનુપ્રાસ – પ્રાસના તત્ત્વને ઘણું જ મહત્ત્વનું સ્થાન આપવામાં આવ્યું છે. દોહાની અંદર આવી યુક્તિને "વયણ–સગાઇ" કહેવામાં આવે છે. વિ. સં. ૧૮૩૩માં મંછ કવિએ ડિંગળ ભાષાનો "રઘુનાથરૂપક ગીતાંરો" નામક એક ગ્રંથ રચ્યો છે. આ દ્વયાશ્રયી કાવ્ય છે. રઘુનાથ તેમ જ ડિંગળ ભાષાના છંદ એ આ ગ્રંથના વિષય છે. તેમાં ભિન્ન ભિન્ન વર્ણોના સંવાદનું નિરૂપણ નીચે પ્રમાણે કરવામાં આવ્યું છે.

"આ, ઇ, ઊ, ઐ, ય, વ મત આણૌં,
    જ, ઝ, વ, બ, પ, ફ, ન, ણ, ગ, ઘ વિવજાણોં ।

ત, ટ, ધ, ઢ, દ, ડ, ય, છ મંછ જતાવૈ,
    વેદગ ઐ અખરોટ બતાવૈ ॥ ૩૬ ॥"[૧૫]

---

૧૩. "પ્રાચીન ગુજરાતી ગદ્યસંદર્ભ" : સંપાદક – શ્રી જિનવિજયજી : 'ગુજરાત વિદ્યાપીઠ. અમદાવાદ : વિ. સં. ૧૯૮૩ : પૃ. ૬૪.

૧૪. "રણપિંગળ" : પ્રથમ ભાગ : રણછોડભાઈ ઉદયરામ : ભુજ : ૧૯૦૨. પૃ. ૪૬-૪૭.

૧૫. "રઘુનાથરૂપક ગીતાંરો" : સંપાદક–મહતાબચંદ્ર ખારૈડ : કાશી : વિ. સં. ૧૯૯૭ પૃ. ૩૩.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

આવી રચના દોહામાં ત્રણ રીતે થઈ શકે. ચરણની આદિમાં સંવાદ હોય તો અધિક, ચરણના મધ્યમાં સંવાદ હોય તો સમ અને અંતમાં સંવાદ હોય તો ન્યૂન "વયણ–સગાઈ" કહેવામાં આવે છે.

આપણે ત્યાં ઘણીયે લોકકથાઓ પ્રચલિત છે. તેમાં આવતા દોહામાં તો દરેક ચરણમાં આવી "વયણ–સગાઈ" સાહજિક રીતે સચવાઈ રહી હોય છે. દલપતરામ પછીના કવિઓના દોહામાં એ તત્ત્વ ધીરે ધીરે લુપ્ત થતું દેખાઈ આવે છે. લોકસાહિત્યના દોહાનાં થોડાં ઉદાહરણો જોઈએ.

(૧) તીરિયા ગઈ ને તૃષ્ણા રહી, હૈડું હાલકલોલ,
ઘોખો ને ધમરોળ, પાદર તારે પોરહા.

(૨) હૂતું તે તો હરાવિયું, બાંધ્યું કામળની કોર,
રતન ગિયું રોળ, પાદર તારે પોરહા. (પોરહાવાળાની લોકવાર્તામાંથી)

(૧) પાઘડિયું પચાસ, આંટિયાળી એકેય નહીં,
એ ઘોડો ને અસવાર, મીંટે ન ભાળું માંગડો.

(૨) સબ રુવે સંસાર, પાંપણિયે પાણી ઝરે,
ભૂત રુવે ભેંકાર, તેને લોચનિયે લોહી પડે. (માંગડાવાળાની લોકવાર્તામાંથી)

ચારણોના સંપર્કથી આવા અનેક દોહાઓ આપણે મેળવી શકીએ તેમ છીએ. સ્વ. ઝવેરચંદ મેઘાણીએ પણ "સૌરાષ્ટ્રની રસધાર"માં આવી અનેક લોકકથાઓનો સંગ્રહ કર્યો છે. એ બધા દોહાઓમાં ચરણે ચરણે અનુપ્રાસ–વયણસગાઈ સાહજિક રીતે દેખા દે છે. વિસ્તારભયે આટલાં ઉદાહરણોથી વિરમવું પડે છે. મધ્યકાલીન ગુજરાતી કવિતામાં પ્રેમાનંદ, શામળ આદિમાં પણ આ તત્ત્વ વિપુલ પ્રમાણમાં રહ્યું છે.

લોકસાહિત્યના એક અંશરૂપ કહેવતોમાં અને રૂઢ પ્રયોગોમાં પ્રાસ–અનુપ્રાસનું તત્ત્વ ધ્યાન ખેંચે છે. જેમકે—

"પાપડ ઉપર તાપડ", "વડ એવા ટેટા અને બાપ એવા બેટા",
"છાશ છાગોળે ને ભેંસ ભાગોળે", "ભેંસ આગળ ભાગવત",
"કાળા અક્ષર કુહાડે માર્યા", "સાચને આંચ નહીં",
"પુત્રનાં લક્ષણ પારણામાંથી ને વહુનાં લક્ષણ બારણામાંથી" "કાળજામાં કાણાં પડવાં",
"વાળંદનાં વાંકાં હોય ત્યારે કોથળીમાંથી કરડે", "મન ચંગા તો કથરોટમાં ગંગા"

આમ અનેક કહેવતોમાં આ તત્ત્વ હોય છે. "કહેવતો"[૧૬] નામક કહેવત–સંગ્રહમાંથી પ્રથમ ૧૦૦ કહેવતો તપાસી તો તેમાંથી ૨૨ કહેવતો પ્રાસ–અનુપ્રાસયુક્ત મળી આવી છે.

અમુક કહેવતોના નિર્માણ પાછળ અમુક કથાનકો પણ કામ કરતાં હોય છે. આવાં કથાનકો એ નાના ટુચકા જેવાં હોય છે. તેમાં પદ્ય પણ આવે છે. તેની અંદર પણ આવર્તનનું તત્ત્વ કામ કરતું હોય છે જેમકે—

---

૧૬. "કહેવતો": પ્રયોજક–શાંતિલાલ ઠાકર: સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલય, અમદાવાદ, ૧૯૪૯.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

"કાચબ કુચબ : મહાપરમેશ્વર,
હું વાત કરું જરા બહાર નિસર."[17]

"મેરી અલા જાને, મેરી બલા જાને,
કિસીકા જામા જલતા હૈ."[18]

"એલાર ગિયો ને પેલાર ગિયો, ને શીખી લાવ્યો કહાણી,
વૉટર કરતાં જાન ગયો ને ઢોલિયા હેઠળ પાણી."[19]

આ ઉપરાંત જોડકણાં–ઉખાણાંમાં તો આવર્તનનું જ તત્ત્વ વિશેષ કામ કરતું હોય છે. સાસુ–વહુના સંબંધની ઝાંખી કરાવતું જોડકણું આની સાક્ષી પૂરશે. જેમકે—

"ઘરમાં કોણ ?" "વહુ બચારાં."
"કાંઈ કામ કરે ?" "માંદાં બચારાં."
"કાંઈ ખાય પીવે ?" "ત્રણ તગારાં."

બાળકાવ્યો, હાલરડાં, લગ્નગીત, લોકગીત, રાસ, ભજન આદિ પદ્યરચનામાં આ આવર્તનનું વિપુલ પ્રમાણ હોય છે. આખ્યાનમાં કડવાનો અંત્ય શબ્દ તે પછીના આગામી વલણનો આદિ શબ્દ બને છે. પદરચનામાં કે ગીતમાં ધ્રુવપંક્તિ કે આંકણીનો ઉપયોગ પણ મૂળમાં તો આવર્તનનો સાહિત્ય–કક્ષાએ વિશાળ ફલક ઉપર થયેલો વિનિયોગ છે. એક ભાવને પ્રદર્શિત કરતી પંક્તિ વારંવાર પુનરાવર્તિત થઈ સમગ્ર ગીતના કેન્દ્રસ્થ ભાવને પુષ્ટ કરે છે. હજી પણ આપણે ગીતરચનામાં ધ્રુવપંક્તિના ઉપયોગને અનિવાર્ય ગણ્યો છે.

ઉત્તર પ્રદેશની લોકબોલીમાં કહેવાતી કથાઓમાં પણ તેની ભાષામાં અમુક અંશોનું આવર્તન થતું હોય છે. આગળના વાક્યના અંતિમ અંશને બીજા વાક્યનો આરંભ બનાવી દેવામાં આવે છે અને તેનો અંતિમ અંશ તે પછીના વાક્યનો આરંભનો અંશ બને છે. હિંદી ભાષાના વિદ્વાન બાબૂરામ સકસેનાએ આપેલા ઉદાહરણ ઉપરથી આ વાત સ્પષ્ટ થશે.[20]

"ભાઈ, એક રાજા થે। વહ રાજા રોજ સબેરે ઉઠે। ઉઠે તો રોજ દેખે એક સોનેકા મહલ। મહલ દેખકર ખુશીસે ફૂલ ઉઠે। ખુશ હોકર બુલવાવેં ગરીબ, અનાથોં, વિધવાઓં ઔર બ્રાહ્મણોંકો। બુલવાકર મહલ કે ટુકડે કરકે બાંટ દે ઉનકો।"[21]

---

૧૭. "કહેવત – કથાનકો" : સંપાદક – સ્વામી પ્રણવતીર્થજી : શ્રી સયાજી સાહિત્યમાળા, પુષ્પ ૩૨૬. વડોદરા, ૧૯૫૮. પૃ. ૨૫૮.

૧૮. એજ પુસ્તક : પૃ. ૨૪૧.

૧૯. એજ પુસ્તક : પૃ. ૬૧.

૨૦. "સામાન્ય ભાષાવિજ્ઞાન" : બાબૂરામ સકસેના : હિંદી સાહિત્ય સંમેલન, પ્રયાગ, છઠ્ઠું સંસ્કરણ : શક ૧૮૮૩. પૃ. ૨૧૨.

૨૧. સરખાવો :
અમદાવાદની બાવળી બજાર, વચમાં રે રૂડી માંડવડી,
માંડવડીએ કંઈ મીઠાભાઈને કોર, કડવી રે વહુની ચુંદલડી,
ચુંદલડીએ કાંઈ ચોખલિયાળી ભાત, ભાતે રે ભાતે મોરલિયા,
મોરલિયા કંઈ કરે રે કિલ્લોલ, ઢેલડિયું ઢૂંગે વળે રે. — એક લગ્નગીત

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

આવી રચનાથી ભાવમાં સ્પષ્ટતા અને સાતત્ય સચવાય છે. આપણે ઉપર જોયું કે લોકસાહિત્યના લગભગ દરેક અંશમાં આવર્તનનું તત્ત્વ ઘણી જ સ્વાભાવિક રીતે ગૂંથાઈ ગયું છે.

ભાષા આમ તો પ્રધાનતયા ભાવ અને વિચારને વ્યક્ત કરે છે અને ગંભીર રીતે માનવી તેનો ઉપયોગ પણ કરે છે. પણ એ સિવાય ભાષાનો લીલા–રમત માટે પણ ઉપયોગ થતો હોય છે. ભાષા જેમ ગ્રામ્ય (Slang) અને બોલી (Dialect)ના સ્વરૂપની તેમ તેમાં આવર્તનનું તત્ત્વ વિશેષ. બાળકોની રમતો,[૨૨] ઉખાણાં, ચની બોલી કે પની બોલીમાં આવર્તનનું તત્ત્વ હોય છે. ચની બોલી કે પની બોલી તો આવર્તન માટેની જ રમત છે જેમકે ચમાચરે ચબચહાચર ચજચવું ચછે વગેરે.

આ બધી ચર્ચામાં–પ્રકૃતિમાં, પશુ–પંખીના રવમાં તેમજ સાહિત્યમાં–ગદ્ય તથા પદ્યમાં, લોકસાહિત્યમાં પદ્ય તથા ગદ્યના અંશરૂપ કહેવત–રૂઢ પ્રયોગોમાં આવર્તનનું તત્ત્વ કેવી રીતે કામ કરે છે તે આપણે જોયું. આવર્તનમાં એકનો એક ધ્વનિ કે ધ્વનિઘટક નિયમિત રીતે આવૃત્ત થતો હોય છે અને પરિણામે આપણને શબ્દકક્ષાએ તૈયાર થયેલાં રૂપો પ્રાપ્ત થતાં હોય છે.

પ્રકૃતિ અને સાહિત્યમાં થતા આવર્તનની ચર્ચા પછી હવે આપણે ભાષામાં શબ્દઘડતરમાં તે તત્ત્વ કેવી રીતે કામ કરે છે તેની ચર્ચા કરીએ. શબ્દમાં ધ્વનિ અને અર્થનું આવર્તન થાય છે. ધ્વનિનું આવર્તન તો સ્પષ્ટ રીતે જોઈ શકીએ છીએ અને તેને પારખવામાં કશી તકલીફ પડતી નથી પરંતુ શબ્દયુગ્મોના ઘડતરમાં બે પદો વચ્ચેના અર્થસંબંધની ચર્ચા કરવી પડશે.

## શબ્દયુગ્મો : અર્થ અને ધ્વનિનું આવર્તન

કેટલાંક તત્ત્વો એવાં છે જેને આપણે પરસ્પરનાં વિરોધી, પૂરક, સહચારી, સહયોગી કે સમાન તરીકે ઓળખીએ છીએ અને પરિણામે ભાષામાં પણ તેમને તે રીતે અભિવ્યક્ત કરવામાં આવે છે. આનાં ઉદાહરણ તરીકે આપણે "અને" તથા "કે" ઉભયાન્વયી અવ્યયથી સંકળાયેલાં શબ્દગુચ્છોનો ઉલ્લેખ કરી શકીએ. જેમકે—

"તે રાત્રિ અને દિવસ કામ કરે છે." "માનવી માત્રમાં રાગ અને દ્વેષ હોય છે."
"દરેકના જીવનમાં ચડતી અને પડતી આવ્યા કરે છે." "રજપૂત ઢાલ અને તલવાર લઈ લડવા જતો."
"તેનાથી ટાઢ કે તડકો સહન થશે નહીં." "લોકસેવક માન કે અપમાનની દરકાર કરતો નથી."
"મૃત્યુ નાના કે મોટા કોઈને છોડતું નથી."

આ વાક્યોમાં બે શબ્દો "અને" તથા "કે" ઉભયાન્વયીથી સંકળાયેલા છે. પરંતુ તે ઉભયાન્વયી અવ્યયનો લોપ કરી દ્વન્દ્વસમાસ જેવી રચના પણ બનાવી શકાય. જેમકે રાત્રિદિવસ, રાગદ્વેષ, ચડતીપડતી, ઢાલતલવાર, ટાઢતડકો, માનઅપમાન, નાનામોટા.

આમ માત્ર સ્થૂળ અંતરની દૃષ્ટિએ જોઈએ તો પણ આ શબ્દો શબ્દગુચ્છ કરતાં દ્વન્દ્વસમાસમાં સમસ્ત થઈ નિકટ આવ્યા છે. આવાં શબ્દયુગ્મોની આપણે એક શ્રેણી યોજી શકીએ જેમાં બંને શબ્દોનો અર્થ એકદમ વિરોધમૂલક હોય ત્યાંથી માંડી ક્રમશઃ અર્થની નિકટતા દર્શાવી છેવટે બંને શબ્દો લગભગ પર્યાયરૂપ બન્યા હોય.

---

૨૨. (અ) અડકોદડકો દહીં દડાકો, આવરે કાગડા કઢી પીવા.
(આ) એનઘેન ડાઈનો ઘોડો – વગેરે.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

આવાં દ્વન્દ્વોનો – શબ્દયુગ્મોનો એક એવો વર્ગ છે જેમાં બંને પદોમાં અર્થ તદ્દન વિરોધમૂલક હોય છે. જેમકે,

| | | | |
|---|---|---|---|
| રાતદિવસ, | તડકોછાંયો, | ટાઢતડકો, | જન્મમરણ, |
| ખાડાટેકરા, | નાનામોટા, | રાગદ્વેષ, | માનઅપમાન, |
| આપલે, | લેમૂક, | સારાસાર, | ભાંજગડ, |
| બાંધછોડ, | માંડવાળ, | આવરોજાવરો, | લેવડદેવડ, |
| લેણદેણ, | લીલીસૂકી, | ચડતીપડતી, | ગરીબતવંગર, |
| વધ્યુંઘટ્યું, | ઊઠબેસ, | હારજીત, | નફોતોટો, |
| લાભાલાભ, | જયપરાજય, | આગળપાછળ, | ભેદભરમ વગેરે. |

ઉપરના વર્ગમાં બંને પદો વચ્ચેનો સંબંધ વિરોધમૂલક છે. તે પછી આપણને એવો વર્ગ મળે છે જેમાં સાદૃશ્યમૂલક – સાહચર્યમૂલક સંબંધ રહેલો છે. જેમકે—

| | | | |
|---|---|---|---|
| દૂધદહીં, | ઢાલતલવાર, | બારીબારણાં, | ભૂખતરસ, |
| હાથપગ, | સોયદોરો, | ટેબલખુરસી, | થાળીવાટકો, |
| બૂટમોજાં, | ચણિયોકબજો, | દાળભાત, | પાનસોપારી, |
| ગાદીતકિયો, | ગાડીઘોડા, | દોરીલોટો, | સૂર્યચંદ્ર, |
| સાસુવહુ, | કલમકિતાબ વગેરે. | | |

ઉપરના વર્ગમાં સાદૃશ્યમૂલક કે સહચારમૂલક પદો સાથે સંકળાયેલાં છે, પરંતુ અર્થની દૃષ્ટિએ તેમનો સ્વતંત્ર અર્થ જે સ્વતંત્ર પ્રયોગમાં થતો હોય છે તે જ અર્થ આ રચનામાં પણ મળે છે. પણ એવા સાદૃશ્યમૂલક કે સહચારમૂલક શબ્દો સાથે આવે છે જેમાં તે પદોના અર્થમાં "ઇત્યાદિવાચક" અર્થનો ઉમેરો થાય છે. જેમકે—

પાઠપૂજા (= પાઠ, પૂજા અને તેવી ધાર્મિક વિધિ),
રૂપરંગ (= રૂપ, રંગ અને તેના જેવી સજાવટ કે લાલિત્ય),
બાડુંબોબડું (= બાડું, બોબડું કે તેવી અન્ય ખામીવાળું),
સુખસગવડ (= સુખ, સગવડ અને બીજી અનુકૂળતા),
સુખશાંતિ (= સુખ, શાંતિ અને તેવો આનંદદાયક અનુભવ),
નામઠામ (= નામ, ઠામ અને તેવી અન્ય વિગત),
મીઠુંમરચું (= મીઠું, મરચું અને મસાલો),
વાડીઘોડી (= વાડી, ઘોડી અને એવી સાહ્યબી),
પુત્રપરિવાર (= પુત્ર, પરિવાર અને સ્નેહીવૃંદ),
નાચગાન (= નાચ, ગાન અને આનંદપ્રમોદ),
ખાનપાન (= ખાન, પાન અને આનંદપ્રમોદ),
નાસ્તાપાણી[૨૩] (= નાસ્તો અને આનંદ),
ચાપાણી (= ચાપાણી ઇત્યાદિ પીણું).

૨૩. "નાસ્તાપાણી"માં પાણીના સાદૃશ્યથી હિંદીમાં નાસ્તાપાણી માટે "જલપાન" એ પ્રયોગ રૂઢ થયો છે.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

આમ આ વર્ગમાં બંને પદોનો અર્થ સંયુક્ત થઈ કંઈક, સ્વતંત્ર પોતાનામાં ન હોય તેવો, વિશિષ્ટ તેવા વર્ગનો વાચક અર્થ પ્રાપ્ત થાય છે.

આ પછી એવો વર્ગ આવે છે જેમાં બંને પદનો અર્થ તદ્દન સમાન નથી. તેમના અર્થ વચ્ચે થોડી ભિન્નતા પણ રહેલી છે પરંતુ ઘણા સંદર્ભમાં આપણે એકને બદલે બીજું પદ વાપરી શકીએ તેમ છીએ. તેથી આપણે તે બંને પદોને અંશતઃ પર્યાયાત્મક કહી શકીએ જેમકે.

| | | | |
|---|---|---|---|
| કોલકરાર, | ક્ષેમકુશળ, | સગાંવહાલાં, | વ્યાજવટાવ, |
| રંગરાગ, | જિગરજાન, | રસકસ, | પાલનપોષણ, |
| વાદવિવાદ, | શાકભાજી, | ભાળાભોળા | |

ઓળખપાળખ (=મૂળ તો પારખ પણ આગલા પદના ળકારની અસર નીચે ર ને સ્થાને ળ થયો છે).

આ ઉપરાંત કેટલાક એવા યુગ્મચારી દ્વંદ્વસમાસો છે કે જેમના ઘટકોનો અર્થ એકબીજાની ઘણી જ નિકટ અને બહુ જ ઓછા સંદર્ભમાં એકબીજાથી અલગ પાડી શકાય તેવો છે. બીજી રીતે કહીએ તો તેવા સમાસોમાં ઘટકો પર્યાયકલ્પ હોય છે. જેમકે—

| | | | |
|---|---|---|---|
| વાળઝૂડ, | મારઝૂડ, | અડીઓપટી | થોઠથાપલી – ઠોઠઠાપલી, |
| વાંધોવચકો, | હાવભાવ, | લોંટોઝોંટો (લૂંટવુંઝૂટવું પરથી ?), | |
| વેરોવંચો, | હિલચાલ, | વેરણછેરણ, | ગારગોરમટી(ગોરમટી=માટી), |
| આંટીઘૂંટી, | જાણીબૂઝી, | નાસભાગ, | બાગબગીચા, |
| છાલછોતરાં, | તાપતડકો, | સાનભાન, | ભૂતપ્રેત, વગેરે. |
| વેપારવણજ, | છાનુંછપનું, | રહ્યુંસહ્યું | |

સૈદ્ધાન્તિક રીતે એક શબ્દનો બધી જ અર્થચ્છાયામાં બીજો શબ્દ પર્યાય હોઈ શકે જ નહીં, પરંતુ સામાન્ય વ્યવહારમાં એકને બદલે બીજો શબ્દ છૂટથી પ્રયુક્ત થઈ શકે તેવા ઘણા પર્યાયરૂપ શબ્દો મળે છે. તેથી લગભગ પર્યાયરૂપ કહી શકાય તેવા દ્વંદ્વસમાસના વર્ગના બે પ્રભેદ પડે છે. (૧) જેમાં બંને એક જ ભાષાના શબ્દો હોય અને (૨) ભાષાંતર–સમાસ.[૨૪]

પહેલા પ્રભેદનાં ઉદાહરણો આ પ્રમાણે છે—

| | | | |
|---|---|---|---|
| કામકાજ, | લૂલુંલંગડું, | બાલબચ્ચાં, | જીવજંતુ, |
| ગરીબગુરબાં, | લાજમરજાદ, | કથાવાર્તા, | બજયોજબયો, |
| છૈયાંછોકરાં, | હાયવોય, | રોકટોક, | શોરબકોર, |
| ગૂપચૂપ, | ચાડીચુગલી, | મહેણાતાણા ( તાણા=ટોણો ), | |
| દમદાટી, | દોરાધાગા, | ખણખોદ, | ધરપકડ, |
| | | | ભૂલચૂક વગેરે. |

બીજા પ્રભેદનાં ઉદાહરણો આ છે—

| | | | |
|---|---|---|---|
| પાઉંરોટી, | ખેલતમાસો, | સીલમહોર, | કાગળપત્ર, |
| જંતુજનાવર, | રાજાબાદશાહ, | ઝંડાનિશાન, | જીવજાન, |
| માનમરતબો, | ભાઈબિંધદોસ્તદાર, | માયામહોબત, | લાજઆબરૂ, |
| તનબદન, | દુઃખદર્દ, | નામનિશાન, | ફિકરચિંતા વગેરે. |
| લાજશરમ, | વેરઝેર, | ધનદોલત, | |

---

૨૪. ભાષાંતર–સમાસની વિગત માટે જુઓ પ્રકરણ ૨; "વિષયની ક્ષેત્રમર્યાદા" પૃ. ૬.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

આવી રીતે શબ્દગુચ્છ અને વિરોધમૂલક અર્થસંબંધથી માંડીને પર્યાયરૂપ અર્થસંબંધની આપણે જે શ્રેણી જોઈ તેને વ્યવસ્થિત રીતે નીચે પ્રમાણે દર્શાવી શકાય.

(૧) "અને" "કે"વાળા શબ્દગુચ્છો.
(૨) વિરોધમૂલક દ્વંદ્વો.
(૩) સાદૃશ્યમૂલક – સહચારમૂલક દ્વંદ્વો.
(૪) "ઇત્યાદિ" અર્થના વાચક સાદૃશ્ય–સહચારમૂલક દ્વંદ્વો.
(૫) અંશતઃ પર્યાયાત્મક દ્વંદ્વો.
(૬) પર્યાયકલ્પ દ્વંદ્વો.
(૭) પર્યાયરૂપ દ્વન્દ્વો (અ) એક જ ભાષાનાં પદોવાળાં
(આ) એક ગુજરાતી તથા બીજી ભાષાનાં પદોવાળાં.

આ શ્રેણીમાં અપાયેલાં કોઈ ઉદાહરણો વિશે મતભેદનો અવકાશ છે અને એક યા બીજા વર્ગમાં મૂકી પણ શકાય. પરંતુ વર્ગો વચ્ચે જે નિકટતાનું તારતમ્ય છે તે નિર્વિવાદ છે. દરેક વર્ગમાં અસંખ્ય ઉદાહરણો આપી શકાય તેમ છે. પણ આપણા વિષયની દૃષ્ટિએ એવા શબ્દોનો વધુ સંચય કરવામાં આવ્યો નથી.

આ પ્રમાણે અર્થનું સૂક્ષ્મ આવર્તન ગોઠવી શકાય અને ઉપર જે ઉદાહરણો આપવામાં આવ્યાં છે તેમાં રહેલું અનુપ્રાસ અને પ્રાસનું તત્ત્વ આપણું ધ્યાન ખેંચે છે. અર્થના સંબંધ ઉપરાંત ઘણાં શબ્દયુગ્મોમાં ધ્વનિનું આવર્તન પણ તેમને સંયોજિત રાખવા માટે કે યુગ્મચારી બનાવવા માટે જવાબદાર છે.

અનુપ્રાસયુક્ત ઉદાહરણો આ પ્રમાણે છે:–

| | | | |
|---|---|---|---|
| ભેદભરમ, | બાડુંબોબડું, | ઠામઠેકાણું, | થોઠઠાપલી – |
| રૂપરંગ, | પુત્રપરિવાર, | પાલનપોષણ, | ગારગોરમટી |
| મીઠુંમરચું, | જિગરજાન, | વેરોવંચો, | વેપારવણજ, |
| રંગરાગ, | વાંધોવચકો, | તાપતડકો, | જીવજંતુ, |
| ઠોઠઠાપલી, | છાલછોતરાં, | બાલબચ્ચાં, | દમદાટી, |
| બાગબગીચા, | કામકાજ, | ચાડીચુગલી, | દુઃખદર્દ, |
| છાનુંછપનું, | છૈયાંછોકરાં, | જીવજાન, | નામનિશાન, |
| ગરીબગુરબાં, | માયામહોબત, | પાઠપૂજા, | કોલકરાર. |
| માનમરતબો, | કલમકિતાબ, | સુખસગવડ, | |
| બારીબારણાં, | લૂલુંલંગડું, | વ્યાજવટાવ, | |

પ્રાસયુક્ત ઉદાહરણો આ પ્રમાણે છે:–

| | | | |
|---|---|---|---|
| સારાસાર, | આવરોજાવરો, | લેવડદેવડ, | લેણદેણ, |
| ચડતીપડતી, | વધ્યુંઘટ્યું, | નામઠામ, | ખાનપાન, |
| રસકસ, | ઓળખપાળખ, | ઓળખીતુંપાળખીતું, | બાળાભોળા, |

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

| | | | |
|---|---|---|---|
| હાવભાવ, | લોંટોઝોંટો, | વેરણછેરણ, | બળ્યોજળ્યો, |
| સાનભાન, | ભૂતપ્રેત, | રહ્યુંસહ્યું, | શોરબકોર, |
| વેરઝેર, | હાયવોય, | રોકટોક, | આગળપાછળ. |
| તનબદન, | ગૂપચૂપ, | આંટીઘૂંટી, | |

આપણે જે દ્વિરુક્ત શબ્દોનો અભ્યાસ કર્યો છે તેમાં પણ પ્રાસ–અનુપ્રાસ અત્યંત મહત્ત્વનો ભાગ ભજવે છે. જેમકે ખટપટ, ઝગમગ, અદલબદલ, ભેળસેળ, અટીપટી, આડોશીપાડોશી વગેરે. પરંતુ આપણે જેની ઉપર ચર્ચા કરી ગયા તે શબ્દયુગ્મોમાં અર્થનું સ્થાન મહત્ત્વનું છે અને ધ્વનિનું સ્થાન ગૌણ છે. પરંતુ એ ઘટકોને એક સાથે સાંકળી રાખનાર ધ્વનિનું તત્ત્વ ઉપયોગી તો છે જ. અભ્યાસ-પ્રાપ્ત દ્વિરુક્ત શબ્દોમાં ધ્વનિનું સ્થાન મહત્ત્વનું છે અને અર્થનું સ્થાન ગૌણ છે.

આ દ્વિરુક્ત પ્રયોગો પ્રાચીન ભારતીય–આર્ય, મધ્ય ભારતીય–આર્ય અને અર્વાચીન ભારતીય–આર્ય ભાષાના શબ્દભંડોળનું મહત્ત્વનું અંગ છે. આ પછીના પ્રકરણમાં એવા પ્રયોગોની આછી રૂપરેખા ચર્ચવામાં આવી છે.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

## પ્રકરણ ૭

# દ્વિરુક્તિ અને ભારતીય – આર્યભાષા

પ્રસ્તુત અધ્યયનનું પ્રયોજન પ્રધાનપણે ગુજરાતી ભાષાના દ્વિરુક્ત શબ્દો સંકલિત કરી તેમનું–પ્રકાર, અર્થ આદિની દૃષ્ટિએ વર્ગીકરણ અને વિવેચન કરવાનું છે. એટલે ઐતિહાસિક કે તુલનાત્મક દૃષ્ટિએ તેની વિગતવાર વિચારણા કરવી પ્રાપ્ત થતી નથી. પણ પૂર્વભૂમિકા લેખે ભારતીય ભાષાઓમાં અને ખાસ કરીને ભારતીય–આર્ય શબ્દભંડોળના એક વિશિષ્ટ અંગના વિકાસની દૃષ્ટિએ આ જાતના વલણનો અછડતો ખ્યાલ આપવો આવશ્યક છે.

ભારત–યુરોપીય, દ્રાવિડી, કોલ–મુંડા અને ચીની–તિબ્બતી ભાષાકુળોની ભાષાઓ પ્રચલિત છે. આમાંથી આપણને ભારત–યુરોપીય કુળની ભારતીય–આર્ય શાખા સાથે સંબંધ છે. દ્રાવિડી અને કોલ–મુંડા ભાષાઓનો ભારતીય–આર્ય સાથે શતાબ્દીઓથી સંપર્ક હોવાથી અરસપરસ પર પ્રભાવ પડ્યો હોય તે સ્વાભાવિક છે. પ્રાચીન ભારતીય–આર્યનો વિચાર કરીએ તો તે ભાષામાં શબ્દસિદ્ધિની, શબ્દ તેમ જ શબ્દગુચ્છની કક્ષાએ દ્વિરુક્તિ મળે છે. શબ્દસિદ્ધિમાં આખ્યાતિક ધાતુના ઇચ્છાદર્શક, પૌનઃપુન્ય, અદ્યતન અને પરોક્ષ ભૂતકાળનાં અંગો દ્વિરુક્તિથી સધાતાં. વળી વર્તમાનકાળ વગેરેમાં ત્રીજા ગણના ધાતુઓનો પ્રથમ અક્ષર સ્વરસહિત દ્વિરુક્ત થાય છે.[૧]

સંસ્કૃતમાં ઇચ્છાદર્શક – ધાતુરૂપ, વિશેષણરૂપ અને નામરૂપ–માં અભ્યાસની વ્યાકરણવિષયક પ્રક્રિયા એ દ્વિરુક્તિનો એક પ્રકાર જ છે. તેનાં થોડાં ઉદાહરણો જોઈએ.

ઇચ્છાદર્શક – ‘ ગ્રહ્ – જિઘૃક્ષતિ ’, ‘ ભૂ – બુભૂષતિ ’, ‘ ની – નિનીષતિ ’, ‘ રુદ્ – રુરુદિષતિ ’, ‘ સ્વપ્ – સુષુપ્સતિ ’, ‘ પા – પિપાસતે ’, ‘ પત્ – પિપતિષતિ ’, ‘ કૃ – ચિકીર્ષતિ ’.

વિશેષણ ઇચ્છાદર્શક – ‘ કૃ – ચિકીર્ષુઃ ’, ‘ ભૂ – બુભૂષુઃ ’, ‘ તૄ – તિતીર્ષુઃ ’, ‘ જ્ઞા – જિજ્ઞાસુઃ ’, ‘ મૃ – મુમૂર્ષુઃ ’, ‘ ગમ્ – જિગમિષુઃ ’, ’ મુચ્ – મુમુક્ષુઃ ’.

ઇચ્છાદર્શક નામ ( Desiderative Noun-stems ) – ‘ કૃ – ચિકીર્ષા ’, ‘ ભૂ – બુભૂષા ’, ‘ તૃ – તિતીર્ષા ’, ‘ જ્ઞા – જિજ્ઞાસા ’, ‘ મૃ – મુમૂર્ષા ’, ‘ ગમ્ – જિગમિષા ’, ‘ મુચ્ – મુમુક્ષા ’.

આ ઉપરાંત આવી રચના પૌનઃપુન્યમાં પણ જોવા મળે છે. ‘ દા – દેદીયતે ’, ‘ જ્ઞા – જાજ્ઞાયતે ’, ‘ ભૂ – બોભૂયતે ’, ‘ કૃ – ચેક્રીયતે ’, ‘ પૄ – પોપૂર્યતે ’, ‘ યમ્ – યંયમ્યતે ’, ‘ દહ્ – દંદહ્યતે ’, ‘ જપ્ – જંજાપ્યતે ’, ‘ બુધ્–બોબુધ્યતે ’.

---

૧. આ બધા પ્રકારનાં આખ્યાતિક અંગોના ઘડતર માટે દ્વિરુક્તિનો ઉપયોગ મૂળ ભારત–યુરોપીય ભાષાના સમયથી ચાલ્યો આવ્યો છે અને સંસ્કૃત વગેરેને વારસામાં મળ્યો છે. જુઓ–‘The Sanskrit Language’ T. Burrow, London, 1955 pp. 303-305.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

અદ્યતન ભૂતકાળની એક પ્રકારની રચનામાં અભ્યાસ થાય છે. જેમકે – ' અટ્ – આટિટત્ ', ' ભૂ – અબીભવત્ ', ' પૂ – અપીપવત્ ', ' શ્રુ – અશુશ્રવત્ ', ' પીડ્ – અપીપિડત્ અથવા અપિપીડત્ ', ' કથ્ – અચકથત્ ', ' સ્મૃ – અસસ્મરત્ ', ' દૃ – અદદરત્ અથવા અદીદરત્ ', ' ગણ્ – અજગણત્ કે અજીગણત્ ', ' શ્રિ – અશિશ્રિયત્ '.

પરોક્ષ ભૂતકાળની અંગરચનામાં અભ્યાસ થાય છે. જેમકે ' બુધ્ – બુબોધ ', ' ની – નિનાય ', ' હુ – જુહાવ ', ' કૃ – ચકાર કે ચક્રે ', ' દા – દદૌ ', ' ધા–દધૌ ', ' ભૂ – બભૂવ ', ' કમ્પ – ચકમ્પે ', ' પત્ – પપાત ', ' ભા – બભૌ ', ' લુપ્ – લુલોપ '.

ત્રીજા ગણના ધાતુઓના પ્રથમ અક્ષરનો અભ્યાસ થાય છે. " હુ – જુહોતિ ", " દા – દદાતિ ", " ધા – દધાતિ ", " નિજ્ – નેનેક્તિ ", " પૃ – પિપર્તિ ", " ભી – બિભેતિ ", " ભૃ – બિભર્તિ ", " મા – મિમીતે ", " હા – જહાતિ " વગેરે.

આ તો આખ્યાતિક અંગની રૂપસાધના થઈ, પરંતુ શબ્દની કક્ષામાં સમસ્ત તેમજ અસમસ્ત દ્વિરુક્તિ સંસ્કૃતમાં જોવા મળે છે. " એકૈક, દ્વંદ્વ, પંચપંચ, પરસ્પર, કેશાકેશિ, હસ્તાહસ્તિ, મુષ્ટામુષ્ટિ, કચાકચિ, રથારથિ, નખાનખિ " વગેરે સંસ્કૃતના સમસ્ત શબ્દમાં દ્વિરુક્તિ જોવા મળે છે.

" દિવે દિવે " કે " દ્યવિ દ્યવિ " ( = દિવસે દિવસે ),
" અંગાદ્ અંગાત્ " ( = અંગેઅંગ ),
" લોમ્નો લોમ્નઃ " ( = વાળેવાળ ),
" પર્વણિ પર્વણિ " ( = સાંધેસાંધો ),
" ભૂયો ભૂયઃ " ( = આગળ આગળ ),
" શ્વઃ શ્વઃ " ( = કાલે કાલે ),
" વયં વયં " ( = આપણે આપણે )

–વગેરેમાં આખો શબ્દ અસમસ્ત રીતે – છૂટી રીતે – દ્વિરુક્ત થાય છે. વ્હીટને આનાં વધુ ઉદાહરણ નોંધે છે.[૨] " પિબ પિબ ", " યજસ્વ યજસ્વ ", " યાવદ વા યાવદ વા ", " યતામિ વા યતામિ વા ", " ઇહ ઇહ ", " અનયા અનયા ", " સ્તુહિ સ્તુહિ ", " વેદ વેદ ", " નૂ નૂ ", આ ઉપરાંત સંસ્કૃતમાં પ્રત્યેકતા સૂચવવા આખો શબ્દ દ્વિરુક્ત થતો હોય છે. જેમકે–" શૈલે શૈલે ન માણિક્યં, મૌક્તિકં ન ગજે ગજે । "[૩]

મધ્યમ ભારતીય–આર્ય અને નવ્ય ભારતીય–આર્યમાં દ્વિરુક્ત શબ્દોમાં રવાનુકારિતાનું તત્ત્વ વિશેષ પ્રમાણમાં જોવા મળે છે. વૈદિક સંસ્કૃત ભાષા, મધ્ય ભારતીય – આર્ય અને નવ્ય ભારતીય – આર્યની

---

૨ " A Sanskrit Grammar ": William D. Whitney: Third Edition, London, 1896. p. 488.

૩. જગતની અમુક ભાષાઓમાં એકવચનને દ્વિરુક્ત કરવાથી બહુવચનનો બોધ થાય છે. જેમકે જાપાની " કુની " ( = દેશ ) એકવચનનું બહુવચન " કુની–ગુની " ( = દેશો ), દક્ષિણ આફ્રિકાની બુશમેન ભાષામાં " તુ " ( =મુખ ) એકવચનનું બહુવચન " તુ–તુ " ( = મુખો ), મલયમાં " દૂરી " ( = કાંટો ) એકવચનનું બહુવચન " દૂરી–દૂરી " ( = કાંટાઓ ), સુમેરિયન ભાષામાં " કુર " ( = પર્વત ) એકવચનનું બહુવચન " કુર–કુર " ( = પર્વતો ) થાય છે. જુઓ – " Foundations of Language " Grey L H., New York, 1958. p. 180.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

સરખામણીમાં રવાનુકારી શબ્દોના પ્રમાણમાં સ્પષ્ટ રીતે દરિદ્ર છે.[૪] પ્રાકૃત ભાષામાં દ્વિરુક્તિ-મૂલક શબ્દોનો પ્રસાર વધે છે. "તલ્લોવિલ્લિ", "તડક્કડ", "હલ્લફલ્લ", "હલહલ", "ખડહડ", "અડવડણ", "ઉત્થલ્લપત્થલ્લા" જેવા શબ્દો પ્રાકૃત શબ્દકોશમાં ઊડતી નજરે મળી આવે છે.[૫] આ ઉપરાંત આપણે પ્રકરણ ૩માં "પુરોગામીઓનું કાર્ય"માં પણ કત્રેએ ચર્ચેલાં પાલિ-પ્રાકૃતનાં ઉદાહરણો જોયાં છે,

આ પછી અપભ્રંશ ભાષામાં આ પરંપરા વિશેષ પ્રસાર પામે છે. દસમી સદીમાં થઈ ગયેલા અપભ્રંશ કવિ પુષ્પદંતે તેની કૃતિ "મહાપુરાણ"માં આવા અનેક શબ્દોનો ઉપયોગ કર્યો છે. આ શબ્દો શ્રીમતી રત્ના એન. શ્રિયને Ph. D. માટે તૈયાર કરેલા મહાનિબંધમાં પરિશિષ્ટરૂપે તૈયાર મળે છે.[૬] લેખિકાએ પી. એલ. વૈદ્યની આવૃત્તિનો ઉપયોગ કર્યો છે. એ ઉદાહરણો આપણા વિષયને ઉપકારક હોઈ અહીં તેના ઋણસ્વીકાર સાથે આપવામાં આવ્યાં છે.

"ઇંદિંદિર" – ૧૬ : ૧૨ : ૧૪,[૭]
"કઢકઢઈ" – ૩ : ૨૦ : ૧૭,
"કણુરણુંત" – ૨ : ૨ : ૧૧,
"કલયલંતિ" – ૩૯ : ૧ : ૬,
"કહકહંત" – ૮૭ : ૧૧ : ૮,
"કિલિકિલિકિલંત" – ૯૪ : ૨૩ : ૧૨,
"કુકકરંતિ" – ૭૭ : ૫ : ૧૧,
"ખણુખણુંતિ" – ૭૭ : ૩ : ૧૦,
"ખલખલંતિ" – ૩૯ : ૧૨ : ૮,
"ગડગડિય" – ૭૭ : ૨ : ૩,
"ગુમુગુમુગુમંત" – ૨૩ : ૧ : ૧૧,
"ધડધડ" – ૬૦ : ૧૧ : ૨,
"ધુરુધુરણુ" – ૯૧ : ૧૫ : ૧,
"ચલચલંત" – ૪૬ : ૨ : ૭,
"જલજલંત" – ૪૬ : ૨ : ૪,
"ટણુટણુંત" – ૪૬ : ૨ : ૩,
"ઢલઢલિય" – ૩૯ : ૧૩ : ૩,
"દુમુદુમંત" – ૭૭ : ૮ : ૧૦,
"ધગધગધગંત" – ૧૭ : ૧ : ૬,
"રણુઝણુંત" – ૩ : ૯ : ૧૦,
"કડયડઈ" – ૧૪ : ૯ : ૭,
"કઢકઢકઢંતિ" – ૭૨ : ૭ : ૩,
"કણિરણિય" – ૧ : ૧૬ : ૪,
"કસમસંતિ" – ૩૫ : ૯ : ૩,
"કિલકિલંતિ" – ૪૬ : ૫ : ૨,
"કિલિગિલિય" – ૧૫ : ૧ : ૬,
"કેકે" – ૨૦ : ૬ : ૧૦,
"ખણુખણુ" – ૧૪ : ૪ : ૬,
"ખલખલખલંત" – ૨૧ : ૨ : ૩,
"ગુમગુમંતિ"–૧: ૩: ૧૦, તેમ જ ૩૯: ૧૨: ૩,
"ગુલુગુલંતિ" – ૮૪ : ૫ : ૭,
"ધવધવંત" – ૫૬ : ૧૦ : ૫,
"ચરચરંત" – ૬૦ : ૧૧ : ૩,
"ચલવલંતિ" – ૩૯ : ૧૨ : ૮,
"જિગિજિગંતિ" – ૮૪ : ૫ : ૧૦,
"ઢલઢલંતિ" – ૭૭ : ૫ : ૧૨,
"ઢલહલિય" – ૧૭ : ૭ : ૫,
"ધગધગંતિ" – ૩૩ : ૧૩ : ૨,
"મે મે મે" – ૧૬ : ૯ : ૧૦,
"પિયપિયપિય" – ૨ : ૧૩ : ૧૩,

૪. "Origin and Development of Bengali Language" Part I, Sunitikumar Chatterji: Calcutta, 1926: p. 175.

૫. "પાઈઅ-સદ્દ-મહણ્ણવો": પંડિત હરગોવિંદદાસ ટી. શેઠ: કલકત્તા, ૧૯૨૩.

૬. "A Critical Study of Mahāpurāṇa of Puspadanta"–Shriyan R. N., July, 1962 (Bombay University Library).

૭. અનુક્રમે સંધિ, કડવક અને પંક્તિ દર્શાવે છે.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

"ફરહરિય"—૧૩ : ૩ : ૩,
"થરહરંતિ"—૧૦ : ૩ : ૧૩,
"દકકુંદકુંદ"—૪ : ૧૦ : ૯,
"તિડિતિડિય"—૨૫ : ૫ : ૮,
"થતિ થગિગિ દુગિ દુગિગિ"—૧૭ : ૩ : ૨,
"રુણુરુણિય"—૩ : ૧૩ : ૭,
"રુણુરુણુરુણંત"—૩૪ : ૧૨ : ૨,
"રસમસંતિ"—૫૮ : ૧૯ : ૮,
"રુલુધુલિય"—૭૫ : ૮ : ૯,
"લલલલંતિ"—૮૪ : ૫ : ૬,
"સલસલંતિ"—૪ : ૧૧ : ૧૦,
"સિમિસિમિસિમિસિમંત"—૧ : ૮ : ૨,
"હિલિહિલિ"—૫૨ : ૫ : ૨,
"હુરુહુરઈ"—૩ : ૨૦ : ૧૬,
"મહમહિય"—૬૦ : ૧૨ : ૧૧,
"ઝણુઝણુઈ"—૩ : ૧૬ : ૪,
"ઝલઝલઈ"—૩ : ૨૦ : ૧૮,
"ઝુણુઝુણુંતિ"—૭૭ : ૩ : ૧૦,
"ફુરુહુરંત"—૧૭ : ૮ : ૭,
"દં દં દં દં"—૪ : ૧૧ : ૩,
"તડયડ"—૧૫ : ૩ : ૧,
"તુરુતુરિય"—૧૨ : ૩ : ૪,
"થગિદુગિગ"—૩ : ૨૦ : ૨,
"રુણુરુણંતિ"—૧૬ : ૧૨ : ૧૪,
"રણુરણિય"—૧૫ : ૧ : ૧૨,
"રસમસંત"—૪૬ : ૨ : ૮,
"રુહુચુહંતિ"—૮૩ : ૯ : ૬,
"લિહિલિહિ"—૩૫ : ૨ : ૫,
"સિમિસિમઈ"—૭૩ : ૨૪ : ૩,
"હિલિહિલંત"—૮૪ : ૫ : ૭,
"હિલિહિલિહલંત"—૫૨ : ૧૦ : ૧૨,
"હૂહૂહુયંતિ"—૩૭ : ૧૪ : ૯,
"ઝમઝમ"—૩૭ : ૧૪ : ૧૦,
"ઝરજીરિય"—૧૫ : ૧ : ૮,
"ઝલઝલ"—૫૯ : ૧૯ : ૧૦,
"દિલ્લદિલિય"—૮૫ : ૪ : ૫, તેમ જ ૬૧ : ૧૨ : ૬.

પ્રાકૃત—અપભ્રંશમાં આ વલણ એટલું વ્યાપક બન્યું કે તે સમયે લખાતા સંસ્કૃતમાં પણ રવાનુકારી તત્ત્વ પ્રવેશ પામ્યું. પ્રાકૃત—અપભ્રંશ શબ્દોનું સંસ્કૃતીકરણ કરવામાં આવતું જેમકે, "દ્વિતીયરાત્રાવતિચિરાદ્ દ્વારમાગતઃ સ કટકં ખટખટાયતિ" હરિભદ્રસૂરિપ્રબંધ (—સમય સંવત ૧૪૦૫).[૮]

આ ઉપરાંત પાલિમાં—

'કથંકથિ, અગ્ગંઅગ્ગ, અંગંઅંગ, એકંએક, કાલંકાલ, ચલાચલ, કિચ્ચાકિચ્ચ, ગમનાગમન, ફલાફલ, હલાહલ'

તેમ જ પ્રાકૃતમાં,

'અણ્ણુંઅણ્ણુ, એકકંએકક, કલંકલ, ખુલંખુલ, દુરંદુર, તુમંતુમ, દિલ્લિદિલ, જીવંજીવ, કોલાહલ, ખંડાખંડ, ખંડાખંડિ, ધુક્કાધુક્ક, અલટ્ટપલટ્ટ, કઇલ્લબઇલ્લ'[૯]

જેવા શબ્દોની યાદી કત્રેના લેખમાં મળી આવે છે.

---

૮. રાજશેખરસૂરિકૃત "પ્રબંધકોશ": સંપાદક—જિનવિજયજી: સિંઘી જૈન ગ્રંથમાળા નં. ૬, મુંબઈ, ૧૯૪૫. પૃ. ૨૫.

૯. વિગત માટે જુઓ પ્રકરણ ૩, "પુરોગામીઓનું કાર્ય" પૃ. ૨૧.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

અપભ્રંશના 'ગામહુ ગામુ' જેવા પ્રયોગો ઉપરથી ગુજરાતી 'ગામોગામ' 'હાથોહાથ' એ દ્વિરુક્તિપ્રકાર ઊતરી આવ્યો છે તે નોંધપાત્ર છે.

અર્વાચીન ભારતીય–આર્યમાં તો શબ્દની આવી દ્વિરુક્ત રચના તો શબ્દભંડોળનું એક અગત્યનું અંગ બની રહી છે. મરાઠી, હિંદીના દ્વિરુક્ત પ્રયોગોના ભિન્ન ભિન્ન પ્રકારોની ચર્ચા આપણે આગળના પ્રકરણ ૩ – "પુરોગામીઓનું કાર્ય"માં કત્રેના લેખની ચર્ચા કરતી વખતે કરી ગયા છીએ. બંગાળીમાં આવા થોડા પ્રયોગો જોઈએ.

રવાનુકારી શબ્દો :—

| | | | |
|---|---|---|---|
| "કટકટ, | કટમટ, | કોરમોર, | કુડમુડ, |
| ક્યાંચ ક્યાંચ, | ખટખટા, | ગડગડા, | ચર્ચરા, |
| ઝલઝલા, | ઝમ્ઝમા, | ઠકઠકા, | તડબડા, |
| ઠીકઠીકા, | પિલપિલા, | ફરફરા, | બજબજા, |
| બિરબિરા, | મચમચા, | સપસપા, | હડહડા, |
| જલજલા, | ટનટના, | ધુકધુકા, | સડસડા, |
| ગલગલા, | ગનગના."[૧૦] | | |

બંગાળીમાં પ્રાસબદ્ધ દ્વિરુક્ત શબ્દો આ પ્રમાણે છે :—

"ચુલબુલા, ચિલબિલા, ટલબલા"[૧૧] તેમ જ "બુજ્હેસુજૂહે, કાટેકાટે, કાડલકટલા, કાડએકાટએ."

"આ" સંયોજનવાળા બંગાળી દ્વિરુક્ત પ્રયોગો આ પ્રમાણે છે,

"જાનાજાની, બલાબલી, હુડાહુડી, મારામારી,
દેખાદેખી, ધુશાધુશી, કાનાકાની, હાતાહાતી, મુખામુખી."[૧૨]

ઇસવી ચૌદમી સદીમાં જૂની ગુજરાતીમાં રચાયેલા જિનપદ્મસૂરિકૃત "શ્રી – સ્થૂલિભદ્ર – ફાગુ"માં પણ દ્વિરુક્ત શબ્દોનો ઉપયોગ આપણું ધ્યાન ખેંચે છે, જેમકે :—

"ઝલહલઇ, ખલભલઇ થરહરઇ, ગહગહઇ, મહમહઇ,
ઝલહલ, ઝિરિમિરિ, ઝગમગ, લહલહ" વગેરે[૧૩]

તેમ જ જૂની ગુજરાતીના ગદ્યમાં પણ દ્વિરુક્ત પ્રયોગોનો પ્રસાર થયો હતો જેમકે, "આમ્હાસામ્હા કટક આવ્યા ચડી, ફોજઇ ફોજ ચડી."[૧૪]

---

૧૦. "Origin and Development of Bengali Language", Part II. S. K. Chatterji : Calcutta, 1926. p.890.

૧૧. એ જ પુસ્તક. પૃ. ૧૦૪૮.

૧૨. એ જ પુસ્તક. પૃ. ૧૦૪૮–૪૯.

૧૩. "શ્રી–સ્થૂલિભદ્ર – ફાગુ" : સંપાદક – પ્રા. ડૉ. હરિવલ્લભ ભાયાણી : ફાર્બસ ગુજરાતી સભા, મુંબઈ, ૧૯૫૪૦

૧૪. "વિ. સં. ૧૬૬૬ની ગુજરાતી બોલીના બે નમૂના" : લેખક – પ્રો. હીરાલાલ ર. કાપડિયા : ફાર્બસ ગુજરાતી સભા ત્રૈમાસિક : પુસ્તક ૧૦, ઈ. સ. ૧૯૪૫. પૃ. ૧૧.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

આ પ્રમાણે અર્વાચીન ભારતીય–આર્ય ભાષાઓમાં લગભગ બધા જ પ્રકારના દ્વિરુક્ત શબ્દો પ્રચલિત છે તે આપણે જોઈ શકીએ છીએ. આ બધા પ્રકારોને જોતાં સમજી શકાશે કે આપણા આ અધ્યયનના બીજા વિભાગમાં ગુજરાતી પ્રયોગોના જે પ્રકારોની ચર્ચા કરવામાં આવી છે તેમાંના બધા પ્રકારો ઇતર અર્વાચીન ભારતીય ભાષાઓમાં મળી આવે છે. આર. એલ. ટર્નરના નેપાળી કોશમાંથી નેપાળી ભાષાના દ્વિરુક્ત શબ્દો સરળતાથી તારવી શકાય તેમ છે. એટલે તુલના માટે એ શબ્દોની સમ્પૂર્ણ યાદી આ અધ્યયનને અંતે પરિશિષ્ટ રૂપે આપવામાં આવી છે. તેમાં ઘણા પ્રયોગો ગુજરાતીને મળતા આવે છે જેમકે, ‘અગલબગલ, ઉખાલપખાલ, ઉથલપુથલ, ખટપટ, ગડબડ, ગુપચુપ, ચટાચટ, છુટછાટ, ઝટપટ’ વગેરે.

ભારત બહારની આપણને સુપરિચિત એવી ભાષા તે અંગ્રેજી ભાષા છે. અંગ્રેજી એ પણ એક ભારત–યુરોપીય કુળની ભાષા છે. અને તેમાં ઘણા દ્વિરુક્ત પ્રયોગો છે. આવા શબ્દોને અંગ્રેજીમાં Reduplicative words અથવા Ricochet words કહે છે. બ્રુઅર કહે છે કે અંગ્રેજીમાં આવા સેંકડો શબ્દો છે અને તેઓ સાધારણ રીતે ઉત્કટતા કે તીવ્રતાનો ભાવ વ્યક્ત કરે છે. બ્રુઅરે ચૂંટી કાઢેલાં કેટલાંક ઉદાહરણો નીચે પ્રમાણે છે :–

“chit – chat, click – clack, clitter – clatter, dilly – dally,
ding – dong, drip – drop, fal – lal, flim – flam,
fiddle – faddle, flip – flap, flip – flop, hanky – panky,
harum – scarum, helter – skelter, heyve – keyve, higgledy–piggledy,
hob – nob, hodge – podge, hoity – toity, hubble – bubble,
hugger – mugger, hurly – burly, mingle – mangle, mish – mash,
mixy – maxy, namby – pamby, niddy – noddy, niminy – piminy,
nosy – posy, pell – mell, ping – pong, pit – pat,
pilter – palter, pribbles and prabbles, randem – tandem, randy – dandy,
razzle – dazzle, riff – raff, roly – poly, shilly – shally,
slip – slop, slish – slosh, tick – tack tip – top,
tittle – tattle, wibble – wabble, wig – wag, wiggle – waggle,
wish – wash, wishy – washy.”[૧૫]

આ પ્રમાણે આવા દ્વિરુક્ત પ્રયોગો લગભગ દરેક ભાષામાં હોય છે. ગુજરાતી ભાષાના દ્વિરુક્ત પ્રયોગોના ઘડતરમાં જુદા જુદા પ્રકારો છે. આવા પ્રયોગોનું આપણે નિશ્ચિત યોજના પ્રમાણે વર્ગીકરણ કરી શકીએ. આ પછીના પ્રકરણમાં વર્ગીકરણની યોજનાની ચર્ચા કરવામાં આવી છે.

---

૧૫. “Brewer's Dictionary of Phrase and Fable”: Castle and Co. Ltd., London, 1962. Sixteenth Edition: pp. 759 – 760.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

# પ્રકરણ ૮

# દ્વિરુક્ત પ્રયોગોનું વર્ગીકરણ

આપણે સ્વીકારેલી વર્ગીકરણની ચર્ચા પહેલાં, પ્રકરણ ૩માં 'પુરોગામીઓનું કાર્ય'માં ઉલ્લેખેલા જે જે વિદ્વાનોએ દ્વિરુક્ત પ્રયોગોના વર્ગીકરણનો પ્રયાસ કર્યો છે તેની પ્રથમ ચર્ચા કરી લઈએ. કમળાશંકર પ્રા. ત્રિવેદી, નરસિંહરાવ દિવેટિયા, નવલરામ ત્રિવેદી અને એસ. એમ. કત્રેએ વર્ગીકરણની યોજના આપી છે. તેમના કાર્યની વિશેષતા અને મર્યાદાનું આપણે વિગતે વિવેચન કર્યું છે તેથી અહીં માત્ર યોજના પૂરતી જ ચર્ચા મર્યાદિત રાખી છે.

## કમળાશંકર ત્રિવેદી[1]

દ્વિરુક્તિની વ્યાખ્યા, સ્વરૂપ, પ્રકાર વગેરેની ચર્ચા કમળાશંકરે કરી નથી. તેઓ પ્રથમથી જ દ્વિરુક્તિના સાત પ્રકાર આપે છે. પ્રકારનું લક્ષણ આપી તેનાં ઉદાહરણો આપવામાં આવ્યાં છે. આ વર્ગીકરણમાં કોઈ પણ પ્રકારની વ્યવસ્થા કે શાસ્ત્રીયતા જણાતી નથી. આ કુલ સાત પ્રકારો મૂળ કયા તત્ત્વને આધારે પાડવામાં આવ્યા છે તેની કશી પણ સ્પષ્ટતા મળતી નથી.

બીજા પ્રકારની વ્યાખ્યા આ પ્રમાણે છે, "દ્વિરુક્તિના બે શબ્દમાં પ્રથમ શબ્દને વિભક્તિ લાગેલી હોય છે કે તેનો અન્ત્ય સ્વર દીર્ઘ થયેલો હોય છે કે તેમાં ફેરફાર થયેલો હોય છે અને બીજો મૂળ સ્વરૂપમાં હોય છે." તેની નીચે વિશેષણના શીર્ષક નીચે આપેલાં ઉદાહરણો સંપૂર્ણ રીતે અસંબદ્ધ છે, તેમ જ સર્વનામના શીર્ષક નીચે આપેલાં ઉદાહરણોમાં તે જ સ્થિતિ છે. જેમકે 'ચાર ચાર, પાંચ પાંચ, કોણ કોણ, શું શું'માં વ્યાખ્યા પ્રમાણે પ્રથમ શબ્દને વિભક્તિ લાગી કે તેનો અન્ત્ય સ્વર દીર્ઘ થયો નથી કે તેમાં કશો ફેરફાર થયો નથી.

પ્રસ્તુત વર્ગીકરણમાં વાક્યની કક્ષાની દ્વિરુક્તિ બીજા વર્ગના ક્રિયાપદના શીર્ષક નીચે દર્શાવી છે. જેમકે 'જા જા, આવ આવ, બોલ બોલ.' અને તે પછી તરત જ 'તે ચાલતો ચાલતો આવ્યો', 'તે દોડતો દોડતો ગયો'માં વાક્યખંડની કક્ષાની દ્વિરુક્તિ છે. આમ વાક્યકક્ષા, વાક્યખંડકક્ષા અને શબ્દકક્ષા વચ્ચે કશો ભેદ જણાવાયો નથી.

આ ઉપરાંત ધ્વનિની દ્વિરુક્તિ અને અર્થની દ્વિરુક્તિ બંનેની ચર્ચા કરી છે પણ તેની વચ્ચે સ્પષ્ટ ભેદરેખા દોરાઈ નથી. પાંચમા પ્રકારમાં ધ્વનિને લક્ષ્યમાં રાખી વર્ગ યોજ્યો હોય તેમ લાગે છે, જ્યારે સાતમા પ્રકારમાં 'પર્યાય શબ્દથી દ્વિરુક્તિ થાય છે' એમ જણાવ્યું છે એટલું જ નહીં પણ આપેલાં ઉદાહરણો યોજેલી વ્યાખ્યા સાથે અસંગત છે. જેમકે તીખુંતમતમું, લાલચોળ, કાળુંમેંશ–માં પર્યાયો સાથે યોજાયા જ નથી.

---

૧. જુઓ–પ્રકરણ ૩, 'પુરોગામીઓનું કાર્ય' પૃ. ૧૦–૧૨.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

આમ કક્ષા, ધ્વનિ અને અર્થ વચ્ચેની અવ્યવસ્થાને લીધે આખાયે વર્ગીકરણની યોજના અતાર્કિક અને અશાસ્ત્રીય બની ગઈ છે.

## નરસિંહરાવ દિવેટિયા[૨]

નરસિંહરાવ યુગ્મચારી શબ્દોને ‘ વાસણકૂસણાદિ ગણ ’ના નામે ઓળખાવે છે. આ શબ્દો ‘ ઘોડો-ઓડો ’ જેવા શબ્દોથી જુદા છે એમ ગણાવી તેમનું વર્ગીકરણ આપે છે. તેમના મતે ‘ઘોડોઓડો ’માં ‘ ઘોડો અને તેના જેવું ’ એવો અર્થ નીકળે છે ત્યારે પ્રસ્તુત શબ્દયુગ્મોમાં ‘ઇત્યાદિ’ એવો અર્થ નીકળે છે.

તેઓ આ પ્રકારના શબ્દોના ત્રણ વર્ગ પાડે છે.

(૧) જેમાં પ્રથમ ઘટક સાર્થ છે તેવા શબ્દો.

(૨) જેમાં દ્વિતીય ઘટક સાર્થ છે તેવા શબ્દો.

(૩) જેમાં બંને ઘટકો સાર્થ છે તેવા શબ્દો.

પ્રથમ વર્ગનાં ઉદાહરણો – વાસણકૂસણ, ઢેકાઢૈયા, ઠીકઠાક.
બીજા વર્ગનાં ઉદાહરણો – આસપાસ, આડોશીપાડોશી, આરપાર.
ત્રીજા વર્ગનાં ઉદાહરણો – રાચરચીલું, જીવજંત, ફેરોફાંટો

નરસિંહરાવનું આ આખુંય વર્ગીકરણ અર્થાશ્રિત છે. તેમના ધ્યાનમાં યુગ્મચારી શબ્દો જ છે તેથી આપણી દૃષ્ટિને આ વર્ગીકરણ અનુકૂળ આવે તેમ નથી. ‘ ઇત્યાદિ ’ અર્થવાળા શબ્દોને લીધા છે એમ તેઓ જણાવે છે પણ ‘ ઠીકઠાક ’ ‘ આરપાર ’ જેવાં અનેક ઉદાહરણો સાથે તેનો મેળ બેસતો નથી. આમ છતાં આપણા વિષયમાં આવતો તેમનો બીજો વર્ગ છે. તેમાં સ્પષ્ટ દ્વિરુક્તિ છે. પણ વિષય પ્રત્યેના અભિગમની દૃષ્ટિ જ જુદી છે, તેથી આપણા માટે આ યોજના તદ્દન નિરુપયોગી છે.

## નવલરામ ત્રિવેદી[૩]

નવલરામ ત્રિવેદી નરસિંહરાવના વર્ગીકરણને આધારભૂત માની તેમાં વિશેષ પ્રભેદ પાડે છે. પ્રથમ તો તેઓ નરસિંહરાવના ત્રીજા વર્ગના ત્રણ પ્રભેદ પાડે છે.

(૧) એક જ શબ્દ બે વખત વપરાય – ઝટપટ, મોરમોર, આગ્રેઆગ્રે, છેટેછેટે, ઊંચેઊંચે, દૂરદૂર.

(૨) એક જ અર્થવાળા બે જુદા જુદા શબ્દો વપરાય તેમાં બીજા શબ્દનો ઉદ્દેશ ‘ વગેરે ’ દર્શાવવાનો હોય છે, જેમકે કાગળપત્ર, છૈયાંછોકરાં, ઠામઠેકાણું, કામકાજ, ચીજવસ્તુ, બાવાસાધુ, લાજઆબરૂ, ફિકરચિંતા.

(૩) મળતા અર્થવાળા શબ્દો જેમાં બીજા શબ્દોનો ઉદ્દેશ પહેલા શબ્દના અર્થમાં ઉમેરો કરવાનો છે. નરસિંહરાવે ગણાવેલ આ વર્ગના ( ત્રીજા વર્ગના ) સર્વ શબ્દો આ પેટાવિભાગમાં આવી શકે તેમાં ‘ વગેરે ’ જેવો અર્થ પણ કોઈ વાર નીકળે જેમકે માનમરતબો.

---

૨. જુઓ પ્રકરણ ૩, ‘ પુરોગામીઓનું કાર્ય ’ પૃ. ૧૨–૧૪.
૩. જુઓ પ્રકરણ ૩, ‘ પુરોગામીઓનું કાર્ય ’ પૃ. ૧૮–૧૯.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

નરસિંહરાવના ત્રીજા વર્ગમાં આટલું સંશોધન કરી નવલરામ તેમાં એક ચોથો વર્ગ ઉમેરે છે, જેમાં છૂટક બંને શબ્દ અર્થ વગરના હોય છે પણ ભેગા થાય ત્યારે તેમાંથી અર્થ નીકળે છે, જેમકે અડુકદડુક, એડકેડ, અડંગજડંગ, અડીદડી.

નવલરામનું આ વર્ગીકરણ નરસિંહરાવના અનુસંધાનમાં જ છે અને મુખ્યત્વે અર્થાશ્રિત છે. નરસિંહરાવના ત્રીજા વર્ગના આપેલા ત્રણ પેટા વિભાગમાંના પ્રથમ પેટા વિભાગમાં સ્પષ્ટ રીતે ધ્વનિની દ્વિરુક્તિ છે ત્યારે બીજા પેટા વિભાગમાં ભાષાન્તરસમાસ છે.

ચોથા વર્ગમાં દર્શાવેલ અડુકદડુક, અડીદડી સ્પષ્ટ રીતે નરસિંહરાવે જણાવેલા બીજા વર્ગનાં જ ઉદાહરણો છે. ટૂંકમાં નરસિંહરાવના વર્ગીકરણની મર્યાદાઓ આ વર્ગીકરણની પણ છે. અર્થની અસ્પષ્ટતા અને સાપેક્ષતાને લીધે વર્ગીકરણમાં ડગલે ડગલે મતભેદની સંભાવના રહે છે.

## એસ. એમ. કત્રે[૪]

કત્રેએ આપેલી વર્ગીકરણની પદ્ધતિ સૂક્ષ્મદર્શી અને દ્વિરુક્તિઓનાં સ્વરૂપ અને કાર્ય ઉપર પ્રકાશ નાખનારી છે. આ વિષય પ્રત્યેનો તેમનો અભિગમ શાસ્ત્રીય અને આધુનિક ભાષાવિજ્ઞાનના સિદ્ધાંતોની ઊંડી સૂઝ ઉપર આધારિત છે.

એસ. એમ. કત્રે દ્વિરુક્ત શબ્દોના મુખ્ય ચાર વર્ગ આ પ્રમાણે પાડે છે.

(૧) વર્ણ કે વર્ણસમૂહની દ્વિરુક્તિવાળા રવાનુકારી શબ્દો.
(૨) સંજ્ઞામૂલક, વિશેષણમૂલક, સર્વનામમૂલક, અને સાર્વનામિક વિશેષણમૂલક, સંખ્યાદર્શકમૂલક, ક્રિયામૂલક અને ક્રિયાવાચક પદમૂલક આમ્રેડિત રચનાવાળા શબ્દો.
(૩) બંને ઘટક સાર્થ હોય તેવા પ્રાસમૂલક શબ્દો.
(૪) જેમાં એક જ ઘટક સાર્થ હોય તેવા પ્રતિધ્વન્યાત્મક શબ્દો.

આ પ્રમાણે ચાર વિભાગ આપી, બીજા અને ચોથા વર્ગના પ્રભેદ આપવામાં આવ્યા છે.

(૧) વર્ગનાં ઉદાહરણો – ઠનઠન, ડમડમ, તડતડ વગેરે.
(૨) વર્ગનાં ઉદાહરણો –
    (૧) સંજ્ઞામૂલક – ઘડીઘડી.
    (૨) વિશેષણમૂલક – જરાજરા, ગરમગરમ.
    (૩) સર્વનામમૂલક – આપઆપણું.
    (૪) સાર્વનામિક વિશેષણમૂલક (Pronominal Adjectives)–જેમ જેમ, તેમ તેમ.
    (૫) સંખ્યાદર્શકમૂલક – એકએક, બેબે.
    (૬) ક્રિયાવાચક પદમૂલક (Verbal Formation)–રમતરમત.
(૩) વર્ગનાં ઉદાહરણો – જંતરમંતર, રહ્યુંસહ્યું, રમતગમત.
(૪) વર્ગના બે પ્રભેદ પડે છે.

૪. જુઓ પ્રકરણ ૩, 'પુરોગામીઓનું કાર્ય' પૃ. ૧૯–૨૬.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

(અ) પ્રથમ ઘટક સાર્થ હોય તેવા શબ્દો. તેમનાં ઉદાહરણો – નવુંસવું, સાચમાચ.

(આ) જેમાં બીજો ઘટક સાર્થ હોય તેવા શબ્દો, જેમકે આડોશીપાડોશી.

× × × ×

દ્વિરુક્તિ સંજ્ઞા આમ તો કોઈ પણ શબ્દ, શબ્દાંશ કે ઘટકના એક આવર્તનની વાચક છે. પણ આ ઉપરાંત આવૃત્ત કે દ્વિરુક્ત શબ્દોનાં બીજાં પણ કેટલાંક લક્ષણો છે, એ ભુલાવું ન જોઈએ. આમાંનું એક, તરત નજરે ચડે તેવું લક્ષણ તે દ્વિરુક્તિઓમાં પ્રવર્તતું પ્રાસનું તત્ત્વ છે. દ્વિરુક્તિઓમાં તેમના ઘટકો વચ્ચે એક કે વધારે અક્ષરોનો પ્રાસ જોવા મળે છે. વળી કેટલીક દ્વિરુક્તિઓમાં એક ઘટક બીજા ઘટકના બીબા ઉપરથી નવેસરથી ઘડાયો હોય એવું પણ જોવા મળે છે. આ ઉપરાંત દ્વિરુક્તિના બે ઘટકો વચ્ચેનો સંબંધ જુદી જુદી કક્ષાનો હોય છે. તદ્દન સ્વતંત્ર વ્યક્તિત્વ ધરાવતા ઘટકોથી માંડીને ખાસ પૃથક્કરણથી જુદા પાડીએ તો જ પડે એવા ઘટકો સુધીની સંબંધની કક્ષાઓ જોઈ શકાય છે. એટલે દ્વિરુક્તિના વર્ગીકરણની કોઈ પણ શાસ્ત્રીય યોજના આ હકીકતો ઉપર લક્ષ્ય કેન્દ્રિત કરીને જ યોજાવી જોઈએ તે દેખીતું છે.

પ્રસ્તુત અધ્યયન શબ્દની કક્ષાએ રહેલી દ્વિરુક્તિ પૂરતું જ મર્યાદિત હોવાથી વાક્યગત દ્વિરુક્ત પ્રયોગો અને તેમનાં પ્રકારો અને સ્વરૂપ આપોઆપ વિચારણાની બહાર રહે છે. કત્રેના વર્ગીકરણનો બીજો પ્રકાર એટલે કે આમ્રેડિત પ્રકારના દ્વિરુક્ત પ્રયોગોનો મોટો ભાગ આપણી તપાસની નીચે નહીં લઈ શકાય, પરંતુ કેટલાંક ઉદાહરણોમાં દ્વિરુક્ત ઘટકો કોઈ એક વિશિષ્ટ ધ્વનિથી કે વર્ણથી સંયોજિત થયેલા છે. ઘડતરની દૃષ્ટિએ આ પ્રકારની દ્વિરુક્તિઓ ધ્યાન ખેંચે એવી હોવાથી તેમનો એક અલગ વર્ગ કરી તેમની વ્યવસ્થિત વિચારણા કરી છે. બાકીના આમ્રેડિત કહી શકાય તેવા ગુજરાતી દ્વિરુક્ત પ્રયોગો વિશે ટૂંકાણમાં જુદી માહિતી આપી છે.

આ ઉપરાંત ગુજરાતીમાં એવા થોડા પ્રયોગો મળે છે જેમાં એકાદ વર્ણની દ્વિરુક્તિ હોવાનું વધતેઓછે અંશે જોઈ શકાય છે પણ તેમાં સ્પષ્ટ રીતે તારવી શકાય એવા અને સમકક્ષ બે ઘટકો બતાવી શકાતા નથી, જેમકે 'ખંખેરવું'ના વર્ગના શબ્દો અને 'ખખડવું' વર્ગના શબ્દો. આ પ્રકારને દ્વિરુક્ત કેટલે અંશે ગણવો એ દેખીતું જ ચર્ચાસ્પદ છે. એક રીતે તો દ્વિરુક્ત પ્રયોગોમાં આ જાતના શબ્દો કાંઠેના (Marginal) છે. તેવા શબ્દો પ્રવાહપતિત નહીં પરંતુ તટસ્થ જેવા છે. એમના વિશે પણ અલગ રીતે આગળ ચર્ચા કરી છે. તેમનો કોશ પરિશિષ્ટ ૧માં આપ્યો છે.

ગુજરાતી ભાષાના આ બે પ્રકારોને બાદ કરતાં, અન્યત્ર દ્વિરુક્તિ દ્વારા શું સધાય છે, દ્વિરુક્તિનું શું કાર્ય છે એ લક્ષ્યમાં લઈને દ્વિરુક્ત પ્રયોગોનું વર્ગીકરણ કરવું જોઈએ. દ્વિરુક્તિ દ્વારા કાં તો વીપ્સા કે પ્રત્યેકતાનો અર્થ સધાય છે, કાં તો આભીક્ષ્ણ્ય સધાય છે, કાં તો રવાનુકરણ વ્યક્ત થાય છે અથવા તો પ્રાસરચના અને તે દ્વારા કેટલીક વાર સમૂહભાવની અભિવ્યક્તિ સધાય છે. આ હેતુને અનુલક્ષીને દ્વિરુક્ત પ્રયોગોનું વર્ગીકરણ કરવું આવશ્યક અને ઇષ્ટ છે. કત્રેની યોજનામાં પણ આ જ ધોરણ મોટે ભાગે અનુસ્યૂત છે.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

આટલી વિચારણાને લક્ષ્યમાં રાખી દ્વિરુક્ત પ્રયોગોનું નીચે પ્રમાણે વર્ગીકરણ સ્વીકાર્યું છે.

**(૧) વીપ્સાવાચક કે આવર્તનવાચક દ્વિરુક્ત પ્રયોગો**

(ક) સંયોજક વિનાના દ્વિરુક્ત પ્રયોગો
(૧) મૂળ ઘટકની અવિકલ દ્વિરુક્તિવાળા – આપઆપમાં.
(૨) જેમાં મૂળ ઘટકનો અંતિમ અંશ લુપ્ત થયો છે તેવા – એટએટલું.

(ખ) સંયોજકવાળા દ્વિરુક્ત પ્રયોગો
(૧) આ–સંયોજકવાળા (૨) એ–સંયોજકવાળા
(૩) ઓ–સંયોજકવાળા (૪) અનુસ્વાર–સંયોજકવાળા

**(૨) રવાનુકારી દ્વિરુક્ત પ્રયોગો**

(ક) ઘટકના અવિકલ આવર્તનવાળા દ્વિરુક્ત પ્રયોગો
(૧) સંયોજક વિનાના – ખટખટ, ગડગડ.
(૨) સંયોજકવાળા – તડાતડી, તડોતડ.

(ખ) ઘટકના આંશિક પરિવર્તનવાળા – ખળભળ.

**(૩) પ્રાસસાધક દ્વિરુક્ત પ્રયોગો**

(ક) જેમાં બંને ઘટકો પ્રચલિત કે સાર્થ હોય તેવા દ્વિરુક્ત પ્રયોગો – બળ્યુંજળ્યું, રહ્યુંસહ્યું.

(ખ) જેનો એક ઘટક પ્રચલિત કે સાર્થ છે અને બીજો ઘટક પ્રતિધ્વન્યાત્મક છે તેવા દ્વિરુક્ત પ્રયોગો.

(૧) પાછલો ઘટક પ્રતિધ્વન્યાત્મક
(અ) આદ્ય વ્યંજનને સ્થાને બકારવાળા – ઘરબર.
(આ) આદ્યાક્ષરના સ્વરના પરિવર્તનથી સધાયેલા
(૧) સંયોજક વિનાના – કાપકૂપ.
(૨) સંયોજકવાળા – ડાઘાડૂઘી.
(ઇ) સંપૂર્ણ આદ્યાક્ષરના પરિવર્તનવાળા – વાસણકૂસણ.

(૨) આગલો ઘટક પ્રતિધ્વન્યાત્મક
(અ) સંયોજક વિનાના – આડોશીપાડોશી.
(આ) સંયોજક સાથે – અદ્લાબદ્લી.

આ પ્રમાણે ગુજરાતી દ્વિરુક્ત પ્રયોગોને મુખ્ય ત્રણ વર્ગમાં વિભાજિત કરી શકાય તેમ છે. આ પછીના બીજા વિભાગમાં પ્રકરણવાર ગુજરાતીના દ્વિરુક્ત પ્રયોગોના એક એક પ્રકારની ચર્ચા કરવામાં આવી છે અને સાથેસાથ વર્ગીકરણ પ્રમાણે દ્વિરુક્ત પ્રયોગોનો કોશ પણ આપવામાં આવ્યો છે.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

# વિભાગ–૨

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

વિભાગ ૨

## પ્રકરણ ૯

# વીપ્સાવાચક કે આવર્તનવાચક દ્વિરુક્ત પ્રયોગો

ગુજરાતીના દ્વિરુક્ત પ્રયોગોનો પ્રથમ વર્ગ એ વીપ્સાવાચક કે આવર્તનવાચક પ્રયોગો છે. આ મુખ્ય વર્ગના નીચે પ્રમાણે આપણે પ્રભેદો પાડી શકીએ :

(ક) સંયોજક વિનાના દ્વિરુક્ત પ્રયોગો

(૧) મૂળ ઘટકની અવિકલ દ્વિરુક્તિવાળા પ્રયોગો

(૨) જેમાં મૂળ ઘટકનો અંતિમ અંશ લુપ્ત થયો છે તેવા પ્રયોગો.

(ખ) સંયોજકવાળા દ્વિરુક્ત પ્રયોગો

(૧) "આ" – સંયોજકવાળા પ્રયોગો

(૨) "એ" – સંયોજકવાળા પ્રયોગો

(૩) "ઓ" – સંયોજકવાળા પ્રયોગો

(૪) અનુસ્વાર સંયોજકવાળા પ્રયોગો.

આ વર્ગમાં મૂળ તો સંસ્કૃતમાં જેને આમ્રેડિત રચના કહે છે તેવી રચના જોવા મળે છે. પરંતુ આપણો આ અભ્યાસ વ્યાકરણમૂલક નથી તેથી તેવી વ્યવસ્થિત રચનાઓ આપણા આ અધ્યયનમાં આવતી નથી.

વાક્યની કક્ષાએ અનેક પરિસ્થિતિમાં અનેક શબ્દો દ્વિરુક્ત થતા હોય છે. આખું રૂપ તેમ જ એક કરતાં વધારે શબ્દોનો બનેલો શબ્દગુચ્છ પણ દ્વિરુક્ત થતો હોય છે. કેટલીક વાર આખાં ટૂંકાં વાક્યો પણ બે કે વધારે વાર બોલાતાં હોય છે. આ વાત સ્પષ્ટ થાય તે માટે થોડાં ઉદાહરણો આ પ્રમાણે આપી શકાય. પહેલાં વ્યાકરણગત વર્ગ (Grammatical Category) પ્રમાણે કેટલાક પ્રયોગો અને પછી કેટલાક વિશિષ્ટ દ્વિરુક્ત પ્રયોગો નીચે આપ્યા છે :

**નામ :**

| | | | |
|---|---|---|---|
| ઘરઘર, | ગામગામ, | દિવસેદિવસે, | રાતેરાતે, |
| ઘેરઘેરે, | ઘરમાં ને ઘરમાં, | વાતમાં ને વાતમાં, | ઉતાવળમાં ને ઉતાવળમાં, |
| વર્ષેવર્ષે. | | | |

**વિશેષણ :**

| | | | |
|---|---|---|---|
| લાલલાલ, | ખાટુંખાટું, | ઊજળુંઊજળું, | ભારેભારે, |
| હલકુંહલકું, | એકએક, | બબ્બે, | પાંચપાંચ, |

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

સોસો, જેવુંજેવું, તેવુંતેવું, આવુંઆવું,
ઊભોઊભો, બેઠોબેઠો.

**સર્વનામ :**

સૌ સૌ, જે જે, તે તે.

**ક્રિયાવિશેષણ આદિ :**

આગળ આગળ, પાછળ પાછળ, ઉપર ઉપર, નીચે ને નીચે,
પાછળપાછળ – પાછળ ને પાછળ, પાસે ને પાસે, સામે સામે,
જેમ જેમ, તેમ તેમ, જ્યારે જ્યારે, ત્યારે ત્યારે,
જ્યાં જ્યાં.

**કૃદન્ત :**

જોતાં જોતાં, પડતાં પડતાં, દોડતાં દોડતાં, જાગતાં જાગતાં,
પડ્યો પડ્યો, દોડ્યો દોડ્યો, બેઠો બેઠો, ભાગ્યો ભાગ્યો,
દળી દળીને, ખાઈ ખાઈને, વાંચી વાંચીને, બોલવે બોલવે,
લખવે લખવે.

**ક્રિયાપદ :**

ઘૂમે ઘૂમે, આવે આવે, આવશે આવશે, લેશું લેશું,
જા જા, બોલ બોલ, આવજો આવજો.

**પ્રયોગો :**

સૂડી સૂડીને ઠેકાણે રહી, પાણી પાણીને ઠેકાણે રહ્યું, જમણ જમણને ઠેકાણે રહ્યું,
ખાઉં ખાઉં કરતો, માર માર કરતો, આવું છું આવું છું કરતો,
નહીં કરું નહીં કરું કરતો વગેરે.

આ પ્રમાણે શબ્દગુચ્છ તેમ જ શબ્દગુચ્છની કક્ષાએ દ્વિરુક્તિ વ્યાકરણની પ્રક્રિયા રૂપે થાય છે. દ્વિરુક્ત થઈને રૂઢ બનેલા પ્રયોગો પણ ભાષામાં પ્રયુક્ત થતા જોવા મળે છે. આવી રચનાઓ આપણા અભ્યાસની બહાર છે. પરંતુ શબ્દકક્ષાએ વીપ્સાસૂચક કે આવર્તનસૂચક દ્વિરુક્ત પ્રયોગો અહીં એકત્રિત કર્યા છે.

આ પ્રકારના શબ્દઘડતરમાં એક મૂળ ઘટક દ્વિરુક્ત થાય છે. ક્યારેક કશા પણ પરિવર્તન વગર દ્વિરુક્તિ સધાતી હોય છે અને ક્યારેક ઘટક તો દ્વિરુક્ત થતો હોય છે પરંતુ તેમની વચ્ચે સંયોજન આવતું હોય છે. આ પ્રકારની અંદર વીપ્સા અથવા આવર્તન સૂચવાતું હોય છે તેથી આપણે તેનું નામ એ પ્રમાણે આપી શકીએ. વીપ્સાનો અર્થ પ્રત્યેકતા થાય છે. વીપ્સાથી Distributive Senseનો બોધ થાય છે. તેમાં અનેક વસ્તુ કે પદાર્થના સમૂહમાંથી દરેક વસ્તુ કે પદાર્થના વ્યક્તિત્વ ઉપર ભાર મૂકવાનો આશય છે, જેમકે ઘરઘર, માણસમાણસ. અહીં પ્રત્યેક ઘરનો ભાવ છે. તે જ પ્રમાણે માણસમાં દરેક માણસ એવા અર્થનો બોધ થાય છે.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

આવર્તનવાચકમાં ( Frequentatives ) એકના એક ભાવનું આવર્તન, સાતત્ય અને પરંપરા સૂચવવામાં આવે છે. કોઈ ક્રિયા એમ ને એમ ચાલતી હોય તો દ્વિરુક્તિ દ્વારા એ ક્રિયાના ભાવનું સાતત્ય અને પરંપરા દર્શાવી શકાય છે, જેમકે વાંચવાંચ, દોડદોડ, બેસબેસ વગેરે. સંસ્કૃત વ્યાકરણની પરિભાષા પ્રમાણે ક્રિયામાં આવતા પૌનઃપુન્ય કે આવર્તનને આભીક્ષ્ણ્ય કહેવામાં આવે છે.

આમ વીપ્સા સામાન્યતઃ નામિક રૂપોમાં આવે છે અને આવર્તન આખ્યાતિક રૂપોમાં આવે છે. આ વિભાગમાં લીધેલા શબ્દપ્રયોગો વીપ્સા અથવા આવર્તન સૂચવે છે અને ઉપર કહ્યું તે પ્રમાણે બે રીતે દ્વિરુક્ત થાય છે.

એકનો એક ઘટક દ્વિરુક્ત થાય છે એવા પ્રયોગો આ પ્રકરણને અંતે (ક)૧ અને (ક)૨ શીર્ષક નીચે આપ્યા છે. આમ તો આ પ્રયોગ ઘણો જ વ્યાપક છે અને દરેક શબ્દને દ્વિરુક્ત કરી વીપ્સા અથવા આવર્તન સૂચવી શકાય છે. અને આવા આ વ્યાપક વલણને લીધે સધાયેલા શબ્દો શબ્દકોશે નોંધ્યા નથી. જ્યારે એ એક અભિવ્યક્તિની પદ્ધતિ તરીકે જ પ્રયુક્ત થતા હોય ત્યારે કોશની અંદર એની નોંધ ન હોય તે દેખીતું જ છે. આમ છતાં કમકમવું, એકએક, ચકરચકર જેવા શબ્દનું સ્વરૂપ જેમને મળ્યું છે તેવા પ્રયોગો અહીં (ક)૧ શીર્ષક નીચે વર્ણાનુક્રમમાં નોંધ્યા છે. તેમની કુલ સંખ્યા ૫૭ છે. એમાં પણ મૂળ અર્થ તો વીપ્સા કે આવર્તનનો જ જણાઈ આવે છે. (ક)૨ શીર્ષક નીચે જે પ્રયોગો આપ્યા છે તે વસ્તુતઃ તો (ક)૧નું વધુ રૂઢ અને ઘસાયેલું જ સ્વરૂપ છે. અત્યંત પ્રસારથી ઘટકનો અંતિમ અંશ લુપ્ત થયો છે. જેમકે આટલુંઆટલું–આટઆટલું, એટલુંએટલું–એટએટલું, આપણુંઆપણું–આપઆપણું–વગેરે. આમ છતાં આ પ્રકારનું ઘડતર અહીં નોંધેલા પ્રયોગો પૂરતું જ મર્યાદિત છે. આ વલણ વ્યાપક પ્રમાણમાં મળતું નથી. આ ઘડતર દ્વારા પણ વીપ્સા કે આવર્તનનો જ અર્થ અભિપ્રેત છે અને ક્યારેક અતિશયતા કે અવધારણ (ભાર)નું સૂચન થાય છે. આવા પ્રયોગોની સંખ્યા ૨૨ ની છે.

(ખ)૧, (ખ)૨, (ખ)૩, (ખ)૪ શીર્ષક નીચે આપેલા પ્રયોગોનું તેના સંયોજકને લક્ષ્યમાં રાખીને વર્ગીકરણ કરવામાં આવ્યું છે. "આ"–સંયોજકવાળા પ્રયોગો મોટે ભાગે ક્રિયાપદમાંથી બનાવવામાં આવ્યા છે. અકડાઅકડી, ઊડાઊડ, કાપાકાપ, ખેંચાખેંચ વગેરે સ્ત્રીલિંગ છે અને ક્યારેક તેમને સ્ત્રીલિંગનો "ઈ" પ્રત્યય લાગે છે. ઘણા પ્રયોગોમાં એવાં બંને રૂપો પણ પ્રચલિત છે. જેમકે ઊડાઊડ – ઊડાઊડી, કાપાકાપ – કાપાકાપી. આ વર્ગમાં આવતા મોટા ભાગના પ્રયોગો ક્રિયાવાચક છે. અલબત્ત ઓળાઓળ, ગરમાગરમ, ગાળાગાળ, વરણાવરણી જેવા વિશેષણવાચક કે નામવાચક પ્રયોગો મળે છે. પરંતુ પ્રાધાન્ય તો ક્રિયાવાચક શબ્દોનું છે. વિશેષણવાચક કે નામવાચક ઘટક હોવા છતાં પણ ધ્યાન ખેંચે એવી હકીકત એ છે કે એમાં પણ આવર્તન–આભીક્ષ્ણ્યનો જ ભાવ અભિપ્રેત છે. વીપ્સાનો નહીં જ. તેથી "આ" – સંયોજકવાળા પ્રયોગો આવર્તનવાચક જ છે. આવા પ્રયોગોની સંખ્યા ૧૩૧ છે.

"આ" – સંયોજકનું મૂળ આપણને ઠેઠ સંસ્કૃતમાં સમાસોની રચનામાં જોવા મળે છે. જેમકે : " દંડાદંડિ, રથારથિ, કેશાકેશિ, હસ્તાહસ્તિ, નખાનખિ, મુષ્ટામુષ્ટિ, કચાકચિ. " આમ તો આ બધાં યુદ્ધનાં વિશેષણો છે. આ ઉપરાંત વિરોધમૂલક પદોના દ્વન્દ્વસમાસમાં પણ વચ્ચે "આ" આવે છે. જેમકે " ચલાચલ, ચરાચર, ગમનાગમન, બલાબલ " વગેરે. આમ તો ચલ + અચલ એમ સંધિ થઈને નિયમ પ્રમાણે જ "આ" થયો છે. અર્થદૃષ્ટિએ પણ ભિન્નતા છે. પરંતુ બંને ઘટકોનો સ્પષ્ટ અર્થ ન

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

સમજનારને "આ" સંયોજક જ લાગે અને આવા સાદૃશ્યથી પાલિ–પ્રાકૃતમાં "આ" સંયોજકનો ઉપયોગ વધ્યો. જેમકે પાલિમાં " કિચ્ચાકિચ્ચ, ખંડાખંડ, ગમનાગમન, ફલાફલ " અને પ્રાકૃતમાં "ખંડાખંડિ, ધુક્કાધુક્ક."[1] આ ઉપરથી સ્પષ્ટ છે કે આ પ્રકારનો વારસો ગુજરાતી ભાષાને મળ્યો છે. આ પ્રકારની રચના દૈનંદિન ક્રિયાઓનું સાતત્ય દર્શાવવા લગભગ રૂઢ સ્વરૂપમાં જોવા મળે છે. આમ તો એકંદરે આ પ્રકાર ફળદ્રુપ કહી શકાય. કોઈ પણ ક્રિયામાં સાતત્ય દર્શાવવું હોય તો આવી રીતે ઘડતર કરી શકાય. જેમકે લખાલખ, બોલાબોલ, વાંચાવાંચ, સૂતાસૂત, ભસાભસ વગેરે. પરંતુ અત્યંત ભાવમૂલક અને સૂક્ષ્મ ક્રિયાઓ કે જેમનું અસ્તિત્વ જ ક્ષણ કે થોડા સમય પૂરતું જ હોય તેના સંદર્ભમાં આવી રચના અપરિચિત કે અસ્વાભાવિક લાગે છે.

(ખ)૨ શીર્ષક નીચે મૂકેલા પ્રયોગોમાં "એ" સંયોજક તરીકે આવે છે. આ પ્રકાર આમ તો બહુ વ્યાપક નથી પરંતુ સ્થળવાચક પ્રયોગોના સંદર્ભમાં વ્યાપક કહી શકાય. જેમકે ગામેગામ, ઘરેઘર, વનેવન, શેરીએશેરી, ખૂણેખૂણો, ખાંચેખાંચો વગેરે. આવા કુલ ૨૯ પ્રયોગો છે. આમાં વીપ્સા તો છે જ પરંતુ વીપ્સાની અર્થચ્છાયા વિસ્તૃત બનાવવી પડશે. જેમકે ઘરેઘર એટલે " દરેક ઘરે " એ સાચું પણ " એક ઘરેથી બીજે ઘરે ", ખૂણેખૂણો એટલે " એક ખૂણેથી બીજે ખૂણે " એવી પણ અર્થની છાયા પ્રાપ્ત થાય છે. પ્રત્યેકતા અને સાતત્ય એ બંનેનું આછું સંમિશ્રણ પણ ક્યારેક જોવા મળે છે. આ પ્રકારના ઘડતરનાં મૂળ આપણને સંસ્કૃતમાં તેમ જ પાલિ–પ્રાકૃતમાં મળતાં નથી. વળી ગુજરાતી ભાષામાં પણ આવા પ્રયોગો પણ સંખ્યાની દૃષ્ટિએ ઓછા છે. વળી આવી રચના માત્ર સ્થળવાચક નામ પૂરતી જ મર્યાદિત છે. દ્વિરુક્તિની આ પ્રકારની રચના આપણને પ્રાચીન ભારતીય–આર્ય અને મધ્ય ભારતીય–આર્યમાં મળતી નથી. આ પ્રયોગ નવ્ય ભારતીય–આર્યમાં પ્રચલિત થયો છે. ગુજરાતી સિવાયની અન્ય નવ્ય ભારતીય–આર્ય ભાષાઓમાં પણ આ પ્રયોગ અત્યારે પ્રચલિત છે. જેમકે મરાઠીમાં " આપેઆપ, કોણેકોણ, નિમેનિમ, લગેલગ " વગેરે. આ સંયોજક "એ"નું મૂળ અપભ્રંશના તૃતીયા–સપ્તમીના "અઈ"માં છે.

(ખ)૩ના વર્ગમાં આપણને " ઓ "– સંયોજકવાળા દ્વિરુક્ત પ્રયોગો પ્રાપ્ત થાય છે. અંગોઅંગ, વનોવન, ગામોગામ જેવા આ પ્રકારમાં પણ વીપ્સા અથવા આવર્તન–આભીક્ષ્ણ્ય સૂચવવામાં આવે છે. પરન્તુ તેના બંને ઘટક વચ્ચે આછો અપાદાનનો સંબંધ રહેલો છે, જેમકે વનોવન – એક વનથી બીજે વન, કાનોકાન – એક કાનથી બીજે કાન. અપભ્રંશમાં " ગામહુ ગામ " જેવા પ્રયોગો ઉપરથી ગુજરાતીએ " ઓ " સ્વર જાળવી રાખ્યો છે અને એમ તૈયાર મળેલાં રૂપોના સાદૃશ્યથી રાતોરાત, અરધોઅરધ, ભારોભાર જેવાં રૂપો બન્યાં હોય. આવાં રૂપોમાં ઘણીવાર " બરાબર " એવો અર્થ કે ભાર દર્શાવવાનો આશય હોય છે. જેમકે રાતોરાત એટલે " રાતમાં જ ", ભારોભાર એટલે " બરાબર ભાર જેટલું જ ", અરધોઅરધ એટલે " બરાબર અરધું ". આમ ભાર અથવા પ્રમાણનો ભાવ પણ આ " ઓ " સંયોજનથી અપેક્ષિત છે. આ પ્રકાર બહુ વ્યાપક નથી અને અમુક પ્રયોગો પૂરતો જ મર્યાદિત છે. આ વર્ગમાં કુલ ૫૫ પ્રયોગો મળે છે. આ બધા પ્રયોગો મોટે ભાગે અવ્યય તરીકે પ્રયુક્ત થાય છે. ક્વચિત્ વિશેષણ તરીકે પ્રયુક્ત થાય છે.

---

૧. " Reduplicatives in Indo-Aryan" by S. M. Katre, Bulletin of Deccan College Research Institute, Poona. Vol. I, 1939–40. P. 64:

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

આ વલણ પણ નવ્ય ભારતીય–આર્યમાં જ શરૂ થયું છે અને ગુજરાતી તેમજ મરાઠીમાં તે થોડેઘણે અંશે વ્યાપક છે. જેમકે,—

મરાઠીમાં "આંખોઆંખ, અરધોઅરધ, ખડોખડ, ટંકોટંક, લગોલગ, સાલોસાલ", હિંદીમાં "આધોઆધ" વગેરે.

(ખ) ૪માં અનુસ્વાર સંયોજકવાળા દ્વિરુક્ત પ્રયોગો આપેલા છે. આ વર્ગમાં કુલ ૪૪ની સંખ્યા છે. આ વર્ગમાં મોટા ભાગનાં ક્રિયામૂલક રૂપો છે. જેમકે કૂદંકૂદા, ખેચંખેચા, તાણુંતાણુ, ફાટંફાટ, મારંમારા, શોધંશોધા વગેરે અને મૂળ તો આ ક્રિયામૂલક રચના હોઈ આવા પ્રયોગોની વ્યાકરણસંજ્ઞા પણ સ્ત્રીલિંગ છે અને આ પ્રકારના ઘડતર દ્વારા એની એ જ ક્રિયાનું વારંવાર આવર્તન, આભીક્ષ્ણ્ય કે સાતત્ય દર્શાવવામાં આવે છે. અલબત્ત, ખુલ્લંખુલ્લા, ગાળંગાળા, ધક્કંધક્કા જેવા પ્રયોગોમાં ક્રિયા-વાચક ઘટક ન હોવા છતાં ક્રિયાવિશેષણ અવ્યય તરીકે કાર્ય કરી અંતે તો ક્રિયામાં રહેલા આવર્તન–સાતત્ય–ઉગ્રતાની જ વિશેષતા દર્શાવે છે.

આવા અનુસ્વાર સંયોજકવાળા પ્રયોગોનું મૂળ આપણને પાલિ–પ્રાકૃતમાં મળે છે ખરું, જેમકે–

પાલિમાં "કયાંકથાં–થિ, અગ્ગંઅગ્ગ, અંગંઅગ, અણ્ણંઅણ્ણ, કોલંકોલ[૨]"

તેમજ પ્રાકૃતમાં "અણ્ણંઅણ્ણ, એકકંએકક, કલંકલ, ખુલંખુલા" વગેરે[૨].

આવા થોડા નમૂનાઓ ઉપરથી આ વલણ નવ્ય ભારતીય–આર્યમાં વિકસ્યું છે. આમ છતાં અન્ય દ્વિરુક્ત પ્રકારોની અપેક્ષાએ આ બહુ વ્યાપક પ્રકાર નથી અને રોજિંદા જીવનની સામાન્ય ક્રિયાઓના વિષયમાં તીવ્રતા, ઉગ્રતા કે સાતત્ય દર્શાવવા માટે આ પ્રયોગ પ્રયુક્ત થાય છે.

આ પ્રમાણે અહીં વીપ્સાવાચક કે આવર્તનવાચક દ્વિરુક્ત પ્રયોગોના પ્રભેદની ચર્ચા કરી, તેમના પ્રભેદ પ્રમાણે એવા પ્રયોગોનો વર્ગીકૃત કોશ અહીં આપવામાં આવ્યો છે. આ શબ્દો "ગુજરાતી સાર્થ જોડણી–કોશ"માંથી લીધા છે. પરંતુ કોશમાં ન હોય તેવા પણ પ્રચલિત શબ્દોને નોંધ્યા છે અને *કોશમાં નથી એમ સ્પષ્ટતા કરી છે. અહીં મૂળ શબ્દ, તેની વ્યાકરણની સંજ્ઞા, અર્થ અને કોશે આપી* હોય તો વ્યુત્પત્તિ એમ ક્રમ રાખ્યો છે.

૨. એ જ લેખ. પૃ. ૬૩.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

# વીપ્સાવાચક કે આવર્તનવાચક દ્વિરુક્ત પ્રયોગો

## (ક)

## સંયોજક વિનાના દ્વિરુક્ત પ્રયોગો

### (ક)૧

### મૂળ ઘટકની અવિકલ દ્વિરુક્તિ

| | | |
|---|---|---|
| ૧ | આપઆપમાં | (અ.) અંદરોઅંદર, માંહોમાંહે (સં. "આત્મન્". પ્રા. "અપ્પ") |
| ૨ | આપસઆપસમાં | (અ.) આપઆપમાં, પોતપોતામાં, માંહોમાંહે (હિં. "આપસ") |
| ૩ | એકએક | (વિ.) (૧) એકી સાથે એક (૨) એક પછી એક : ક્રમિક |
| ૪ | (૧) એંચએંચા | (સ્ત્રી.) (૧) ખેંચાખેંચ (૨) ફેંકફેંકા (લખોટીઓની) (૩) હુંસાતુંસી |
| | (૨) એંચાએંચી | (સ્ત્રી.) જુઓ એંચએંચા |
| ૫ | (૧) કટકટ | (સ્ત્રી.) (૧) મારામારી, ઝપાઝપી (૨) જીવલેણ દુશ્મનાવટ (૩) તીવ્ર હરીફાઈ |
| | (૨) કટકટી | (સ્ત્રી.) (૧) જુઓ કટકટ (૨) અણીનો બારીક સમય, કટાકટી |
| ૬ | (૧) કમકમવું | (અ.ક્રિ.) ધ્રૂજવું, કંપારી ખાવી |
| | (૨) કમકમાટ | (સ્ત્રી.) (૧) કમકમવું તે, કમકમી (૨) ત્રાસ (૩) જુગુપ્સા |
| | (૩) કમકમાટી | (સ્ત્રી.) જુઓ કમકમાટ |
| | (૪) કમકમાં | (ન.બ.વ.) ધ્રુજારી, કંપારી |
| | (૫) કમકમી | (સ્ત્રી.) (૧) કંપારી (૨) સૂગ |
| ૭ | કરકર | (સ્ત્રી.) (૧) ઝીણી કાંકરી (૨) દ્વેષ, ખાર (સં. "કર્કર") |
| ૮ | કલાંકલાં | (અ.) સંપૂર્ણ ખોલેલું હોય એમ |
| ૯ | કળેકળે | (અ.) યુક્તિ પ્રયુક્તિથી, સમજાવટથી |
| ૧૦ | કુલકુલાં | (વિ.) (૧) કુલ અખત્યાર ભોગવતું (૨) અંગત, ખાસ (૩) કુલ અખત્યાર સમેત (અરબી-"કુલ્લ") |
| ૧૧ | કોરડીકોરડી | (સ્ત્રી.) (સુ.) લગ્ન બાદ દંપતી કે દિયરભાભી એકબીજાને કોરડા મારે છે એ ચાલ કે રમતનો વિધિ |
| ૧૨ | ખેરુંખેરું | (વિ.) (૧) છિન્નભિન્ન થયેલું, વીખરાયેલું (૨) તરત બુઝાઈ જાય તેવું (૩) (લા.) માલ વગરનું |
| ૧૩ | (૧) ગળગળવું | (અ.ક્રિ.) (૧) ગળગળું થવું ("ગળગળું" ઉપરથી) (૨) દદડવું ("ગળવું" ઉપરથી) |
| | (૨) ગળગળિયું | (વિ.) ગળગળતું |
| | (૩) ગળગળું | (વિ.) (૧) પાણીપોચું, ઢીલું (સં."–ગલત્–ગલંત") (૨) (સર. પ્રા. "ગગ્ગર", સં."–ગદ્ગદ") દુઃખથી કે લાગણીથી હૈયું વા કંઠ ભરાઈ જવાથી થાય એવું |

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

| | | |
|---|---|---|
| ૧૪ | ચકરચકર | (અ.) ફરતા ચક્રની માફક ગોળગોળ (સં."–ચક્ર" ઉપરથી) |
| ૧૫ | ચળચળવું | (અ.ક્રિ.) ચળવું, અસ્થિર થવું (સં."–ચલ્" ઉપરથી) |
| ૧૬ | ચૂનચૂની | (સ્ત્રી.) (૧.) ચૂનો (સં."ચૂર્ણ", પ્રા."ચુણ્ણ(-ન)" ઉપરથી) (૨) એક જાતની ખાંડ, બૂરું |
| ૧૭ | જમજમા | (સ્ત્રી.) સ્વરોને જલદી જલદી ઉચ્ચારતાં ઊપજતો અલંકાર (સંગીતમાં) (અરબી "જમઅ"નો દ્વિર્ભાવ, સર. મ.) |
| ૧૮ | જયજય | (પુ.) (૧) જયજયકાર (અ.) (૨) જે જે (કોઈને સામા મળતાં કે છૂટા પડતાં બોલાતો પોકાર) |
| ૧૯ | જરજરિયું | (વિ.) જીર્ણ થઈ ગયેલું, ઘસાઈ ગયેલું ( સં. "–જર્જર" ) |
| ૨૦ | (૧) જળજળવું | (અ.ક્રિ.) (૧) બળવું (૨) બળતરા થવી ( "જળવું" ઉપરથી ) |
| | (૨) જળજળું | (વિ.) આંસુથી ભરાયેલું ( લોચન ) |
| ૨૧ | જેજે | (પું.) (૧) જય જય વંદન (અ.) (૨) વંદનસૂચક ઉદ્‌ગાર ( સં."–જય" ) |
| ૨૨ | જોતજોતામાં | (અ.) ક્ષણમાં, પલકવારમાં |
| ૨૩ | ઝૂમખઝૂમખું | (ન.) અનેક વસ્તુઓનો જથો, લૂમખો ( સર. મ. "ઝુમકા" ) |
| ૨૪ | ઠેરઠેર | (અ.) સ્થળે સ્થળે, જ્યાંત્યાં ("ઠેર", સર.હિં. "ઠૈરના", મ. "ઠેરણેં" ) |
| ૨૫ | ડુબડુબા | (અ.) ડૂબું ડૂબું, ડૂબવાની અણી પર ( "ડૂબવું" ઉપરથી ) |
| ૨૬ | ડુબડૂબી | (સ્ત્રી.) એક પક્ષી |
| ૨૭ | ઢૂંકઢૂંકા | (અ.) પાસે, બહુ પાસે ( સં. "ઢૌક", પ્રા. "ઢુકક" ) |
| ૨૮ | તેવડુંતેવડું | (વિ.) સરખે સરખું |
| ૨૯ | થિરથિરા | (સ્ત્રી.) એક પક્ષી ( સર. હિં. ) |
| ૩૦ | દમદમાટ | (પું.) (૧) દબદબો, ઠાઠમાઠ (અ.) (૨) ઠાઠથી ( સર. મ. ) |
| ૩૧ | દોમદોમ | (અ.) પુષ્કળ, અતિશય |
| ૩૨ | ધનધન | (અ.) (પ.) ધન્ય ધન્ય |
| ૩૩ | ધોમધોમ | (અ.) પુષ્કળ, અતિશય ( કોશમાં નથી. ધોમધોમ સાંભળી ) |
| ૩૪ | પખપખા | (સ્ત્રી.) પક્ષાપક્ષી ( પખ–સં. "–પક્ષ", પ્રા. "પક્ખ", સર. હિં. ) |
| ૩૫ | ફરીફરીને | (અ.) વારંવાર ( ફરી–"ફરવું" ઉપરથી ) |
| ૩૬ | ફાટફાટ | (સ્ત્રી.) જુઓ ફાટંફાટ |
| ૩૭ | બગબગું | (ન.) ભળભાંખળું, મળસકું ( સર. મ. "બઘણેં" = જોવું અથવા મ. "બગેં" = બહાવરાપણું ) |
| ૩૮ | (૧) બળબળ | (સ્ત્રી.) (૧) ચિંતા (૨) દાઝ (૩) ઈર્ષા ( "બળવું" ઉપરથી ) |
| | (૨) બળબળતું | (વિ.) (૧) બાળે–દઝાડે એવું (૨) પીડાતું ( "બળબળવું" ઉપરથી ) |
| | (૩) બળબળવું | (અ.ક્રિ.) સખત દાઝી જવું ( કોશમાં નથી ) |
| ૩૯ | બેળેબેળે | (અ.) મહા મુશ્કેલીએ, પરાણે |
| ૪૦ | ભલુભલું | (વિ.) જુઓ "ભલભલું" |
| ૪૧ | ભલેભલે | (અ.) ઠીક ઠીક, બહુ સારું ( "ભલું" ઉપરથી, સર. હિં. ) |

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

| | | |
|---|---|---|
| ૪૨ | ભાતભાતનું | (વિ.) રંગબેરંગી, તરેહવાર ( ભાત–પ્રા. " ભત્તિ ", સં. " –ભક્તિ ", હિં. " ભાંતિ " ) |
| ૪૩ | માણુમાણુ | (અ.) (૧) માંડમાંડ, જેમતેમ કરીને, પરાણે, (૨) મંદમંદ, ધીરે ધીરે |
| ૪૪ | મારમાર | (ન.) (૧) વારેવારે મારવું તે (અ.) (૨) પુષ્કળ જોરથી (૩) મુશ્કેલીથી ( " મારવું " ઉપરથી ) |
| ૪૫ | માંડમાંડ | (અ.) માણુમાણુ, જેમતેમ કરીને, મહામુશ્કેલીએ ( અપ. " મંડમંડ ", સં. " મર્દ " ) |
| ૪૬ | રખરખડી | (સ્ત્રી.) અશુભ ટાળવા ખાતર બાળકના કપાળમાં ચોપડવા ગામની સીમા ઉપરની લીધેલી રાખ કે ધૂળ |
| ૪૭ | રફતેરફતે | (અ.) ધીરે ધીરે, થોડે થોડે (ફા.) |
| ૪૮ | લચકલચક | (અ.) લચકે ને લચકે, મોટે મોટે કોળિયે, ઉતાવળથી (ખાવું) ( " લચકો " ઉપરથી ) |
| ૪૯ | વહ્યુંવહ્યું | (વિ.) (૧) અહીં તહીં નિષ્ફળ પ્રયત્ન કરતું (૨) બાવરું, ગાભરું ( " વહેવું " ઉપરથી ) |
| ૫૦ | વાવા | (અ.) ( બાળભાષામાં ) સારું, મજેનું (સ્ત્રી.) (૨)ઝભલું ( " વાહવાહ " ઉપરથી ) |
| ૫૧ | વાહવાહ | (સ્ત્રી.) કીર્તિ ( ફા. " વાહ " ) |
| ૫૨ | વાહવાહિયું | (વિ.) વાહવાહ કરાવે એવું |
| ૫૩ | વિધવિધ | (વિ.) બહુ પ્રકારનું, વિવિધ |
| ૫૪ | શમશમવું | (અ.ક્રિ.) (૧) શમશમાકાર થઈ જવું (૨) શાંત થવું ( સં. " –શમ્ " ) |
| ૫૫ | સાફસાફ | (વિ.) (૧) તદ્દન સાફ (૨) ચોખ્ખેચોખ્ખું, સ્પષ્ટ રીતે (૩) ખુલ્લા દિલથી ( અરબી–" સાફ " ) |
| ૫૬ | સિલસિલો | (પું.)(૧) સાંકળ (૨) ક્રમ, પ્રથા, પરંપરા (૩) કુલપરંપરા, વંશાનુક્રમ (અરબી) |
| ૫૭ | હાલહાલ | (વિ.) હાલવું ( " હાલતું " પરથી ) |

---

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

(ક)૨

## જેમાં મૂળ ઘટકનો અંતિમ અંશ લુપ્ત થયો છે તેવા દ્વિરુક્ત પ્રયોગો

| | | |
|---|---|---|
| ૫૮ | આટઆટલું | (વિ.) આટલું આટલું, આટલું બધું ( " આટલું "નું દ્વિત્વ ) |
| ૫૯ | આપઆપણું | (વિ.) પોતપોતાનું |
| ૬૦ | એટએટલું | (વિ.) એટલું એટલું, એટલું બધું |
| ૬૧ | ગુલગુલાંટિયો | (પું.) છોકરાંની એક રમત |
| ૬૨ | છુપછુપામણુ | (સ્ત્રી.) સંતાકૂકડી જેવી એક રમત ( " છુપાવું " ઉપરથી ) |
| ૬૩ | છેલછેલ્લું | (વિ.) છેલ્લામાં છેલ્લું, સૌથી છેલ્લું, છેલવેલ્લું ( " છેલ્લું "નો દ્વિર્ભાવ ) |
| ૬૪ | ઠરઠરાવ | (પું.) પાકો – છેલ્લો ઠરાવ |
| ૬૫ | ઠેકઠેકાણે | (અ.) ઠેકાણે ઠેકાણે, જ્યાંત્યાં ("ઠેકાણુ" ઉપરથી) |
| ૬૬ | તેવતેવડી | (સ્ત્રી.) સરખેસરખી, સરખી વયની (કોશમાં નથી] |
| ૬૭ | નવનવું | (વિ.) અવનવું (સં."–નવ") |
| ૬૮ | નિરનિરાળું | (વિ.) જુદું જુદું, અલગ અલગ (સર. હિં."નિરાલા", મ. "નિરાળા", દ્વિર્ભાવ) |
| ૬૯ | (૧) પાડપડોશ | (પું.) એક જ મહોલ્લાનો કે પાસે પાસેનો વાસ – વસતી |
| | (૨) પાડપડોશી | (પું.) પાડપડોશમાં રહેનાર |
| ૭૦ | (૧) પાડાપાડોશ | (પું.) જુઓ પાડપાડોશ |
| | (૨) પાડાપાડોશી | (પું.) જુઓ પાડપડોશી |
| ૭૧ | (૧) પોતપોતામાં | (અ.) માંહોમાંહે ("પોતે" ઉપરથી) |
| | (૨) પોતપોતે | (અ.) પોતેપોતે, દરેક ("પોતે" ઉપરથી) |
| ૭૨ | ભલભલું | (વિ.) કંઈ કંઈ ભલાઈ કે મોટાઈવાળું કે મહત્ત્વનું, ભારે વજનવક્કરવાળું, ઉદા. ભલભલા કુંવારા ને ખોજાને બે બાયડી (ભલું–પ્રા. "ભલ્લ", સં. " – ભદ્ર") |
| ૭૩ | ભુલભુલામણી | (સ્ત્રી.) ભૂલા પડી જવાય એવી અટપટી રચના ("ભૂલવુ" ઉપરથી, સર. હિં. "ભૂલભૂલૈયાં" ) |
| ૭૪ | મેરમેરાયું | (ન.) દિવાળીમાં છોકરાં ઊંબાડિયા જેવો, હાથમાં ઝાલવાનો ડોયાવાળો દીવો કરે છે તે ("મરુ ઉપરથી) |
| ૭૫ | મેરમેરૈયું | (ન.) જુઓ "મેરમેરાયુ" |
| ૭૬ | લાગલાગટ | (અ.) સતત, ચાલુ, લાગટ (સં." – લગ્") |
| ૭૭ | સતોસતિયું | (વિ.) (૧) ભલીવાર વગરનું, ઠામઠેકાણા વગરનું (૨) બારોબારિયું, કોઈને માથે નહીં એવું ( " સતિયું "ના દ્વિર્ભાવ પરથી ) |
| ૭૮ | સામસામું | (૧) બરાબર સામું (૨) વિરુદ્ધ (૩) સ્પર્ધાવાળું (અ.) (૪) એકબીજાની સામે (૫) હરીફાઈમાં ("સામુ" પરથી) |
| ૭૯ | સામસામે | (અ.) સામસામું, સામાસામી |

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

## (ખ)
## સંયોજકવાળા દ્વિરુક્ત પ્રયોગો
### (ખ)૧
### "આ"-સંયોજકવાળા દ્વિરુક્ત પ્રયોગો

| | | |
|---|---|---|
| ૮૦ | અકડાઅકડી | (સ્ત્રી.) (૧) ચડસાચડસી (૨) કટાકટી |
| ૮૧ | અથડાઅથડી | (સ્ત્રી.) (૧) સામસામેથી કે અહીંથીતહીંથી અથડાવુંટિચાવું તે, (૨) રખડ-પટ્ટી, ટિચામણ (૩) લડાઇ |
| ૮૨ | અડાઅડી | (સ્ત્રી.) (૧) કટોકટીનો સમય (૨) નજીક હોવું તે (૩) એકબીજાને અડવું તે, સ્પર્શાસ્પર્શનો વિવેક ન રહેવો તે (અ.) (૪) જોડાજોડ, બરોબર અડકીને, અડીઅડીને |
| ૮૩ | આણાઆણ | (સ્ત્રી.) ઉપરાઉપરી – બધેથી આણ્યા કરવું તે |
| ૮૪ | આંચકાઆંચકી | (સ્ત્રી.) સામસામું આંચકયા કરવું તે (કોશમાં નથી) |
| ૮૫ | (૧) ઉપરાઉપર | (અ.) એક પછી એક, લાગલાગટ |
| | (૨) ઉપરાઉપરી | (અ.) જુઓ ઉપરાઉપર |
| ૮૬ | (૧) ઉરાઉર | (અ.) (કા.) શ્વાસભેર, પૂરપાટ |
| | (૨) ઉરાઉરી | (સ્ત્રી.) હરીફાઈ |
| ૮૭ | (૧) ઊચલાઊચલ | (સ્ત્રી.) (૧) ઊંચકાઊંચકી (૨) દોડાદોડી (૩) અશાંતિ |
| | (૨) ઊચલાઊચલી | (સ્ત્રી.) જુઓ ઊચલાઊચલ |
| ૮૮ | (૧) ઊડાઊડ | (સ્ત્રી.) (૧) ઉપરાછાપરી ઊડવું તે (૨) દોડાદોડ, ઘણી ઉતાવળ, (૩) અવ્યવસ્થા, અંધાધૂંધી |
| | (૨) ઊડાઊડી | (સ્ત્રી.) જુઓ ઊડાઊડ |
| ૮૯ | ઊભાઊભ | (સ્ત્રી.) (૧) ઊભા ને ઊભા રહેવું તે (૨) બેઠા વિના, નિરાંત વિના, ઊભાં ઊભાં (૩) ઝપાટામાં |
| ૯૦ | ઊંચકાઊંચકી | (સ્ત્રી.) વારંવાર ઊંચકવું તે (સં."ઉચ્ચ",પ્રા."ઉચ્ચ", "ઉંચ")(કોશમાં નથી) |
| ૯૧ | એકાએક | (અ.) ઓચિંતું, એકદમ (હિં., મ. "એકાએકી", ફા. "યકાયક") |
| ૯૨ | એંચાએંચી | (સ્ત્રી.) (૧) ખેચંખેચા (૨) ફેકંફેકા (લખોટીઓની) (૩) હુંસાતુંસી |
| ૯૩ | ઓળાઓળ | (અ.) (૧) હારબંધ (૨) એક પછી એક હારમાં (ઓળ) |
| ૯૪ | (૧) કચડાકચડ | (સ્ત્રી.) કચરાઈ જવાય તેવી સખત ભીડ |
| | (૨) કચડાકચડી | (સ્ત્રી.) જુઓ કચડાકચડ |
| ૯૫ | (૧) કચરાકચર | (સ્ત્રી.) જુઓ કચડાકચડ |
| | (૨) કચરાકચરી | (સ્ત્રી.) જુઓ કચડાકચડ |
| ૯૬ | (૧) કસાકસ | (સ્ત્રી.) રસાકસી, ચડસાચડસી |
| | (૨) કસાકસી | (સ્ત્રી.) જુઓ કસાકસ |

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

| | | |
|---|---|---|
| ૯૭ | (૧) કાપાકાપ | (સ્ત્રી.) એકબીજાને સામસામે કાપી નાંખવું તે, કતલ, ખૂનરેજી (કાપવું – દ્વિત્વ) |
| | (૨) કાપાકાપી | (સ્ત્રી.) જુઓ કાપાકાપ |
| ૯૮ | કૂટાકૂટ | (સ્ત્રી.) (૧) ઠોકાઠોક (૨) મૂએલા પાછળ ખૂબ કૂટવું ("કૂટવું") |
| ૯૯ | (૧) કૂદાકૂદ | (સ્ત્રી.) (૧) વારંવાર કૂદવું તે (૨) (લા.) વલવલાટ (૩) હદથી જ્યાદે ખર્ચવું તે |
| | (૨) કૂદાકૂદી | (સ્ત્રી.) જુઓ કૂદાકૂદ (કોશમાં નથી) |
| ૧૦૦ | કોટાકોટ | (સ્ત્રી.) (૧) કરોડો (અ.) (૨) કોટેકોટે, કોટની ધારે ધારે |
| ૧૦૧ | ખંડાખંડી | (સ્ત્રી.) કચરંકચરા, ભીડાભીડ (સર. પ્રા. "ખંડાખંડિ" : "ખંડવું" પરથી) |
| ૧૦૨ | (૧) ખૂંદાખૂંદ | (સ્ત્રી.) (૧) ગૂંદાગૂંદ, ચગદાચગદી (૨) કૂદાકૂદ, ધમ્માચકડી ("ખૂંદવું" ઉપરથી) |
| | (૨) ખૂંદાખૂંદી | (સ્ત્રી.) જુઓ ખૂંદાખૂંદ (કોશમાં નથી) |
| ૧૦૩ | (૧) ખેંચાખેંચ | (સ્ત્રી.) (૧) તાણાતાણ (૨) આગ્રહ |
| | (૨) ખેંચાખેંચી | (સ્ત્રી.) જુઓ ખેંચાખેંચ |
| ૧૦૪ | ખોદાખોદ | (સ્ત્રી.) (૧) ખોદાવું કે ખોદવું તે, ખોદકામ (૨) પાણીના જોરથી ખોદાયલી જમીન ("ખોદવું" ઉપરથી) |
| ૧૦૫ | (૧) ખોળાખોળ | (સ્ત્રી.) શોધાશોધ |
| | (૨) ખોળાખોળી | (સ્ત્રી.) શોધાશોધી |
| ૧૦૬ | ગડદાગડદી | (સ્ત્રી.) (૧) ગડદાથી મારામારી (૨) ભીડાભીડ (સર. દે. "ગુડદાલિઅ" = (મારીને) પિંડો કરી નાખેલું) |
| ૧૦૭ | (૧) ગપાગપ | (અ.) ગપગપ |
| | (૨) ગપાગપી | (સ્ત્રી.) (૧) ઉપરાઉપરી પડતો મુક્કીનો માર (૨) ("ગપ" ઉપરથી) ગપની પરંપરા |
| ૧૦૮ | ગરમાગરમ | (વિ.) ગરમગરમ, ઊનુંઊનું (ફા. "ગર્મ") |
| ૧૦૯ | (૧) ગાળાગાળ | (સ્ત્રી.) પરસ્પર ગાળો દેવી તે (કોશમાં નથી) |
| | (૨) ગાળાગાળી | (સ્ત્રી.) જુઓ ગાળાગાળ |
| ૧૧૦ | ગુંજાગુંજ | (સ્ત્રી.) ભારે ગુંજારવ |
| ૧૧૧ | ગૂંદાગૂંદી | (સ્ત્રી.) વારંવાર ગૂંદવું તે (કોશમાં નથી) |
| ૧૧૨ | ગોતાગોત | (સ્ત્રી.) ખોળંખોળા |
| ૧૧૩ | ઘચડાઘચડ | (સ્ત્રી.) (૧) ભીડાભીડ, કચડાકચડી (૨) જોરથી હીંચોળવાની ક્રિયા |
| ૧૧૪ | ઘચરડાઘચરડ | (સ્ત્રી.) જુઓ ઘચડાઘચડ |
| ૧૧૫ | (૧) ઘણાઘણ | (સ્ત્રી.) ઘણો સ્નેહ, ગાઢ સંબંધ ("ઘણું" ઉપરથી) |
| | (૨) ઘણાઘણી | (સ્ત્રી.) જુઓ ઘણાઘણ |
| ૧૧૬ | ઘસાઘસ | (સ્ત્રી.) (૧) ખૂબ ઘસવું તે (૨) (લા.) તકરાર, કજિયો ("ઘસવું" ઉપરથી) |

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

| | | |
|---|---|---|
| ૧૧૭ | ઘીસાઘીસ | (સ્ત્રી.) (૧) ઠોકંઠોકા (૨) કજિયો (૩) ધમાચકડી ( " ઘીસવું " પરથી ) |
| ૧૧૮ | (૧) ધૂમાધૂમ | (સ્ત્રી.) હરફર, દોડધામ ( " ધૂમવું " ઉપરથી ) |
| | (૨) ધૂમાધૂમી | (સ્ત્રી.) જુઓ ધૂમાધૂમ |
| ૧૧૯ | ધૂરકાધૂરકી | (સ્ત્રી.) સામસામે ધૂરકવું તે ( દે. " ધુરુકક " ) |
| ૧૨૦ | (૧) ઘોળાઘોળ | (સ્ત્રી.) (૧) ખૂબ ઘોળવું તે (૨) (લા.) મનમાં વિચાર ઘોળાયા કરવો તે, મનની અનિશ્ચિત સ્થિતિ |
| | (૨) ઘોળાઘોળી | (સ્ત્રી.) જુઓ ઘોળાઘોળ |
| ૧૨૧ | (૧) ઘોંકાઘોંક | (સ્ત્રી.) વારંવાર ઘોંકવું તે ( " ઘોંકવું " ઉપરથી ) ( કોશમાં નથી ) |
| | (૨) ઘોંકાઘોંકી | (સ્ત્રી.) જુઓ ઘોંકાઘોંક ( કોશમાં નથી ) |
| ૧૨૨ | ઘોંચાઘોંચ | (સ્ત્રી.) સામસામે ઘોંચવું તે–ગોદા મારવા તે ( કોશમાં નથી ) |
| ૧૨૩ | ચકાચક | (અ.) ભરપટ્ટે, પેટ ભરીને, ખૂબ ( સં. " ચક્ " = પરિતૃપ્ત થવું ) |
| ૧૨૪ | ચડસાચડસી | (સ્ત્રી.) હરીફાઈ |
| ૧૨૫ | ચરસાચરસી | (સ્ત્રી.) હરીફાઈ |
| ૧૨૬ | ચસાચસી | (સ્ત્રી.) ચડસાચડસી, સ્પર્ધા |
| ૧૨૭ | ચાંપાચાંપી | (સ્ત્રી.) વારંવાર દાબવું તે ( " ચાંપવું " ઉપરથી ) |
| ૧૨૮ | ચીપાચીપ | (સ્ત્રી.) વારંવાર ચીપવું તે ( " ચીપવું " ઉપરથી ) |
| ૧૨૯ | (૧) ચુપાચુપ | (અ.) કંઈ પણ અવાજ કર્યા વિના, છાનામાના ( સં. " ચુપ્ " = ચૂપકીથી ચાલવું ) |
| | (૨) ચૂંપાચૂપ | (અ.) જુઓ ચુપાચુપ |
| ૧૩૦ | ચૂંથાચૂંથ | (સ્ત્રી.) ફરી ફરીને ચૂંથવું તે ( " ચૂંથવું " ઉપરથી ) |
| ૧૩૧ | ચેકાચેક | (સ્ત્રી.) ચેરાચેર |
| ૧૩૨ | ચેરાચેર | (સ્ત્રી.) જુઓ ચેરંચેર |
| ૧૩૩ | (૧) ચોરાચોર | (સ્ત્રી.) (૧) ચોરંચોરા, વારંવાર જ્યાં ત્યાં ચોરવું તે (૨) માંહોમાંહે અરસપરસ ચોરી થયા કરવી તે ( " ચોરવું " ઉપરથી ) |
| | (૨) ચોરાચોરી | (સ્ત્રી.) જુઓ ચોરાચોર |
| ૧૩૪ | (૧) ચોળાચોળ | (સ્ત્રી.) વારંવાર ચોળવું–ચૂંથવું તે ( " ચોળવું " ઉપરથી ) |
| | (૨) ચોળાચોળી | (સ્ત્રી.) જુઓ ચોળાચોળ |
| ૧૩૫ | છાનાછાની | (સ્ત્રી.) (૧) છાની વાત, ગુફતેગો (અ.) (૨) છાની રીતે ( " છાનું " ઉપરથી ) |
| ૧૩૬ | છૂપાછૂપ | (અ.) છૂપી રીતે |
| ૧૩૭ | છેકાછેક | (અ.) છેક, તદ્દન ( " છેક " ઉપરથી, છેક – દે. " છેઅ( – ગ ) " = અંત, આંત, પર્યંત ) |
| ૧૩૮ | (૧) છેકાછેક | (સ્ત્રી.) જ્યાં ત્યાં છેકા – લીટા કરવા તે, ચેરાચેર |
| | (૨) છેકાછેકી | (સ્ત્રી.) જુઓ (૧) છેકાછેક |
| ૧૩૯ | છેડાછેડ | (સ્ત્રી.) વારંવાર છેડવું તે, સતામણી ( " છેડવું " ઉપરથી ) |
| ૧૪૦ | છેડાછેડી | (સ્ત્રી.) વરના જામા સાથે વહુની ઘાટડીની ગાંઠ બાંધે છે તે ( " છેડો " ઉપરથી ) |

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

| | | |
|---|---|---|
| ૧૪૧ | જીવાજીવ | (પું.) જીવનો જીવ, જીવનનો આધાર (જીવ + જીવ) |
| ૧૪૨ | જોડાજોડ | (અ.) પાસેપાસે, અડોઅડ (જોડેજોડે) |
| ૧૪૩ | ઝઘડાઝઘડી | (સ્ત્રી.) ખૂબ ઝઘડો |
| ૧૪૪ | ઝડપાઝડપી | (સ્ત્રી.) (૧) લૂંટાલૂંટ, પડાપડી (૨) ઝપાઝપી, મારામારી (ઝડપ – દે. "ઝડપ્પ" = શીઘ્રતા) |
| ૧૪૫ | ઝૂડાઝૂડ | (સ્ત્રી.) વારંવાર ઝૂડવું તે |
| ૧૪૬ | ઝૂમાઝૂમ | (સ્ત્રી.) વારંવાર ઝૂમવું તે (કોશમાં નથી) |
| ૧૪૭ | ઝૂંટાઝૂંટ | (સ્ત્રી.) જુઓ ઝુંટંઝુંટા |
| ૧૪૮ | ઠીકાઠીક | (વિ.) (અ.) જેવુંતેવું, કામચલાઉ, માંડ નભે એવું ("ઠીક"નો દ્વિર્ભાવ) |
| ૧૪૯ | ઠેલાઠેલ | (સ્ત્રી.) જુઓ ઠેલંઠેલ |
| ૧૫૦ | ઠોકાઠોક | (સ્ત્રી.) જુઓ ઠોકંઠોકા |
| ૧૫૧ | (૧) ડુબાડૂબ | (વિ.) (૧) ડુબડુબા થઈ રહેલું (સ્ત્રી.) (૨) વારંવાર ડૂબવું ને બહાર આવવું તે ("ડૂબવું" ઉપરથી) |
| | (૨) ડૂબાડૂબ | (સ્ત્રી.) જુઓ ડુબાડૂબ |
| ૧૫૧–અ | ઢોળાઢોળ | (સ્ત્રી.) વારંવાર ઢોળવું તે (દે. "ઢુલ્" = ઢળવું) (કોશમાં નથી) |
| ૧૫૨ | (૧) તાણાતાણ | (સ્ત્રી.) જુઓ તાણંતાણ |
| | (૨) તાણાતાણી | (સ્ત્રી.) જુઓ તાણંતાણ |
| ૧૫૩ | તેડાતેડ | (સ્ત્રી.) ઉપરાઉપરી – ખૂબ વાર તેડવું તે ("તેડવું" ઉપરથી) |
| ૧૫૪ | થૂંકાથૂંક | (સ્ત્રી.) સામસામે થૂંકવું તે (સં. "થૂત્કૃત", પ્રા. "થુક્ક") (કોશમાં નથી) |
| ૧૫૫ | દંડાદંડી | (સ્ત્રી.) દંડાથી – લાકડીથી થતી મારામારી (કોશમાં નથી) |
| ૧૫૬ | દેખાદેખા | (સ્ત્રી.) (૧) સામાનું જોઈને વાદેવાદ કરવું તે, અનુકરણ (અ.) (૨) જોઈ જોઈને, વાદેવાદ (સર. હિં., મ. "દેખોદેખા") |
| ૧૫૭ | દોટાદોટ | (સ્ત્રી.) દોડાદોડ |
| ૧૫૮ | (૧) દોડાદોડ | (સ્ત્રી.) જુઓ દોડંદોડા |
| | (૨) દોડાદોડી | (સ્ત્રી.) જુઓ દોડંદોડા |
| ૧૫૯ | (૧) ધકાધકી | (સ્ત્રી.) (૧) ધક્કાધક્કી, સામાસામી ધક્કા મારવા તે (૨) ભીડ ("ધક્કો" ઉપરથી) |
| | (૨) ધક્કાધક્કી | (સ્ત્રી.) જુઓ ધકાધકી |
| ૧૬૦ | (૧) ધપાધપ | (સ્ત્રી.) ધપ્પાથી મારામારી (ધપ, ધપ્પો – પરથી) |
| | (૨) ધપાધપી | (સ્ત્રી.) જુઓ ધપાધપ |
| | (૩) ધપ્પાધપ્પી | (સ્ત્રી.) જુઓ ધપાધપ |
| ૧૬૧ | નજરાનજર | (અ.) દેખતાં, આંખ સામે, પ્રત્યક્ષ |
| ૧૬૨ | (૧) નાસાનાસ | (સ્ત્રી.) દોડાદોડ, નાસભાગ |
| | (૨) નાસાનાસી | (સ્ત્રી.) જુઓ નાસાનાસ |
| ૧૬૩ | પકડાપકડી | (સ્ત્રી.) ઉપરાઉપરી ધરપકડ |
| ૧૬૪ | પક્ષાપક્ષી | (સ્ત્રી.) (૧) પક્ષ પડી જવા તે, ભેદભાવની લાગણી (૨) તરફદારી, પક્ષપાત |

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

| | | |
|---|---|---|
| ૧૬૫ | (૧) પડાપડ | (સ્ત્રી.) સ્પર્ધાથી ધસવું તે, ઉપરાઉપરી પડવું તે ("પડવું" ઉપરથી) |
| | (૨) પડાપડી | (સ્ત્રી.) જુઓ પડાપડ |
| ૧૬૬ | પલટાપલટી | (સ્ત્રી.) ફેરફાર, ઉથલપાથલ |
| ૧૬૭ | (૧) પૂછાપૂછ | (સ્ત્રી.) વારંવાર કે અનેક જણને પૂછવું તે ("પૂછવું" ઉપરથી) |
| | (૨) પૂછાપૂછી | (સ્ત્રી.) જુઓ પૂછાપૂછ |
| ૧૬૮ | ફરતાફરતી | (સ્ત્રી.) (વિ.) (અ.) વારાફરતી, બદલાતું |
| ૧૬૯ | ફૂટાફૂટ | (સ્ત્રી.) (૧) ઉપરાઉપરી ફૂટવું તે (૨) કુસંપ (૩) ભંગાણ ("ફૂટવું" ઉપરથી) |
| ૧૭૦ | ફૂંકાફૂંક | (સ્ત્રી.) વારંવાર કે સામસામે ફૂંકવું (ફૂંક – સં. "ફુત્+કૃ", પ્રા. "ફુક્ક") (કોશમાં નથી) |
| ૧૭૧ | ફેરવાફેરવ | (સ્ત્રી.) ઉપરાઉપરી ફેરવવું તે |
| ૧૭૨ | (૧) ફેંકાફેંક | (સ્ત્રી.) જુઓ ફેંકંફેંકા |
| | (૨) ફેંકાફેંકી | (સ્ત્રી.) જુઓ ફેંકંફેંકા |
| ૧૭૩ | બચકાબચકી | (સ્ત્રી.) જુઓ બચકંબચકા |
| ૧૭૪ | (૧) બાઝાબાઝ | (સ્ત્રી.) જુઓ બાઝંબાઝા |
| | (૨) બાઝાબાઝી | (સ્ત્રી.) જુઓ બાઝંબાઝા |
| ૧૭૫ | બૂમાબૂમ | (સ્ત્રી.) ધાંટાધાંટ, બુમરાણ (બૂમ – દે. "બુંબા", સર. મ. "બોંબ, બોમ") |
| ૧૭૬ | (૧) બેઠાબેઠ | (સ્ત્રી.) (૧)રોજગાર વિના બેસી રહેવું તે (૨) નફાખોટ વગરનું હોવું તે (અ.) (૩) બેઠેલું ને બેઠેલું હોય તેમ |
| | (૨) બેઠાબેઠી | (સ્ત્રી.) જુઓ બેઠાબેઠ |
| ૧૭૭ | (૧) બોલાબોલ | (સ્ત્રી.) જુઓ બોલંબોલા |
| | (૨) બોલાબોલી | (સ્ત્રી.) જુઓ બોલંબોલા (કોશમાં નથી) |
| ૧૭૮ | ભચડાભચડી | (સ્ત્રી.) જુઓ ભચડંભચડા |
| ૧૭૯ | ભલાભલી | (સ્ત્રી.) સારાસારી |
| ૧૮૦ | ભલાભલું | (સ્ત્રી.) જુઓ ભલભલું |
| ૧૮૧ | (૧) ભાગાભાગ | (સ્ત્રી.) નાસાનાસ |
| | (૨) ભાગાભાગી | (સ્ત્રી.) નાસાનાસ |
| ૧૮૨ | (૧) ભાંડાભાંડ | (સ્ત્રી.) જુઓ ભાંડંભાંડા |
| | (૨) ભાંડાભાંડી | (સ્ત્રી.) જુઓ ભાંડંભાંડા |
| ૧૮૩ | ભીડાભીડ | (સ્ત્રી.) જુઓ ભીડંભીડા |
| ૧૮૪ | ભીંસાભીંસ | (સ્ત્રી.) બહુ ભીંસાવું તે (કોશમાં નથી) |
| ૧૮૫ | (૧) ભેગાભેગ | (અ.) સાથેસાથ (કોશમાં નથી) |
| | (૨) ભેગાભેગું | (અ.) સાથે સાથે |
| ૧૮૬ | ભેટાભેટી | (સ્ત્રી.) જુઓ ભેટંભેટા |
| ૧૮૭ | (૧) ભેળાભેળ | (અ.) સાથેસાથ (કોશમાં નથી) |
| | (૨) ભેળાભેળું | (વિ.) સાથેસાથ જનારું (કોશમાં નથી) |

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

| | | | |
|---|---|---|---|
| ૧૮૮ | મમતામમતી | (સ્ત્રી.) | ચડસાચડસી (સુ.) |
| ૧૮૯ | (૧) મારામાર | (સ્ત્રી.) | (૧) લડાઈ, ધિંગાણું (૨) તંગી, તાણ |
| | (૨) મારામારી | (સ્ત્રી.) | જુઓ મારામાર |
| ૧૯૦ | માલામાલ | (વિ.) | ભર્યું પૂર્યું, ન્યાલ ( અરબી ) |
| ૧૯૧ | મોડામોડ | (અ.) | વરણાગીમાં મરડાતું હોય એમ ( મોડવું–સં. " મોટય્ ", પ્રા. " મોડ " સર. હિં. " મોડના ", મ. " મોડણેં " ) |
| ૧૯૨ | મોઢામોઢ | (અ.) | (૧) રૂબરૂ, સમક્ષ (૨) એક મોઢેથી બીજે મોઢે એમ |
| ૧૯૩ | રડારડ | (સ્ત્રી.) | ઉપરાઉપરી વા અનેક જણ એકી સાથે રડે તે |
| ૧૯૪ | રેલારેલ | (સ્ત્રી.) | રેલમછેલ ( " રેલ " ઉપરથી ) |
| ૧૯૫ | લખાલખ | (સ્ત્રી.) | જુઓ લખંલખા |
| ૧૯૬ | (૧) લડાલડ | (સ્ત્રી.) | લડાઈ, ટંટો, લડંલડા |
| | (૨) લડાલડી | (સ્ત્રી.) | જુઓ લડાલડ |
| ૧૯૭ | લાડાલાડ | (સ્ત્રી.) | લાડમાં રિસાવું તે |
| ૧૯૮ | (૧) લાફાલાફ | (સ્ત્રી.) | ઉડાઉપણું |
| | (૨) લાફાલાફી | (સ્ત્રી.) | ઉડાઉપણું |
| ૧૯૯ | (૧) લૂટાલૂટ | (સ્ત્રી.) | ઉપરાઉપરી કે અનેક સ્થળે લૂટફાટ મચી રહેવી |
| | (૨) લૂંટાલૂંટ | (સ્ત્રી.) | જુઓ લૂટાલૂટ |
| ૨૦૦ | (૧) વઢાવઢ | (સ્ત્રી.) | સામસામું વઢવું તે |
| | (૨) વઢાવઢી | (સ્ત્રી.) | જુઓ વઢાવઢ |
| ૨૦૧ | વરણાવરણી | (સ્ત્રી.) | ન્યાતજાતના ભેદ, પાર વગરની વરણો–નાતો પેટાનાતો હોવી તે ( " વરણ " ઉપરથી ) |
| ૨૦૨ | વર્ગાવર્ગી | (સ્ત્રી.) | ઉપલા વર્ગના અધિકારી રજા ઉપર જતાં નીચેના વર્ગમાંથી કામચલાઉ નિમણૂંક કરવી તે |
| ૨૦૩ | (૧) વર્ણાવર્ણ | (પું.) | અનેક વર્ણના લોકોનો શંભુમેળો |
| | (૨) વર્ણાવર્ણી | (સ્ત્રી.) | જુઓ વર્ણાવર્ણ |
| ૨૦૪ | વાદાવાદી | (સ્ત્રી.) | વાદવિવાદની ખેંચાખેંચી ( " વાદ " ઉપરથી ) |
| ૨૦૫ | સમણાસમણ | (સ્ત્રી.) | વીંઝાવીંઝ |
| ૨૦૬ | સરસાસરસી | (સ્ત્રી.) | (૧) ચડસાચડસી (અ.) (૨) જોડાજોડ, સાથોસાથ ( " સરસાઈ " ઉપરથી ) |
| ૨૦૭ | સામાસામી | (અ.) | (૧) સામસામે, એકબીજાની સામે (૨) સ્પર્ધામાં ( " સામું " ઉપરથી ) |
| ૨૦૮ | સારાસારી | (સ્ત્રી.) | સારો મેળ કે સંબંધ |
| ૨૦૯ | હારાહાર | (સ્ત્રી.) | હારંહારા, વારંવાર હારવું તે ( " હારવું " ઉપરથી ) |
| ૨૧૦ | હાલાહાલ | (સ્ત્રી.) | જુઓ હાલંહાલા |

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

## (ખ)૨
## એ-સંયોજકવાળા દ્વિરુક્ત પ્રયોગો

૨૧૧ કાનેકાન (અ.) (કા.) (૧) જુદા જુદા કાને થઈને (૨) ખુદ પોતાના કાનથી
૨૧૨ કોરેકોરું (ન.) તદ્દન કોરું
૨૧૩ કોળેકોળ (લઈને) = ખૂબ ખડખડાટ
૨૧૪ ખરેખર (અ.) (૧) સાચે (૨) ખચીત ( " ખરું " પરથી )
૨૧૫ ખુલ્લેખુલ્લું (વિ.) સાવ ખુલ્લું
૨૧૬ ગાભેગાભા (પું.બ.વ.) ડૂચેડૂચા ( ગાભેગાભા ) કાઢી નાખવા = (૧) સખત માર મારવો (૨) આટો કાઢી નાખવો ( સં. " ગર્ભ ", પ્રા. " ગબ્ભ " )
૨૧૭ છડેછડું (વિ.) એકલું, બાળક વિનાનું (કોશમાં નથી )
૨૧૮ જરેજર (અ.) જરા પણ છોડ્યા વગર, બધું જ, રજેરજ ( સર. અરબી "જરા", કે રજેરજ પરથી )
૨૧૯ જૂઠેજૂઠું (વિ.) સાવ જૂઠું, જૂઠાબોલું ( કોશમાં નથી )
૨૨૦ ટંકેટંકે (અ.) એક ટંક પછી બીજે ટંકે ( કોશમાં નથી )
૨૨૧ ટૂંપેટૂંપ (વિ.) સાંધામાંથી રહી ગયેલું, અકડાઈ ગયેલું
૨૨૨ ઠામેઠામ (અ.) દરેક જગ્યાએ, ઠેર ઠેર
૨૨૩ તંતેતંત (અ.) (૧) એક કેડે બીજું એમ, લગાતાર (૨) બરોબર, પૂરેપૂરું (સર. મ. " તંત, તંતોતંત " )
૨૨૪ તૂતેતૂત (ન.) (૧) તૂત પર તૂતની પરંપરા (૨) સાવ તૂત
૨૨૫ દનેદન (અ.) પ્રતિદિન ( દિન + દિન )
૨૨૬ દિશેદિશ (અ.) દરેક દિશામાં
૨૨૭ દેશેદેશ (અ.) (૧) બધા દેશોમાં (૨) સર્વ સ્થળે
૨૨૮ નસેનસ (સ્ત્રી.) તદ્દન (જૂઠું) (૨) આખા શરીરમાં (વ્યાપી જવું) (નસ–દે."ણસાં")
૨૨૯ નીમેનીમ (વિ.) અડધોઅડધ (નીમ–ફા. સર. " નેમ " )
૨૩૦ પૂરેપૂરું (વિ.) સમ્પૂર્ણ
૨૩૧ પોકેપોક (અ.) પોકેપોકે, ખૂબ પોકો પાડીને
૨૩૨ પોટલેપોટલાં (અ.) ખૂબ, પુષ્કળ ( પોટલું–દે. " પોટ્ટલ–પોટ્ટલિગા " )
૨૩૩ બંબેબંબ (વિ.) જૂઠેજૂઠું, અંધેર ( "બંબ" ઉપરથી )
૨૩૪ ભૂકેભૂકા (પું.બ.વ.) ચૂરેચૂરા ( ભૂકી–કો: દે. "બુક્ક" )
૨૩૫ સમેસમું (વિ.) (૧) બરોબર સમું (૨) સીધેસીધું હોય તેવું, યથાર્થ ("સમું"નો દ્વિર્ભાવ)
૨૩૬ સરખેસરખું (વિ.) બરાબરિયું, સમોવડ ( સરખું – સં. "સદૃશ": પ્રા. "સરિક્ખ")
૨૩૭ સાચેસાચું (વિ.) ખરેખરું, સાવ સાચું, સાચમાચ
૨૩૮ સીધેસીધું (વિ.) તદ્દન સીધું ( સીધું–સં. "સિદ્ધ" ઉપરથી, સર. મ.. હિં. "સીધા" )
૨૩૯ હાડેહાડ (અ.) છેક હાડકાં સુધી: હાડકે હાડકે ( " હાડ " ઉપરથી )

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

(ખ)૩

## ઓ - સંયોજકવાળા દ્વિરુક્ત પ્રયોગો

| | | |
|---|---|---|
| ૨૪૦ | અડધોઅડધ | (વિ.) બરાબર અડધું |
| ૨૪૧ | અડોઅડ | (અ.) લગોલગ, અડાઅડી |
| ૨૪૨ | અદ્દલોઅદ્દલ | (અ.) અસલ ( કોશમાં નથી ) |
| ૨૪૩ | અરધોઅરધ | (વિ.) અડધોઅડધ |
| ૨૪૪ | અંકોઅંક | (અ.) પૂરેપૂરું ( કોશમાં નથી ) |
| ૨૪૫ | અંગોઅંગ | (અ.) દરેક અંગમાં |
| ૨૪૬ | આંખોઆંખ | (અ.) પોતાની આંખે, સગી આંખે ( કોશમાં નથી ) |
| ૨૪૭ | કટોકટી | (સ્ત્રી.) અણીનો બારીક સમય, કટાકટી |
| ૨૪૮ | કાનોકાન | (અ.) (૧) એક કાનેથી બીજે કાને (૨) (વાસણના) કાન સુધી |
| ૨૪૯ | ખરોખર | (અ.) (૧) સાચે (૨) ખચીત ( "ખરું" પરથી ) |
| ૨૫૦ | ખંડોખંડ | (અ.) બરાબર ખંડીને-માપીને ( કોશમાં નથી ) |
| ૨૫૧ | ગામોગામ | (અ.) દરેક ગામમાં ( કોશમાં નથી ) |
| ૨૫૨ | (૧) જન્મોજન્મ | (અ.) જુઓ જનમોજનમ |
| | (૨) જનમોજનમ | (અ.) દરેક જન્મે, જન્મોજન્મ ( જનમ-સં. "જન્મન્" ) |
| ૨૫૩ | ઠામોઠામ | (અ.) જુઓ ઠામેઠામ |
| ૨૫૪ | ઠારોઠાર | (અ.) ઠેર ઠેર ( "ઠાર"=ઠામ-ઠેકાણે ઉપરથી ) |
| ૨૫૫ | તરતોતરત | (અ.) જુઓ તુરતોતુરત ( કોશમાં નથી ) |
| ૨૫૬ | તંતોતંત | (અ.) જુઓ તંતેતંત |
| ૨૫૭ | તારોતાર | (અ.) (૧) તાંતણેતાંતણા છૂટા થાય તેમ (૨) (લા.) તદ્દન છિન્નભિન્ન |
| ૨૫૮ | તુરતોતુરત | (અ.) તરતોતરત, તરત જ ( તરત-સં. "ત્વરિતં", પ્રા. "તુરંત" ) |
| ૨૫૯ | થડોથડ | (અ.) અડોઅડ |
| ૨૬૦ | દમોદમ | (અ.) સરસાઈથી, હરીફાઈથી ( "દમ" ઉપરથી ) |
| ૨૬૧ | દિશોદિશ | (અ.) દરેક દિશામાં |
| ૨૬૨ | દેશોદેશ | (અ.) જુઓ દેશેદેશ |
| ૨૬૩ | નજરોનજર | (અ.) જુઓ નજરાનજર |
| ૨૬૪ | પડખોપડખ | (અ.) બાજુ બાજુમાં ( કોશમાં નથી ) |
| ૨૬૫ | પંડોપંડ | (અ.) જાતે જ ( "પંડ" ઉપરથી ) |
| ૨૬૬ | પાટોપાટ | (અ.) હારોહાર, સળંગ ( "પાટ" ઉપરથી ) |
| ૨૬૭ | પારોપાર | (અ.) આરપાર ( સં. "પાર" ) |
| ૨૬૮ | ફીટોફીટ | (અ.) બરાબર બંધબેસતું ( અંગ્રેજી "ફીટ"નો દ્વિર્ભાવ ) ( કોશમાં નથી ) |

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

| | | |
|---|---|---|
| ૨૬૯ | (૧) બારોબાર | (અ.) પરભારું, લાગલું જ, વગર પૂછ્યે કે કહ્યે (બાર=બારણું પરથી) |
| | (૨) બારોબારિયું | (વિ.) બારોબાર–પૂછ્યા વિનાનું |
| ૨૭૦ | ભવોભવ | (અ.) ભવે ભવે, દરેક જન્મમાં (સં. "ભવ") |
| ૨૭૧ | ભારોભાર | (અ.) સરખે વજને, પૂરેપૂરું, ભરપૂર |
| ૨૭૨ | મધોમધ | (અ.) વચ્ચોવચ, વચ્ચે |
| ૨૭૩ | મુખોમુખ | (અ.) મોઢામોઢ |
| ૨૭૪ | રાતોરાત | (અ.) રાત્રે ને રાત્રે, રતોવઈ |
| ૨૭૫ | લગોલગ | (અ.) (૧) છેક પાસે, અડીને (૨) લગભગ, પાસે (સં. "લગ્ન", પ્રા. "લગ્ગ" સર. મ.) |
| ૨૭૬ | વચ્ચોવચ | (અ.) બરાબર વચ્ચે |
| ૨૭૭ | (૧) વરસોવરસ | (અ.) દર વર્ષે |
| | (૨) વર્ષોવર્ષ | (અ.) દર વર્ષે, પ્રતિવર્ષ |
| ૨૭૮ | વાજોવાજ | (અ.) (કા.) ઝપાટાબંધ |
| ૨૭૯ | વાદોવાદ | (અ.) સ્પર્ધામાં, વાદે વાદે ("વાદ" ઉપરથી) |
| ૨૮૦ | વાનોવાન | (અ.) એક બીજાનો સરખો વાન (કોશમાં નથી) |
| ૨૮૧ | (૧) વારોવાર | (અ.) બીજે અઠવાડિયે તે જ દિવસે ("વાર" પરથી) |
| | (૨) વારોવારિયું | (વિ.) વાર પ્રમાણે દિવસો ગણીને કાઢવામાં આવતું (વ્યાજ) |
| ૨૮૨ | વાંસોવાસ | (અ.) બરાબર પાછળ (સં. "વંશ"=કરોડ પરથી) (કોશમાં નથી) |
| ૨૮૩ | વિચોવિચ | (અ.) બરાબર વચ્ચે, વચ્ચોવચ (વચ્ચે–દે. "વિચ્ચ") |
| ૨૮૪ | વીઘોવીઘ | (અ.) સરખેસરખા વીઘાવાળું (ખેતર) (કોશમાં નથી) |
| ૨૮૫ | વેળાવેળ | (અ.) (૧) બરાબર વેળાએ, તે જ વખતે (૨) વખતસર |
| ૨૮૬ | સટોસટ | (અ.) ઉપરાઉપરી |
| ૨૮૭ | સંગોસંગ | (અ.) સાથોસાથ (કોશમાં નથી) |
| ૨૮૮ | સાખોસાખ | (અ.) જોડાજોડ, લગોલગ ("સાખ" (બારણાની) પરથી) |
| ૨૮૯ | સાથોસાથ | (અ.) સાથે સાથે, સાથે જ (કોશમાં નથી) |
| ૨૯૦ | સાલોસાલ | (અ.) દર સાલે |
| ૨૯૧ | સીડોસીડ | (અ.) અડોઅડ ભીંસાઈને ("સીડવું" ઉપરથી) |
| ૨૯૨ | હાડોહાડ | (અ.) જુઓ હાડેહાડ |
| ૨૯૩ | હાથોહાથ | (અ.) (૧) જેને આપવાનું હોય તેના જ હાથમાં, જાતોજાત (૨) એકના હાથમાંથી બીજાના હાથમાં એમ, એકબીજાની મદદથી |
| ૨૯૪ | હારોહાર | (અ.) એક હારમાં, હારબંધ ("હાર" ઉપરથી) |

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

## (ખ)૪

## અનુસ્વાર-સંયોજકવાળા દ્વિરુક્ત પ્રયોગો

| | | |
|---|---|---|
| ૨૯૫ | એંચંએંચા | (સ્ત્રી.) જુઓ એંચાએંચી |
| ૨૯૬ | (૧) કૂદંકૂદા | (સ્ત્રી.) જુઓ કૂદાકૂદ |
| | (૨) કૂદંકૂદી | (સ્ત્રી.) જુઓ કૂદાકૂદ |
| ૨૯૭ | ખંડંખંડા | (સ્ત્રી.) (૧) ઉપરાઉપરી ખાંડવું તે (૨) ખંડાખંડી ("ખાંડવું" પરથી) |
| ૨૯૮ | ખુલ્લંખુલ્લા | (અ.) ખુલ્લેખુલ્લી રીતે |
| ૨૯૯ | ખેચંખેચા | (સ્ત્રી.) તાણુંતાણા ( ખેંચ, પ્રા. "ખંચ" = ખેંચવું ) |
| ૩૦૦ | ખોળંખોળા | (સ્ત્રી.) શોધાશોધ |
| ૩૦૧ | (૧) ગાળંગાળા | (સ્ત્રી.) પરસ્પર ગાળો દેવી તે |
| | (૨) ગાળંગાળી | (સ્ત્રી.) જુઓ ગાળંગાળા |
| ૩૦૨ | ચેકંચેકા | (સ્ત્રી.) ચેરાચેર |
| ૩૦૩ | (૧) ચેરંચેર | (સ્ત્રી.) છેકાછેક, ખૂબ ચેરવું તે |
| | (૨) ચેરંચેરા | ( પું.બ.વ. ) જુઓ ચેરંચેર |
| ૩૦૪ | ઝૂંટંઝૂંટા | (સ્ત્રી.) સામસામે ઝૂંટ ચલાવવી તે |
| ૩૦૫ | (૧) ઠેલંઠેલ | (સ્ત્રી.) ઉપરાઉપરી–સામાસામી ઠેલવું તે |
| | (૨) ઠેલંઠેલા | (સ્ત્રી.) જુઓ ઠેલંઠેલ |
| ૩૦૬ | (૧) ઠોકંઠોક | (સ્ત્રી.) જુઓ ઠોકંઠોકા ( કોશમાં નથી ) |
| | (૨) ઠોકંઠોકા | (સ્ત્રી.) (૧) વારંવાર – ઉપરાઉપરી ઠોકવું તે (૨) તેની ગરબડ |
| ૩૦૭ | ડોલંડોલા | (પું.બ.વ.) આમ તેમ ડોલવું – ઝૂલવું તે ( "ડોલવું" પ્રા. "ડુલ", સં. "દોલા" ) |
| ૩૦૮ | ઢિક્કંઢિક્કા | (પું.બ.વ.) ઉપરાઉપરી ઢીકા મારવા તે ( કોશમાં નથી ) |
| ૩૦૯ | તડંતડા | (સ્ત્રી.) (૧) તડાતડી, બોલાબોલી (૨) મારામારી ( "તડવું" ઉપરથી ) |
| ૩૧૦ | તરંતરા | (અ.) (૧) તરબતર, ખૂબ તર ( ફા. "તર" ઉપરથી ) |
| | | (સ્ત્રી.) (૨) ખૂબ તરવું તે ( "તરવું" ઉપરથી ) |
| ૩૧૧ | (૧) તાણુંતાણ | (સ્ત્રી.) ખેંચાખેંચ, આમ ને તેમ કે ઉપરાછાપરી તાણવું કે તણાવું તે ( "તાણવું": સં. "તન્", પ્રા. "તણ" ) |
| | (૨) તાણુંતાણા | (સ્ત્રી.) જુઓ તાણુંતાણ |
| ૩૧૨ | દોટંદોટા | (સ્ત્રી.) દોડાદોડી |
| ૩૧૩ | (૧) દોડંદોડ | (સ્ત્રી.) દોડધામ, અહીંતહીં વારંવાર દોડવું તે |
| | (૨) દોડંદોડા | (સ્ત્રી.) જુઓ દોડંદોડ |
| | (૩) દોડંદોડી | (સ્ત્રી.) જુઓ દોડંદોડ |
| ૩૧૪ | ધક્કંધક્કા | (સ્ત્રી.) જુઓ ધકાધકી |

Ac. Gunratnasuri MS
Jin Gun Aradhak Trust

| | | |
|---|---|---|
| ૩૧૫ | ધપ્પંધપ્પા | (સ્ત્રી.) જુઓ ધપાધપ |
| ૩૧૬ | ધીંગંધીંગા | (અ.) ધીંગામસ્તી, અલમસ્ત ( કોશમાં નથી ) |
| ૩૧૭ | પરંપરા | (સ્ત્રી.) (૧) હાર, શ્રેણી (૨) ઘણા કાળથી ચાલતો આવેલો રિવાજ |
| ૩૧૮ | પોલંપોલ | (ન.) સાવ પોલ હોવું તે ( દે. " પોલ્લ " ) |
| ૩૧૯ | ફક્કંફક્કા | (પું.બ.વ.) (૧) ખાઈ પી ઉડાડી દેવું તે, (૨) ખાલીપણું ( " ફાકવું " ઉપરથી ) |
| ૩૨૦ | ફાટંફાટ | (સ્ત્રી.) (૧) ઉપરાઉપરી ફાટવું તે (૨) ફાટફૂટ |
| ૩૨૧ | ફેંકંફેંકા | (સ્ત્રી.) સામસામી ફેંકવું તે |
| ૩૨૨ | બચકંબચકા | (સ્ત્રી.) સામસામે બચકાં ભરવાં તે ( " બચકું " ઉપરથી ) |
| ૩૨૩ | બથ્થંબથ્થા | (સ્ત્રી.) બાથમાં પકડી પકડીને લડવું તે, બાથંબાથ |
| ૩૨૪ | (૧) બાઝંબાઝા | (સ્ત્રી.) લડાઈ, ટંટો, ( સં. " બદ્ધ ", પ્રા. " બજ્ઝ " ઉપરથી ) |
| | (૨) બાઝંબાઝી | (સ્ત્રી.) જુઓ બાઝંબાઝા |
| ૩૨૫ | (૧) બાથંબાથ | (સ્ત્રી.) જુઓ બાથંબાથા ( કોશમાં નથી ) |
| | (૨) બાથંબાથા | (સ્ત્રી.) સામસામી બાઝવું તે |
| | (૩) બાથંબાથી | (સ્ત્રી.) જુઓ બાથંબાથા |
| ૩૨૬ | બોલંબોલા | (સ્ત્રી.) સામસામે બોલવું તે, તકરાર |
| ૩૨૭ | બોળંબોળ | (અ.) છલોછલ ( " બોળવું " ઉપરથી ) |
| ૩૨૮ | ભચડંભચડા | (સ્ત્રી.) ખૂબ ભચડાવું તે, સખત ભીડ |
| ૩૨૯ | ભાંડંભાંડા | (સ્ત્રી.) સામાસામી ભાંડવું તે |
| ૩૩૦ | ભીડંભીડા | (સ્ત્રી.) (૧) કચડાકચડી, ખૂબ ગિરદી (૨) લડાઈ ( ભીડ – દે. " ભિડ઼ " = ભીડવું, સર. હિં., મ. " ભિડ " ) |
| ૩૩૧ | ભેટંભેટા | (સ્ત્રી.) ઉપરાઉપરી કે સામસામા ભેટવું તે ( ભેટ–દે. " ભિટ્ટ ", " ભિટ્ટા ", સર. હિં., મ. ) |
| ૩૩૨ | (૧) મારંમાર | (અ.) અત્યંત ઉતાવળથી ( કોશમાં નથી ) |
| | (૨) મારંમારા | (સ્ત્રી.) સામાસામી મારવું તે, લડાઈ |
| ૩૩૩ | લખંલખા | (સ્ત્રી.) ઉપરાઉપરી કે સામસામી લખવું તે |
| ૩૩૪ | (૧) લડંલડા | (સ્ત્રી.) લડાલડ ( " લડવું " ઉપરથી ) |
| | (૨) લડંલડી | (સ્ત્રી.) જુઓ લડંલડા |
| ૩૩૫ | લાતંલાતા | (સ્ત્રી.) સામસામી લાત મારવી તે |
| ૩૩૬ | વારંવાર | (અ.) વારેઘડીએ, ફરીફરીને, વારેવારે ( સં. ) |
| ૩૩૭ | શોધંશોધા | (સ્ત્રી.) ઉપરાઉપરી શોધ, ખોળંખોળા, શોધાશોધ |
| ૩૩૮ | હાલંહાલ | (સ્ત્રી.) વારંવાર હાલવું તે ( " હાલવું " ઉપરથી ) |

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

## પ્રકરણ ૧૦

# રવાનુકારી દ્વિરુક્ત પ્રયોગો

આ પ્રકરણમાં ગુજરાતીના દ્વિરુક્ત પ્રયોગોના બીજા મુખ્ય વર્ગની–રવાનુકારી દ્વિરુક્ત પ્રયોગોની ચર્ચા કરવામાં આવી છે અને પ્રકરણને અંતે એ પ્રયોગોનો કોશ આપવામાં આવ્યો છે.

દરેક ભાષાની અંદર રવાનુકારી ( Onomatopoetic ) શબ્દો એ એના શબ્દભંડોળનું મહત્ત્વનું અંગ છે. ભાષાની અંદર કુદરત અને પશુપંખીના રવ ઉપરથી શબ્દો ઘડવાનું વલણ ઘણું જ જૂનું છે. પ્રાચીન ભારતીય–આર્ય કરતાં મધ્ય ભારતીય–આર્યમાં અને મધ્ય ભારતીય–આર્ય કરતાં નવ્ય ભારતીય –આર્યમાં રવાનુકારી શબ્દોનું પ્રમાણ ઉત્તરોત્તર વધતું જાય છે. પ્રાકૃત ભાષામાં "તલ્લોવિલ્લિ", "તડફૂફડ", "હલ્લફલ્લ", "હલહલ", "ખડહડ", "અડવડણુ", "ઉત્થલ્લપત્થલ્લા" જેવા રવાનુકારી શબ્દો છે. અપભ્રંશ ભાષામાં પ્રાકૃત કરતાં આ પ્રકારના શબ્દોનું પ્રમાણ વધે છે.[૧] અને અર્વાચીન ભારતીય–આર્યમાં તો તેમની સંખ્યા ઘણી જ વધી ગઈ છે.

ઘડતરની દૃષ્ટિએ જોઈએ તો રવાનુકારી શબ્દોનું આ પ્રમાણે વર્ગીકરણ કરી શકાય છે:

(ક) ઘટકના અવિકલ આવર્તનવાળા દ્વિરુક્ત પ્રયોગો
  (૧) સંયોજક વિનાના દ્વિરુક્ત પ્રયોગો
  (૨) (અ) આ – સંયોજકવાળા દ્વિરુક્ત પ્રયોગો.
    (આ) ઓ – સંયોજકવાળા દ્વિરુક્ત પ્રયોગો.

(ખ) ઘટકના આંશિક આવર્તનવાળા દ્વિરુક્ત પ્રયોગો.

આપણે ત્યાં Onomatopoetic words માટે રવાનુકારી શબ્દ એ પ્રર્યાય હવે લગભગ રૂઢ થઈ ગયો છે. આમ છતાં આપણે રવાનુકારી શબ્દને વાચ્યાર્થ અર્થ ઉપરાંત વિશેષ અર્થચ્છાયામાં લેવો પડશે. આમ તો પ્રકૃતિ અને પશુપંખીના રવનું અનુકરણ કરી ભાષામાં શબ્દ ઘડાય છે. હકીકતમાં તો તે રવને ભાષામાં વ્યક્ત કરવો લગભગ અશક્ય છે. કારણકે પ્રકૃતિ અને પશુપંખીની વિશાળ ધ્વનિસૃષ્ટિનું અનુકરણ કરવા માટે કોઈ પણ ભાષાની ધ્વનિસૃષ્ટિ મર્યાદિત રહેવાની જ. આમ છતાં મૂળ ધ્વનિઓને વ્યક્ત કરવા શક્ય હોય ત્યાં સુધી ભાષાની નિકટના ધ્વનિઓનો ઉપયોગ કરવામાં આવે છે. અહીં જે શબ્દો એકત્રિત કર્યા છે તેમાં મોટો ભાગ રવાનુકારી શબ્દોનો જ છે. પરંતુ ઘણી વાર રવ કરતાં અન્ય વિશેષ તત્ત્વનું પણ આ પ્રકારના શબ્દોમાં અનુકરણ કરવામાં આવે છે.

શ્રુતિને નિબદ્ધ કરવાનો જેમ આશય છે તેમ ઘણી વાર કોઈ દૃશ્ય કે સ્પર્શના અનુભવને પણ નિબદ્ધ કરવામાં આવે છે. જેમકે "ચકચક, ચકચકવું, ઝગઝગ, ઝબકઝબક, ઝળઝળ, ઝેબઝેબાં, ટમટમવું,

---

૧. વિગત માટે જુઓ પ્રકરણ ૭, પૃ. ૫૮.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

ઝગમગ, ઝળમળ, ઝળહળ, પલવલિયાં" જેવા શબ્દોની અંદર કોઈ એક વિશેષ દૃશ્યને નિબદ્ધ કરવામાં આવેલું છે. ત્યારે "ગદગદિયાં, ચરચરવું (બળતરા થવી), ધગધગવું, સળવળ" વગેરે શબ્દોમાં સ્પર્શની લાગણીને વ્યક્ત કરવામાં આવી છે. આ રીતે થોડા એવા પણ શબ્દો છે જેઓ દૃશ્યાનુકારી કે સ્પર્શાનુકારી પણ છે, અલબત્ત રવાનુકારી શબ્દોના પ્રમાણમાં આવા શબ્દોનું પ્રમાણ ઘણું જ ઓછું છે.

રવાનુકારી શબ્દોના ઘડતરની વિશેષતા એ છે કે તેમાં જે ઘટક દ્વિરુક્ત થયો છે તેનો સ્વતંત્ર અર્થ થતો નથી. દ્વિરુક્તિ સધાયા પછી જ સ્વતંત્ર શબ્દ બની તેમાંથી અર્થનો બોધ થાય છે.

(ક)(૧) શીર્ષકની નીચે આપેલા શબ્દ–ખટખટ, ગડગડમાં અવિકલ દ્વિરુક્તિ થઈ છે. તેવા પ્રયોગોની કુલ સંખ્યા ૨૭૭ છે ત્યારે (ક)(૨)ના બે પ્રભેદોમાં અનુક્રમે "આ" અને "ઓ" સંયોજક આવે છે. આમ તો આ સંયોજકની રચનાથી મૂળ અર્થમાં તીવ્રતા અને ઉગ્રતા સધાય છે. જેમકે તડતડ કરતાં તડાતડી, તડોતડના અર્થમાં સ્પષ્ટ અંતર દેખાઈ આવે છે. "આ" સંયોજકવાળા ૪૨ પ્રયોગો છે અને "ઓ" સંયોજકવાળા ૨૩ પ્રયોગો છે.

(ખ) વિભાગમાં આંશિક પરિવર્તનવાળા દ્વિરુક્ત પ્રયોગો આવે છે. મૂળ તો આવા રવાનુકારી શબ્દોનો એક ઘટક મોટે ભાગે બે વર્ણોનો જ હોય છે. આ વિભાગમાં એ આદ્ય વર્ણમાં પરિવર્તન પામે છે. આ પરિવર્તનની પાછળ મૂળ તો પ્રાસનું જ તત્ત્વ કામ કરે છે. આમ છતાં એ પ્રાસયુક્ત એ બંને ઘટકમાંથી એકેય ઘટકનું સ્વતંત્ર અસ્તિત્વ નથી. એ બંને ઘટક ભેગા થાય છે ત્યારે જ એક શબ્દ બની સ્વતંત્ર અર્થ સાધિત થાય છે. આવા પ્રયોગોની કુલ સંખ્યા ૧૧૧ છે.

આ ઉપરાંત કકડતું, કકણવું, ખખડવું, ખખળવું, ગગણવું, તતડવું, ભભડવું, પપડવું જેવા રવાનુકારી શબ્દો આપણું ધ્યાન ખેંચે છે. ઉપર ઉપરથી જોનાર કોઈને પણ અહીં આદ્ય વર્ણની દ્વિરુક્તિ થઈ હોય તેમ લાગે છે. પરંતુ આ શબ્દો દ્વિરુક્ત શબ્દો નથી. જે સ્વરૂપે આ શબ્દો મળે છે તે સ્વરૂપને આપણે સીધા રવાનુકારી દ્વિરુક્ત પ્રયોગો કહી શકીએ નહીં, અલબત્ત મૂળ રવાનુકારી દ્વિરુક્ત પ્રયોગોમાં આગલા ઘટકનો અંતિમ વર્ણ લુપ્ત થઈને આ ઘડતર થયું છે. જેમકે કડકડવું ઉપરથી કકડવું, કણકણવું–કકણવું, ખડખડવું–ખખડવું, ગણગણવું–ગગણવું, તડતડવું–તતડવું, ભડભડવું–ભભડવું, પડપડવું–પપડવું વગેરે.[૨] જો કે આવી પ્રક્રિયા આ પ્રકારના બધા દ્વિરુક્ત પ્રયોગોને લાગુ પાડી શકાય તેમ નથી. આ પ્રકારના પ્રયોગોને સીધી રીતે દ્વિરુક્ત પ્રયોગોમાં મૂકી શકાય તેમ નથી પરંતુ એમને દ્વિરુક્ત પ્રયોગોનું રૂપાન્તર કહી શકાય તેથી જ આવા પ્રયોગોને આ અધ્યયનને અંતે પરિશિષ્ટ ૧ માં લેવામાં આવ્યા છે. તેમની કુલ સંખ્યા ૪૧ છે.

રવાનુકારી દ્વિરુક્ત પ્રયોગોના બધા પ્રકારોનો, વર્ગીકરણ પ્રમાણે અહીં કોશ આપવામાં આવ્યો છે. આ શબ્દો "સાર્થ ગુજરાતી જોડણીકોશ"માંથી લીધા છે. તેમાં ન આપેલા થોડા શબ્દો ઉમેર્યા છે. મૂળ શબ્દ, વ્યાકરણની સંજ્ઞા અને અર્થ એ ક્રમ રાખેલ છે.

---

૨. *વિગત માટે જુઓ પ્રકરણ ૩, પૃ. ૩૦–૩૧.*

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

# રવાનુકારી દ્વિરુક્ત પ્રયોગો

## (ક)

## ઘટકના અવિકલ આવર્તનવાળા દ્વિરુક્ત પ્રયોગો

## (૧)

### સંયોજક વિનાના દ્વિરુક્ત પ્રયોગો

૧ અડીઅડી — (સ્ત્રી.) છોડીઓની એક રમત

૨ ઊંઊં — (અ.) (ન.) રડવાનો એવો અવાજ (રવ.)

૩ (૧) કચકચ — (સ્ત્રી.) (૧) ટકટક, નકામી માથાફોડ, (૨) કજિયો, તકરાર

(૨) કચકચવું — (અ.ક્રિ.) (૧) કચકચ કરવી (૨) કચકચ એવો અવાજ થવો (ખાસ કરીને કાંઈ ભાંગવાનું થવાથી અથવા સાલ ઢીલાં થવાથી)

(૩) કચકચાટ — (પું.) (૧) કચકચ કરવી તે (૨) "કચકચ" એવો અવાજ થવો તે

(૪) કચકચાવવું — (સ.ક્રિ.) (૧) "કચકચવું"નું પ્રેરક (૨) જોરથી ખેંચીને બાંધવું (૩) હેરાન કરવું

(૫) કચકચિયું — (વિ.) (૧) તકરારી, કજિયાખોર (૨) માથાફોડિયું, જિદ્દી (૩) કાદવ કરે એવું, અટકયા વગર અને થોડે થોડે પડતું (પાણી, વરસાદ ઇત્યાદિ)

(૬) કચકચિયો — (પું.) એક પક્ષી (+ઇયો)

૪ કચડકચડ — (અ.) કચડ કચડ અવાજ થાય તેમ (રવ.)

૫ કચૂડ કચૂડ — (અ.) એવો અવાજ થાય તેમ (રવ.)

૬ (૧) કટકટ — (સ્ત્રી.) (૧) એક કંટાળાભર્યો અવાજ (૨) ટકટક, ચીડ ચડે એવી ટોક, કજિયો (અ.) (૩) કટકટ એવો અવાજ થાય તેમ, (૪) વ્યવસ્થિતપણે પણ વેગથી (રવ.)

(૨) કટકટવું — (અ.ક્રિ.) (૧) કટકટ એવો અવાજ થવો (૨) કટકટ–ટકટક કરવી તે.

(૩) કટકટાટ — (પું.) કટકટ–ટકટક કરવી તે

(૪) કટકટારો — (પું.) જુઓ કટકટાટ

(૫) કટકટિયું — (વિ.) ટકટકિયું, કજિયાખોર

(૬) કટકટિયો — (પું.) એક પક્ષી

૭ (૧) કડકડ — (અ.) એવો અવાજ કરીને (રવ.)

(૨) કડકડતું — (વિ.) (૧) ઘણું જ તપી ગયેલું, ઊકળતું, (૨) ચોખ્ખું અને ઇસ્ત્રીવાળું (કપડું) (૩) આકરી–ધ્રુજાવે એવી (ટાઢ) (રવ.)

(૩) કડકડવું — (અ.ક્રિ.) (૧) કડકડ એવો અવાજ કરવો (૨) દાંત કકડે એટલું ધ્રૂજવું (૩) કડકડ થાય એટલું ઊકળવું (રવ.)

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

| | | |
|---|---|---|
| | (૪) કડકડાટ | (પું.) (૧) કડકડવું તે, કડ કડ એવો અવાજ (અ.) (૨) ઝપાટાબંધ, વેગબેર (૩) એક સરખી રીતે અટકયા વગર |
| | (૫) કડકડાટી | (સ્ત્રી.) કડકડ એવો અવાજ |
| | (૬) કડકડાવવું | (સ.ક્રિ.) કકડાવવું |
| | (૭) કડકડિત | (વિ.) (૧) કકડેલું, કડક (૨) સફાઈબંધ, ઇસ્ત્રીબંધ |
| | (૮) કડકડીને | (અ.) ધસારાબંધ, ઘણા જ જોશમાં ( આમ તો ઘણી ભૂખ લાગવાના સંદર્ભમાં વધુ પ્રચલિત છે. એ કોશે નોંધ્યું નથી. ) |
| ૮ | કડડકડડ | (અ.) તૂટવા કે કરડવાનો અવાજ (રવ.) |
| ૯ | (૧) કણુકણુ | (સ્ત્રી.) કણુકણાટ (દે.) (રવ.) |
| | (૨) કણુકણુવું | (અ.ક્રિ.) દુઃખ અથવા અસંતોષને લીધે ગળામાંથી અસ્પષ્ટ અવાજ કાઢવો, ઝીણું રોવું |
| | (૩) કણુકણા | (સ્ત્રી.) (૧) થથરાટ, કંપારી, કમકમાટ (૨) કંટાળો |
| | (૪) કણુકણી | (સ્ત્રી.) જુઓ કણુકણા |
| | (૫) કણુકણાટ | (પું.) કણુકણુવું તે |
| | (૬) કણુકણો | (પું.) થથરાટ, કંપ |
| ૧૦ | કરકરાવવું | (સ.ક્રિ.) કકરાવવું, કાકર કઢાવવા |
| ૧૧ | કરકરું | (વિ.) ઝીણી કાંકરી જેવું લાગતું, કકરું |
| ૧૨ | કરડકરડ | (અ.) કરડવાનો અવાજ (રવ.) |
| ૧૩ | (૧) કલકલ | (પું.) (૧) પક્ષીઓનો કલરવ (૨) ગુંજારવ (૩) કલબલ, મનુષ્ય યા પશુપક્ષીઓનો મિશ્ર ધ્વનિ |
| | (૨) કલકલવું | (અ.ક્રિ.) (૧) કલ્પાંત કરવું, જીવ બાળવો (૨) બબડવું, ગણુગણુવું ( સં. "કલ્" ) (૩) ઊકળવું |
| | (૩) કલકલાટ | (પું.) ઘોંઘાટ ( સં. "કલ્" ઉપરથી ) |
| | (૪) કલકલાણુ | (ન.) (૧) કળકળવું તે, કલ્પાંત (૨) ખુમરાણુ |
| | (૫) કલકલિયો | (પું.) એક પક્ષી |
| ૧૪ | કળકલાણુ | (ન.) જુઓ કલકલાણુ |
| ૧૫ | (૧) કળકળ | (સ્ત્રી.) (૧) કળકળાટ (૨) ટિટિયારો, માથાઝીક (૩) પંખીનો કલરવ, કલકલ (૪) (મ.) તાલાવેલી ( સં. "કલ્" ઉપરથી ) |
| | (૨) કળકળવું | (અ.કિ.) જુઓ "કલકલવું" |
| | (૩) કળકળાટ | (પું.) જુઓ "કલકલાટ" |
| | (૪) કળકળાણુ | (ન.) જુઓ "કલકલાણુ" |
| | (૫) કળકળિયો | (પું.) એક પક્ષી ( કોશમાં નથી ) |
| ૧૬ | (૧) કસકસ | (સ્ત્રી.) ખૂબ ખેંચીને બાંધવાથી થતો અવાજ |
| | (૨) કસકસતું | (વિ.) (૧) ખૂબ ખેંચીને બાંધેલું (૨) પરાણે બરાબર બેસતું થવું |
| | (૩) કસકસવું | (અ.ક્રિ.) (૧) ખૂબ ખેંચાવું (૨) પરાણે બંધ બેસતું થવું (સ.ક્રિ.) (૩) ખૂબ ખેંચીને બાંધવું |

(૪) કસકસાવવું (સ.ક્રિ.) કસકસે તેમ કરવું
૧૭ (૧) કિલકિલ (સ્ત્રી.) પક્ષીઓ એકી સાથે બોલવાથી થતો કિલકિલ એવો હર્ષભર્યો અવાજ (સં.) (રવ.)
(૨) કિલકિલવું (અ.ક્રિ.) (૧) કિલકિલ અવાજ કરવો (૨) આનંદમાં આવવું (સં. "કિલકિલાયૂ", પ્રા. "કિલકિલ")
(૩) કિલકિલાકાર (પું.) કિલકિલાટ (૨) શોરબકોર, કોલાહલ
(૪) કિલકિલાટ (પું.) (૧) પક્ષીઓનું કિલકિલ એમ કરવું તે (૨) હર્ષધ્વનિ
૧૮ (૧) કુરકુર (પું.) (૧) કુરકુરિયાને બોલાવવાનો ઉદ્દ્ગાર (૨) દાંત વડે થોડું થોડું કરડવાથી જે અવાજ થાય તે (રવ.)
(૨) કુરકુરિયું (ન.) કૂતરાનું નાનું બચ્ચું, ભટોળિયું (સં. "કુર્કર")
૧૯ ખચખચવું (અ.ક્રિ.) (૧) ખચખચ એવો અવાજ થવો કે કરવો (રવ.) (૨) ખાચોખાચ ભરાવું, ભિડાવું
૨૦ ખચૂકખચૂક (અ.) ખદુકખદુક, ઊછળતું અને ધીરું ચાલતું હોય તેમ (ઘોડાની ચાલ માટે)
૨૧ ખટકખટક (અ.) ખટખટ અવાજ થાય એમ (રવ.)
૨૨ (૧) ખટખટ (સ્ત્રી.) (૧) ખટખટ એવો અવાજ (૨) હરકત, નડતર (૩) પંચાત, માથાકૂટ (રવ., સર. હિં., મ.)
(૨) ખટખટારો (પું.) કંટાળો આવે તેવી માથાઝીક, કચકચાટ
૨૩ (૧) ખડખડ (અ.) (૧) ખડખડ એવો અવાજ કરીને (હસવું) (૨) (સ્ત્રી.) એવો અવાજ (૩) ખટખટ, ડખલ, પીડા, ઉપાધિ (૪) તકરાર, ખટખટ (સં. "ખટત્ખટ", પ્રા. "ખડક્ખડ", રવ.)
(૨) ખડખડતું (વિ.) (૧) ખડખડ અવાજ કરતું (૨) (ન.) સૂકું નાળિયેર (૩) (લા.) બરતરફ થવું તે
(૩) ખડખડવું (અ.ક્રિ.) ખડખડ અવાજ થવો
(૪) ખડખડાટ (પું.) (૧) ખડખડ એવો અવાજ (અ.) (૨) એવો અવાજ કરીને હસવું
(૫) ખડખડાવવું (સ.ક્રિ.) (૧) ખડખડ અવાજ કરવો (૨) (લા.) ધમકાવવું (જેમકે ધોલ)
(૬) ખડખડિયું (વિ.) (૧) (ન.) જુઓ "ખડખડતું" (૨) વસાય ખોલાય એવી નાનાં નાનાં પાટિયાંની બારીબારણામાં મુકાતી રચના (૩) એક ખાવાની વાની
(૭) ખડખડિયાં (ન.બ.વ.) (૧) ઝાંઝ (૨) કેળામાંથી ખાવાની બનાવેલી વાની (બીજો અર્થ કોશમાં નથી)
૨૪ (૧) ખણખણ (અ.) ખણખણ અવાજ થાય તેમ (રવ.)
(૨) ખણખણવું (અ.ક્રિ.) ખણખણ અવાજ થવો (પ્રા. "ખણક્ખણ")
(૩) ખણખણાટ (પું.) ખણખણ અવાજ
(૪) ખણખણિયાં (ન.બ.વ.) (૧) ખણખણે એવી નાની નાની ઘૂઘરીઓ કે કાંસીજોડ જેવાં પતરાં (રથ ઇત્યાદિનાં) (૨) કાંસીજોડ, છબછબિયાં

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

| | | |
|---|---|---|
| | (૫) ખણુખણું | (વિ.) ખૂબ શેકાયેલું, ખરું થયેલું, ખૂબ તપેલું |
| ૨૫ | (૧) ખદખદ | (અ.) (૧) ખદખદ એવો અવાજ થાય તેમ (રવ.) |
| | (૨) ખદખદવું | (અ.ક્રિ.) (૧) ખદખદ થવું (૨) ખદખદ અવાજ સાથે ઊકળવું |
| ૨૬ | ખદ્દુકખદ્દુક | (અ.) એવો અવાજ કરીને ( ખૂબ દોડવાનો અવાજ પ્રાયઃ ઘોડાનો ) (રવ.) |
| ૨૭ | ખનખન | (સ્ત્રી.) (૧) છંદ, વ્યસન (૨) ખંત (૩) તપાસ, ખણખોદ (૪) શંકા, હાજત ( ઝાડા પેશાબની ), ખણુસ |
| ૨૮ | (૧) ખબખબ | (અ.) ખદુક ખદુક (રવ.) |
| | (૨) ખબખબવું | (અ.ક્રિ.) ખબખબ અવાજ થાય તેમ દોડવું |
| ૨૯ | (૧) ખમખમ | (અ.) (રવ.) |
| | (૨) ખમખમવું | (અ.ક્રિ.) (૧) ખમખમ અવાજ થવો (૨) ખમી લેવું, સહી કે વેઠીને ચૂપ રહેવું ( " ખમવું "નું દ્વિત્વ ) (૩) નાના બાળકનું શરદી અને કફથી ભરાઈ જવું ( આ ત્રીજો અર્થ કોશમાં નથી આપ્યો. ) |
| | (૩) ખમખમાટ | (પું.) ખમખમવાનો અવાજ |
| ૩૦ | (૧) ખરખર | (સ્ત્રી.) (૧) જુઓ ખરખરી (૨) (અ.) એક પછી એક ખરતું હોય તેમ ( આંસુ ), સપાટાબંધ ( " ખરવું " ઉપરથી ) |
| | (૨) ખરખરવું | (અ.ક્રિ.) (૧) લાગવું, બળાપો–શોક થવો, સાલવું (૨) ખૂંચવું (આંખમાં) (૩) ખરખર એવો અવાજ થવો (૪) (સ.ક્રિ.) દુઃખ દેવું |
| | (૩) ખરખરી | (સ્ત્રી.) ગળામાં બાઝેલો કફ કે ખાધેલી વસ્તુનો ભાગ ( જેનાથી અવાજ ખોખરો થાય છે ) (૨) ગાતી વખતે સૂર કંપાવવો તે (૩) સૂર, અવાજ (૪) ચિંતા, ચટપટી (રવ.) |
| | (૪) ખરખરો | (પું.) (૧) શોક, સંતાપ (૨) પસ્તાવો, પશ્ચાત્તાપ (૩) શક, સંદેશો (રવ.) |
| ૩૧ | (૧) ખળખળ | (અ.) (૧) ખળખળ અવાજ થાય તેવી રીતે (સ્ત્રી., ન.) (૨) ખળભળાટ (રવ.) |
| | (૨) ખળખળતું | (વિ.) (૧) ખૂબ ઊનું, ઊકળતું (૨) ખળખળ કરતું વહેતું |
| | (૩) ખળખળવું | (અ.ક્રિ.) (૧) ખૂબ ઊનું થવું, ઊકળવું (૨) વહેતાં ખળખળ અવાજ કરવો ( સં. " ખલખલાય ", રવ. ) |
| | (૪) ખળખળાટ | (અ.) (૧) ખળખળ અવાજ સાથે, અટકયા વગર વહેતું હોય એમ (પું.) (૨) એક અવાજ |
| | (૫) ખળખળિયો | (પું.) ખળખળ વહેતો પ્રવાહ |
| ૩૨ | ખીખી | (અ.) (૧) એવો અવાજ કરીને (સ્ત્રી.) (૨) ખીખી હસવું તે (હાંસીમાં) (રવ.) |
| ૩૩ | (૧) ખુરખુર | (ન.) ખુર ખુર એવો અવાજ |
| | (૨) ખુરખુરાટ | (પું.) જુઓ ખુરખુર |
| ૩૪ | ખૂંખૂં | (ન.) ( ખૂંખારવાનો કે ખાંસીનો ) અવાજ (રવ.) |
| ૩૫ | ખોખો | (સ્ત્રી.) એક રમત, ખો |
| ૩૬ | ખોંખોં | (અ.) ઉધરસ ખાતી વખતે થતો અવાજ ( કોશમાં નથી ) |
| ૩૭ | (૧) ગટગટ | (અ.) ગટગટ અવાજ થાય એમ (રવ.) |

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

| | | |
|---|---|---|
| | (૨) ગટગટાવવું | (સ.ક્રિ.) ગટગટ કરતાં – ઝટ પી જવું |
| ૩૮ | ગટકગટક | (અ.) ગટગટ (રવ.) |
| ૩૯ | (૧) ગડગડ | (પું.) એવો અવાજ ( દે. " ગડયડ " રવ. ) |
| | (૨) ગડગડવું | (અ.ક્રિ.) ગડગડ અવાજ કરવો, ગાજવું |
| | (૩) ગડગડાટ | (પું.) (૧) ગડગડ એવો અવાજ (અ.) (૨) સપાટાબંધ, વગર હરકતે |
| | (૪) ગડગડાવવું | (સ.ક્રિ.) (૧) ગડગડે એમ કરવું (૨) ઝપાટાબંધ અટકયા વગર કામ ચલાવવું ( જેમ કે વાચનનું ) |
| | (૫) ગડગડિયું | (ન.) ખડખડિયું, પાણીચું (રવ.) |
| ૪૦ | (૧) ગણગણ | (અ.) એવો અવાજ (રવ.) |
| | (૨) ગણગણવું | (અ.ક્રિ.) (૧) ગણગણ એવો અવાજ કરવો (૨) નાકમાં બોલવું (૩) (લા.) પોતાની નામરજી અસ્પષ્ટ રીતે બતાવવી (સ.ક્રિ.) (૪) મનમાં બબડવું, ગણગણતાં કહેવું |
| | (૩) ગણગણાટ | (પું.) ગણગણવું તે |
| ૪૧ | (૧) ગદગદ | (વિ.) (૧) ગળગળું (અ.) (૨) ગળગળ કંઠે |
| | (૨) ગદગદિયાં | (ન.બ.વ.) (૧) ખાનપાન, નાણા કે આનંદની રેલછેલ, ખદબદિયાં, (૨) ગલીપચી થવી તે (રવ.) |
| | (૩) ગદગદું | (વિ.) (૧) પાણીપોચું, કોહી ગયેલું |
| ૪૨ | ગપગપ | (અ.) ઉપરાઉપરી, એક પછી એક, ડબડબ (રવ.) |
| ૪૩ | ગરગર | (અ.) ઝપાટાબંધ, એક પછી એક ગરે એવી રીતે (રવ.) |
| ૪૪ | ગલગલિયાં | (ન.બ.વ.) જુઓ " ગલગલી " |
| ૪૫ | ગલગલી | (સ્ત્રી.) ગલગલી, ગલીપચી ( રવ.પ્રા. " ગુલગુલ " ) |
| ૪૬ | ગલીગલી | (સ્ત્રી.) ગલીપચી |
| ૪૭ | ગલૂડગલૂડ | (અ.) જાણે ગબડતું હોય તેમ ( ચાલવું – બળદ ઇત્યાદિનું ) (રવ.) |
| ૪૮ | ગુડગુડ | (અ.) (૧) એવો અવાજ કરીને (૨) ધીરે ધીરે ગબડતું હોય તેમ ( ભોટીલાં કે બાળક ચાલે એમ ) (રવ.) |
| ૪૯ | (૧) ગુરગુરવું | (અ.ક્રિ.) ગુરગુર એવો અવાજ કરવો (રવ.) |
| | (૨) ગુરગુરાવવું | (સ.ક્રિ.) " ગુરગુરવું "નું પ્રેરક |
| ૫૦ | ગુલગુલાટ | (પું.) (રવ.) |
| ૫૧ | ઘચઘચ | (અ.) ગચગચ, ઉપરાઉપરી થાય તેમ (રવ.) |
| ૫૨ | ઘચડઘચડ | (અ.) ઘચડવાનો રવ (રવ.) |
| ૫૩ | ઘટકઘટક | (અ.) (રવ.) |
| ૫૪ | ઘટઘટાવવું | (સ.ક્રિ.) ઘટક ઘટક – જલદી જલદી પી જવું ( કોશમાં નથી ) |
| ૫૫ | (૧) ધડધડ | (અ.) (રવ.) |
| | (૨) ધડધડવું | (અ.ક્રિ.) ધડધડ એવો અવાજ થવો |
| | (૩) ધડધડાટ | (પું.) ધડધડ અવાજ |

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

| | | |
|---|---|---|
| ૫૬ | ધડૂડધડૂડ | (અ.) (રવ.) |
| ૫૭ | (૧) ધણધણ | (અ.) (રવ.) |
| | (૨) ધણધણાટ | (પું.) ધણણણ અવાજ |
| ૫૮ | (૧) ધમધમ | (અ.) (રવ.) |
| | (૨) ધમધમવું | (અ.ક્રિ.) ધમધમ અવાજ થવો |
| | (૩) ધમધમાટ | (પું.) ધમધમ અવાજ |
| | (૪) ધમધમાવવું | (સ.ક્રિ.) ધમધમ અવાજ થાય તેમ જોરથી મારવું |
| ૫૯ | ધમરધમર | (અ.) ગોળગોળ ગતિના અવાજ જેમ (રવ.) |
| ૬૦ | (૧) ધરધર | (અ.) (રવ.) |
| | (૨) ધરધરવું | (સ.ક્રિ.) (૧) (ગળામાંના જેવો) ધરધર અવાજ થવો |
| | (૩) ધરધરાટ | (પું.) ધરધર અવાજ, ધરધરવું તે |
| ૬૧ | (૧) ધસધસ | (અ.) ગાઢ રીતે (ઊંઘવું તે) (રવ.) |
| | (૨) ધસધસાટ | (પું.) જુઓ 'ધસધસ' |
| ૬૨ | (૧) ધુરધુર | (અ.) સં. (રવ.) |
| | (૨) ધુરધુરાટ | (પું.) તેવો અવાજ |
| ૬૩ | ધૂધૂ | (અ.) (રેલગાડી, સમુદ્ર વગેરેનો રવ) (રવ.) |
| ૬૪ | (૧) ચકચક | (અ.) (૧) ચળકતું હોય તેમ (૨) (રવ.) (ચકલાનો અવાજ કે નકામો લગારો સૂચવે) |
| | (૨) ચકચકવું | (અ.ક્રિ.) (૧) (રવ.) "ચકચક" એવો અવાજ કરવો (ચકલાએ) (૨) ચળકાટ મારવો, ઝબકવું |
| | (૩) ચકચકાટ | (પું.) ચળકાટ |
| | (૪) ચકચકિત | (વિ.) (૧) ચકચકતું, ચળકતું (૨) નિર્મળ, સ્વચ્છ |
| ૬૫ | ચટચટ | (અ.) ઝટઝટ, સપાટામાં |
| ૬૬ | (૧) ચડચડ | (અ.) (બળવાનો રવ) (રવ., પ્રા.) |
| | (૨) ચડચડવું | (અ.ક્રિ.) (૧) તતડવું (૨) ચડચડ એવા અવાજ સાથે બળવું |
| | (૩) ચડચડાટ | (પું.) તતડાટ |
| ૬૭ | (૧) ચણચણ | (અ.) ચણચણ થાય તેમ (રવ.) |
| | (૨) ચણચણવું | (અ.ક્રિ.) (૧) બળતરા થવી, લાય બળવી (૨) ચણચણ થઈને બળવું (સર. સં. "–ચણ") (૩) (લા.) મનમાં દુઃખી થવું, બળવું (રવ.) |
| | (૩) ચણચણાટ | (પું.) ચણચણાટ |
| ૬૮ | (૧) ચપચપ | (અ.) ઝટઝટ (સર. મ., રવ.) |
| | (૨) ચપચપવું | (અ.ક્રિ.) (૧) ચપચપ અવાજ કરવો, (૨) (ચાસણી તપાસતાં) તાર નીકળવા (સર. મ. "ચપચપણે") |
| | (૩) ચપચપું | (વિ.) (૧) ચપચપ અવાજ કરતું (૨) ચીકણું અને ભીનું, ગદગદું |
| ૬૯ | ચપરચપર | (અ.) જુઓ ચબડચબડ |

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

| | | |
|---|---|---|
| ૭૦ | ચબડચબડ | (અ.) (૧) ચપચપ (૨) મનમાં આવે એમ (રવ.) |
| ૭૧ | ચભડચભડ | (અ.) (ચાવવાનો અવાજ) ભચડ ભચડ (રવ.) |
| ૭૨ | (૧) ચમચમ | (અ.) ચમચમે એમ (રવ.) |
| | (૨) ચમચમવું | (અ.ક્રિ.) (૧) ચમચમ એવો અવાજ થવો (૨) તીવ્ર બળતરા થવી |
| | (૩) ચમચમાટ | (પું.) ચમચમવું તે |
| ૭૩ | (૧) ચરચર | (અ.) (૧) બળવાનો અવાજ (૨) ઝડપથી, જલદીથી (સ્ત્રી.) (૩) ચરચર એવો અવાજ (૪) ધીમી બળતરા, ચચરાટ (૫) (લા.) ચિંતા-ફિકર (રવ.) |
| | (૨) ચરચરવું | (અ.ક્રિ.) બળતરા થવી, લાય બળવી (રવ.) |
| | (૩) ચરચરાટ | (પું.) ચચરવું તે, બળતરા |
| | (૪) ચરચરી | (સ્ત્રી.) બળતરા, ચિંતા |
| ૭૪ | ચવચવ | (વિ.) (૧) પરચૂરણ, ફૂટકળ (૨) જુદે જુદે ઠેકાણેથી ચૂંટી કાઢેલી ફૂટકળ બાબતો (સર. મ., પ્રા.=એક રવ) |
| ૭૫ | (૧) ચસચસ | (અ.) ચસે નહીં તેમ (સર. "કસવું", રવ.) |
| | (૨) ચસચસવું | (અ.ક્રિ.) (૧) તંગ હોવું, જકડાવું<br>(સ.ક્રિ.) (૨) ચસચસાવવું, બરાબર ખેંચીને પીવું |
| | (૩) ચસચસાટ | (અ.) (૧) ચસી ન જાય તેમ-તંગ (૨) સપાટાબંધ (પીવું) (પું.) (૩) તંગ હોવું તે |
| | (૪) ચસચસાવવું | (સ.ક્રિ.) (૧) તંગ કરવું (૨) ઝપાટામાં કે બરોબર પીવું |
| ૭૬ | ચળકચળક | (અ.) ચળકે-તેજ મારે તેમ |
| ૭૭ | ચીચી | (અ.) (રવ.) (સર. પ્રા. "ચિચ્ચિ") |
| ૭૮ | ચીલચીલ | (ન.) એક પક્ષી |
| ૭૯ | ચૂંચૂં | (અ.) ઉંદરનો અવાજ (રવ.) |
| ૮૦ | ચેંચેં | (સ્ત્રી.) ચીંચીં, પક્ષીઓનો કલબલાટ (૨) કચ (રવ.) |
| ૮૧ | છકછકાટ | (પું.) (૧) ભભકો, ઠાઠ (૨) છાક, તોર (સર. "ચકચકાટ") |
| ૮૨ | છણુકછણુક | (અ.) (રવ.) |
| ૮૩ | (૧) છણુછણુ | (અ.) (રવ.) |
| | (૨) છણુછણુવું | (અ.ક્રિ.) (૧) છણુછણુ અવાજ કરવો (૨) ગણગણવું (૩) ઊકળવું (પાણી) (૪) (લા.) ગુસ્સે થવું (રવ.) |
| | (૩) છણુછણુાટ | (પું.) (૧) ખણુખણુાટ (૨) મિજાજ |
| ૮૪ | (૧) છનછન | (અ.) (રવ.) |
| | (૨) છનછનિત | (વિ.) છનછન કરતું |
| ૮૫ | છબકછબક | (અ.) જુઓ છબછબ |
| ૮૬ | (૧) છબછબ | (અ.) પાણીમાં કંઈ અફળાવાનો અવાજ (રવ.) |
| | (૨) છબછબવું | (અ.ક્રિ.) "છબ છબ" અવાજ થવો |

Ac. Gunratnasuri MS 	Jin Gun Aradhak Trust

| | | | |
|---|---|---|---|
| | (૩) | છબછબાવવું | (સ.ક્રિ.) (૧) "છબ છબ" કરવું (૨) તેમ કરતાં કપડું ધોવું |
| | (૪) | છબછબિયું | (ન.) છબછબ કરે એવું એક ખખડાવવાનું વાદ્ય |
| | (૫) | છબછબું | (વિ.) છછરું, માત્ર તળિયું ઢંકાય તેટલું |
| ૮૭ | | છમકછમક | (અ.) (રવ.) |
| ૮૮ | (૧) | છમછમ | (અ.) (૧) એવો અવાજ કરીને (૨) (લા.) મદમાં (પ્રા. "છમચ્છમ"–છમછમ કરવું, સર. હિં., મ.) |
| | (૨) | છમછમતું | (વિ.) છમછમાટ કરતું |
| | (૩) | છમછમિયાં | (ન.બ.વ.) (૧) કાંસીજોડ (૨) ઝાંઝરિયાં |
| ૮૯ | | છિટછિટ | (અ.) (રવ.) |
| ૯૦ | | છીછી | (અ.) (૧) છિઃ (૨) ગંદકી–સૂચક ઉદ્ગાર (રવ.) |
| ૯૧ | | છુકછુક | (અ.) એંજિનનો અવાજ (રવ.) |
| ૯૨ | | છુમછુમ | (અ.) (રવ.) |
| ૯૩ | (૧) | ઝગઝગ | (અ.) ખૂબ તેજ મારતું હોય તેમ (પ્રા. "જગજગ", હિં. "જગમગ") (રવ.) |
| | (૨) | ઝગઝગવું | (અ.ક્રિ.) ઝગઝગ થવું (સર. સં. "–ઝગઝગાયતે") |
| | (૩) | ઝગઝગાટ | (પું.) ઝગઝગ થતો પ્રકાશ |
| | (૪) | ઝગઝગિયું | (ન.) એક જાતનું કસબી કાપડ |
| ૯૪ | (૧) | ઝણઝણ | (સ્ત્રી.) બળતરા, ચરચરે એવી અસર (અ.) (૨) (રવ.) |
| | (૨) | ઝણઝણકાર | (પું.) ઝણકાર (સં. "ઝણઝણ") |
| | (૩) | ઝણઝણવું | (અ.ક્રિ.) (૧) ઝઝણી – ખાલીના જેવી અસર થવી, તમતમવું (૨) ઝણકારવું |
| | (૪) | ઝણઝણાટ | (પું.) (૧) ઝઝણીની અસર, ઝમઝમાટ (૨) ઝણકારો |
| | (૫) | ઝણઝણાટી | (સ્ત્રી.) ઝણઝણાટ, ઝઝણી જેવી તીવ્ર અસર |
| | (૬) | ઝણઝણી | (સ્ત્રી.) (૧) ઝઝણી, ખાલી (૨) રીસ |
| ૯૫ | | ઝપઝપ | (અ.) ઝટઝટ (રવ., સર. હિં., મ.) |
| ૯૬ | (૧) | ઝબકઝબક | (અ.) વધુ ઓછો પ્રકાશ થાય તે રીતે (કોશમાં નથી) |
| | (૨) | ઝબૂકઝબૂક | (અ.) વધુ ઓછો પ્રકાશ થાય તે રીતે (કોશમાં નથી) |
| ૯૭ | (૧) | ઝમઝમ | (અ.) (૧) રણકે તેમ (રવ.) (૨) ઝીણું ઝીણું બળે તેમ (પું.) (૩) કાબા પાસેનો પવિત્ર કૂવો (અરબી) |
| | (૨) | ઝમઝમવું | (અ.ક્રિ.) (૧) ઝમઝમ થવું, રણકવું (૨) ઝીણું ઝીણું બળવું, ચચરવું |
| | (૩) | ઝમઝમાટ | (પું.) ઝમઝમવું તે |
| ૯૮ | | ઝરમરઝરમર | (અ.) ઝરમર |
| ૯૯ | | ઝલઝલવું | (અ.ક્રિ.) ઝળકવું, ઝળહળવું (પ્રા. "ઝલજ્ઝલ", સં. "જ્વલ્") |
| ૧૦૦ | (૧) | ઝળઝળ | (અ.) તેજથી ઝળકતું હોય તેમ (જુઓ ઝલઝલવું) |
| | (૨) | ઝળઝળવું | (અ.ક્રિ.) (૧) ઝળઝળ થવું (૨) (લા.) આંજી નાખવું |
| | (૩) | ઝળઝળિયું | (વિ.) (૧) આંખમાં ઝમતું પાણી–આંસુ (૨) ઝળઝળું |
| | (૪) | ઝળઝળું | (વિ.) સૂરજ ઊગ્યા પહેલાંનું અને આથમ્યા પછીનું ઝાંખું અજવાળું |

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

(૫) ઝળાંઝળાં (અ.) (૧) ઝળઝળાટ (ન. બ. વ.) (૨) તેજ તેજનો અંબાર

૧૦૧ ઝુણઝુણ (અ.) (૨) ન. (રવ.)

૧૦૨ (૧) ઝેબઝેબ (અ.) (ન.બ.વ.) જુઓ ઝેબઝેબાં

(૨) ઝેબઝેબાં (અ.) (ન.બ.વ.) પરસેવાના રેલા પર રેલા

૧૦૩ (૧) ટકટક (અ.) (૧) સતત ટકટક અવાજ થાય તેમ (જેમકે ઘડિયાળનો) (૨) ટગરટગર જેવું (સ્ત્રી.) (૩) જુઓ ટકટકાટ (ટક–રવ. સર.હિં.,મ.)

(૨) ટકટકાટ (પું.) (૧) ટકટક અવાજ (૨) કંટાળો આવે તેવો નકામો લવારો

(૩) ટકટકારો (પું.) જુઓ ટકટકાટ

(૪) ટકટકિયું (વિ.) ટકટક કર્યા કરતું

૧૦૪ ટગટગ (અ.) જુઓ ટગરટગર

૧૦૫ ટગરટગર (અ.) એકી નજરે, મીંટ માંડીને

૧૦૬ ટચટચ (અ.) ટચકાનો રવ (રવ.)

૧૦૭ (૧) ટનટન (અ.) (રવ.) (૨) ન. એવો ઘંટનો અવાજ

(૨) ટનટનિયું (ન.) ટનટન લાંબો ઘંટ વાગે તે

૧૦૮ ટપકટપક (અ.) ટપકતું હોય એમ (રવ.)

૧૦૯ (૧) ટપટપ (અ.) (૧) (રવ.) (૨) ઝટઝટ (સ્ત્રી.) (૩) બડબડાટ (અણગમાનો)

(૨) ટપટપવું (અ.ક્રિ.) ટપટપ અવાજ કરવો કે તેમ કરતું ટપકવું

(૩) ટપટપાટ (પું.) (૧) ટપટપ એવો અવાજ (૨) બડબડાટ, ટપટપ (૩) ચપળતા

(૪) ટપટપિયું (વિ.) (૧) ટપટપ–પાછળથી બડબડાટ કરનારું
(ન.) (૨) જુઓ ટપટપી

(૫) ટપટપી (સ્ત્રી.) અસ્ત્રો ચડાવવા માટેનો ચામડાનો કકડો

૧૧૦ ટપસટપસ (અ.) જુઓ ટપૂસટપૂસ (રવ.)

૧૧૧ ટપૂસટપૂસ (અ.) ધીરે ધીરે, ઘસડાતું (રવ.)

૧૧૨ (૧) ટમટમ (સ્ત્રી.) (ન.) ઉત્તર હિંદની એક પ્રકારની ઘોડાગાડી (હિં.)

(૨) ટમટમવું (અ.ક્રિ.) (૧) પડું પડું થઈ રહેવું (૨) આતુર થઈ જવું (રવ.)

(૩) ટમટમાટ (પું.) ટમટમવું તે, ઉતાવળ

(૪) ટમટમિયું (ન.) ઓછું ઘાસલેટ બળે તેવો ભીંતદીવો (કોશમાં નથી)

૧૧૩ (૧) ટસટસ (અ.) ફાટું ફાટું થઈ જાય તેમ (રવ. સર. હિં. "ટસ")

(૨) ટસટસવું (અ.ક્રિ.) તસતસવું, ફાટું ફાટું થઈ રહેવું

(૩) ટસટસાટ (પું.) ટસટસવું તે

૧૧૪ ટહટહ (અ.) એકી નજરે, મીંટ માંડીને, ટશે ને ટશે

૧૧૫ ટાઉટાઉ (અ.) (૧) (ન.) લવારો, બકવાદ (૨) કૂતરાનું નિરર્થક ભસ ભસ કરવું તે (રવ.)

૧૧૬ ટિકટિકી (ન.) એક પક્ષી

૧૧૭ ટિણટિણી (સ્ત્રી.) એક પક્ષીનો ધીમો અવાજ (રવ.)

૧૧૮ ટુમટુમી (સ્ત્રી.) નાનું નગારું કે થાળી (ઢંઢેરો પીટવાને) (રવ.)

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

૧૧૯ ટેંટેં (અ.) (૧) (રવ.) (સ્ત્રી.) (૨) પતરાજી (૩) અણગમાનો બબડાટ
૧૨૦ ઠકઠક (અ.) ઠોકાવાનો રવ
૧૨૧ ઠગઠગાવવું (સ.ક્રિ.) ગોઠવાઈને વધુ માય તે માટે પાત્રને ઠંઠેરવું (રવ., સર. હિં. "ઠકઠકના", મ. "ઠકઠકણેં")
૧૨૨ ઠચૂકઠચૂક (અ.) (ખચકાતી મંદ ગતિ સૂચવે છે.) (રવ.)
૧૨૩ (૧) ઠણઠણ (અ.) (ખાલી વાસણના જેવો અવાજ) (રવ.)
(૨) ઠણઠણવું (અ.ક્રિ.) ઠણઠણ એવો અવાજ થવો (રવ.)
(૩) ઠણઠણાટ (પું.) ઠણઠણ એવો અવાજ
૧૨૪ ઠબઠબાવવું (સ.ક્રિ.) જુઓ ઠગઠગાવવું
૧૨૫ ઠમકઠમક (અ.) (૧) (રવ.) (૨) (લા.) વરણાગીમાં
૧૨૬ (૧) ઠમઠમ (અ.) (રવ.)
(૨) ઠમઠમવું (અ.ક્રિ.) ઠમઠમ એવો અવાજ કરવો – થવો
(૩) ઠમઠમાટ (પું.) (૧) ઠમઠમવું તે (૨) (લા.) ખાલી ભભકો
૧૨૭ ડકડક (અ.) (રવ.)
૧૨૮ (૧) ડગડગ (વિ.) જુઓ ડગમગ, ડગમગતું (સર. હિં. "ડગમગના", મ. "ડગડગણેં")
(૨) ડગડગવું (અ.ક્રિ.) (૧) આમ તેમ ડોલવું – હાલવું (૨) (લા.) નિશ્ચયમાંથી ઢચુપચુ થવું – હાલવું
(૩) ડગડગો (પું.) (૧) મનનો ડગમગાટ (૨) દગદગો, શંકા, સંશય (૩) અવિશ્વાસ, વહેમ
૧૨૯ (૧) ડબડબ (અ.) ઝટઝટ, એક પછી એક (જેમકે આંસુ પડવાં, કોળિયા મોંમાં મૂકવા, ચપચપ લેવું ઇત્યાદિ) (રવ.)
(૨) ડબડબાટ (પું.) (૧) પેટ ચડવું તે (૨) (કા.) કોઈ બોલતું હોય તેમાં વચ્ચે બોલબોલ કરવું તે (૩) વગર કામે વધારા પડતું બોલવું તે (૪) મર્યાદા છોડીને સામું બોલવું તે
(૩) ડબડબો (પું.) ડબડબાટ, પેટ ચડવું તે
૧૩૦ (૧) ડમડમ (સ્ત્રી.) (૧) ડંકાનો અવાજ (રવ.) (૨) ગરબડ, તોફાન (સર. મ.) (૩) ડંકા જેવું એક લશ્કરી વાદ્ય (સર. મ. "ડમ")
(૨) ડમડમાટ (પું.) ડમડમનો અવાજ
૧૩૧ ડસકડસક (અ.) (૧) ડસકાં ખાતું હોય એમ (૨) રહી રહીને (રવ.)
૧૩૨ ડસડસવું (અ.ક્રિ.) (૧) ડૂસકાથી રૂંધાવું (૨) મનમાં અકળાઈ રહેવું
૧૩૩ ડળકડળક (અ.) ફોરાં રૂપે એક પછી એક નીકળે એમ (રવ.)
૧૩૪ ડિંડિમ (ન.) એક જાતનું નાનું નગારું
૧૩૫ (૧) ડુગડુગ (અ.) ડાકલાનો અવાજ (રવ.)
(૨) ડુગડુગિયું (ન.) ડાકલું
(૩) ડુગડુગી (સ્ત્રી.) નાનું ડાકલું

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

| | | |
|---|---|---|
| ૧૩૬ | ઢુમઢુમ | (અ.) ( ઢોલકનો અવાજ ) (રવ.) |
| ૧૩૭ | ઢચકઢચક | (અ.) જેમકે પાણી પીવાનો અવાજ ( રવ., સર. દે. " ઢગ્ગઢગ્ગા " ) |
| ૧૩૮ | ઢચૂકઢચૂક | (અ.) (રવ.) |
| ૧૩૯ | (૧) ઢણઢણ | (અ.) (રવ.) |
| | (૨) ઢણઢણવું | (અ.ક્રિ.) (૧) ઢણઢણ એમ વાગવું (૨) જોશથી બધું એક સાથે હાલી ઊઠવું, ધણધણવું ( સર. પ્રા. " ઢણિય ", મ. " ઢણઢણણેં " ) |
| | (૩) ઢણઢણાટ | (પું.) ઢણઢણ અવાજ |
| | (૪) ઢણઢણાવવું | (સ.ક્રિ.) " ઢણઢણવું "નું પ્રેરક |
| ૧૪૦ | (૧) ઢબઢબવું | (અ.ક્રિ.) એવો અવાજ કરવો ( ઉદા. તરવામાં ) (રવ.) |
| | (૨) ઢબઢબિયાં | (ન.બ.વ.) ઢબ ઢબ કરવું તે |
| ૧૪૧ | ઢમકઢમક | (અ.) ઢોલનો અવાજ (રવ.) |
| ૧૪૨ | ઢમઢમ | (અ.) ઢોલનો અવાજ (રવ.) |
| ૧૪૩ | ઢીંગઢીંગી | (સ્ત્રી.) એક જાતનુ વાદ્ય—નગારું (રવ.) |
| ૧૪૪ | (૧) તકતક | (અ.) તકતકે એમ ( સર. " ચકચક " ) |
| | (૨) તકતકવું | (અ.ક્રિ.) ચકચકવું, તેજ મારવું ( સર. મ. " તકતકણેં " ) |
| ૧૪૫ | (૧) તગતગ | (અ.) જુઓ તકતકવું |
| | (૨) તગતગવું | (અ.ક્રિ.) જુઓ તકતકવું |
| ૧૪૬ | (૧) તડતડ | (અ.) (૧) ફાટવાનો અવાજ (૨) ઝટઝટ ( રવ., સર. પ્રા. " તડતડા " ) |
| | (૨) તડતડવું | (અ.ક્રિ.) (૧) તડતડ અવાજ થવો (૨) ફાટું ફાટું થવું, તસતસવું (૩) (લા.) ગુસ્સાથી બોલવું |
| | (૩) તડતડાટ | (પું.) (૧) તડતડવાનો અવાજ (અ.) (૨) ઝપાટાબંધ |
| | (૪) તડતડિયું | (વિ.) (૧) તડતડ અવાજ કરે એવું (ન.) (૨) બળતાં તડતડ અવાજ કરે એવું લાકડું |
| | (૫) તડતડિયો | (પું.) (૧) દેવતાની ચિનગારી (૨) એક દારૂખાનું (૩) એક જીવડું (૪) તડતડ થઈને પડતી ફાટ |
| ૧૪૭ | તડૂશતડૂશ | (અ.) ધીમે ધીમે, રહી રહીને ( રવ., સર. " ટપૂસટપૂસ " ) |
| ૧૪૮ | (૧) તમતમવું | (અ.ક્રિ.) ( તમરાનો અવાજ ) (રવ.) |
| | (૨) તમતમાટ | (પું.) (૧) તીખાશ (વિ.) (૨) તમતમું |
| | (૩) તમતમું | (વિ.) બહુ તીખું ( સર. હિં. " તમતમાના " ) |
| ૧૪૯ | તરતરવું | (અ.ક્રિ.) (૧) ઉપરતળે થવું, સળવળવું (૨) ત્વરાથી અધીરા થવું |
| ૧૫૦ | (૧) તસતસવું | (અ.ક્રિ.) ભચડાવું, તણાવું, ટસટસવું (રવ.) |
| | (૨) તસતસાટ | (પું.) ટસટસાટ |
| ૧૫૧ | તુનતુની | (સ્ત્રી.) (૧) એક પક્ષી (૨) એક વાદ્ય (રવ.) |
| ૧૫૨ | તૂતૂ | (અ.) (૧) કૂતરાને બોલાવવા માટે વપરાતો ઉદ્ગાર (ન.) (૨) કૂતરું ( બાળભાષામાં ) (રવ.) |

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

| | | |
|---|---|---|
| ૧૫૩ | ત્રસત્રસવું | (અ.ક્રિ.) (કા.) ઝરવું, નીતરવું, વરસવું |
| ૧૫૪ | (૧) થડથડવું | (અ.ક્રિ.) (૧) થડથડ અવાજ થવો (૨) ધ્રૂજવું (રવ.) |
| | (૨) થડથડાટ | (પું.) થડથડવાની ક્રિયા (રવ.) |
| ૧૫૫ | થનકથનક | (અ.) નાચવાનો અવાજ (રવ.) |
| ૧૫૬ | થનગનથનગન | (અ.) નાચવાનો અવાજ (રવ.) |
| ૧૫૭ | (૧) થનથન | (અ.) નાચવાનો અવાજ (રવ.) |
| | (૨) થનથનવું | (અ.ક્રિ.) થનથન નાચવું (રવ.) |
| | (૩) થનથનાટ | (પું.) જુસ્સો, તાન, થનગનાટ |
| ૧૫૮ | થબથબવું | (અ.ક્રિ.) થબ થબ થવું (રવ.) |
| ૧૫૯ | (૧) થરથર | (અ.) ધ્રૂજે, કંપે એમ ( દે. "થરત્થર", "થરથર", "થરહર" ) |
| | (૨) થરથરવું | (અ.ક્રિ.) (૧) કંપવું, ધ્રૂજવું (૨) (લા.) બીવું, ત્રાસવું ( દે. "થરથર" ) |
| | (૩) થરથરાટ | (પું.) થથરવું તે |
| | (૪) થરથરાટી | (સ્ત્રી.) થરથરાટ, કંપ |
| | (૫) થરથરાવવું | (સ.ક્રિ.) "થરથરવું"નું પ્રેરક |
| | (૬) થરથરી | (સ્ત્રી.) (૧) જુઓ થરથરાટી (૨) કબૂતરની એક જાત |
| ૧૬૦ | થાપટથાપટ | (અ.) જુઓ થાબડથાબડ |
| ૧૬૧ | થાબડથાબડ | (અ.) ધીરે ધીરે થાબડીને, થાપટથાપટ |
| ૧૬૨ | થૂથૂ | (અ.) થૂંકવાનો અવાજ ( પ્રા. રવ. ) |
| ૧૬૩ | થેઈ થેઈ | (અ.) (૧) નાચવાનો અવાજ (૨) બાળકને ઊભું કરતાં બોલાતો ઉદ્ગાર ( રવ., સર. મ. "થૈ થૈ (–યાં)" હિં. ) |
| ૧૬૪ | (૧) દડદડ | (અ.) (૧) પાણી પડવાનો એવો અવાજ (૨) ખળખળ (આંસુ) (રવ.) |
| | (૨) દડદડવું | (અ.ક્રિ.) દડદડ પડવું ( પ્રવાહીનું ) |
| | (૩) દડદડાટ | (પું.) (૧) દડદડ અટકયા વગર પડવું તે (અ.) (૨) દડદડ |
| | (૪) દડદડી | (વિ.) (સ્ત્રી.) ઢીલી ( દાળ ) |
| ૧૬૫ | દડૂકદડૂક | (અ.) (રવ.) |
| ૧૬૬ | ડુગડુગી | (સ્ત્રી.) (૧) મદારીનું ડુગડુગિયું (૨) સ્ત્રીના કાનનું એક ઘરેણું (રવ.) |
| ૧૬૭ | ઢુમઢુમ | (અ.) નગારાનો અવાજ (રવ.) |
| ૧૬૮ | ધકધકવું | (અ.ક્રિ.) જુઓ ધગધગવું |
| ૧૬૯ | ધખધખવું | (અ.ક્રિ.) ધખવું, સમસમવું ( "ધખવું" ઉપરથી ) |
| ૧૭૦ | (૧) ધગધગ | (અ.) ( જોરથી સળગવું કે ગરમ થવું સૂચવે છે. ) (રવ.) |
| | (૨) ધગધગવું | (અ.ક્રિ.) (૧) જોશથી બળવું (૨) ખૂબ ગરમ થવું ( પ્રા. "ધગધગ" ) |
| ૧૭૧ | ધડકધડક | (અ.) (રવ.) ( ધડક–રવ., સર. હિં., મ. ) |
| ૧૭૨ | (૧) ધડધડ | (અ.) ધારા પડે કે લાકડી ઇત્યાદિ ઉપરાઉપરી ને જોરથી પડે તેનો અવાજ (રવ.) |
| | (૨) ધડધડવું | (અ.ક્રિ.) (૧) ધડધડ થવું (૨) એકદમ તૂટી પડવું |

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

(૩) ધડધડાટ (પું.) (૧) ધડધડ અવાજ (અ.) (૨) ઝપાટાભેર
૧૭૩ ધડબડધડબડ (અ.) દોડવાનો અવાજ (રવ.)
૧૭૪ ધડીમધડીમ (અ.) ધડધડ (રવ.)
૧૭૫ ધડૂસધડૂસ (અ.) (રવ.)
૧૭૬ (૧) ધણધણ (અ.) પોલી વસ્તુનો અવાજ (રવ.)
(૨) ધણધણવું (અ.ક્રિ.) (૧) ધણધણ થવું (૨) કંપવું (૩) જોશમાં બળવું
(૩) ધણધણાટ (પું.) ધણધણ એવો અવાજ
(૪) ધણધણાટી (સ્ત્રી.) ધણધણવું તે
૧૭૭ ધબકધબક (અ.) (રવ.)
૧૭૮ ધબડધબડ (અ.) ધડબડ ધડબડ (રવ.)
૧૭૯ (૧) ધબધબ (અ.) (રવ.)
(૨) ધબધબવું (અ.ક્રિ.) ધબધબ અવાજ કરવો (રવ.)
(૩) ધબધબાટ (પું.) ધબધબ અવાજ
(૪) ધબધબાટી (સ્ત્રી.) ધબધબ અવાજ થવો તે ( જેમ કે મારામારીમાં ) (કોશમાં નથી)
(૫) ધબધબાવવું (સ.ક્રિ.) ખૂબ રેડવું
(૬) ધબધબો (પું.) ધોધ
૧૮૦ (૧) ધમધમ (અ.) (રવ.)
(૨) ધમધમવું (અ.ક્રિ.) (૧) ધમ ધમ થવું (૨) કંપવું (૩) બહુ ગરમ થવું ( સર. પ્રા. "ધમધમ", સં. "–ધમધમાય્" )
(૩) ધમધમાટ (વિ.) (૧) તીખું, તમતમું, ઉગ્ર (પું.) (૨) ધમધમ અવાજ (રવ.) (૩) રોફ, દોર (૪) દમામ (૫) તીખાશ
(૪) ધમધમાવવું (સ.ક્રિ.) (૧) "ધમધમવું"નું પ્રેરક (૨) ધમકાવવું (૩) (લા.) જોશથી કામ ચલાવવું, કશું વેગથી કે ખૂબ કરવું (૪) જોશથી (બીડીનો) દમ મારવો
૧૮૧ ધિકધિકાવવું (સ.ક્રિ.) ખૂબ ધિકાવવું
૧૮૨ ધીકધીકતું (વિ.) ધગધગતું, ખૂબ ગરમ ( "ધીકતું" ઉપરથી )
૧૮૩ ધૂધૂ (અ.) (૧) (રવ.) (૨) (ન.) નગારું
૧૮૪ (૧) પચપચ (અ.) ( દબાવાથી પ્રવાહીનો અવાજ ) (રવ., સર. હિં., મ.)
(૨) પચપચવું (અ.ક્રિ.) (૧) પચપચ અવાજ થવો (૨) પચપચું થવું
(૩) પચપચું (વિ.) પચપચ થાય એવું ગદગદું (સર. હિં. "પચપચા")
૧૮૫ (૧) પટપટ (અ.) (૧) જલદી (સ્ત્રી.) (૨) બોલબોલ કરવું તે (રવ.)
(૨) પટપટવું (અ.ક્રિ.) પટપટ થવું
(૩) પટપટાટ (પું.) (૧) પટપટ કરવી તે (૨) પટપટાવવું તે
(૪) પટપટારો (પું.) જુઓ પટપટાટ
(૫) પટપટાવવું (સ.ક્રિ.) પટપટ હલાવવું (પૂંછડી)

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

| | | |
|---|---|---|
| | (૬) પટપટિયું | (વિ.) (૧) લંવરીખોર (ન.) (૨) લાકડાનું રમકડું (૩) હજામનું ટપટપિયું |
| ૧૮૬ | (૧) પડપડ | (અ.) (રવ.) |
| | (૨) પડપડવું | (અ.ક્રિ.) પડપડ અવાજ કરવો |
| | (૩) પડપડાટ | (પું.) (૧) પડપડ અવાજ (૨) પપડાટ |
| | (૪) પડપડિયાં | (ન.બ.વ.) પાતળા ઝાડાથી થતો અવાજ |
| ૧૮૭ | પલપલવું | (અ.ક્રિ.) ચળકવું, ચમક ચમક થવું |
| ૧૮૮ | પાપા | (પું.) (૧) રોટલી, તાતા ( બાળભાષામાં ) |
| | | (અ.) (૨) બાળકને પગલાં મંડાવવાનો ઉદ્ગાર (રવ.) |
| ૧૮૯ | પીપી | (અ.) (૧) (રવ.) (૨) ફૂંકીને વગાડવાની ભૂંગળી ( ગાજર કે પાંદડાની), પિપુડી (૩) "પી" બોલાય તે, ફજેતી (૪) (બાળભાષા) પિપરમીટ જેવી ગોળી |
| ૧૯૦ | (૧) ફગફગ | (અ.) છૂટથી, પુષ્કળ (રવ.) |
| | (૨) ફગફગવું | (અ.ક્રિ.) (૧) ફરફરવું, હવામાં ઊડવું (૨) રખડવું, રઝળવું (૩) ફદફદવું (રવ.) |
| ૧૯૧ | ફગહફગહ | (અ.) જુઓ ફગફગ |
| ૧૯૨ | ફચફચ | (અ.) ભોંકાયાનો કે એકદમ ફસકી ફાટી જવાનો રવ (રવ.) |
| ૧૯૩ | ફટફટ | (અ.) (૧) ફટાકડા વગેરેનો અવાજ (૨) ધિક્ધિક્ (૩) ઝટઝટ, વગર વિચારે (રવ.) |
| ૧૯૪ | ફટફટી | (સ્ત્રી.) મોટરસાઇકલ |
| ૧૯૫ | (૧) ફડફડ | (અ.) (૧) ઊડવાનો, ફૂટવાનો કે ધબકવાનો અવાજ (૨) ઉપરાઉપરી (૩) ધબકારો, ઊછળવું તે ( હૃદયનું ) (૪) ધાંધલ, ઉતાવળ (રવ.) |
| | (૨) ફડફડવું | (અ.ક્રિ.) (૧) ફડફડ અવાજ થવો ( હવાથી ઊડવાથી ) (૨) ( બીકથી ) ધ્રૂજવું, કંપવું (૩) ગુસ્સામાં બોલવું (૪) પૂંઠે ગુસ્સામાં બડબડવું |
| | (૩) ફડફડાટ | (પું.) (૧) ફડફડવું તે (૨) (લા.) પતરાજી, તોર |
| ૧૯૬ | ફદડકફદડક | (અ.) જોરથી દોડતા ઘોડાનો અવાજ (રવ.) |
| ૧૯૭ | (૧) ફદફદ | (અ.) (૧) ફદફદવાનો અવાજ (૨) પોચું અને ગદગદી ગયેલું (રવ.) |
| | (૨) ફદફદવું | (અ.ક્રિ.) (૧) કોહીને, અથાઇને કે ખટાઇને ગદગદું થવું (૨) પરુ ભરાઈને ફૂટવાની તૈયારીમાં આવવું (૩) ખદખદવું |
| | (૩) ફદફદાટ | (પું.) ફદફદવું તે |
| ૧૯૮ | (૧) ફરફર | (સ્ત્રી.) (૧) વરસાદની ઝીણી છાંટ (અ.) (૨) પવનમાં ઊડતું હોય તેમ ( "ફેરું" ઉપરથી ) |
| | (૨) ફરફરવું | (અ.ક્રિ.) હાલવું, ફરકવું ( સં. "– ફરફરાય્" ) |
| | (૩) ફરફરિયું | (વિ.) ફરફરે એવું (ન.) (૨) કાગળિયું (૩) કાનનું એક ઘરેણું (૪) હવામાં ઊડી જાય એવું એક બીજ, કણજું |
| ૧૯૯ | ફહફહ | (અ.) હસવાનો રવ, ફગફગ (રવ.) |
| ૨૦૦ | ફિટફિટ | (અ.) (૧) ફટફટ, ધિક્ધિક્ (સ્ત્રી.) (૨) ધિક્કાર |

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

| | | |
|---|---|---|
| ૨૦૧ | ફેંફેં | (અ.) (૧) થાકની હાંફનો અવાજ (સ્ત્રી.) (૨) હાહાકાર |
| ૨૦૨ | (૧) બકબક | (સ્ત્રી.) નકામો લવારો–ડાચાકૂટ, બકવાટ (પ્રા. "બુક્ક", હિં. "બકના" –ભૂંકવું કે ગર્જવું) |
| | (૨) બકબકાટ | (પું.) જુઓ બકબક |
| | (૩) બકબકાટો | (પું.) જુઓ બકબક |
| | (૪) બકબકારો | (પું.) જુઓ બકબક |
| | (૫) બકબકિયું | (વિ.) બકબક કરનારું |
| ૨૦૩ | બખબખિયાં | (ન.બ.વ.) કાંસીજોડ, એક વાદ્ય (કોશમાં નથી) |
| ૨૦૪ | બચકબચક | (અ.) ધાવવાનો અવાજ (રવ.) |
| ૨૦૫ | (૧) બચબચ | (અ.) ધાવવાનો અવાજ (રવ.) |
| | (૨) બચબચાટ | (પું.) બચબચ અવાજ |
| ૨૦૬ | (૧) બડબડ | (સ્ત્રી.) (અ.) બકબક, લવલવ (પ્રા. "બડબડ") |
| | (૨) બડબડવું | (અ.ક્રિ.) (૧) બડબડવું, બડબડ કરવું (૨) અણગમાને કારણે મનમાં ગણગણવું (૩) (સુ.) વઢવું |
| | (૩) બડબડાટ | (પું.) બડબડવું તે, બડબડાટ |
| | (૪) બડબડાટિયું | (વિ.) બબડાટિયું, બડબડાટ કરનારું |
| | (૫) બડબડિયું | (વિ.) જુઓ બડબડાટિયું |
| | (૬) બડબડો | (પું.) (ચ.) ફદફદતો ગંદવાડો |
| ૨૦૭ | (૧) બણબણ | (અ.) (ન.) બણબણાટ (રવ.) |
| | (૨) બણબણવું | (અ.ક્રિ.) બણબણ કરવું |
| | (૩) બણબણાટ | (પું.) બણબણ અવાજ (માખો ઈત્યાદિનો) |
| ૨૦૮ | બદબદવું | (અ.ક્રિ.) જંતુઓથી ખદખદ થવું, કોહવાવું (રવ.) |
| ૨૦૯ | બમબમ | (અ.) શિવદર્શન કરતાં બોલાય છે. (બમ–પ્રા. "બમ્હ", "બંભ", સં. "બ્રહ્મન્") (રવ.) |
| ૨૧૦ | બુલબુલ | (ન.) એક પક્ષી (ફા.) |
| ૨૧૧ | બુલબુલાટ | (પું.) બુલબુલના જેવો રવ |
| ૨૧૨ | બેંબેં | (અ.) (બકરાંઘેટાંનો) (રવ.) |
| ૨૧૩ | ભકભક | (અ.) (૧) લગભગ (૨) ભભકતું હોય તેમ (રવ.) |
| ૨૧૪ | (૧) ભગભગ | (અ.) (૧) એવા અવાજ સાથે (૨) જોરથી (રવ.) |
| | (૨) ભગભગાવવું | (સ.ક્રિ.) ભગભગ થાય એમ, મોટી ધારે કે જોરથી રેડવું |
| ૨૧૫ | ભચભચ | (અ.) ભોંકવા–ભોંકાવાનો કે અથડાવાનો રવ (રવ.) |
| ૨૧૬ | ભચડભચડ | (અ.) ચાવવાના કે કચડાવાના અવાજથી (રવ.) |
| ૨૧૭ | (૧) ભડભડ | (અ.) (૧) એવા અવાજથી (૨) જોરથી, ઝટ (રવ.) |
| | (૨) ભડભડવું | (અ.ક્રિ.) (૧) વગર વિચાર્યું બોલવું (૨) ભડભડ સળગવું, ઓચિંતું સળગવું (૩) ભભડવું, ખાવાનું મન થવું |

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

(૩) ભડભડાટ (પું.) (૧) ભડભડવું તે (૨) ભડભડ એવો અવાજ (અ.) (૩) એવા અવાજથી
(૪) ભડભડિયું (વિ.) મનમાં જે હોય તે કહી દેનારું, ગુપ્ત ન રાખી શકે તેવું
૨૧૮ ભણભણવું (અ.ક્રિ.) ભણભણ એવો અવાજ થવો (રવ.)
૨૧૯ ભયોભયો (અ.) સારી પેઠે ભયો ( હિં., સં. "– ભૂત", પ્રા. "ભુઅ" )
૨૨૦ ભરડભરડ (અ.) (૧) એ અવાજથી (૨) સતત (રવ.)
૨૨૧ ભરભરું (વિ.) (૧) કોરું, ચીકટ વગરનું (૨) કરકરું, કણદાર ( સર. હિં. "ભુર-ભુરા", મ. "ભરભરીત" )
૨૨૨ ભળભળિયું (વિ.) જુઓ ભડભડિયું
૨૨૩ ભૂંભૂં (અ.) એવો અવાજ (રવ.)
૨૨૪ ભેંભેં (અ.) ભેં એવો અવાજ (રવ.)
૨૨૫ (૧) મઘમઘવું (અ.ક્રિ.) ખુશબો ફેલાવવી, મહેકવું ( પ્રા. "મગ્ઘમગ્ઘ", "મહમહ" )
(૨) મઘમઘાટ (પું.) મઘમઘવું તે
૨૨૬ મચમચાવવું (સ.ક્રિ.) (૧) મટમટાવવું (૨) છબછબાવવું (રવ.)
૨૨૭ મટમટાવવું (સ.ક્રિ.) આંખના પલકારા મારવા ( સર. હિં. "મટકાના" )
૨૨૮ મરકમરક (અ.) મંદમંદ હસતું હોય એમ ( પ્રા. "મુર" )
૨૨૯ મલકમલક (અ.) મંદમંદ હસતું હોય એમ ( ઉદા. મોં મલક મલક થાય છે. )
૨૩૦ મસમસવું (અ.ક્રિ.) મઘમઘવું ( પ્રા. "મગ્ઘમગ્ઘ" )
૨૩૧ મોરમોર (અ.) ( ખાદ્ય ) મોંમાં ઘાલતાં છૂટેછૂટું થઈ જાય એમ ( દે. "મુરિઅ" – તૂટેલું, ભાંગેલું )
૨૩૨ (૧) રખરખ (ન.) (૧) તલપવું – તલસવું તે (૨) ( માંદગીથી ) ચેન ન પડવું તે ( રવ., સર. મ. )
(૨) રખરખવું (અ.ક્રિ.) (૧) રખરખ કરવું (અ.ક્રિ.) (૨) (કા.) ધીકવું
૨૩૩ (૧) રગરગ (સ્ત્રી.) કાલાવાલા ( સર. "રખરખ" )
(૨) રગરગવું (અ.ક્રિ.) કરગરવું, કાલાવાલા કરવા
(૩) રગરગાવવું (સ.ક્રિ.) (૧) "રગરગવું"નું પ્રેરક (૨) આશા આપી દુઃખી કરવું (૩) ટેંકાવવું, વલખાં મારવાં
૨૩૪ (૧) રણરણવું (અ.ક્રિ.) હવા વીંધી જોરથી થતી ગતિનો અવાજ ( રવ., પ્રા. "રણરણ", સં. "–રણરણાય્" )
(૨) રણરણાટ (પું.) રણરણવું તે
૨૩૫ રમરમ (પું.) (૧) એવો અવાજ (૨) જીભ ઉપર થતો રવરવાટ (અ.) (૩) એવો અવાજ થાય એમ (૪) જીભ ઉપર રવરવે તેમ (રવ.)
૨૩૬ (૧) રવરવ (અ.) રવરવે તેમ ( સર. મ. )
(૨) રવરવવું (અ.ક્રિ.) (૧) ચચરવું (૨) અવાજ સાથે ( જ્વાળાની જેમ ) ગતિમાન દેખાવું
(૩) રવરવાટ (પું.) રવરવવું તે
૨૩૭ (૧) લખલખ (વિ.) (૧) ચળકતું, સ્વચ્છ (અ.) (૨) લખલખે એમ (રવ.)

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

| | | |
|---|---|---|
| | (૨) લખલખવું | (અ.ક્રિ.) (૧) ફાટવું, પીડા થવી (૨) ચકચકવું, ઝળકવું (૩) લખલખ એવો અવાજ થવો (પાણી ઊછળવાથી, કૂતરું પાણી પીએ ત્યારે) (૪) લવલવવું (૫) તીવ્ર ભૂખ લાગવી, તીવ્ર અભિલાષા થવી (સર. મ. "લખલખણેં") |
| | (૩) લખલખાટ | (પું.) (૧) ઝગઝગાટ (૨) લવારો (૩) સણકો, પીડા (૪) ધાસ્તી, ડર (૫) ધાંધાટ, ધમાલ (૬) ધખણા, ભૂખ |
| | (૪) લખલખાટો | (પું.) લખલખાટ, ઝગઝગાટ |
| ૨૩૮ | લગલગ | (ન.) એક પંખી (સર. હિં., અરબી "લકલક") |
| ૨૩૯ | લચલચવું | (અ.ક્રિ.) (૧) લચી જવું (૨) કરમોડાવું, સાંધામાંથી ઊતરી જવું (૩) મદથી ચાલતાં કમ્મરેથી જરા મરડાવું |
| ૨૪૦ | લપકલપક | (અ.) (૧) લપલપ, લપકેલપકે (૨) લપકારા મારતું હોય એમ, લબકલબક, રહીરહીને વેદના થાય એમ (જેમકે ગૂમડામાં) (સ્વ.) |
| ૨૪૧ | (૧) લપલપ | (સ્ત્રી.) (૧) બકબક, લવારો (અ.) (૨) ચપચપ, ઝડપથી (૩) લબૂકલબૂક (સ્વ.) |
| | (૨) લપલપાટ | (પું.) (સ્ત્રી.) (૧) લવારો, બકવાટ (૨) ઉતાવળ, ધાંધલ |
| | (૩) લપલપિયું | (વિ.) લપલપાટ કરનારું |
| ૨૪૨ | લપુલપુ | (અ.) જુઓ લબલબ |
| ૨૪૩ | લપૂકલપૂક | (અ.) જુઓ લબલબ |
| ૨૪૪ | લબકલબક | (અ.) જુઓ લપકલપક (સર. મ. "લબકણેં") |
| ૨૪૫ | (૧) લબલબ | (અ.) (૧) એવો અવાજ થાય તેમ (જેમકે કૂતરાના ચાટવાનો) (૨) ઉતાવળે (૩) લબુલબુ (સ્વ., સર. મ.) |
| | (૨) લબલબાટ | (પું.) લબલબ અવાજ |
| ૨૪૬ | લબુલબુ | (અ.) જુઓ લબુઢબુ |
| ૨૪૭ | (૧) લવલવ | (સ્ત્રી.) (૧) લવારો, બકવાટ (અ.) (૨) લવલવ કરે તેમ (પ્રા. "લવ", સં. "–લપ્") |
| | (૨) લવલવવું | (અ.ક્રિ.) લવલવ કરવું |
| | (૩) લવલવાટ | (પું.) લવારો |
| | (૪) લવલવારો | (પું.) લવારો |
| ૨૪૮ | લસરકલસરક | (અ.) ઝપાટાબંધ, લસરકાભેર (સ્વ.) |
| ૨૪૯ | (૧) લસલસ | (અ.) લસલસતું હોય એમ (સં. "–લસ્") |
| | (૨) લસલસવું | (અ.ક્રિ.) (૧) ચળકવું, તેજ મારવું (૨) ઘીતેલથી તરબોળ થવું (૩) આનંદમાં ખેલવું કે નાચવું |
| | (૩) લસલસાટ | (પું.) ઘસઘસાટ |
| ૨૫૦ | લુશલુશ | (અ.) વગર ચાવ્યે, ઝટઝટ (ખાવું તે) (સ્વ., સર. મ.) |
| ૨૫૧ | લુસલુસ | (અ.) જુઓ લુશલુશ |

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

૨૫૨ લોલો (અ.) (૧) હાલરડાનો એક અવાજ (પું.) (૨) (જીભનો બોલતો સ્નાયુ, લોખો) (સં. "–લુલ્")

૨૫૩ (૧) વખવખ (સ્ત્રી.) વખવખવું તે

(૨) વખવખવું (અ.ક્રિ.) (૧) વલખાં મારવાં (૨) ખાઉં ખાઉં કરવું, તલપવું (સર. મ. "વખવખણેં")

(૩) વખવખાટ (પું.) વખવખ

(૪) વખવખો (પું.) વખવખ

૨૫૪ (૧) વચવચ (સ્ત્રી.) વચમાં ઉદ્ધતાઈથી બડબડવું તે

(૨) વચવચાટ (પું.) જુઓ વચવચ

(૩) વચવચિયું (વિ.) વચવચાટ કરનારું (સર. મ. "વચવચ્યા")

૨૫૫ વટવટવું (અ.ક્રિ.) (કા.) ખાઉં ખાઉં કરવું (સર. મ. "વટવટણેં"– ટકટક કરવી)

૨૫૬ (૧) વલવલ (સ્ત્રી.) (૧) વધારે પડતી ચંચળતા (બોલવા, બેસવા, ઊઠવામાં), ઘડી સખણું ન રહેવું તે (૨) વગર પૂછ્યે બોલબોલ કરવું તે, ચિબાવલાવેડા (જુઓ વલવલવું, સર. અરબી "વલવલ")

(૨) વલવલવું (અ.ક્રિ.) (૧) બોલબોલ કરવું (૨) રોતાં રોતાં બોલવું, વિલાપ કરવો (૩) વલખાં મારવા (સં. "– વિ + લપ્", પ્રા. "વડવડ")

(૩) વલવલાટ (પું.) (૧) વલોપાત, હાયવોય (૨) સળવળાટ

(૪) વલવલિયું (વિ.) (૧) વલોપાત કરતું (૨) વલવલ કર્યા કરતું, બહુબોલું

૨૫૭ (૧) વળવળ (સ્ત્રી.) ખણુજ, ચળ, સળવળાટ

(૨) વળવળવું (અ.ક્રિ.) ખણુજ આવવી, સળવળવું

૨૫૮ વોયવોય (અ.) ભય કે દુઃખનો પોકાર કરે તેમ (સર. દે. "વેવ્વે"– વિષાદ તથા ભયસૂચક અવ્યય)

૨૫૯ (૧) સણુસણુ (અ.) ઊકળતા પાણીનો અવાજ (રવ., સર. હિં., મ.)

(૨) સણુસણુવું (અ.ક્રિ.) સણુસણુ અવાજ થવો

(૩) સણુસણુાટ (પું.) પાણી બળતાં કે હવા ચિરાતાં થતો અવાજ

૨૬૦ સનસનાટી (સ્ત્રી.) આશ્ચર્ય કે હબકની સ્તબ્ધતાની વ્યાપક અસર, તરખાટ (સર. હિં., મ. "સન્નાટા", "સનસનાહટ")

૨૬૧ સપસપ (અ.) ચપચપ, ઝડપથી (રવ., સર. મ.)

૨૬૨ (૧) સમસમ (અ.) જોરથી ફૂંકાતા કે વીંધાતા પવનનો અવાજ (રવ.)

(૨) સમસમવું (અ.ક્રિ.) (૧) એવો અવાજ થવો (૨) ધૂંધવાઈ રહેવું (મનમાં) (સં. "– સિમિસિમાયતે", પ્રા. "સિમિસિમ")

(૩) સમસમાટ (અ.) (૧) સમસમતું હોય તેમ (પું.) (૨) લાગણીથી સમસમવું તે

૨૬૩ સરસર (સ્ત્રી.) (૧) છોકરાંની એક રમત, ખારોપાટ (અ.) (૨) ઝડપથી સરકવાનો કે ચાલવાનો અવાજ (રવ.)

૨૬૪ સુરસુરિયું (ન.) વાટ વગરનો ફટાકડો (કોશમાં નથી)

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

| | | | |
|---|---|---|---|
| ૨૬૫ | (૧) | હડહડ | (અ.) (૧) એક રવ (૨) તાપ (રવ.) |
| | (૨) | હડહડતું | (વિ.) (૧) ઊકળતું (૨) (લા.) ચુસ્ત, પાકું, પૂરેપૂરું |
| | (૩) | હડહડવું | (અ.ક્રિ.) હડહડ અવાજ સાથે ઊકળવું |
| ૨૬૬ | | હડેહડે | (સ્ત્રી.) (૧) હડે હડે કરવું તે (૨) (લા.) આવકારનો અભાવ, અવગણના |
| ૨૬૭ | (૧) | હણહણ | (સ્ત્રી.) જુઓ હણહણાટ (રવ.) |
| | (૨) | હણહણવું | (અ.ક્રિ.) ઘોડો નાકમાંથી કરે છે તે અવાજ (રવ.) |
| | (૩) | હણહણાટ | (પું.) હણહણવું તે |
| | (૪) | હણહણાટી | (સ્ત્રી.) હણહણવું તે |
| ૨૬૮ | (૧) | હબહબ | (અ.) નળમાંથી પાણી જોરથી નીકળવાનો અવાજ (રવ.) |
| | (૨) | હબહબાટ | (પું.) (૧) હબહબ અવાજ (૨) ઘોંઘાટ |
| ૨૬૯ | (૧) | હલહલ | (સ્ત્રી.) ધાંધલ, કોલાહલ (દે.) |
| | (૨) | હલહલાટ | (પું.) જુઓ હલહલ |
| ૨૭૦ | | હાઉહાઉ | (અ.) કૂતરાના ભસવાનો અવાજ (રવ.) |
| ૨૭૧ | | હાયહાય | (સ્ત્રી.) (અ.) (૧) શોક, અફસોસ, ચિંતા, તેનો ઉદ્દગાર (૨) કૂટવું તે |
| ૨૭૨ | | હાંહાં | (અ.) ખમા કે અરેરાટી બતાવતો ઉદ્દગાર |
| ૨૭૩ | | હીહી | (અ.) હસવાનો અવાજ (સં.) |
| ૨૭૪ | | હુસહુસ | (અ.) (૧) ઉતાવળમાં (૨) કરડવા કૂતરાને ઉશ્કેરવાનો ઉદ્દગાર |
| ૨૭૫ | | હૂડહૂડ | (અ.) ઉતાવળ કે ઝપાટાબંધ ગતિ સૂચવતો રવ (રવ.) |
| ૨૭૬ | | હોહો | (સ્ત્રી.) (૧) ગડબડ, ઘોંઘાટ, ધમાલ (૨) જાહેરાત કે ચર્ચા (૩) ગભરાટ, ખળભળાટ (અ.) (૪) એવો અવાજ (રવ.) |
| ૨૭૭ | | હોંચીહોંચી | (અ.) ગધેડાના ભૂંકવાનો અવાજ (રવ.) |

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

( ૬ )

## (૨) સંયોજકવાળા રવાનુકારી દ્વિરુક્ત પ્રયોગો

### (૨)અ

### ‘આ’ સંયોજકવાળા દ્વિરુક્ત પ્રયોગો

| | | | |
|---|---|---|---|
| ૨૭૮ | (૧) | કચાકચ | (સ્ત્રી.) (૧) જુઓ કચાકચ (૨) કોઈ વસ્તુ કપાયાનો એવો અવાજ (અ.) (૩) કચકચ–ઝપાટાબંધ કપાય એમ ( રવ. ) |
| | (૨) | કચાકચિ | (અ.) સામસામા વાળ ખેંચીને (સં.) |
| | (૩) | કચાકચી | (અ.) જુઓ કચાકચિ |
| ૨૭૯ | (૧) | કડાકડ | (અ.) કડાકડ એવા અવાજ સાથે ( રવ. ) |
| | (૨) | કડાકડી | (સ્ત્રી.) (૧) જુઓ કટાકટી, હરીફાઈ, ચડસાચડસી (૨) સખત બોલાબોલી, તડાતડી (૩) ધડાધડી, મારામારી (૪) શત્રુવટ |
| ૨૮૦ | (૧) | ખચાખચ | (અ.) (૧) ખચખચ (૨) ખીચોખીચ ( રવ. ) |
| | (૨) | ખચાખચી | (અ.) (૧) ખચીત, અવશ્ય (સ્ત્રી.) (૨) ગિરદી, ભીડ |
| ૨૮૧ | (૧) | ખટાખટ | (અ.) (સ્ત્રી.) (૧) ખટાખટ એવો અવાજ (૨) (લા.) કજિયો, તકરાર (રવ.) |
| | (૨) | ખટાખટી | (સ્ત્રી.) જુઓ ખટાખટ |
| ૨૮૨ | | ખડાખડ | (અ.) (૧) એવો અવાજ થાય એમ (૨) ઉતાવળથી ( રવ. ) |
| ૨૮૩ | | ખબાખબ | (અ.) (૧) ઘોંઘાટ – ઘાંટાઘાંટ થાય એમ (સ્ત્રી.) (૨) ઘોંઘાટ, ધાંધલ (૩) ઘાંટાઘાંટ, તકરાર, બોલાબોલી |
| ૨૮૪ | | ખરાખર | (અ.) નક્કી, ખરેખર |
| ૨૮૫ | | ખીચોખીચ | (અ.) ગીચોગીચ, ભરચક, ઠાંસીઠાંસીને |
| ૨૮૬ | | ગચાગચ | (અ.) ખીચોખીચ |
| ૨૮૭ | (૧) | ગબાગબ | (અ.) (૧) ગળગળ, ટપોટપ (સ્ત્રી.) (૨) ઘોળાઘોળ ( રવ. ) |
| | (૨) | ગબાગબી | (સ્ત્રી.) (૧) મુક્કામુક્કી (૨) બોલાબોલી |
| ૨૮૮ | | ધચાધચ | (અ.) જુઓ ધચધચ ( રવ.) |
| ૨૮૯ | (૧) | ધબાધબ | (સ્ત્રી.) કોઈની વચ્ચે બોલબોલ કરવું તે ( કોશમાં નથી ) |
| | (૨) | ધબાધબી | (સ્ત્રી.) જુઓ ધબાધબ ( કોશમાં નથી ) |
| ૨૯૦ | | ધમાધમ | (અ.) (સ્ત્રી.) ધમ્માચકડી, ધાંધલ, દોડાદોડી ( રવ. ) |
| ૨૯૧ | | ધોરાધોર | (સ્ત્રી.) બૂમાબૂમ ને દોડાદોડી ( “ધોર”–રવ ઉપરથી ) |
| ૨૯૨ | | ચટાચટ | (અ.) ચટપટ, ઝટઝટ ( રવ. ) |
| ૨૯૩ | | ચપાચપ | (અ.) ઝટઝટ ( રવ. ) |
| ૨૯૪ | | છટાછટ | (અ.) ( રવ. ) |
| ૨૯૫ | | છનાછની | (સ્ત્રી.) (૧) ઉપરાઉપરી છનછન અવાજ થયા કરવો તે |

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

| | | |
|---|---|---|
| | | (૨) (લા.) પૈસાની રેલંછેલ |
| ૨૯૬ | છલાછલ | (અ.) છલકાય તેમ – છેક સુધી (ભરેલું) (દે. "છુલ્લુચ્છુલ"–છલકાવું, ઉછાળવું) |
| ૨૯૭ | છમાછમી | (સ્ત્રી.) જુઓ છમછમ (કોશમાં નથી) |
| ૨૯૮ | ઝટાઝટી | (સ્ત્રી.) જુઓ ઝટાપટી |
| ૨૯૯ | ઝડાઝડી | (સ્ત્રી.) ટપાટપી, તકરાર |
| ૩૦૦ | (૧) ઝપાઝપ | (સ્ત્રી.) (૧) મારામારી, ટંટો (૨) કાપાકાપી, કતલ |
| | (૨) ઝપાઝપી | (સ્ત્રી.) જુઓ ઝપાઝપ |
| ૩૦૧ | (૧) ઝમાઝમ | (સ્ત્રી.) જુઓ ઝમાઝમી |
| | (૨) ઝમાઝમી | (સ્ત્રી.) (૧) હાથના ચાળા સહિત બોલાબોલી (૨) ઝપાઝપી, ઝઘડો (સર. મ. "ઝમાઝમી"–ઝઘડો) |
| ૩૦૨ | (૧) ટપાટપ | (અ.) (૧) ઝટઝટ (૨) ટપકવાનો રવ |
| | (૨) ટપાટપી | (સ્ત્રી.) બોલાબોલી, લડાલડી |
| ૩૦૩ | ઠસાઠસ | (અ.) ઠાંસી ઠાંસીને ભરાયું હોય એમ, સજ્જડ દબાવીને (જુઓ ઠસ, સર. હિં., મ. "ઠસાઠસ") |
| ૩૦૪ | ડબાડબ | (અ.) (૧) ડબડબ (આંસુ પડવાં) (સ્ત્રી.) જુઓ ડબડબાટ ૨ અને ૩ (રવ.) |
| ૩૦૫ | (૧) તડાતડ | (અ.) ઝટઝટ, ઉપરાઉપરી (રવ.) |
| | (૨) તડાતડી | (સ્ત્રી.) (૧) બોલાચાલી, મારામારી (૨) ચડાચડી, સ્પર્ધા (૩) ઉતાવળ, ધમાચકડી |
| ૩૦૬ | થડાથડ | (અ.) અથડાવાનો અવાજ, થડ ઉપર થડ અવાજથી (રવ.) |
| ૩૦૭ | (૧) ધડાધડ | (અ.) "તડાતડ, ઉપરાઉપરી, ઝપાટામાં" સૂચવતો અવાજ (રવ., સર. હિં., મ.) |
| | (૨) ધડાધડી | (સ્ત્રી.) (૧) ધડંધડા (૨) ધમાલ |
| ૩૦૮ | ધબાધબી | (સ્ત્રી.) મારામારી (રવ.) |
| ૩૦૯ | (૧) ધમાધમ | (સ્ત્રી.) મારામારી, ગરબડ (રવ.) |
| | (૨) ધમાધમી | (સ્ત્રી.) જુઓ ધમાધમ |
| | (૩) ધમ્માધમ | (સ્ત્રી.) જુઓ ધમાધમ |
| | (૪) ધમ્માધમી | (સ્ત્રી.) જુઓ ધમાધમ |
| ૩૧૦ | ધીબાધીબ | (અ.) (રવ.) |
| ૩૧૧ | (૧) પટાપટ | (સ્ત્રી.) એક પછી એક, જલદી, પટોપટ (રવ.) |
| | (૨) પટાપટી | (સ્ત્રી.) (૧) બોલાબોલી (રવ.) (૨) આડાઅવળા લીટા ("પટો" ઉપરથી) |
| ૩૧૨ | ફટાફટ | (અ.) ફટફટ, ઝપાટાબંધ, ઉપરાઉપરી (રવ.) |
| ૩૧૩ | ફડાફડ | (અ.) ઉપરાઉપરી (રવ.) |
| ૩૧૪ | ફેડાફેડ | (સ્ત્રી.) આમ ને તેમ જવું, હેડફેડ (મૂળ "ફરડફરડ", રવ.) |

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

| | | |
|---|---|---|
| ૩૧૫ | બખાબખી | (સ્ત્રી.) (૧) લડાલડી, ટંટો (૨) બખેડો, ફિસાદ |
| ૩૧૬ | (૧) ભડાભડ | (અ.) (૧) એવા અવાજ સાથે (૨) એકદમ (રવ.) |
| | (૨) ભડાભડી | (સ્ત્રી.) (૧) ભડાભડ અવાજ (૨) ધાંધલ, ધમપછાડા |
| ૩૧૭ | સપાસપ | (અ.) સપાટાબંધ (જુઓ સપસપ) |
| ૩૧૮ | હૂકાહૂક | (સ્ત્રી.) વાંદરાના હોકારા (રવ.) |
| ૩૧૯ | હૂપાહૂપ | (સ્ત્રી.) જુઓ હૂકાહૂક |

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

## ( ક )

## ( ૨ )આ

## ઓ – સંયોજકવાળા રવાનુકારી દ્વિરુક્ત પ્રયોગો

૩૨૦ ખચોખચ (અ.) (૧) ભચોભચ (૨) ખાચોખાચ
૩૨૧ ખાચોખાચ (અ.) જુઓ ખાચાખાચ
૩૨૨ ગબોગબ (અ.) ગબગબ, ઉપરાઉપરી (રવ.)
૩૨૩ ગીબોગીબ (અ.) ઘીબોઘીબ, ઉપરાઉપરી (રવ.)
૩૨૪ ચટોચટ (અ.) તાબડતોબ
૩૨૫ ચપોચપ (અ.) જુઓ ચપાચપ
૩૨૬ છલોછલ (અ.) જુઓ છલાછલ
૩૨૭ ઝટોઝટ (અ.) જુઓ ઝટઝટ
૩૨૮ ઝપોઝપ (અ.) ઝપાટાથી, ઝપઝપ ("ઝપ" ઉપરથી)
૩૨૯ ઝબોઝબ (અ.) ઝપોઝપ
૩૩૦ ટપોટપ (અ.) (૧) એક પછી એક (૨) જલદીથી, તરત જ
૩૩૧ ઠસોઠસ (અ.) જુઓ ઠસાઠસ
૩૩૨ ડબોડબ (અ.) જુઓ ડબડબ (રવ.)
૩૩૩ તડોતડ (અ.) જુઓ તડાતડ
૩૩૪ તસોતસ (અ.) તસતસે એમ, તંગ
૩૩૫ ધબોધબ (અ.) ઉપરાઉપરી, ધબધબ (રવ.)
૩૩૬ ધીબોધીબ (અ.) (રવ.)
૩૩૭ પટોપટ (અ.) જુઓ પટાપટ
૩૩૮ ફટોફટ (અ.) જુઓ ફટાફટ
૩૩૯ ફડોફડ (અ.) જુઓ ફડફડ (કોશમાં નથી)
૩૪૦ (૧) ભચોભચ (અ.) (૧) ભચભચ (૨) ઉપરાઉપરી (રવ.)
(૨) ભચોભચ્ચ (અ.) જુઓ ભચોભચ
૩૪૧ ભડોભડ (અ.) જુઓ ભડાભડ
૩૪૨ સબોસબ (અ.) ઝપાટાબંધ, ત્વરાથી (રવ.)

---

[ તડંતડા, ધડંધડા જેવા જ થોડા રવાનુકારી શબ્દોમાં અનુસ્વાર સંયોજક તરીકે આવે છે. પણ તેવા શબ્દોની સંખ્યા ઘણી જ ઓછી છે. ]

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

## ( ખ )

## ઘટકના આંશિક પરિવર્તનવાળા રવાનુકારી દ્વિરુક્ત પ્રયોગો

| | | |
|---|---|---|
| ૩૪૩ | અડબડિયું | (ન.) લથડિયું, ચકરી |
| ૩૪૪ | (૧) અડવડવું | (અ.ક્રિ.) (૧) લથડવું (૨) આમતેમ રવડવું ( દે. "અડવડણ"–ખચમાતાં ચાલવું તે ) |
| | (૨) અડવડિયું | (ન.) લથડિયું, ચકરી |
| ૩૪૫ | (૧) કચપચ | (સ્ત્રી.) (૧) જુઓ કલબલ (૨) કચકચ |
| | (૨) કચપચિયું | (વિ.) કચપચ કર્યા કરનારું |
| ૩૪૬ | કડેધડે | (અ.) ધમધોકાર, બહુ સારી રીતે ( રવ. ) |
| ૩૪૭ | (૧) કણુમણવું | (અ.ક્રિ.) જુઓ કણુકણવું |
| | (૨) કણુમણાટ | (પું.) કણુમણવું તે |
| ૩૪૮ | (૧) કલબલ | (સ્ત્રી.) (૧) વાતચીતથી થતો આછો ઘોંઘાટ, શોરબકોર (૨) ન સમજાય તેવું બોલવું તે |
| | (૨) કલબલાટ | (પું.) ઘોંઘાટ, શોરબકોર |
| ૩૪૯ | (૧) કળવળ | (સ્ત્રી.) (૧) કલબલ (૨) દાવપેચ |
| | (૨) કળવળવું | (અ.ક્રિ.) કલબલ કરવી |
| ૩૫૦ | (૧) ખટપટ | (સ્ત્રી.) (૧) યુક્તિ પ્રયુક્તિથી કામ સાધી લેવાની તજવીજ, પ્રાપંચિક ગોઠવણ (૨) ગોઠવણ (૩) કડાકૂટ, પંચાત |
| | (૨) ખટપટવું | (અ.ક્રિ.) ખટપટ કરવી |
| | (૩) ખટપટિયું | (વિ.) (૧) ખટપટવાળું, કડાકૂટિયું (૩) ખટપટી, કારસ્તાની |
| | (૪) ખટપટી | (વિ.) ખટપટિયું, કારસ્તાની |
| | (૫) ખટાપટી | (સ્ત્રી.) (૧) ગરબડ (૨) કજિયો, તકરાર |
| ૩૫૧ | ખડખડભડભડ | (અ.) (૧) ખડખડ ભડભડ એવો અવાજ કરીને (૨) એવો અવાજ (૩) ગરબડ |
| ૩૫૨ | (૧) ખડભડ | (સ્ત્રી.) (૧) એવો અવાજ (૨) ગરબડ, ધાંધલ (૩) કજિયો, બોલાબોલી (૪) દખલ (રવ.) |
| | (૨) ખડભડવું | (અ.ક્રિ.) (૧) ખડભડ અવાજ થવો (૨) બોલાબોલી થવી |
| | (૩) ખડભડાટ | (પું.) (૧) ખડભડ અવાજ (૨) ગરબડ, ધાંધલ |
| ૩૫૩ | (૧) ખદબદ | (અ.) ખદબદ કરતું સડતું હોય–કીડાઓથી તળેઉપર થતું હોય તેમ (રવ.) |
| | (૨) ખદબદવું | (અ.ક્રિ.) ખદબદ થવું |
| | (૩) ખદબદિયાં | (ન.બ.વ.) ( સુખી સ્થિતિ, મોજમજા એ અર્થમાં વપરાય છે. ) |
| ૩૫૪ | ખસડફસડ | અ.) (૧) રવ (૨) ઘસડાતું હોય તેમ ( મોટે ભાગે ચાલતી વખતે જોડાના થતા અવાજ માટે વપરાય છે. આ સ્પષ્ટતા કોશમાં નથી. ) |

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

| | | |
|---|---|---|
| ૩૫૫ | (૧) ખળભળ | (સ્ત્રી.) (૧) ગડબડ, ઘોંઘાટ (૨) મનનો અજંપો, ગભરાટ (સં. "સ્ખલ્", પ્રા. "ખલ", દે. "ખલભલિય") |
| | (૨) ખળભળવું | (અ.ક્રિ.) (૧) ખળભળ અવાજ થવો (૨) હાલી ઊઠવું, તળે ઉપર થવું (૩) (લા.) મનમાં અજંપો થવો, ગભરાવું (રવ.) |
| ૩૫૬ | ખાસાપીસી | (સ્ત્રી.) (કા.) છાની છાની વાતો કરવી તે |
| ૩૫૭ | ગટપટ | (સ્ત્રી.) ધીમી–છાનીમાની વાત (રવ.) |
| ૩૫૮ | ગટરપટર | (અ.) ગમેતેમ આડુંઅવળું (રવ.) |
| ૩૫૯ | (૧) ગડબડ | (સ્ત્રી.) (૧) ઘોંઘાટ (૨) (લા.) અવ્યવસ્થા, ગોટાળો |
| | (૨) ગડબડવું | (અ.ક્રિ.) (૧) તળે ઉપર થતા સરવું (૨) આળોટવું (૩) (લા.) (વગર વાંધે કે વિઘ્ને) ચાલી કે નભી જવું, આગળ વધવું |
| | (૩) ગડબડાટ | (પું.) ગરબડ |
| | (૪) ગડબડિયું | (વિ.) (૧) ગરબડ કરે એવું, ધાંધલિયું, ગરબડવાળું (ન.) (૨) ગરબડિયું, ગોથું |
| ૩૬૦ | ગડબડસડબડ | (સ્ત્રી.) (૧) ગડબડગોટો (૨) ધમાલ, ઘોંઘાટ |
| ૩૬૧ | (૧) ગદબદ | (વિ.) ખદખદ (રવ.) |
| | (૨) ગદબદિયાં | (ન.બ.વ.) જુઓ ગદગદિયાં (લાક્ષણિક અર્થમાં માછલી એવો અર્થ થાય છે જે કોશમાં નોંધાયો નથી.) |
| ૩૬૨ | ગનસન | (સ્ત્રી.) ખૂબ ધીમે અવાજે થતી વાત |
| ૩૬૩ | ગરબડસરબડ | (સ્ત્રી.) જુઓ ગડબડસડબડ |
| ૩૬૪ | ગલગલામણી | (સ્ત્રી.) એક બાળરમત (રવ.) |
| ૩૬૫ | (૧) ગલગલિયાં | (સ્ત્રી.) જુઓ ગલીગલી |
| | (૨) ગલગલી | (સ્ત્રી.) ગલીગલી, ગલીપચી (પ્રા. "ગુલગુલ") |
| ૩૬૬ | ગલ્લાંતલ્લાં | (ન.બ.વ.) ગાંગાંતલ્લાં, બહાનાં, આનાકાની (રવ.) |
| ૩૬૭ | (૧) ગુચપુચ | (અ.) (૧) ગુસપુસ, છાની રીતે, કોઈ સાંભળી ન જાય એમ (૨) એકમેકમાં ગૂંચવાતું ગયેલું હોય તેમ, અસ્પષ્ટ (લખાણ) (સ્ત્રી.) (૩) એમ કરેલી વાત |
| | (૨) ગુચપુચિયું | (વિ.) અસ્પષ્ટ, ગુચપુચ હોય એવું |
| ૩૬૮ | ગુસપુસ | (સ્ત્રી.) ગુચપુચ, છાની વાતચીત–મસલત (રવ.) |
| ૩૬૯ | ગોટપીટ | (ન.) અંગ્રેજી કે તે બોલવું તે (કટાક્ષમાં) (રવ.) |
| ૩૭૦ | ઘુસપુસ | (અ.) (સ્ત્રી.) માંહોમાંહે ગુપચુપ ધીમી વાતો કરવી તે, ગુસપુસ (રવ.) |
| ૩૭૧ | ચગમગવું | (અ.ક્રિ.) ચગવું, રંગમાં આવવું |
| ૩૭૨ | (૧) ચટપટ | (અ.) (૧) તાબડતોબ, ઝટપટ (વિ.) (૨) ચાંપલું, ડાહ્યલું |
| | (૨) ચટપટિત | (વિ.) ચટાપટાવાળું |
| | (૩) ચટપટી | (સ્ત્રી.) (૧) અતિ ઉત્સુકતા, તાલાવેલી (૨) અકળામણ, સંતાપ |
| ૩૭૩ | (૧) ચડભડ | (સ્ત્રી.) ચડભડવું તે (રવ., સર. મ. "ચડફડ", દે. "ચડપડ") |

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

| | | |
|---|---|---|
| | (૨) ચડભડવું | (અ.ક્રિ.) ગુસ્સે થવું, ખીજવું, લડી પડવું, ઊંચાનીચા થવું |
| | (૩) ચડભડાટ | (પું.) ચડભડ |
| ૩૭૪ | ચણુભણુ | (અ.) (૧) ધીમે અવાજે (સ્ત્રી.) કા.) (૨) ધીમે અવાજે ચાલતી લોકચર્ચા |
| ૩૭૫ | ચનમનિયાં | (ન.બ.વ.) (૧) ગદબદિયાં (૨) ચેનબાજી, લહેર |
| ૩૭૬ | ચેંચેંપેંચેં | (અ.) (૧) ખાનગી રીતે, માંહોમાંહે (સ્ત્રી.) (ન.) (૨) આનાકાની (૩) બડબડાટ |
| ૩૭૭ | છગડગ | (વિ.) સગડગ, અસ્થિર, ઢચુપચુ |
| ૩૭૮ | છણુંવણું | (અ.) (કા.) છિન્નભિન્ન |
| ૩૭૯ | (૧) ઝગમગ | (અ.) જુઓ ઝગઝગ |
| | (૨) ઝગમગવું | (અ.ક્રિ.) જુઓ ઝગઝગવું |
| | (૩) ઝગમગાટ | (પું.) જુઓ ઝગઝગાટ |
| | (૪) ઝગમગિયું | (ન.) જુઓ ઝગઝગ ( ઝગમગિયું–એક જાતનું વસ્ત્ર–એ અર્થ કોશમાં નથી ) |
| ૩૮૦ | (૧) ઝટપટ | (અ.) ઝટપટ ( ઝટ – સં. " –ઝટિતિ ", સર. દે. " ઝડપ્પડ " ) |
| | (૨) ઝટપટી | (સ્ત્રી.) જોશમાં ચાલેલી તકરાર, બોલાબોલી |
| ૩૮૧ | (૧) ઝરમર | (ન.) (૧) સ્ત્રીની કોટનું એક સોનાનું ઘરેણું (૨) સ્ત્રીઓના પગનું એક ઘરેણું (૩) એક જાતનું ઝીણું લૂગડું (સ્ત્રી.) (૪) વરસાદની ફરફર (અ.) (૫) ઝીણે ઝીણે છાંટે ( વરસવું ) |
| | (૨) ઝરમરવું | (અ.ક્રિ.) ઝરમર ઝરમર પડવું |
| | (૩) ઝરમરિયું | (ન.) જુઓ ઝરમર (૧), (૨) અને (૪) |
| ૩૮૨ | (૧) ઝળમળ | (અ.) (૧) જુઓ ઝળહળ (વિ.) (૨) ચળકતું, પ્રકાશમાન |
| | (૨) ઝળમળવું | (અ.ક્રિ.) ખૂબ તેજ મારવું, પ્રકાશવું |
| | (૩) ઝળમળાટ | (પું.) ઝળઝળાટ |
| ૩૮૩ | (૧) ઝળહળ | (અ.) જુઓ ઝળમળ |
| | (૨) ઝળહળવું | (અ.ક્રિ.) જુઓ ઝળમળવું |
| | (૩) ઝળહળાટ | (પું.) જુઓ ઝળમળાટ |
| ૩૮૪ | ઝળાંમળાં | (અ.) (ન.બ.વ.) જુઓ ઝળાંઝળાં |
| ૩૮૫ | ટગમગ | (વિ.) (૧) જુઓ ડગુમગુ, ટગુમગુ (અ.) (૨) ટગરટગર ( પ્રા. " ટગુમગુ " ) |
| ૩૮૬ | ટગરમગર | (અ.) જુઓ ટગરટગર |
| ૩૮૭ | ટગુમગુ | (વિ.) (૧) જુઓ ડગુમગુ, ડોલતું (અ.) (૨) ટગુમગુ હોય એમ |
| ૩૮૮ | (૧) ટડપડ | (સ્ત્રી.) ખાલી ડંફાસ, દોરતોરનો દેખાવ, શેખી |
| | (૨) ટડપડાટ | (પું.) જુઓ ટડપડ |
| ૩૮૯ | (૧) ટરપરવું | (અ.ક્રિ. વસ્તુની લાલચથી ફાંફા મારતાં ઊભા રહેવું, આઘાપાછા થયા કરવું ( સર. હિં. " ટરપર " ) |

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

| | | |
|---|---|---|
| | (૨) ટરપરિયું | (ન.) તરફડિયું (બહુધા બ.વ.માં) |
| ૩૯૦ | (૧) ટળવળવું | (અ.ક્રિ.) (૧) વલખાં–તરફડિયાં મારવાં (૨) આતુરતાથી ઝંખવું–ઝૂરવું (૩) પીડાવું (દે. "ટલવલ") |
| | (૨) ટળવળાટ | (પું.) ટળવળવું તે |
| ૩૯૧ | (૧) ડગમગ | (વિ.) જુઓ ડગડગ |
| | (૨) ડગમગવું | (અ.ક્રિ.) ડગડગવું (દે. "ડગડગ") |
| | (૩) ડગમગાટ | (પું.) ડગડગવું તે |
| | (૪) ડગુમગુ | (વિ.) (અ.) અસ્થિર |
| ૩૯૨ | ઢચુપચુ | (વિ.) અનિશ્ચિત, ડગુમગુ |
| ૩૯૩ | ઢબુમઢુ | (વિ.) ચારે બાજુથી ઓઢેલું એવું (કા.) (ઉદા. ઓઢીને ઢબુમઢુ થઈને બેઠા.) |
| ૩૯૪ | તડપડાટ | (પું.) (૧) જુઓ ટડપડ (૨) ચાલાકી, ચપળતા |
| ૩૯૫ | (૧) તડફડ | (અ.) (૧) લાગલું જ, ઝટ (૨) મોઢામોઢ, ખુલ્લેખુલ્લું |
| | (૨) તડફડવું | (અ.ક્રિ.) (૧) તડફડિયાં મારવાં (૨) હાંફવું (૩) (લા.) વ્યર્થ પ્રયત્ન કરવો–ફાંફાં મારવા (દે. "તડપ્ફડ") |
| | (૩) તડફડાટ | (પું.) તડફડવું તે |
| | (૪) તડફડિયાં | (ન.બ.વ.) (૧) દુ:ખમાં હાથપગના પછાડા (૨) વલખાં, ફાંફાં |
| ૩૯૬ | તડભડ | (અ.) જુઓ તડફડ |
| ૩૯૭ | તડાકભડાક | (અ.) જુઓ તડફડ |
| ૩૯૮ | તનમનાટ | (પું.) આવેશ, જુસ્સો, અધીરાઈ |
| ૩૯૯ | (૧) તરવર | (અ.) ત્વરાથી તળે ઉપર–સળવળ થતું હોય એમ |
| | (૨) તરવરાટ | (પું.) ધમપછાડા, અધીરાઈ, ચંચળતા |
| | (૩) તરવરિયું | (વિ.) ચંચળ, ચપળ, અધીરું |
| ૪૦૦ | (૧) થનગનવું | (અ.ક્રિ.) થનગન નાચવું કે ચાલવુ |
| | (૨) થનગનાટ | (પું.) (૧) થનગન ચાલવું તે (૨) જુસ્સો, તાન, થનગનાટ |
| ૪૦૧ | દડબડદડબડ | (અ.) દોડવાનો અવાજ (રવ.) |
| ૪૦૨ | (૧) દડબડવું | (અ.ક્રિ.) દડબડ દોડવું |
| | (૨) દડબડાટ | (પું.) (૧) દડબડ અવાજ (અ.) (૨) દડબડ |
| | (૩) દડબડી | (સ્ત્રી.) ઉતાવળી દોટ (સર. દે. "દડવડ"–જલદી) |
| ૪૦૩ | દડવડવું | (અ.ક્રિ.) (૧) ગબડવું ૨) જુઓ દડબડી, દડબડવું, દડબડ દોડવું (રવ.) |
| ૪૦૪ | ધકમક | (સ્ત્રી.) ઉતાવળ |
| ૪૦૫ | ધખમખ | (સ્ત્રી.) ધકમક, ઉતાવળ |
| ૪૦૬ | ધડબડ | (અ.) દોડવાનો અવાજ (રવ.) |
| ૪૦૭ | ધલવલવું | (સ.ક્રિ.) ટળવળવું |
| ૪૦૮ | (૧) ધામધૂમ | (સ્ત્રી.) ભારે તૈયારી, એની ધમાલ (રવ.) |
| | (૨) ધામધૂમિયું | (વિ.) ધામધૂમવાળું |

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

| | | |
|---|---|---|
| | (૩) ધામધૂમી | (સ્ત્રી.) જુઓ ધામધૂમ |
| ૪૦૯ | ધૂમધામ | (સ્ત્રી.) ધામધૂમ |
| ૪૧૦ | પલવલિયાં | (ન.બ.વ.) (આંખનાં) ઝળઝળિયાં |
| ૪૧૧ | ફાસફૂસ | (સ્ત્રી.) નકામો રદ્દી માલ ( રવ., સર. મ. " ફૂસફાસ " ) |
| ૪૧૨ | (૧) ફૂસફાસ | (વિ.) હલકું, નિર્માલ્ય, ફાસફૂસિયું |
| | (૨) ફૂસફાસિયું | (વિ.) જુઓ ફૂસફાસ |
| ૪૧૩ | બડધડાટી | (સ્ત્રી.) (કા.) (૧) ત્રમઝટ (૨) દેકારો (૩) ધમાલ (૪) મારામારી (રવ.) |
| ૪૧૪ | રડથડ | (પું.) (૧) માટી અને છાણનું જાડું લીંપણ (૨) રેથળ |
| ૪૧૫ | રડબડવું | (અ.ક્રિ.) રખડવું, રઝળવું, રવડવું ( રડ–દે. "રડ્ડુ"–ખસી પડેલું ) |
| ૪૧૬ | (૧) રડવડ | (સ્ત્રી.) રડવડવું તે |
| | (૨) રડવડવું | (અ.ક્રિ.) રખડવું, કુટાવું |
| ૪૧૭ | (૧) રણુઝણુ | (અ.) (સ્ત્રી.) રણુઝણાટ, ખણુખણાટ (રવ., પ્રા. "રણુઝણુ", સં."–રણુઝણાય્") |
| | (૨) રણુઝણવું | (અ.ક્રિ.) ( નૂપુર વગેરેનું ) ઝણુઝણવું–ખણુખણવું |
| | (૩) રણુઝણાટ | (પું.) રણુઝણવાનો અવાજ |
| ૪૧૮ | રમકઝમક | (સ્ત્રી.) ઝાંઝર રૂમઝૂમ ઠમકે તેમ લટકાથી ચાલવું તે |
| ૪૧૯ | (૧) રમઝમ | (સ્ત્રી.) (૧) નૂપુરનો અવાજ (અ.) (૨) રૂમઝૂમ (રવ.) |
| | (૨) રમઝમવું | (અ.ક્રિ.) રમઝમ અવાજ થવો |
| | (૩) રમઝમાટ | (પું.) ( ઉતાવળી ચાલથી થતો ) ઝાંઝરનો રમઝમ અવાજ |
| ૪૨૦ | રૂમઝૂમ | (અ.) ઝાંઝર કે વરસાદનો અવાજ (રવ.) |
| ૪૨૧ | રેબઝેબ | (અ.) પરસેવાથી નીતરતું ( સર. " ઝેબઝેબાં " ) |
| ૪૨૨ | (૧) લચપચ | (અ.) પ્રવાહીથી તરબોળ અને લોંદા જેવું હોય તેમ (રવ.) |
| | (૨) લચપચવું | (અ.ક્રિ.) લચપચ થવું |
| ૪૨૩ | (૧) લટપટ | (વિ.) (૧) ચંચળ, ચપળ (૨) પ્રેમાસક્ત, એકબીજાને વળગેલું–ચોંટેલું (સ્ત્રી.) (૩) ચંચળતા, ચપળતા (૪) મેળ, સંબંધ (૫) પ્રેમાસક્તિ (૬) ધાલમેલ, ખટપટ (અ.) (૭) ઝટપટ, જલદી ( રવ., સર. હિં. " લટપટા ", મ. " લટપટ્યા " ) |
| | (૨) લટપટવું | (અ.ક્રિ.) સ્નેહમાં અડોઅડ થવું, એકબીજાને વળગવું, ચોંટવું |
| | (૩) લટપટિયું | (વિ.) (૧) ચપળ, ચંચળ (ન.) (૨) હજામની અસ્ત્રો ઘસવાની ચામડાની પટી |
| ૪૨૪ | (૧) લડથડવું | (અ.ક્રિ.) લથડવું (સર. હિં. " લડખડના ", સં. "–લટફ્લુટફ્ " ) |
| | (૨) લડથડિયું | (ન.) લથડિયું, અડબડિયું |
| ૪૨૫ | (૧) લડબડવું | (અ.ક્રિ.) લડબડિયું ખાવું ( સર. હિં. " લડબડાના ", મ. " લડબડણેં " ) |
| | (૨) લડબડિયું | (ન.) ઠોકર ખાઈ લથડી પડવું તે |
| ૪૨૬ | (૧) લડસડ | (અ.) લહેરમાં કે મદમાં અડબડિયાંવાળી ગતિએ |
| | (૨) લડસડવું | (અ.ક્રિ.) લડસડ ચાલવું |

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

| | | |
|---|---|---|
| ૪૨૭ | લથડપથડ | (અ.) (૧) પાણીથી ભીંજાઈને તરબોળ હોય તેમ (૨) જુઓ લથરપથર (રવ., સર. હિં. "લથરપથર", "લથબથ", "લતપત") |
| ૪૨૮ | લથપથ | (અ.) એકબીજાને જોરથી વળગ્યા હોય તેમ |
| ૪૨૯ | લથરપથર | (અ.) ઢીલું લબડતું હોય એમ, અસ્તવ્યસ્ત |
| ૪૩૦ | લદબદ | (અ.) (૧) પ્રવાહીથી ભરપૂર લચકા જેવું હોય તેમ (૨) ઢીલા પદાર્થમાં પડી ખરડાયેલું હોય એમ (૩) લીન, ચકચૂર (રવ., સર. હિં. "લદલદ") |
| ૪૩૧ | લપટઝપટ | (સ્ત્રી.) ઓચિંતી ઝૂંટ મારવી તે (રવ.) |
| ૪૩૨ | લફડફફડ | (અ.) લબડતું, આમ તેમ ઊડ્યા કરતું તથા પગે અટવાતું હોય તેમ, અવ્યવસ્થિત (રવ.) |
| ૪૩૩ | લફરફફર | (અ.) જુઓ લફડફફડ |
| ૪૩૪ | લબઢબ | (સ્ત્રી.) બીક કે મૂંઝવણથી લબલબ થવું તે (રવ.) |
| ૪૩૫ | લબુઢબુ | (અ.) બીકથી લપલપ થાય તેમ (રવ.) |
| ૪૩૬ | લસબસ | (અ.) (રસમાં) તરબોળ હોય તેમ (રવ.) |
| ૪૩૭ | સખળડખળ | (વિ.) ઢીલું પડી ગયેલું, હાલતું |
| ૪૩૮ | (૧) સગડગ | (વિ.) ડગુમગુ, અસ્થિર |
| | (૨) સગડગો | (પું.) (૧) અસ્થિરતા (૨) સંદેહ |
| ૪૩૯ | હકબક | (અ.) અર્થ સમજ્યા વગર, બકતું હોય એમ |
| ૪૪૦ | હગબગ | (સ્ત્રી.) એકીટસે, ટગરટગર (સર. હિં. "હક્કાબક્કા") |
| ૪૪૧ | હગમગવું | (અ.ક્રિ.) (૧) એકીટસે જોઈ રહેવું (૨) ભયથી ડઘાઈ જવું |
| ૪૪૨ | (૧) હચમચવું | (અ.ક્રિ.) ડગમગવું, પાયામાંથી કે સાંધામાંથી હાલી જવું (રવ., સર. હિં. "હચના") |
| | (૨) હચમચાટ | (પું.) હચમચવું તે |
| | (૩) હચમચાવવું | (સ.ક્રિ.) "હચમચવું"નું પ્રેરક |
| ૪૪૩ | (૧) હડબડ | (અ.) એવો અવાજ, ડખડખ થવું તે (કોશમાં નથી) |
| | (૨) હડબડવું | (અ.ક્રિ.) (૧) નાહિંમત થઈ જવું (૨) ગભરાવું (સર. હિં. "હડબડના") |
| | (૩) હડબડાટ | (પું.) ગભરાટ |
| ૪૪૪ | (૧) હલફલ | (સ્ત્રી.) ધમાલ, હલમલ (દે. "હલ્લપ્ફલ", સર. હિં.) |
| | (૨) હલફલવું | (અ.ક્રિ.) ખળભળવું, ઉશ્કેરાવું |
| ૪૪૫ | હલભલ | (સ્ત્રી.) ગભરાટથી કરેલી હોહા, બૂમાબૂમ (જુઓ હલફલ, સર. હિં.) |
| ૪૪૬ | (૧) હલમલ | (સ્ત્રી.) ધાંધલ, ધમાલ, ખળભળાટ |
| | (૨) હલમલવું | (અ.ક્રિ.) (૧) હાલવું, ડોલવું (૨) (લા.) ભાવમગ્ન થવું |
| ૪૪૭ | હલાફલ | (સ્ત્રી.) (કા.) (૧) દોડાદોડી, આમથી તેમ અને તેમથી આમ ઘૂમવું તે (૨) પોતાની મોટાઈ બતાવવા આમતેમ ફરાફર કરવી તે |
| ૪૪૮ | હળફલવું | (અ.ક્રિ.) જુઓ હલફલવું |

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

| | | |
|---|---|---|
| ૪૪૯ | હાયવોય | (સ્ત્રી.) (૧) શોક, અફસોસ, ચિંતા (અ.) (૨) શોકનો એવો ઉદ્ગાર |
| ૪૫૦ | હાહાહીહી | (અ.) (૧) હાસ્યવિનોદનો એવો ઉદ્ગાર |
| | | (સ્ત્રી.) (૨) હાસ્યવિનોદ, ઠઠ્ઠામશ્કરી (રવ.) |
| ૪૫૧ | (૧) હુંસાતુંશ | (સ્ત્રી.) ( હું અને તું વચ્ચે ) સ્પર્ધા, ચડસાચડસી, રકઝક, ખેંચાખેંચી ( સર. દે. " હિસોહિસા "=ચડસાચડસી ) |
| | (૨) હુંસાતુંશી | (સ્ત્રી.) જુઓ હુંસાતુંશ |
| ૪૫૨ | (૧) હોંશાતોંશી | (સ્ત્રી.) હુંસાતુંશી |
| | (૨) હોંસાતોંસી | (સ્ત્રી.) હુંસાતુંશી |
| ૪૫૩ | હૈડફૈડ | (સ્ત્રી.) આમતેમ જોરથી ધૂમાધૂમ કરતી તે (ચ.) (રવ., મૂળ " હરડફરડ ") |

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

# પ્રકરણ ૧૧

## પ્રાસસાધક દ્વિરુક્ત પ્રયોગો

આ પ્રકરણમાં ગુજરાતીના દ્વિરુક્ત પ્રયોગોના ત્રીજા અને છેલ્લા પ્રકારની – પ્રાસસાધક દ્વિરુક્ત પ્રયોગોની ચર્ચા કરવામાં આવી છે અને અંતે કોશ આપવામાં આવ્યો છે.

પ્રાસસાધક દ્વિરુક્ત પ્રયોગોના આપણે બે મુખ્ય પ્રભેદો પાડી શકીએ છીએ. પહેલા પ્રકારમાં આવા પ્રયોગોમાં બંને ઘટકો સાર્થ હોય છે. અને બીજા પ્રકારમાં એક ઘટક સાર્થ હોય છે અને બીજો ઘટક તેની સાથેના સાર્થ ઘટકનો માત્ર પડઘો કે પ્રતિધ્વનિ જ હોય છે. નીચે પ્રમાણે તેમનું વર્ગીકરણ કર્યું છે :

### પ્રાસસાધક દ્વિરુક્ત પ્રયોગો

(ક) જેમાં બંને ઘટકો પ્રચલિત કે સાર્થ હોય તેવા પ્રયોગો

(ખ) જેમનો એક ઘટક પ્રચલિત કે સાર્થ છે અને બીજો ઘટક પ્રતિધ્વન્યાત્મક છે તેવા પ્રયોગો.

- (૧) પાછલો ઘટક પ્રતિધ્વન્યાત્મક
  - (અ) આદ્ય વ્યંજનને સ્થાને બકારવાળા પ્રયોગો ( " ઘરબર " પ્રકારના )
  - (આ) આદ્યાક્ષરના સ્વરના પરિવર્તનથી સધાયેલા પ્રયોગો :
    - (૧) સંયોજકવિનાના ( " કાપકૂપ " પ્રકારના )
    - (૨) સંયોજકવાળા ( " ડાઘાડૂઘી " પ્રકારના )
  - (ઇ) સંપૂર્ણ આદ્યાક્ષરના પરિવર્તનવાળા પ્રયોગો ( " વાસણકૂસણ " પ્રકારના )
- (૨) આગલો ઘટક પ્રતિધ્વન્યાત્મક
  - (અ) સંયોજકવિનાના ( " આડોશીપાડોશી " પ્રકારના )
  - (આ) સંયોજકવાળા ( " અદ્લાબદ્લી " પ્રકારના )

(ક) શીર્ષક નીચે આવતા પ્રયોગોમાં બંને ઘટકો સાર્થ કે પ્રચલિત હોય છે, અને એ બંનેનો સ્વતંત્ર પ્રયોગ પણ થતો હોય છે જેમકે—

| | | | |
|---|---|---|---|
| અવળુંસવળું, | ઊંચુંનીચું, | ધાલમેલ, | ચકરભમર, |
| તોડફોડ, | માંડછાંડ, | રસકસ, | રમતગમત, |
| લટકોઝટકો, | વાણોતાણો, | સાલપોલ, | હલનચલન વગેરે. |

આ પ્રયોગોમાં પ્રાસનું તત્ત્વ એ બે ઘટકોને સાથે રાખવા માટે જવાબદાર છે. પ્રાસ વિશે આપણે આગળ પ્રકરણ ૬માં વિગતે ચર્ચા કરી ગયા છીએ તેથી એ ચર્ચા અહીં અપ્રસ્તુત છે. સામાન્ય

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

વ્યવહારમાં પ્રયુક્ત થતાં શબ્દયુગ્મોમાં પણ આ અનુપ્રાસ–પ્રાસનું મહત્ત્વ કેટલું બધું છે તેની પણ એ પ્રકરણમાં ચર્ચા કરવામાં આવી છે. વિરોધ, સહચાર આદિ કારણોને લીધે એ ઘટકો સાથે બંધાતા હોય છે અને પ્રાસના તત્ત્વે પછી તેમને સાંકળી રાખ્યા છે અને પરિણામે તેઓ લગભગ એક શબ્દ જેવા બની ગયા છે. લગભગ એટલા માટે કે સહેજ પ્રયત્નથી કે ભાષાસૂઝથી તેના ઘટકો આપણને પારદર્શક લાગે છે અને છૂટા પાડી શકાય છે. આવા પ્રયોગોની સંખ્યા કુલ ૨૪૮ છે.

(ખ) વર્ગની અંદર એક જ ઘટક સાર્થ છે અને બાકીનો ઘટક માત્ર પ્રતિધ્વનિ–પડઘો જ છે. આ રચનામાં પણ મૂળ તો પ્રાસનું જ તત્ત્વ કામ કરતું હોય છે. (ખ)(૧) શીર્ષક નીચે આપેલા પ્રયોગોનો પ્રથમ ઘટક સાર્થ છે અને બીજો ઘટક પ્રતિધ્વન્યાત્મક છે. વર્ગીકરણમાં (ખ)(૧) (અ) શીર્ષક નીચે આદ્ય વ્યંજનને સ્થાને બકારવાળા દ્વિરુક્ત પ્રયોગો દર્શાવવામાં આવ્યા છે, જેમકે ઘરબર, માણસ-બાણસ, કેરીબેરી વગેરે. માત્ર દર્શાવવામાં જ આવ્યા છે કારણ કે આપણા અભ્યાસની યોજનામાં તેનું મહત્ત્વનું સ્થાન છે પણ તેની યાદી આ પ્રકરણને અંતે આપવામાં આવી નથી કારણ કે આ પ્રકાર એટલો બધો વ્યાપક છે કે ગુજરાતી ભાષાના દરેક શબ્દ ઉપરથી આ પ્રકારનો દ્વિરુક્ત પ્રયોગ સાધી શકાય તેમ છે અને તેથી જ કોશે પણ આવા શબ્દોની નોંધ લીધી નથી.

આદ્ય વર્ણના વ્યંજનને સ્થાને "બ" મૂકવામાં આવે છે અને આદ્ય વર્ણનો સ્વર એમનો એમ સચવાઈ એ "બ" સાથે સંયુક્ત થાય છે અને જ્યારે આદ્ય વ્યંજન "બ" જ હોય તો ત્યાં "ફ" મૂકવામાં આવે છે જેમકે બકરીફકરી, બરફીફરફી. આ પ્રકારની રચના સમગ્ર ભારતની અર્વાચીન ભારતીય–આર્ય ભાષા અને દ્રાવિડી ભાષાઓમાં વ્યાપક છે એ હકીકત આશ્ચર્ય પમાડે તેવી છે. હિંદી ભાષામાં આદ્ય વ્યંજનને સ્થાને "વ" મૂકવામાં આવે છે, જેમકે "ઘોડાવોડા, જલવલ" વગેરે.[1] બંગાળીમાં "ટ" મૂકવામાં આવે છે, જેમકે "જલટલ, રાજાટાજા, હાતટાત" વગેરે. તેવી જ રીતે મૈથિલીમાં "ત" આવે છે, જેમકે "પાનીતાની, ઘોરાતોરા, રાજાતાજા" વગેરે.[2] મરાઠી ભાષામાં "બિ" મૂકવામાં આવે છે. ગુજરાતી, હિંદી, બંગાળી, મૈથિલીમાં આદ્ય વર્ણનો સ્વર કાયમ રહે છે માત્ર વ્યંજનમાં જ પરિવર્તન થાય છે ત્યારે મરાઠીમાં આદ્યાક્ષરને સ્થાને "બિ" મૂકવામાં આવે છે, જેમકે "રાજાબિજા, જલબિલ, ઘોડાબિડા" વગેરે.

ભારત બહારની ભાષા તે સિંહાલી ભાષામાં પણ ગુજરાતીની જેમ જ "બ" મૂકીને દ્વિરુક્ત પ્રયોગ સાધવામાં આવે છે, જેમકે—

"અત્–બત્" (= હાથબાથ), "દત–બત" (= દાંતબાંત),
"અશ્વય–બશ્વય" (= અશ્વબશ્વ), "કરત્ત–બરત્ત" (= ગાડીબાડી),
"પેટ્ટી–બેટ્ટી" (= પેટીબેટી), "કૈતિ–બૈતિ" (= છરીબરી),
"વતુર–બતુર" (= પાણીબાણી).[3]

---

૧. "રાજસ્થાની ભાષા": શ્રી સુનીતિકુમાર ચેટરજી: રાજસ્થાન વિશ્વવિદ્યાલય, ઉદયપુર, ૧૯૪૯. પૃ. ૫૨.
૨. એ જ. પૃ. ૫૨–૫૩.
૩. એ જ. પૃ. ૫૩–૫૪.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

આ પ્રકારની દ્વિરુક્ત રચના ઈરાનમાં પણ જોવા મળે છે. ઈરાનમાં પ્રતિધ્વનિ–શબ્દોમાં "પ" અધિકતર આવે છે, અને કયારેક "મ" આવે છે, જેમકે —

" લૂતિ–પૂતિ (=ચોરબદમાશ), " કફ્શ–પફ્શ " (=જોડાબોડા),
" ખિર્ત્–પિર્ત્ " (=નાની વસ્તુઓ), " દુજ્દ્–પુજ્દ્ " (=ચોરડાકુ),
" શુતુર–મુતુર " (=ઊંટબૂંટ), " કાતિર–માતિર " (=ખચ્ચરબચ્ચર).[૪]

માત્ર અર્વાચીન ભારતીય–આર્યમાં જ નહીં પરંતુ આવો જ દ્વિરુક્તિનો પ્રકાર તેલુગુ, કાનડી, તામીલ અને મલયાલમ જેવી દ્રાવિડી ભાષાઓમાં પણ જોવા મળે છે, જેમકે તામીલમાં " મનિદન્–ગિનિદન્ " (=આદમીબાદમી), " કુદિરૈ–ગિદિરૈ " (=ઘોડોબોડો)[૫]. (દ્રાવિડી ભાષાઓમાં આ પ્રકારની રચના માટે "કિ" અથવા "ગિ" આદ્ય વર્ણને સ્થાને મૂકવામાં આવે છે, તેવો ઉલ્લેખ એમ. એસ. એન્ડ્રોનોવે પણ કર્યો છે.)[૬]

ગુજરાતીમાં "બ", હિંદીમાં "વ", મરાઠીમાં "બિ" વર્ણો આવે છે અને બંગાળીમાં તથા મૈથિલીમાં "ટ – ત" આવે છે. એક જ કુળની ભાષાઓમાં રહેલો આ ભેદ શા કારણે છે તે જાણી શકાતું નથી. પરંતુ ઈરાનમાં વપરાતો "પ" કે "મ", ગુજરાતી–મરાઠીમાં "બ – બિ", હિંદીમાં "વ", સિંહાલીમાં "બ" એ આપણું એ રીતે ધ્યાન ખેંચે છે કે એ બધા જ વર્ણો મૂળ તો ઓષ્ઠ્ય ધ્વનિના પર્યાયો છે. આમ પૂર્વ ઈરાન, ઉત્તર ભારત અને પશ્ચિમ ભારતમાં આ વલણ વ્યાપક છે તે સ્પષ્ટ છે. સુનીતિકુમાર ચેટરજી આ ઉપરથી એવું અનુમાન તારવે છે કે મૂળ દ્રાવિડી ભાષાની આર્ય ભાષા પર આ અસર પડી છે. તેઓ નોંધે છે, " દ્રાવિડ ભાષાઓં કી ભી યહ એક ખાસ રીતિ હૈ, ઔર યહ એક પ્રકાર સે સંદેહરહિત હૈ કિ ઈરાન ઔર ભારત મેં જો દ્રાવિડ ભાષા વિદ્યમાન થી ઔર જિસ કે સ્થાન પર આર્યભાષાને અપના રાજ્ય જમા લિયા થા, યહ પ્રતિધ્વનિવાલી રીતિ આર્યભાષા પર ઉસી કે પ્રભાવ કા ફલ હૈ।"[૭] સુનીતિકુમારનું આ વિધાન " સંદેહરહિત " છે એમ તેઓ માને છે, પરંતુ શંકા એ રહે છે કે અત્યારની દ્રાવિડી ભાષાઓમાં " પ, વ, બ " કે "મ" એ વ્યંજનવાળી દ્વિરુક્તિનો પ્રચાર નથી પરંતુ "કિ" કે "ગિ"નો ઉપયોગ થાય છે. આનું સ્પષ્ટીકરણ થઈ શકતું નથી. પરંતુ એ વાત નિશ્ચિત છે કે આ વલણ ભારતીય–આર્ય ભાષામાં બહારથી પ્રવેશેલું છે અને તેથી જ સંસ્કૃત, પ્રાકૃત અને અપભ્રંશની પરંપરામાં તે સ્પષ્ટ રીતે અનુપસ્થિત છે.

મરાઠીમાં મુકાતો "બિ" આપણું ધ્યાન ખેંચે છે. બાકીની અન્ય અર્વાચીન ભારતીય–આર્યમાં " બ, વ, પ, મ "ની સાથે સ્વર તો આદ્ય વર્ણનો રહે છે ત્યારે મરાઠીમાં સંપૂર્ણ આદ્યાક્ષરને સ્થાને "બિ" આવે છે. અને દક્ષિણની દ્રાવિડ ભાષાઓમાં "કિ" અથવા "ગિ" પણ સંપૂર્ણ આદ્યાક્ષરને સ્થાને આવે છે. આમ આખા આદ્યાક્ષરનું સ્થાન, "ઇ" એ સ્વરની હાજરી, અને મહારાષ્ટ્રનું ભૌગોલિક

---

૪. એ જ. પૃ. ૫૪–૫૫.

૫. એ જ. પૃ. ૫૨–૫૩ (વધુ વિગત માટે જુઓ એમ.બી. એમેનોની તોડા ભાષા પરની ચર્ચા–પ્રકરણ ૩. પૃ. ૨૭–૨૮)

૬. "Dravidian Languages" : M. S. Andronov; archiv orientální : Prague (Czechoslovakia) : Vol. 31-2, 1963.

૭. આ પ્રકરણનું ૧ અનુલક્ષણ. પૃ. ૫૪–૫૫.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

સ્થાન એ ત્રણ લક્ષણો આપણું ધ્યાન ખેંચે છે. સંભવ છે કે દક્ષિણમાંથી આ વલણ ઉદ્ભવ્યું હોય અને મરાઠીના સેતુ દ્વારા પશ્ચિમ અને ઉત્તર ભારતમાં ફેલાયું હોય. આ એક માત્ર સંભાવના જ છે. યોગ્ય સામગ્રીના અભાવે વિધેયાત્મક વિધાન આપી શકાય તેમ નથી.

કાગળબાગળ કે પાણીબાણી જેવી રચનામાં આમ તો બીજો ઘટક પ્રથમ ઘટકનો પ્રતિધ્વનિ જ છે અને એનો કશો પણ સ્વતંત્ર ઉપયોગ નથી. પરંતુ જ્યારે આવી રચના થાય છે ત્યારે સાર્થ ઘટક જ્યારે સ્વતંત્ર હોય ત્યારે અને આવી રચનામાં પ્રતિધ્વનિત થાય ત્યારે તેના અર્થમાં ચોક્કસ ફેર પડી જાય છે. તેના મૂળ અર્થનો દ્વિરુક્ત પ્રયોગમાં વિસ્તાર થાય છે, પરંતુ સાથોસાથ નિશ્ચિતતા પણ ઓછી થતી જાય છે, જેમકે કાગળ એટલે જે અર્થનો બોધ આપે છે તે "કાગળબાગળ"માં સ્પષ્ટ નથી. કાગળબાગળ એટલે "કાગળ અથવા તેના જેવું બીજું કંઈ જેની ઉપર લખી શકાય" તેમ પાણીબાણી એટલે "પાણી અથવા તેના જેવું બીજું કશુંક પેય". પોલીસબોલીસ એટલે "પોલીસ અથવા પોલીસને લગતો કોઈ માણસ". આમ બકારમૂલક દ્વિરુક્તિથી "ઇત્યાદિ"નો અર્થ નીકળે છે. મૂળ ઘટકના સંભાવ્ય વિશાળ સમૂહનો આથી નિર્દેશ થાય છે પરંતુ તે સમૂહમાંથી એકેયનો નિશ્ચિત બોધ થતો નથી.

આવા વ્યાપક દ્વિરુક્ત પ્રયોગોનો બોલચાલની ભાષામાં પ્રયોગ ઘણો જ થાય છે અને લોકસાહિત્યમાં, લોકગીતમાં, જોડકણાંમાં પણ આવી રચના જોવા મળે છે.[૮]

(ખ)(૧) (આ) શીર્ષક નીચે એવા દ્વિરુક્ત પ્રયોગો છે જેની અંદર પ્રથમ ઘટક સાર્થ છે અને બીજો ઘટક પ્રતિધ્વન્યાત્મક છે અને આ પ્રતિધ્વન્યાત્મક ઘટક મૂળ ઘટકના આદ્યાક્ષરના સ્વરના પરિવર્તનથી સધાય છે. અહીં માત્ર સ્વરમાં પરિવર્તન થાય છે પણ કયા સ્વરથી આવી દ્વિરુક્તિ સધાય છે તે નિયમિત નથી. આમ છતાં દ્વિરુક્તિમાં "ઉ" અને એના પછી "આ" સ્વરનું પ્રમાણ અન્ય સ્વરો કરતાં અધિક છે. જેમકે કાચરકૂચર, ઝાટકઝૂટક, સાફસૂફી, દાણાદૂણી, ચૂપચાપ, ઠોકઠાક, થીગડથાગડ વગેરે. આવા પ્રયોગોની યાદી ઉપર દૃષ્ટિ કરતાં તરત જ જણાઈ આવે છે કે એમાંના એકેય ઘટકમાં આદ્ય વર્ણમાં "અ" નથી. આ પ્રકારમાં સંયોજક વિનાના ૨૯ પ્રયોગો છે જ્યારે સંયોજકવાળા માત્ર પાંચ જ પ્રયોગો મળી આવ્યા છે.

---

૮. બાલફૂદકણાં

શાકબાક કીધાં કે? બધાં . ... "કીધાં."
રોટલીબોટલી કીધી કે? ... ... "કીધી."
ભજિયાંબજિયાં કીધાં કે? ... ... "કીધાં."
જમાઈને બોલાઇવા કે? ... ... "બોલાઈવા."
હાથ પગ ધોયા કે? ... ... "ધોયા."
પાટલાબાટલા મૂઈકા કે? ... ... "મૂઈકા."
જમાઈને જમાઈડા કે? ... ... "જમાઈડા."
ભજિયાંબજિયાં ખાધાં કે? ... ... "ખાધાં."
મારે સારુ છે કે? ... ... "નહિ મળે."

"ગુજરાતનાં લોકગીતો": મધુભાઈ પટેલ: મુંબઈ, ૧૯૫૦. પૃ: ૪૭.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

(ખ)(૧) (ઇ)માં એવા દ્વિરુક્ત પ્રયોગો આવે છે જેમાં પહેલો ઘટક સાર્થ છે અને બીજો ઘટક પ્રતિધ્વન્યાત્મક છે. આ પ્રકારમાં સંપૂર્ણ આદ્યાક્ષરનું પરિવર્તન થાય છે અને ક્યારેક સ્વર જળવાઈ રહે છે. આ પ્રકારમાં કયા વર્ણને સ્થાને કયો વર્ણ આવે છે તેવું કોઈ નિયમિત વલણ દેખાતું નથી. આમાં પ્રાસ બધી જ જગ્યાએ મળે છે. હકીકતમાં તો શબ્દયુગ્મો વચ્ચે પ્રાસ એટલો અગત્યનો ભાગ ભજવે છે કે એમાંથી એકનું અસ્તિત્વ જ લુપ્ત થઈ જાય છે, અને પ્રતિધ્વન્યાત્મક હોય તેમ લાગે છે. "મૂંછકૂછ"માં કૂછ એ મૂંછનો પ્રતિધ્વનિ લાગે છે પણ મૂળ તો સં. "કૂર્ચ", પ્રા. "કુચ્ચ"માંથી "કૂચ" થયું અને આગલા "છ"ના પ્રભાવથી મૂછકૂછ થયું. તેવી જ રીતે "ઓળખાતાપાળખાતા"માં ઓળખાતા અને પારખાતા એમ બે સ્પષ્ટ ઘટકો મળે છે. "ગૂપચૂપ"માં મૂળ તો ગપ એટલે જ ચૂપ. પણ "ચૂપ"ના પ્રભાવથી "ગૂપચૂપ" બન્યું. "સાંકડમોકડ"માં મૂળ તો સાંકડ અને મોકળ (મોકળાશ) છે પણ આગલા ઘટકના "ડ"ના પ્રભાવથી "ળ"નો પણ "ડ" થઈ ગયો. "રકઝક"માં ઝક એટલે ઝિદ્દ, હઠાગ્રહ અને તેને માટે સમજાવટ, વિનંતી તે રગવું. તેમાંથી "રગઝક" થયો અને તેમાંથી "રકઝક". આમ આ પ્રકારના પ્રયોગો અસ્તિત્વમાં આવી રૂઢ રૂપે જ મળે છે. આવા પ્રયોગોની સંખ્યા ૭૬ છે.

(ખ)(૨) શીર્ષક નીચેના દ્વિરુક્ત પ્રયોગોમાં પ્રથમ ઘટક પ્રતિધ્વન્યાત્મક છે અને બીજો ઘટક સાર્થ કે પ્રચલિત છે. આ વલણ બકારયુક્ત વલણની જેમ, તેના જેટલું તો નહીં, પરંતુ પ્રમાણમાં વ્યાપક અને નિયમિત છે. મૂળ ઘટકનો વ્યંજન ઉડાવી દઈ તેનો સ્વર કાયમ રહે છે અને એ દ્વારા આગળનો પ્રતિધ્વન્યાત્મક ઘટક સધાય છે. જેમકે—

| | | | |
|---|---|---|---|
| અક્કરચક્કર, | અછાડપછાડ, | અડખેપડખે, | આડોશપાડોશ, |
| આણુપાણુ, | ઈડીપીડી, | ઈંગલીઢીંગલી, | ઊંડળગૂંડળ વગેરે. |

બોલચાલની ભાષામાં તો પ્રતિધ્વન્યાત્મક ઘટક અને મૂળ ઘટક સમસ્ત રીતે જ બોલાય છે. પરંતુ ગીતમાં ક્યારેક અસમસ્ત પણ બને છે.[૯] આ પ્રકારનું વલણ શિષ્ટ હિંદી ભાષામાં બહુ દેખાતું નથી પરંતુ ઉત્તર પ્રદેશની બોલીઓમાં સચવાઈ રહ્યું છે.[૧૦]

આ રચનાનો ઉદ્‌ગમ મૂળ તો બંને ઘટકો સાર્થ હોય તેવા પ્રાસબદ્ધ જોડકામાંથી થતો હોય અને પછી સાદૃશ્યથી આવું વલણ વિકસ્યું હોય તેમ ડૉ. હરિવલ્લભ ભાયાણી નોંધે છે.[૧૧] અવરજવર, અગવડસગવડ, ઊલટુંસૂલટું, અવળુંસવળું જેવા બંને સાર્થ ઘટકવાળા પ્રયોગોએ આ પ્રકારની રચના માટે આદર્શ પૂરો પાડ્યો હોય તે સંભવિત છે. પણ અર્થની દૃષ્ટિએ જોઈએ તો આ પ્રકારના પ્રયોગોમાં પણ ઇત્યાદિનો વાચક એવો અર્થ નીકળે છે, જેમકે આડોશીપાડોશી – "પાડોશી અને બીજાં તેવાં", આણુપાણુ – "પાણુ અને તેને લગતું", ઈંડિયાપિંડિયા – "પિંડ અને તેને લગતું" વગેરે.

૯. (અ) "મારી બકરી આલો ખાય, પાલો ખાય, ટપ દઈને મરી જાય" – એક જોડકણું
(આ) "ઠાકોર ઠાકોર, આરી દેજો, ઝારી દેજો" – એક વ્રતગીત
(વિગત માટે જુઓ પ્રકરણ ૩. પૃ. ૨૯–૩૦.)

૧૦. "આડર દીની ગાડર દીની, ડલાભર ઊન દીની, બમ્મન માર પટ ઘર દીની." – એક હિંદી લોકગીત
"બુંદેલી લોકગીત" : દેવેન્દ્ર સત્યાર્થી : પ્રેમી અભિનંદન ગ્રંથ : ટીકમગઢ, ૧૯૪૬. પૃ. ૬૨૦.

૧૧. વિગત માટે જુઓ પ્રકરણ ૩. પૃ. ૨૯–૩૦.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

(ખ)(૨)માં મુખ્ય આ પ્રકારના જ દ્વિરુક્ત પ્રયોગો છે, બાકી સેળભેળ, ટાભાટેભા જેવા થોડા જ એવા પ્રયોગો છે કે જેમાં આગલો ઘટક પ્રતિધ્વન્યાત્મક છે પણ તેમાં વ્યંજન સચવાઈ રહ્યો છે. આ વર્ગમાં સંયોજકવિનાના કુલ ૪૬ પ્રયોગો છે અને સંયોજકવાળા સાત જ પ્રયોગ છે.

હવે વર્ગીકરણ પ્રમાણે અહીં કોશ આપવામાં આવ્યો છે. મૂળ શબ્દ, વ્યાકરણની સંજ્ઞા અને વ્યુત્પત્તિ (જો કોશે આપી હોય તો) એ ક્રમ રાખ્યો છે. કોશમાં ન હોય તેવા પણ થોડા શબ્દો ઉમેર્યા છે.

---

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

# પ્રાસસાધક દ્વિરુક્ત પ્રયોગો

## (ક)

## જેમાં બંને ઘટક પ્રચલિત કે સાર્થ છે તેવા પ્રાસસાધક દ્વિરુક્ત પ્રયોગો

૧ અવરજવર (પું.) (સ્ત્રી.) આવજા

૨ (૧) અવળસવળ (અ.) ઊલટસૂલટ

(૨) અવળાસવળી (સ્ત્રી.) (૧) એક છોડ (અ.)(૨) અવળું ને સવળું એ ક્રમમાં

(૩) અવળુંસવળું (વિ.) ઊંધુંચતું

૩ અવારનવાર (અ.) (૧) પ્રસંગોપાત્ત, કદીકદી (૨) વારાફરતી

૪ (૧) આડેધડ (અ.) જુઓ આડેધડે

(૨) આડેધડે (અ.) ધડો રાખ્યા વિના, જેમ આવે તેમ

૫ આણદાણ (સ્ત્રી.) (૧) દાણ – કર વસૂલ કરવાની સત્તા (૨) અધિકાર ( સં. " આજ્ઞા ", પ્રા. " આણ " )

૬ (૧) આલીલીલી (વિ.) (સ્ત્રી.) તાજી, લીલી, ફળદ્રુપ, સમૃદ્ધ

(૨) આલુંલીલું (વિ.) લીલુંસૂકું ( આલું – ભીનું, સં. " –આર્દ્ર ", પ્રા. " અલ્લ " )

૭ આવકજાવક (સ્ત્રી.) (૧) આવવું અને જવું તે (૨) ઊપજખર્ચ (૩) તેની વહી

૮ આવનજાવન (ન.) (૧) આવજા (૨) જન્મમરણ ( હિં. )

૯ આવરોજાવરો (પું.) (૧) આવવું અને જવું તે, અવરજવર (૨) આવકજાવક, ઊપજખર્ચ

૧૦ આવળબાવળ (પું.બ.વ.) આવળ, બાવળ અને અન્ય વનસ્પતિ ( કોશમાં નથી )

૧૧ આશકમાશૂક (ન.બ.વ.) વહાલોવહાલી ( અરબી – " આશિક " )

૧૨ ઉખાલપખાલ (સ્ત્રી.) ઊલટી અને ઝાડો

૧૩ (૧) ઊંચનીચ (વિ.) ઊંચું અને નીચું ( ઊંચ – સં. "–ઉચ્ચ " પરથી )

(૨) ઊંચુંનીચું (વિ.) ઊંચું અને નીચું, ખાડાખૈયાવાળું

૧૪ ઊપજનીપજ (સ્ત્રી.) (૧) ઉત્પન્ન અને વૃદ્ધિ (૨) પેદાશ (૩) ચોખ્ખી આવક ( ઊપજવું + નીપજવું )

૧૫ ઊમડધૂમડ (અ.) ચંદરવા જેવું, આકાશ જેવું છવાઈ જઈ ને ( હિં. " ઉમડના–ધુમડના " )

૧૬ (૧) એકલડોકલ (વિ.) એકલું, સોબત–સંગાથ વિનાનું ( અથવા એકાદ સંગાથવાળું ) ( એકલ – પ્રા. " એકલ્લ " )

(૨) એકલદોકલ (વિ.) એકલું, સાથી વગરનું, એકબે જણની જ સંખ્યામાં

૧૭ એકીબેકી (સ્ત્રી.) એક બાળરમત

૧૮ એઠુંજૂઠું (વિ.) (૧) એઠું (ન.) (૨) છાંડણ, એઠવાડ

૧૯ (૧) ઓળખપાળખ (સ્ત્રી.) ઓળખ અને પરીક્ષા, ઓળખાણ ( " ઓળખવું " – ઓળખ, " પારખવું " – પારખ )

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

(૨) ઓળખાણપાળખાણ (સ્ત્રી.) (ન.) (૧) પિછાન, પરિચય (૨) ઓળખવાનું ચિહ્ન–સાધન (૩) ઓળખીતા માણસની ખાતરી

(૩) ઓળખાતુંપાળખાતું (વિ.) ઓળખાણવાળું, પરિચિત, જાણીતું

૨૦ (૧) ઓળચોળ (સ્ત્રી.) ઓળવુંચોળવું તે

(૨) ઓળવુંચોળવું (સ.ક્રિ.) ( માથું–કેશ ) ચોળીને ધોવું અને કાંસકીથી સાફ કરવું

૨૧ કચ્ચાંબચ્ચાં (ન.બ.વ.) છોકરાંછૈયાં

૨૨ કટકબટક (ન.) કટકોબટકું, થોડુંઘણું કાંઈક ( ખાવું તે ) ( કટકો + બટકું )

૨૩ કરુવરુ (અ.) ફટફટ કરવું તે

૨૪ (૧) કળવકળ (સ્ત્રી.) જુઓ કળવિકળ

(૨) કળવકળિયું (વિ.) કળવિકળવાળું, યુક્તિબાજ

(૩) કળવિકળ (સ્ત્રી.) (૧) યુક્તિ, તદબીર (૨) યુક્તાયુક્ત વિચાર (૩) ચેન, શાતા (૪) સૂઝ, સમજ

૨૫ કળેવળે (અ.) યુક્તિપ્રયુક્તિથી, સમજાવટથી ( કળ + વળ )

૨૬ કાણમોકાણ (સ્ત્રી.) મરણ પાછળ રોવું, કૂટવું અથવા લૌકિકે જવું તે

૨૭ કાચુંપોચું (વિ.) અનુભવ અને હિંમત વગરનું, ભોળું, અકુશળ

૨૮ કારાપારા (પું.) (૧) ચૂંથાચૂંથ (૨) વંકાઈને કોઈનું ભૂંડું બોલવું તે, જાણી જોઈને દોષ કાઢવા તે, કારીપેરી

૨૯ કારીપારી (સ્ત્રી.) (૧) દ્વિઅર્થી બોલી, દ્વૈધીભાવ, કહેવું ને કરવું કંઈક એવી વર્તણૂક (૨) જ્યાં એક જવાબ જોઈએ ત્યાં બે જવાબ આપવા તે (૩) જાણી જોઈને દોષ કાઢવો તે, કારાપારા

૩૦ કાલાવાલા (પું.બ.વ.) કરગરવું તે, આજીજી

૩૧ કાલુંઘેલું (વિ.) અરધું ગાંડા જેવું, નિર્દોષ ( કાલું + ઘેલું )

૩૨ કાસવાસ (પું.) શ્વાસ, દમ ( સં. "–કાસ + શ્વાસ" )

૩૩ (૧) કાળાંધોળાં (ન.બ.વ.) કારસ્તાન, બદચાલ

(૨) કાળુંધોળું (ન.) ખરાબ કામ ( કાળું + ધોળું )

૩૪ કેરાંબોરાં (ન.બ.વ.) (લા.) કેરાંબોરાં જેવું નજીવું – માલ વગરનું, ભાજીમૂળા (ચ.)

૩૫ ખખરવખર (અ.) દોદળું હોય એમ, આમતેમ પડ્યું હોય તેમ ( ખખર ( ખખળવું, + વખર ( સં. "–વિકિર", પ્રા. "વિકિખર" ) )

૩૬ ખટનટ (વિ.) નટખટ, પ્રપંચી ( ખટ + નટ, સર. મ. )

૩૭ ખળાંઢળાં (અ.) (કા.) ખળાં ઊભરાઈ જાય એમ, પુષ્કળ છત હોય તેમ ( ખળું + ઢળવું – પરથી )

૩૮ ખંડનમંડન (ન.) (૧) તોડવુંમાંડવું તે (૨) ચર્ચામાં વાદને તોડવો અને માંડવો તે

૩૯ ખાણીપીણી (સ્ત્રી.) ખાવાપીવાનું, ખોરાકપાણી, ખાનપાન

૪૦ ખાધેલપીધેલ (વિ.) (૧) ખાધેપીધે સુખી (૨) માતેલું, હૃષ્ટપુષ્ટ

૪૧ ખાનદાન (વિ.) (૧) સારા ઘરનું, કુળવાન (૨) પ્રતિષ્ઠિત (ન.) (૩) કુટુંબ, કુળ (ફા.)

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

૪૨ ખાનપાન (ન.) ખાવુંપીવું તે કે તેની વસ્તુ (સં.)
૪૩ ખાળાચાળા (પું.) (કા.) ખટપટ, દાવપેચ, પ્રપંચ
૪૪ ગદ્યપદ્ય (ન.) ગદ્ય અને પદ્ય
૪૫ ગરમર (સ્ત્રી.) (ન.) એક વનસ્પતિ (તેનાં મૂળનું અથાણું થાય છે.)
૪૬ ગુટપુટ (અ.) બરોબર ઓઢી કરીને (સૂવા માટે), ગોટપોટ
૪૭ ગુટમુટ (અ.) જુઓ ગુટપુટ
૪૮ ગુમસૂમ (અ.) સૂમસામ, ગુપચુપ (ગુમ + સૂમ; પ્રા. "સુમ્મ")
૪૯ ગોટપોટ (અ.) જુઓ ગુટપુટ (ગુટ—ગોટો, પોટ—પોટલી)
૫૦ ગોટમોટ (અ.) જુઓ ગુટપુટ (ગોટો + મોટો = ગોટો – હિં.)
૫૧ ધમરડીચકરડી (સ્ત્રી.) છોકરાંની એક રમત (ધમરડી (ધમરધમર ફરવું) + ચકરડી (ચકર-ચકર ફરવું))
૫૨ ધાયાંપડધાયાં (વિ.) (૧) કમોતે મરેલાં (ન.બ.વ.) (૨) ધવાયા બૂડવા વગેરેથી કમોતે મરેલાં માણસ
૫૩ (૧) ધાલમેલ (સ્ત્રી.) (૧) કાઢઘાલ, ગરબડસડબડ (૨) પંચાત, ધમાલ (૩) ખટપટ, પ્રપંચ (ઘાલવું + મેલવું)
(૨) ધાલમેલિયું (વિ.) ધાલમેલ કરે તેવું
૫૪ ઘોડદોડ (સ્ત્રી.) (૧) ઘોડાઓના દોડવાની હરીફાઈ (૨) એને માટેનું મેદાન અથવા રસ્તો (ઘોડો + દોડવું)
૫૫ ચકમક (પું.) (૧) એક જાતનો પથ્થર (તેની સાથે લોખંડ અફાળવાથી અગ્નિ ઝરે છે.)
(સ્ત્રી.) (૨) તણખો (૩) ચમક, ઝલક (૪) (લા.) તકરાર, કજિયો (તુર્કી)
૫૬ ચકરડીભમરડી (સ્ત્રી.) ફૂદડી ફરવાની એક રમત
૫૭ ચકરભમર (અ.) ફરતા ચક્રની જેમ
૫૮ ચકળવકળ (વિ.) (અ.) આકુળવ્યાકુળ (સં. "–ચક્" (ચકિત) + વકળ (વ્યાકુળ))
૫૯ ચકળવિકળ (વિ.) (અ.) જુઓ ચકળવકળ
૬૦ ચડતીપડતી (સ્ત્રી.) ચડવું અને પડવું તે, અસ્તોદય
૬૧ ચલણીવલણી (સ્ત્રી.) જુઓ ચલનવલન
૬૨ ચલનવલન (ન.) હાલવુંચાલવું તે, હરફર, ગતિ
૬૩ (૧) ચળવળ (સ્ત્રી.) (૧) ચટીપટી, અજંપો, વલોપાત (૨) હિલચાલ, પ્રવૃત્તિ, આંદોલન (સં. "–ચલ્ + વલ્", સર. મ.)
(૨) ચળવળવું (અ.ક્રિ.) (૧) જરા હાલવું, સળવળવું (૨) કંઈક કરવાને ઊંચાનીચા થવું (૩) મનમાં ખૂંચવું
(૩) ચળવળાટ (પું.) (૧) ચળવળવું તે (૨) તલસાટ, વલવલાટ (૩) ખંજવાળ
(૪) ચળવળિયું (વિ.) ચળવળ જગાડવાના સ્વભાવવાળું, ધમાલિયું
૬૪ ચળિયાંપુતળિયાં (ન.બ.વ.) (ઘઉં જવની) ઊંબીઓ (ચલિયું + પૂતળું)

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

| | | |
|---|---|---|
| ૬૫ | ચંગીભંગી | (વિ.) (૧) ભાંગ–ગાંજામાં મસ્ત રહેનાર, વ્યસની (૨) કાછડીછૂટો |
| ૬૬ | ચાકબાક | (વિ.) હોંશિયાર, ચાલાક, પહોંચેલ (તુર્કી, સર. મ. "ચાકપાક") |
| ૬૭ | ચેરીમેરી | (સ્ત્રી.) બક્ષિસ (અંગ્રેજી) |
| ૬૮ | (૧) છલવિછલ | (સ્ત્રી.) છળકપટ, લુચ્ચાઈ |
| | (૨) છલવિછળ | (સ્ત્રી.) જુઓ છલવિછલ |
| ૬૯ | છાંછળમાંછળ | (વિ.) (અ.) ઉપરઉપરનું, ઉપલકિયું |
| ૭૦ | છિન્નભિન્ન | (વિ.) (૧) ભાંગીતૂટી ગયેલું (૨) અસ્તવ્યસ્ત |
| ૭૧ | છૂતઅછૂત | (સ્ત્રી.) અમુકને અડાય, અમુકને ન અડાય એવી અસ્પૃશ્યતાની માન્યતા (પ્રા. "છુત્ત", સં. "–છુપ્ત"=સ્પષ્ટ, દે. "છુત્તિ"=અશૌચ) |
| ૭૨ | જટાજૂટ | (પું.) જટાનો ભારો (સં. "–જટા + જૂટકમ્") |
| ૭૩ | જતીમતી | (સ્ત્રી.) દરેકની જુદી કે સામટી–સહિયારી જે જવાબદારી તે (કાયદામાં) |
| ૭૪ | જત્રતત્ર | (અ.) જ્યાંત્યાં (સં. "–યત્રતત્ર") |
| ૭૫ | જથરપથર | (વિ.) જ્યાંત્યાં, ક્યાંનું ક્યાં હોય એવું, આમતેમ ખસી ગયેલું, અવ્યવસ્થિત |
| ૭૬ | જથરવથર | (વિ.) જુઓ જથરપથર |
| ૭૭ | જદ્દવાતદ્દવા | (અ.) આમતેમ, ગમેતેમ, એફામ, ઠેકાણા વગર (સં. "–યદ્વાતદ્વા") |
| ૭૮ | જરવજર | (વિ.) (૧) જરા, સહેજ (અ.) (૨) જરાતરા સહેજસાજ |
| ૭૯ | જરીમરી | (સ્ત્રી.) ભારે ચેપી રોગ, કોગળિયું (ખાસ કરીને) કોલેરા (આ રોગની દેવી હોવાનું મનાય છે.) (સર. મ., પ્રા. "જર" = તાવ + "મરક" = મરકી) |
| ૮૦ | જવરઅવર | (સ્ત્રી.) વારંવાર જવું આવવું તે, અવરજવર (જવું + આવવું) |
| ૮૧ | જંતરમંતર | (પું.) (ન.) જંતર અને મંત્ર |
| ૮૨ | (૧) જાણેઅજાણે | (અ.) જુઓ જાણ્યેઅજાણ્યે |
| | (૨) જાણ્યેઅજાણ્યે | (અ.) જાણતાં કે અજાણતાં, વગર ઇરાદે |
| ૮૩ | જારણમારણ | (ન.) વશીકરણ (કોશમાં નથી) |
| ૮૪ | જાવડભાવડ | (અ.) જેવુંતેવું, અધૂરું, તકલાદી |
| ૮૫ | જાળવાળિયું | (ન.) (૧) ઘણું જ ઝીણું કપડું (૨) જાળિયું |
| ૮૬ | જોગાનજોગ | (અ.) જોગ આવી મળવાથી, બનવા કાળ હોવાથી, સંજોગવશાત્ (સં. "યોગ + અનુયોગ") |
| ૮૭ | જ્ઞાનવિજ્ઞાન | (ન.) (૧) સામાન્ય અને વિશેષ બધું જ્ઞાન (૨) બ્રહ્મજ્ઞાન |
| ૮૮ | ઝાડઝૂડ | (ન.) વાળઝૂડ, સાફસૂફ (ઝાડવું + ઝૂડવું) |
| ૮૯ | તડજોડ | (સ્ત્રી.) તડો વચ્ચે સમાધાન–સલાહસંપ (તડ + જોડવું) |
| ૯૦ | તનમન | (અ.) ખૂબ આતુરતાથી–અધીરાઈથી (તન + મન) |
| ૯૧ | તલખવલખ | (અ.) પાણી ન મળવાથી અસ્વસ્થ (વલખ – સં. "–વિલક્ષ", પ્રા. "વિલક્ખ" ઉપરથી, તલખ – ફા. "તલ્ખ") |
| ૯૨ | તલસવલસ | (અ.) જુઓ તલખવલખ |

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

| | | |
|---|---|---|
| ૯૩ | તાતુંમાતું | (વિ.) ભરેલું-પુષ્ટ ( તાતું + માતું ) |
| ૯૪ | તારીમારી | (સ્ત્રી.) અધમ પ્રકારની ગાળાગાળી, ભમ્ભોચચ્ચો ( તારું + મારું ) |
| ૯૫ | તૂટ્યુંફૂટ્યું | (વિ.) તૂટેલુંફૂટેલું, ભાંગ્યુંતૂટ્યું, રેંજીપેંજી ( તૂટવું + ફૂટવું ) |
| ૯૬ | તેરીમેરી | (સ્ત્રી.) ગાળાગાળી, મારામારી ( સર. અપ. " તેર + મેર " ) |
| ૯૭ | તોડજોડ | (સ્ત્રી.) તડજોડ, સમાધાન |
| ૯૮ | તોડફોડ | (સ્ત્રી.) તોડવુંફોડવું તે |
| ૯૯ | તરમરી | (સ્ત્રી.) એક જાતનું ઘરેણું |
| ૧૦૦ | થાકયુંપાકયું | (વિ.) ઘણું થાકી ગયેલું |
| ૧૦૧ | દોરતોર | (પું.) રોફ અને તુમાખો |
| ૧૦૨ | ધક્કામુક્કી | (સ્ત્રી.) ધક્કા અને મુક્કાથી મારામારી |
| ૧૦૩ | ધડાકાભડાકા | (પું. બ. વ.) ધડાકા અને ભડાકા |
| ૧૦૪ | ધનોતપનોત | (ન.) સર્વનાશ થવો, સત્યાનાશ વળી જવું, ખેદાનમેદાન થવું ( કોશમાં નથી ) |
| ૧૦૫ | ધારણાંપારણાં | (ન. બ. વ.) ( શ્રાવણ મહિનામાં ) એકાંતરે જમવાનું વ્રત |
| ૧૦૬ | ધાલાવેલી | (સ્ત્રી.) ઉત્કટ અધીરાઈ |
| ૧૦૭ | ધીરધાર | (સ્ત્રી.) વ્યાજે નાણાં આપવાં તે, લેવડદેવડ ( ધીરવું + ધારવું ) |
| ૧૦૮ | ધુસળમુસળ | (ન.) વરને પોંખતાં વપરાતી વસ્તુઓ ( ધૂસળ + મૂસળ ) |
| ૧૦૯ | નાટકચેટક | (ન.) હાસ્યવિનોદ |
| ૧૧૦ | નામુંઠામું | (ન.) નામાનો વિગતવાર હિસાબ |
| ૧૧૧ | નોલકોલ | (ન.) એક શાક |
| ૧૧૨ | પરસ્પર | (અ.) એકબીજાને, અરસપરસ (સં.) |
| ૧૧૩ | પરહરવું | (સ.ક્રિ.) પરિહરવું, તજવું |
| ૧૧૪ | (૧) પાનદાન | (ન.) ખાવાનાં પાન તથા સામાન મૂકવાનું પાત્ર |
| | (૨) પાનદાનિયું | (ન.) જુઓ પાનદાન |
| | (૩) પાનદાની | (સ્ત્રી.) જુઓ પાનદાન |
| ૧૧૫ | પારાવાર | (વિ.) (૧) અપાર, પુષ્કળ (૨) દરિયો |
| ૧૧૬ | ફાટફૂટ | (સ્ત્રી.) (લા.) વિરોધ, કુસંપ, ભેદ |
| ૧૧૭ | (૧) ફાટુંતૂટું | (વિ.) (૧) ફાટેલું ને તૂટેલું (૨) જૂનું ( ફાટવું + તૂટવું ) |
| | (૨) ફાટ્યુંતૂટ્યું | (વિ.) જુઓ ફાટુંતૂટું |
| ૧૧૮ | બળ્યુંજળ્યું | (વિ.) (૧) ગુસ્સે થયેલું (૨) સંતાપ પામેલું (૩) અદેખું ( બળવું+જળવું ) |
| ૧૧૯ | બાળુંભોળું | (વિ.) બાળક જેવું અણસમજુ અને ભોળું |
| ૧૨૦ | બુરીચુરી | (સ્ત્રી.) એક પક્ષી |
| ૧૨૧ | બેલતેલ | (ન.) લાકડા ઉપર લગાવવાનું એક તેલ ("બેલ"-(અંગ્રેજી "બોઈલ્ડ"+તેલ)) |
| ૧૨૨ | બોલાચાલી | (સ્ત્રી.) (૧) તકરાર (૨) બોલવાચાલવાનો સંબંધ-દોસ્તી |
| ૧૨૩ | ભણવુંગણવું | (સ.ક્રિ.) અભ્યાસ કરવો તેમ જ તેનો ઉપયોગ-અમલ કરી જાણવો |
| ૧૨૪ | ભર્યુંપૂર્યું | (વિ.) ભરેલું, પૂરેપૂરું, પુષ્કળ ( ભરવું + પૂરવું ) |

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

| | | |
|---|---|---|
| ૧૨૫ | મમ્મોચચ્ચો | (પું.) મ અને ચથી શરૂ થતી ( માબહેન સમાણી ) ગાળ |
| ૧૨૬ | (૧) મહેણાંટૂણાં | (ન.બ.વ.) મહેણાં, મર્મવચન |
| | (૨) મહેણાંટોણાં | (ન.બ.વ.) જુઓ મહેણાંટૂણાં |
| ૧૨૭ | માગીતાગી | (અ.) આમથી તેમથી – ગમે તેમ કરીને મેળવીને ( માગવું + તાગવું ) |
| ૧૨૮ | માતુંતાતું | (વિ.) માતેલું |
| ૧૨૯ | માનપાન | (ન.) (૧) માન, આદર (૨) આબરૂ, પ્રતિષ્ઠા |
| ૧૩૦ | મારીતારી | (સ્ત્રી.) (૧) ગાળાગાળી (૨) નિંદા ( મારું + તારું ) |
| ૧૩૧ | માંડછાંડ | (સ્ત્રી.) (૧) ઘરના રાચરચીલાની શોભે એવી ગોઠવણી (કા.) ( માંડવું+છાંડવું ) |
| ૧૩૨ | યત્રતત્ર | (અ.) જ્યાં ત્યાં, ઠેકઠેકાણે (સં.) |
| ૧૩૩ | યદ્‌વાતદ્‌વા | (અ.) ગમે તેમ, એલફેલ (સં.) |
| ૧૩૪ | રકઝક | (સ્ત્રી.) ખેંચાખેંચી, તકરાર ( રક – (રગવું) + ઝક ) |
| ૧૩૫ | રગડાઝગડા | (પું.બ.વ.) ઝઘડાટંટા ( રગડા – " રગડવું " ઉપરથી ) |
| ૧૩૬ | રચપચ | (અ.) તરબોળ ( રચવું + પચવું ) |
| ૧૩૭ | (૧) રચેલુંપચેલું | (વિ.) રત, તલ્લીન, મશગૂલ ( રચવું + પચવું ) |
| | (૨) રચ્યુંપચ્યું | (વિ.) જુઓ રચેલુંપચેલું |
| ૧૩૮ | રજાકજા | (સ્ત્રી.) (૧) માંદગી (૨) અણધારી આફત (૩) મૃત્યુ ( અરબી– " રિજાકજા " ) |
| ૧૩૯ | રડ્યુંખડ્યું | (વિ.) (૧) વિખૂટું–ભૂલું પડેલું (૨) ભાગ્યે કોઈક (૩) વેરાયેલું, વીખરાયેલું ( રડવું ( દે. " રડ્ડ " ) + ખડવું ) |
| ૧૪૦ | રનવન | (વિ.) અસ્તવ્યસ્ત, છૂટુંછવાયું ( રન– ( " રાન ", " વેરાન " ) + વન ) |
| ૧૪૧ | રફેદફે | (અ.) ખરાબખસ્ત, ફનાફાતિયા, અસ્તવ્યસ્ત ( અરબી–" રફ્અદફ્અ ", સર. હિં. " રફાદફા " ) |
| ૧૪૨ | રમણભમણ | (અ.) અસ્તવ્યસ્ત, વેરણખેરણ ( રમવું + ભમવું ) |
| ૧૪૩ | રમતગમત | (સ્ત્રી.) જુદી જુદી જાતની રમતો, ખેલ, ક્રીડા |
| ૧૪૪ | રસકસ | (પું.) સાર, તત્ત્વ, કસ |
| ૧૪૫ | (૧) રસાકશી | (સ્ત્રી.) ચડસપૂર્વક ખેંચાખેંચી, ગજગ્રાહ જેવી સ્પર્ધા |
| | (૨) રસાકસી | (સ્ત્રી.) જુઓ રસાકશી |
| ૧૪૬ | રહ્યુંસહ્યું | (વિ.) બાકી બચેલું |
| ૧૪૭ | રંગઢંગ | (પું.) બાહ્ય દેખાવ, રીતભાત, ચાળા |
| ૧૪૮ | રંગબેરંગી | (વિ.) વિવિધ રંગનું |
| ૧૪૯ | રંગભંગ | (પું.) આનંદમાં ભંગ પડવો |
| ૧૫૦ | રંગભંગી | (વિ.) (૧) વ્યસની (૨) રંગરસિયું, વિલાસી ( સર. મ. " રંગીઢંગી ", " ચંગીભંગી " ) |
| ૧૫૧ | રંગેચંગે | (અ.) વિના તકરારે, હસતે મને, ખુશીથી ( રંગ + ચંગ ) |
| ૧૫૨ | રાજકાજ | (પું.) (૧) રાજ્યને લગતું કામકાજ (૨) રાજનીતિ |

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

| | | |
|---|---|---|
| ૧૫૩ | રાતુંમાતું | (વિ.) હૃષ્ટપુષ્ટ ને આનંદતું ( રાતું ( પ્રા. " રત્ત ", સં. " –રક્ત ", હિં. " રાતા ", + માતું ( સં. "–મત્ત " ) ) |
| ૧૫૪ | રામાંટામાં | ( ન.બ.વ. ) વામાંટામાં |
| ૧૫૫ | રાંડીછાંડી | (સ્ત્રી.) રાંડેલી અથવા પતિએ તજેલી સ્ત્રી |
| ૧૫૬ | રિદ્ધિસિદ્ધિ | (સ્ત્રી.) રિદ્ધિ અને સિદ્ધિ |
| ૧૫૭ | રીધસીધ | (સ્ત્રી.) રિદ્ધિસિદ્ધિ |
| ૧૫૮ | રુંડમુંડ | (વિ.) ગોળમટોળ |
| ૧૫૯ | રેંચિયુંપેંચિયું | (વિ.) (૧) નમાલું (૨) ઉત્સાહ વગરનું |
| ૧૬૦ | રેંજીપેંજી | (વિ.) જુઓ રેંચિયુંપેંચિયું |
| ૧૬૧ | રોકટોક | (સ્ત્રી.) રોકવું ને ટોકવું તે, કશો પણ વાંધો કે વિરોધ ( રોકવું+ટોકવું ) |
| ૧૬૨ | રોજબરોજ | (અ.) રોજરોજ, દરરોજ (ફા.) |
| ૧૬૩ | રોળીકોળી | (વિ.) (સ્ત્રી.) સાંજની વેળા |
| ૧૬૪ | (૧) લકડધકડ | (અ.) લક્કડધક્કડ, ધમધોકાર, ઝપાટાબંધ |
| | (૨) લક્કડધક્કડ | (અ.) જુઓ લકડધકડ |
| ૧૬૫ | લટકછટક | (સ્ત્રી.) છટા, ખૂબી |
| ૧૬૬ | લટકોઝટકો | (પું.) (૧) સહેજસાજ નવરાશનો સમય (અ.) (૨) દૈવયોગે, અણધાર્યું |
| ૧૬૭ | લટકોમટકો | (પું.) આંખ અને શરીરનો ચાળો, નખરું |
| ૧૬૮ | લટોઝટો | (અ.) (૧) ઉતાવળે (૨) સહેજસાજ |
| ૧૬૯ | લપકોઝપકો | (પું.) ઝટોઝટ, સહેજસાજમાં બનવું તે ( સર. હિં. " લપઝપ "–ચપળ ) |
| ૧૭૦ | લપછપ | (સ્ત્રી.) ધાલમેલ, કાવતરું ( લપાવું + છુપાવું ) |
| ૧૭૧ | (૧) લપ્પનછપ્પન | (સ્ત્રી.) (ન.) (૧) પંચાત, છૂપી ધાલમેલ (૨) દોઢડહાપણ, તીનપાંચ ( સર. મ. " લપંછપં ", " લપ્પંછપ્પં ", લપવું + છપવું ) |
| | (૨) લપ્પનિયુંછપ્પનિયું | (વિ.) લપ્પનછપ્પન કરનારું |
| ૧૭૨ | લવઢવ | (સ્ત્રી.) (કા.) મીઠાશ કે વિવેકભરી વાણી |
| ૧૭૩ | લાગભાગ | (પું.) સંબંધી તરીકેનો હિસ્સો ( લાગવું + ભાગ ) |
| ૧૭૪ | લાગવગ | (સ્ત્રી.) લાગ અને વગ, વગવસીલો |
| ૧૭૫ | લાપટઝાપટ | (સ્ત્રી.) ધોલધાપટ, થોડોઘણો માર – ધમકી |
| ૧૭૬ | લાપોટઝાપોટ | (સ્ત્રી.) જુઓ લાપટઝાપટ |
| ૧૭૭ | લાલનપાલન | (સ્ત્રી.) લાડમાં ઊછરવું તે (સં.) |
| ૧૭૮ | લીલમલીલું | (વિ.) એકદમ લીલું, લીલમના જેવું લીલું |
| ૧૭૯ | (૧) લૂટફાટ | (સ્ત્રી.) લૂટવું તે |
| | (૨) લૂંટફાટ | (સ્ત્રી.) લૂટવું તે |
| ૧૮૦ | (૧) લૂમઝૂમ | (સ્ત્રી.) (૧) લૂમખું (અ.) (૨) ભપકાબંધ ( લૂમ – દે. " લુંબી ", સર. મ. " લુંબી ", " લોંબી " ) |
| | (૨) લૂમઝૂમવું | (અ.ક્રિ.) લૂમખાભેર લટકવું |

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

૧૮૧ લેણદેણ (સ્ત્રી.) (૧) લેવડદેવડનો સંબંધ (૨) લેણાદેણી ( સર. મ., હિં. " લેનદેન " )

૧૮૨ લેવડદેવડ (સ્ત્રી.) ઉછીનું લેવા આપવાનો સંબંધ

૧૮૩ લોચોપોચો (પું.) (૧) લોંદો, લચકો (૨) ડૂચો, ડબૂચો

૧૮૪ લોટપોટ (વિ.) (૧) લોથપોથ (૨) ગોટપોટ

૧૮૫ લોથપોથ (વિ.) થાકી ગયેલું

૧૮૬ લોપડચોપડ (વિ.) (૧) ખૂબ ઘી કે તેલવાળું (૨) (લા.) અતિશયોક્તિવાળું (૩) ચીવટ, ઘીતેલ વગેરે (૪) (લા.) અતિશયોક્તિ (૫) ખુશામત

૧૮૭ લેણાદેણી (સ્ત્રી.) (૧) પૂર્વ જન્મનું માગતું આપવાનું કે લેવાનું હોય તેવો સંબંધ ( લેવું + દેવું )

૧૮૮ લેવાદેવા (પું.) (સ્ત્રી.) આપવા લેવાનો કે બીજી કોઈ પણ જાતનો સંબંધ

૧૮૯ લોમવિલોમ (વિ.) (૧) ઊલટુંસૂલટું (૨) અનિશ્ચિત (સં.)

૧૯૦ વળકવળ (પું.) (સ્ત્રી.) (ન.) (૧) અનુકૂળતા અને પ્રતિકૂળતા (૨) ઘાટ અને દાવપેચ

૧૯૧ વળિયાંપળિયાં (ન.બ.વ.) વળેલાં અંગ અને પળિયાં, ઘડપણ ( વળિયું + પળિયું )

૧૯૨ વાટાઘાટ (સ્ત્રી.) ભાંજગડ, પંચાત ( સં. " –વટ્ " ( તોડવું ) + સં. " –ઘટ્ " ( જોડવું ) )

૧૯૩ વાણોતાણો (પું.) વાણો અને તાણો ( સર. હિં. " બાના ", મ. " વાણા " )

૧૯૪ વાદવિવાદ (પું.) ચર્ચા, સામસામા સવાલજવાબ (સં.)

૧૯૫ વામાટામા (પું.બ.વ.) અનિશ્ચયમાં વખત ગાળવો તે, આનાકાની

૧૯૬ વામાંટામાં (ન.બ.વ.) જુઓ વામાટામા

૧૯૭ વારાફેરા (પું.બ.વ.) વારંવાર આવવુંજવું તે ( વારો + ફેરો )

૧૯૮ વાળઘોળ (સ્ત્રી.) (કા.) (૧) રીતભાત (૨) આવડત (૩) સાચવણી ( વાળવું + ઘોળવું )

૧૯૯ વાંકુંચૂકું (વિ.) વાંકું, આડુંઅવળું

૨૦૦ શિયાવિયા (વિ.) (૧) ગભરાયેલું, બાવરું (૨) ભોંઠું પડી ગયેલું

૨૦૧ શુધબૂધ (સ્ત્રી.) (૧) સૂધબૂધ, ભાન, સંજ્ઞા (૨) અક્કલ, સમજ ( શુદ્ધિ + બુદ્ધિ )

૨૦૨ શોરબકોર (પું.) કોલાહલ

૨૦૩ સચરાચર (વિ.) (૧) સ્થાવર, જંગમ, બધું (અ.) (૨) સર્વત્ર, ચર અચર બધામાં (સં.)

૨૦૪ સથરપથર (વિ.) અવ્યવસ્થિત, વિખરાયેલું ( સં. " –સ્રસ્તર " – સાથરો, સં. " –પ્રસ્તર્ " – પાથરવું )

૨૦૫ સથરવથર (વિ.) જુઓ સથરપથર

૨૦૬ સદારદા (અ.) કારણ વિના, સહેજસાજમાં

૨૦૭ સનામના (સ્ત્રી.) ઉદાસીનતા, દિલગીરી

૨૦૮ સરઅવસરે (અ.) (સુ.) વખતોવખત

૨૦૯ સરબસર (વિ.) તહેનાતનું લશ્કર, રજવાડાના રક્ષણ માટેની કિલ્લા ઉપરની પલટણ (ફા.)

૨૧૦ સરભર (વિ.) (૧) ઓછુંવત્તું નહીં–સરખેસરખું (૨) નફાતોટા વિનાનું ( દે. " સરિભરિ " )

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

૨૧૧ સરભરા (સ્ત્રી.) આદર સત્કાર, સેવાચાકરી ( ફા. "સરબરાહ" )
૨૧૨ સરાધરા (અ.) પહેલેથી છેવટ લગી ( સરાર + ધર (મૂળ) થી )
૨૧૩ સવાકવા (પું.) (૧) અનુકૂળ કે પ્રતિકૂળ પવન (૨) અકસ્માત
૨૧૪ (૧) સળવળ (સ્ત્રી.) સળવળવું તે
(૨) સળવળવું (અ.ક્રિ.) (૧) જરા જરા હાલવું, મરડાવું (૨) શરીર પર જીવડું ચાલતું હોય તેવી લાગણી થવી (૩) (લા.) કશું કરવા તત્પર થઈ રહેવું
(૩) સળવળાટ (પું.) સળવળવું તે
૨૧૫ સંકલ્પવિકલ્પ (પું.બ.વ.) તર્કવિર્તક
૨૧૬ સાજનમહાજન (ન.) વરના વરઘોડા સાથે રહેલ પ્રતિષ્ઠિત લોકોનું મંડળ
૨૧૭ સાજુંતાજું (વિ.) તાજું અને નીરોગી
૨૧૮ સારવાર (સ્ત્રી.) બરદાસ્ત, સેવાચાકરી
૨૧૯ (૧) સાલપોલ (વિ.) (૧) સાલમાંથી ઢીલું પડી ગયેલું (૨) સાલ બરાબર બેઠાં ન હોય તેવું (૩) (લા.) ઢીલું, બોદલું ( સાલ + પોલું )
(૨) સાલપોલિયું (વિ.) જુઓ સાલપોલ
૨૨૦ સાલાતાલા (પું.બ.વ.) કાલાવાલા, આજીજી
૨૨૧ હટખટ (સ્ત્રી.) મનમાં
૨૨૨ હડતગડ (સ્ત્રી.) જ્યાં ત્યાંથી હડે હડે થવું તે ( હડ + તગડ )
૨૨૩ હનકન (સ્ત્રી.) હાના, આનાકાની ( હા + ના, સર. "આનાકાની" )
૨૨૪ હરફર (સ્ત્રી.) વારંવાર આવવુંજવું તે ( હરવું + ફરવું )
૨૨૫ હરમર (સ્ત્રી.) એક વનસ્પતિ
૨૨૬ હરવર (સ્ત્રી.) સ્મરણ, યાદ ( સર. પ્રા. "હરણ" = સ્મરણ )
૨૨૭ હરવુંફરવું (અ.ક્રિ.) આમતેમ મોજથી ફરવું ( હરવું + ફરવું )
૨૨૮ હલનચલન (ન.) હાલવુંચાલવું તે
૨૨૯ (૧) હલફલ (સ્ત્રી.) ધમાલ, હલમલ ( દે. "હલ્લપ્ફલ" )
(૨) હલફલવું (અ.ક્રિ.) ભળભળવું, ઉશ્કેરાવું
૨૩૦ હલભલ (સ્ત્રી.) ગભરાટથી કરેલી હોહા, બૂમાબૂમ
૨૩૧ (૧) હલમલ (સ્ત્રી.) ધાંધલ, ધમાલ, ખળભળાટ
(૨) હલમલવું (અ.ક્રિ.) (૧) હાલવું ડોલવું (૨) (લા.) ભાવમગ્ન થવું
૨૩૨ હસકેતસકે (અ.) (૧) વારંવાર, રહી રહીને (૨) સહેજસાજમાં
૨૩૩ હળભળિયું (વિ.) હળેભળે એવું, મળતાવડું
૨૩૪ (૧) હળમળ (સ્ત્રી.) (૧) હળવુંમળવું તે, મેળ, સંબંધ (અ.) (૨) ખળભળી કે ઉશ્કેરાઈ ગયું હોય તેમ
(૨) હળવુંમળવું (સ.ક્રિ.) પરસ્પર મળવું, ગોઠડી કરવી (૨) સલાહસંપથી ચાલવું ( સર. હિં. "હિલમિલના" )
૨૩૫ હાજરાહજૂર (વિ.) (૧) હજૂરમાં તૈયાર હોય એવું (૨) સાક્ષાત્, પ્રત્યક્ષ, ( હાજર + હજૂર )

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

| | | |
|---|---|---|
| ૨૩૬ | હારકતાર | (અ.) હારબંધ ( હાર + કતાર ) |
| ૨૩૭ | હારદોર | (અ.) એક હારમાં, હારબંધ ( હાર + દોર ) |
| ૨૩૮ | હાલકડોલક | (અ.) ખળભળી ઊઠ્યું હોય એમ, ડગમગતું ( હાલવું + ડોલવું ) |
| ૨૩૯ | હાલણુડોલણુ | (વિ.) ડગમગતું, સાલપોલિયું ( હાલવું + ડોલવું ) |
| ૨૪૦ | હાલચાલ | (સ્ત્રી.) (૧) હાલવુંચાલવું તે, હરફર (૨) રીતભાત ( હાલવું + ચાલવું ) |
| ૨૪૧ | (૧) હાલપોલ | (વિ.) જુઓ સાલપોલિયું |
| | (૨) હાલપોલિયું | (વિ.) જુઓ સાલપોલિયું |
| ૨૪૨ | હાલોચાલો | (પું.) હરવું ફરવું તે, હાલોડાલો ( હાલવું + ચાલવું ) |
| ૨૪૩ | હાલોડાલો | (પું.) (કા.) (૧) હરવું ફરવું તે (૨) બને તેટલું થોડુંઘણું કામકાજ કરવું તે (૩) શરીરની નબળાઈને લીધે થોડીઘણી હરફર થાય તે ( હાલવું + ડોલવું ) |
| ૨૪૪ | હાવભાવ | (પું.બ.વ.) શૃંગારયુક્ત ચેષ્ટા, નખરાં |
| ૨૪૫ | હાંફળું ફાંફળું | (વિ.) ગભરાયેલું, બેબાકળું, બાવરું |
| ૨૪૬ | હીરચીર | (ન.) કીમતી વસ્ત્ર |
| ૨૪૭ | હીરનીર | (ન.) હિંમત, પાણી |
| ૨૪૮ | (૧) હેરફેર | (વિ.) (૧) બદલેલું, ફેરફારવાળું (૨) અદલા–બદલી થયેલું (પું.) (૩) હેરફેર થવું (૪) તફાવત, ફેર, ફરક |
| | (૨) હેરીફેરી | (સ્ત્રી.) હેરફેર કરવું તે |
| | (૩) હેરોફેરો | (પું.) (૧) આંટોફેરો, જવું આવવું તે (૨) ફેરો આંટો ખાવા જેવું થોડું કામકાજ |

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

( ખ )

## જેમનો એક ઘટક પ્રચલિત કે સાર્થ છે અને બીજો ઘટક પ્રતિધ્વન્યાત્મક છે તેવા પ્રાસસાધક દ્વિરુક્ત પ્રયોગો

(ખ)(૧)

### જેમાં પાછલો ઘટક પ્રતિધ્વન્યાત્મક છે તેવા દ્વિરુક્ત પ્રયોગો

(ખ)(૧) (અ)

### આદ્ય વ્યંજનને સ્થાને બકારવાળા પ્રયોગો

આ વર્ગમાં આદ્ય વ્યંજનને સ્થાને બીજા ઘટકમાં "બ" મુકાય છે તેવા પ્રયોગો આવે છે. પણ આ પ્રક્રિયા દરેક શબ્દને લાગુ પડે છે તેથી અહીં માત્ર નોંધ જ લીધી છે જેમકે—

**નામ** – ઘરબર, ગામબામ, વાતબાત
**વિશેષણ** – લાલબાલ, પીળુંબીળું, પાંચબાંચ, સફેદબફેદ
**ક્રિયાવિશેષણ આદિ** – આગળબાગળ, ઉપરબુપર, સામેબામે, નીચેબીચે
**કૃદન્ત** – પડતાંબડતાં, જોતાંબોતાં, ભાગ્યોબાગ્યો
**ક્રિયાપદ** – લાવ્યોબાવ્યો, લેશેબેશે, આવતોબાવતો, પીધુંબીધું વગેરે.

( ખ )( ૧ ) ( આ )( ૧ )

### આદ્યાક્ષરના સ્વરના પરિવર્તનથી સધાયેલા સંયોજક વિનાના દ્વિરુક્ત પ્રયોગો

| | | |
|---|---|---|
| ૨૪૯ | કાચરકૂચર | (ન.) (૧) પરચૂરણ ખાદ્ય વસ્તુઓ (૨) પરચૂરણ ભાંગીતૂટી વસ્તુઓનો સમૂહ |
| ૨૫૦ | કાચોકૂચો | (પું.) છેવટનો બાકી રહી ગયેલો ભાગ |
| ૨૫૧ | કાપકૂપ | (સ્ત્રી.) (૧) થોડુંઘણું કાપવું – ઘટાડવું તે (૨) સુધારોવધારો (૩) કરકસર |
| ૨૫૨ | ખાંચખૂંચ | (સ્ત્રી.) (૧) નાનીમોટી ખોડખાંપણ (૨) ઝીણવટ |
| ૨૫૩ | ગાબડગૂબડ | (ન.બ.વ.) નાનાંમોટાં પરચૂરણ ગાબડાં |
| ૨૫૪ | ચૂપચાપ | (અ.) કંઈ પણ અવાજ કર્યા વિના, છાનામાના |
| ૨૫૫ | ઝાટકઝૂટક | (ન.) ( દાણાદૂણી વગેરે ) ઝાટકી કરીને સાફ કરવું તે |
| ૨૫૬ | ઝાટકઝૂમક | (ન.) જુઓ ઝાટકઝૂટક |
| ૨૫૭ | ઝાડકઝૂડક | (ન.) જુઓ ઝાટકઝૂટક |
| ૨૫૮ | ટાચકટુચક | (વિ.) છૂટુંછવાયું, પરચૂરણ |
| ૨૫૯ | (૧) ટાપટીપ | (સ્ત્રી.) (૧) વ્યવસ્થા, સુઘડતા (૨) મરામત (૩) ઉપરનો ભભકો–શણગાર, ચાપચીપ |
| | (૨) ટાપટીપિયું | (વિ.) ટાપટીપ – શણગાર કર્યા કરવાની ટેવવાળું |

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

૨૬૦ ટાળણટોળણ (ન.) (ચળામણ, ઝડકામણ જેવો) ટાળી મૂકેલો નકામો ભાગ (ટાળણ–"ટાળવું" ઉપરથી)

૨૬૧ ઠીકઠાક (અ.) બરોબર વ્યવસ્થિત ગોઠવેલું હોય એમ

૨૬૨ ઠોકઠાક (સ્ત્રી.) આમતેમ ઠોકવું તે

૨૬૩ ઢાકોઢુંબો (પું.) વધેલું ખાવાનું કે ઘરમાં ઉઘાડું હોય તે તપાસીને ઢાંકવું–બંધ કરવું તે ("ઢાંકવું" ઉપરથી)

૨૬૪ ઢાકોઢૂમો (પું.) જુઓ ઢાકોઢુંબો

૨૬૫ ઢાંકેલઢૂંકેલ (વિ.) ઢાંકેલું, ઢબૂરેલું, ગુપ્ત રાખેલું

૨૬૬ (૧) થીગડથાગડ (ન.) જુઓ થીંગડથાગડ

(૨) થીંગડથાગડ (ન.) (૧) ઉખડેલા કે ફાટેલાની દુરસ્તી (૨) (લા.) જેવો તેવો કામચલાઉ ઉપાય (દે. "થિગ્ગલ")

૨૬૭ (૧) પૂછગાછ (ન.) (માહિતી ખાતર) પૂછવું કરવું તે ("પૂછવું" ઉપરથી)

(૨) પૂછગાછવું (સ.ક્રિ.) પૂછવું કરવું, પૂછીને બરોબર તપાસ કરવી

૨૬૮ પૂછપાછ (સ્ત્રી.) જુઓ પૂછગાછ

૨૬૯ ફેરફાર (પું.) (૧) ફરક, તફાવત (૨) સુધારો (૩) બદલી (ફેર–દે. "ફેરણ")

૨૭૦ બોલબાલા (સ્ત્રી.) ચલણ કે ચડતી કળા હોવી તે, ફતેહ

૨૭૧ (૧) સાફસૂફ (વિ.) (૧) ચોખ્ખું, કચરા વિનાનું (સ્ત્રી.) (૨) સફાઈ, વાળઝૂડ (૩) કામકાજની સુઘડતા (પું.) (૪) દંડની કસરતનો એક પ્રકાર

(૨) સાફસૂફી (સ્ત્રી.) સાફસૂફ

૨૭૨ સામનસૂમન (પું.) સરસામાન, સામાનસુમાન

૨૭૩ સામાનસુમાન (પું.) જુઓ સામનસૂમન

૨૭૪ સૂમસામ (વિ.) (૧) અવાજ કે હિલચાલ વિનાનું (ન.) (૨) શૂન્યકાર

૨૭૫ હાયવોય (સ્ત્રી.) (અ.) હાયહોય

૨૭૬ હાયહોય (સ્ત્રી.) (૧) શોક, અફસોસ, ચિંતા (અ.) (૨) શોકનો એવો ઉદ્ગાર

૨૭૭ હાલકહૂલક (ન.) (૧) અવ્યવસ્થા, તોફાન (વિ.) (૨) તોફાની

## (ખ)(૧) (આ)(૨)

## આદ્યાક્ષરના સ્વરના પરિવર્તનથી સધાયેલા સંયોજકવાળા દ્વિરુક્ત પ્રયોગો

૨૭૮ (૧) કાપાકૂપ (સ્ત્રી.) જુઓ કાપકૂપ

(૨) કાપાકૂપી (સ્ત્રી.) જુઓ કાપકૂપ

૨૭૯ કાપલાકૂપલી (સ્ત્રી.) કાપલા અને કાપલી ("કાપવું" ઉપરથી)

૨૮૦ ચાપાચીપ (સ્ત્રી.) (૧) ટાપટીપ (૨) ચીકણાઈ, દોઢડહાપણ

૨૮૧ ડાઘાડૂઘી (સ્ત્રી.) ડાઘાડાઘા, ડાઘા પડીને થતી અસ્વચ્છતા (ડાઘ–ફા. "દાગ")

૨૮૨ દાણાદૂણી (પું.) અનાજ વગેરે ખોરાકનો સામાન (દાણો–ફા. "દાનહ")

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

## (ખ)(૧) (ઇ)
## સંપૂર્ણ આદ્યાક્ષરના પરિવર્તનવાળા દ્વિરુક્ત પ્રયોગો

| | | |
|---|---|---|
| ૨૮૩ | અડધુંપડધું | (વિ.) લગભગ અડધું, થોડુંઘણું |
| ૨૮૪ | અદ્ધરપદ્ધર | (અ.) તદ્દન અદ્ધર |
| ૨૮૫ | અમુકતમુક | (વિ.) ફલાણું – ઢીંકણું |
| ૨૮૬ | અરધુંપરધું | (વિ.) અડધુંપડધું |
| ૨૮૭ | (૧) અંધાધંધ | (સ્ત્રી.) જુઓ અંધાધૂંધી |
| | (૨) અંધાધૂંધ | (સ્ત્રી.) જુઓ અંધાધૂંધી |
| | (૩) અંધાધૂંધી | (સ્ત્રી.) અરાજકતા, અતિશય અવ્યવસ્થા |
| ૨૮૮ | આખુંપાખું | (વિ.) અરધુંપરધું, અધકચરું |
| ૨૮૯ | આરેતારે | (અ.) લગભગ કિનારે પહોંચતાં, લગભગ પૂરું થવા વખતે, આખર વખતે |
| ૨૯૦ | આવળગોવળ | (સ્ત્રી.) (૧) એક વનસ્પતિ (૨) બાળબચ્ચાં અને સમૃદ્ધિ (કા.) (બીજો અર્થ કોશમાં નથી) |
| ૨૯૧ | (૧) ઉઘાડુંપુગાડું | (વિ.) સાવ ઉઘાડું – નાગું, નાગુંપૂગું |
| | (૨) ઉઘાડુંપુઘાડું | (વિ.) જુઓ ઉઘાડુંપુગાડું |
| ૨૯૨ | ઉપરાછાપરી | (અ.) એક પછી એક, લાગલાગટ |
| ૨૯૩ | (૧) ઊછર્યુંપાછર્યું | (વિ.) જુઓ ઊછરેલપાછરેલ |
| | (૨) ઊછરેલપાછરેલ | (વિ.) ઊછરીને મોટું થયેલું (બાળમરણમાંથી બચીને) |
| ૨૯૪ | ઊજરેલપાજરેલ | (વિ.) જુઓ ઊછરેલપાછરેલ (કોશમાં નથી) |
| ૨૯૫ | ઊઠવેઠ | (સ્ત્રી.) સેવાચાકરીમાં આલપાલનો હાજર ને હાજર રહેવામાં પડતો શ્રમ (૨) વેઠ રૂપ શ્રમ |
| ૨૯૬ | ઊતર્યુંપાતર્યું | (વિ.) ઊતરેલું, વપરાઈ રહેલું |
| ૨૯૭ | ઊથલપાથલ | (વિ.) જુઓ ઊલટપૂલટ |
| ૨૯૮ | ઊલટપાલટ | (વિ.) જુઓ ઊલટપૂલટ |
| ૨૯૯ | ઊલટપૂલટ | (વિ.) (૧) અવળાસવળી, ઊલટસૂલટ (૨) અવ્યવસ્થિત (સ્ત્રી.) (૩) ઉલટપાલટ (તપાસ) (૪) અવ્યવસ્થા, ગોટાળો |
| ૩૦૦ | (૧) ઊલટસૂલટ | (વિ.) જુઓ ઊલટાસૂલટી |
| | (૨) ઊલટાસૂલટી | (વિ.) (૧) અવળાસવળી (૨) ઊંધુંચત્તું, આડુંઅવળું, તળે ઉપર એવું |
| ૩૦૧ | એકમેક | (અ.) (૧) પરસ્પર, માંહોમાંહે |
| ૩૦૨ | એળેવેળે | (અ.) (૧) ફોકટ, વૃથા (૨) વગર મહેનતે, સહેજમાં |
| ૩૦૩ | ઓસડવેસડ | (ન.) દવાદારૂ (ઓસડ – સં. "–ઔષધ", પ્રા. "ઓસઢ") |
| ૩૦૪ | કચરપચર | (વિ.) (૧) કાચુંકોરું (૨) અપરિપકવ (મળ) |
| ૩૦૫ | કદીમદી | (અ.) કદી નહિ ને કોઈવાર |

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

| | | |
|---|---|---|
| ૩૦૬ | (૧) કામણટૂમણ | (ન.) કામણ અને બીજા ટુચકા, ધંતરમંતર |
| | (૨) કામણટૂમણિયું | (વિ.) કામણટૂમણ કરનારું |
| ૩૦૭ | કાયમદાયમ | (વિ.) હંમેશ માટેનું, સ્થાયી, નિત્ય (અરબી "કાયમ") |
| ૩૦૮ | કોરુંમોરું | (વિ.) (૧) તદ્દન કોરું – લૂખું (૨) તદ્દન નવું, વાપર્યા કે ઉકેલ્યા વિનાનું |
| ૩૦૯ | ગપસપ | (સ્ત્રી.) ગપ્પાં, આડીઅવળી નવરાશની વાત ("ગપ" ઉપરથી) |
| ૩૧૦ | ઘસરપસર | (અ.) (૧) ઘસડાતું પછડાતું, જેમ તેમ (૨) પરાણે, વેઠ લેખે (સર. હિં. "ઘિસરપિસર") |
| ૩૧૧ | ચકરમકર | (ન.) કાવતરું, તરકટ |
| ૩૧૨ | ચકરવકર | (અ.) ચકરી આવવાથી બેભાન |
| ૩૧૩ | છાનુંમાનું | (વિ.) છાનુંછપનું (૨) ગુપચુપ |
| ૩૧૪ | છેલવેલ્લું | (વિ.) સૌથી છેલ્લું, છેલ્લછેલ્લું |
| ૩૧૫ | જરાતરા | (અ.) થોડું, નહીં જેવું ("જરા" – અરબી) |
| ૩૧૬ | (૧) ઝાકડસીકડ | (વિ.) નબળા બાંધાનું, વારંવાર માંદું પડ્યા કરતું |
| | (૨) ઝાકડસીકડલું | (વિ.) જુઓ ઝાકડસીકડ |
| ૩૧૭ | ઝાળાવાળા | (વિ.) (૧) અંગ દેખાય તેવા આછા વણાટવાળું (૨) જરી ગયેલું |
| ૩૧૮ | જૂનુંપાનું | (વિ.) ઘણું જૂનું (જૂનું – સં. "–જીર્ણ,–જૂર્ણ", પ્રા. "જુણ્ણ") |
| ૩૧૯ | જૂનુંપૂનું | (વિ.) ગમે તેવું જૂનું, ફાટ્યુંતૂટ્યું, જીર્ણ |
| ૩૨૦ | જોરેતોરે | (પું.) દાબ, દબાણ, સખત ("જોર" ઉપરથી) |
| ૩૨૧ | ટૂંટમૂંટ | (વિ.) ભાંગેલું, તૂટેલું |
| ૩૨૨ | ઠઠમઠ | (સ્ત્રી.) ચાકરી, બરદાસ, મહેમાનગીરી, ઠાઠો |
| ૩૨૩ | ઠાઠમાઠ | (પું.) ભપકો, શોભા (દે. "થટ્ટ" – ઠઠ) |
| ૩૨૪ | તાજુંમાજું | (વિ.) એકદમ તાજું (કોશમાં નથી) |
| ૩૨૫ | તૂટમૂટ | (વિ.) ભાંગ્યુંતૂટ્યું |
| ૩૨૬ | દેખરેખ | (સ્ત્રી.) સંભાળ, તપાસ ("દેખવું" ઉપરથી) |
| ૩૨૭ | દોલસોલ | (સ્ત્રી.) ગરીબાઈ, નિર્ધનતા |
| ૩૨૮ | ધણીરણી | (પું.) કુલ માલિક |
| ૩૨૯ | (૧) ધસમસ | (સ્ત્રી.) દોડધામ, ઉતાવળ ("ધસવું" ઉપરથી) |
| | (૨) ધસમસવું | (અ.ક્રિ.) ધસમસ કરવી |
| ૩૩૦ | ધુમમુસ | (અ.) દોડાદોડ કરતાં |
| ૩૩૧ | નવુંસવું | (વિ.) (૧) તરતનું (૨) અપરિચિત |
| ૩૩૨ | નાગુંપૂગું | (વિ.) તદ્દન નાગું – ઉઘાડું |
| ૩૩૩ | નાનુંસનું | (વિ.) નજીવું, સાધારણ (સર. પ્રા. "લણ્હ – સણ્હ", મ. "લહાનસહાન") |
| ૩૩૪ | પહેલવહેલું | (વિ.) (૧) પહેલી જ વારનું, સૌથી પ્રથમ (અ.) (૨) શરૂઆતમાં જ, સૌથી અગાઉ (પહેલ – દે. "પહિલ્લ") |
| ૩૩૫ | (૧) પૂછગાછ | (સ્ત્રી.) જુઓ પૂછપાછ |

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

| | | |
|---|---|---|
| | (૨) પૂછવુંગાછવું | (સ.ક્રિ.) પૂછવું કરવું, પૂછીને બરોબર તપાસ કરવી (પૂછવું –સં." –પૃચ્છ્", પ્રા. "પુચ્છ") |
| ૩૩૬ | બચ્ચાંકચ્ચાં | (ન.બ.વ.) નાનાં છોકરાં, છૈયાંછોકરાં |
| ૩૩૭ | બાકીતાકી | (વિ.) (૧) બાકી રહેલું (૨) માગતું, લહેણું |
| ૩૩૮ | બાલાગોલું | (વિ.) રાંક, દયામણું (મોં) |
| ૩૩૯ | બોડિયુંતકોડિયું | (વિ.) સાવ બોડું (બોડું – દે. "બોડ્ડ") |
| ૩૪૦ | બોડુંરોડું | (વિ.) તદ્દન બોડું |
| ૩૪૧ | (૧) ભેળસેળ | (વિ.) (૧) એકઠું, મિશ્રિત (સ્ત્રી.) (૨) મિશ્રણ (ભેળ – સં. "–ભેલય્", પ્રા. "ભેલ") |
| | (૨) ભેળસેળિયું | (વિ.) ભેળસેળવાળું |
| ૩૪૨ | માંકડીકૂકડી | (સ્ત્રી.) એક જીવડું, જેનું મૂતર અડવાથી ફોલ્લા થાય છે. |
| ૩૪૩ | રેડએડ | (અ.) (કા.) રગડાની જેમ |
| ૩૪૪ | રેલમછેલ | (સ્ત્રી.) (૧) રેલીને છલકાઈ જવું તે (૨) (લા.) પુષ્કળતા |
| ૩૪૫ | લગભગ | (અ.) (૧) પાસે, અડોઅડ (૨) આશરે |
| ૩૪૬ | લઘરવઘર | (વિ.) (કા.) ચીંથરેહાલ |
| ૩૪૭ | (૧) લૂખુંપાખું | (વિ.) લૂખું (લૂખું – સં. "–રુક્ષ", પ્રા. "લુક્ખ") |
| | (૨) લૂખુંપૂખું | (વિ.) જુઓ લૂખુંપાખું |
| ૩૪૮ | વગસગ | (સ્ત્રી.) (૧) વગવસીલો (૨) સમાવેશ થાય તેવી જગ્યા, સગવડ |
| ૩૪૯ | વાસણકૂસણ | (ન.) રાંધવા માટેનાં વાસણ ("વાસણ"– દે.) |
| ૩૫૦ | શિથિલવિથિલ | (વિ.) સાવ નરમ, નરમ ઘેંસ |
| ૩૫૧ | શૂઢમૂઢ | (વિ.) સાવ મૂઢ જેવું, ગભરાટથી શૂનમૂન જેવું |
| ૩૫૨ | શૂનમૂન | (વિ.) સાવ મૂક જેવું, સૂનમૂન |
| ૩૫૩ | સમુંનમું | (વિ.) સમું, સરખું (સમું – સં. "–સમ") |
| ૩૫૪ | સાચમાચ | (વિ.) (૧) ખરેખરું, જેવું છે તેવું (અ.) (૨) ખરેખર |
| ૩૫૫ | સાજુંમાજું | (વિ.) તાજું અને નીરોગી |
| ૩૫૬ | (૧) સાંકડમોંકડ | (અ.) ગમે તેમ સંકડાઈને (કોશમાં નથી) |
| | (૨) સાંકડેમોંકડે | (અ.) ગમે તેમ સંકડાઈને (સાંકડું – સં."–સંકુટ", પ્રા. "સંકુડ", સર. મ. "સાંકડા") |
| ૩૫૭ | (૧) સૂનમૂન | (વિ.) જુઓ શૂનમૂન |
| | (૨) સૂનમૂનું | (વિ.) જુઓ શૂનમૂન |
| ૩૫૮ | હોશકોશ | (પું.બ.વ.) ભાન, હિંમત, ચેતના |

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

## (ખ)(૨)
## જેમાં આગલો ઘટક પ્રતિધ્વન્યાત્મક છે તેવા દ્વિરુક્ત પ્રયોગો

### (ખ)(૨) (અ)
### સંયોજક વિનાના દ્વિરુક્ત પ્રયોગો

| | | |
|---|---|---|
| ૩૫૯ | અકરાળવિકરાળ | (વિ.) અતિ ભયંકર (સં. "–કરાલ") |
| ૩૬૦ | અકળવિકળ | (વિ.) આકળવિકળ, બાવરું |
| ૩૬૧ | અક્કરચક્કર | (અ.) (૧) અણધારી રીતે, આમ તેમ થઈને (૨) ગમે તેમ કરીને, આડુંઅવળું સમજાવીને ("ચક્કર"નું દ્વિત્વ) |
| ૩૬૨ | અખડબખડ | (વિ.) ખાડાખૈયાવાળું, અસમાન, ઊંચુંનીચું |
| ૩૬૩ | અગડંબગડં | (વિ.) (૧) ખરુંખોટું (૨) ન ગમે તેવી ખરી ખોટી અસ્પષ્ટ બોલી |
| ૩૬૪ | અગડોબગડો | (પું.) અમુક ફલાણો ઉદા. "અગડે બગડો માર્યો અને બગડે કાગડો માર્યો." |
| ૩૬૫ | અગમનિગમ | (ન.) (૧) ભૂત અને ભવિષ્ય (૨) આગમનિગમ, વેદ અને શાસ્ત્ર |
| ૩૬૬ | અગલબગલ | (અ.) આસપાસ (ફા.) |
| ૩૬૭ | અગલાંપગલાં | (ન.બ.વ.) (કા.) અઘરણી વખતે સીમંતિનીને ભરાવવામાં આવતાં પગલાં ("પગલાં") |
| ૩૬૮ | અચકમચક | (અ.) અચાનક, એકદમ, ઓચિંતું |
| ૩૬૯ | અચકોમચકો | (પું.) લહેકો, લટકો (સ્ત્રીઓનો) |
| ૩૭૦ | અચપચું | (વિ.) (૧) કાચુંપોચું, અધકચરું (૨) પ્રવાહી નહીં અને નહીં ઘટ્ટ |
| ૩૭૧ | અચરપચર | (વિ.) (અ.) (૧) કાચુંકોરું (અ.) (૨) રહીરહીને, વારેવારે, જેમ આવ્યું તેમ |
| ૩૭૨ | અછાડપછાડ | (સ્ત્રી.) ધમાધમ |
| ૩૭૩ | અજારીબજારી | (સ્ત્રી.) (સુ.) એક રમત, ખારોપાટ |
| ૩૭૪ | અટકીમટકી | (સ્ત્રી.) છોકરીઓની એક રમત |
| ૩૭૫ | અટકોમટકો | (પું.) જુઓ અચકોમચકો |
| ૩૭૬ | અટકુંલટકું | (ન.) સહેજ આંટો, (જતે આવતે, ભેગાભેગી) ફેરો, ડોકિયું |
| ૩૭૭ | અટાપટા | (પું.બ.વ.) (૧) રંગબેરંગી લાંબા પહોળા લીટા, ચટાપટા (૨) આડા-અવળા પટા (લાકડી કે હથિયાર વીંઝતા થાય તે) |
| ૩૭૮ | અટીપટી | (સ્ત્રી.) એક બાળરમત |
| ૩૭૯ | અટીમટી | (સ્ત્રી.) એક વનસ્પતિ |
| ૩૮૦ | અટીસોમટીસો | (પું.) એક રમત, સંતાકૂકડી |
| ૩૮૧ | અડંકોદડંકો | (પું.) નાનાં છોકરાંની એક રમત |
| ૩૮૨ | અડખેપડખે | (અ.) આજુબાજુ |
| ૩૮૩ | અડઘોદડઘો | (પું.) (૧) બેસતે વર્ષે મળસકામાં કચરાથી ભરેલું હાલ્લું ચકલે જઈ ફોડવાની વહેમી રૂઢિ (૨) દોષની જવાબદારી |

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

| | | |
|---|---|---|
| ૩૮૪ | અડધોપડધો | (પું.) જુઓ અડધોદડધો |
| ૩૮૫ | અડધોમડધો | (પું.) જુઓ અડધોદડધો |
| ૩૮૬ | અડપઝડપ | (સ્ત્રી.) (૧) આફતનો સપાટો (૨) ત્વરા |
| ૩૮૭ | અડંગજડંગ | (સ્ત્રી.) એક રમત |
| ૩૮૮ | અડાળપડાળ | (ન.) મોભની બંને બાજુનો ઢાળ |
| ૩૮૯ | અડાળીપડાળી | (સ્ત્રી.) આગળપાછળની અડાળી |
| ૩૯૦ | અડિયોદડિયો | (પું.) એક રમત |
| ૩૯૧ | અડીજડી | (અ.) ખંતથી |
| ૩૯૨ | અડીદડી | (સ્ત્રી.) એક રમત, દમગોટીલો |
| ૩૯૩ | (૧) અડૂકદડૂક | (અ.) ઘડીમાં અહીં ને ઘડીમાં તહીં |
| | (૨) અડૂકદડૂકિયો | (વિ.) (૧) બંને પક્ષમાં હોય તેવું (૨) અસ્થિર |
| ૩૯૪ | અડેકડે | (અ.) સરભર |
| ૩૯૫ | (૧) અડોશપડોશ | (પું.) જુઓ આડોશપાડોશ |
| | (૨) અડોશીપડોશી | (ન.) જુઓ આડોશીપાડોશી |
| ૩૯૬ | અડ્યુંખડ્યું | (વિ.) અડી કે ખડી ગયેલુ, (કશાથી) રોકાયેલું કે અટકેલું, વચ્ચે રહી ગયેલું |
| ૩૯૭ | અણીદરોકણીદરો | (પું.) છોકરાંની એક રમત |
| ૩૯૮ | અદલફદલ | (વિ.) શરીરે જાડું – ગોળમટોળ |
| ૩૯૯ | (૧) અદલબદલ | (અ.) ફેરબદલ, હેરફેર |
| | (૨) અદલોબદલો | (પું.) જુઓ અદલબદલ |
| ૪૦૦ | અદૂડોમદૂડો | (પું.) છોકરાની એક રમત |
| ૪૦૧ | અદ્ધરપદ્ધર | (અ.) તદ્દન અદ્ધર |
| ૪૦૨ | અફરતફર | (સ્ત્રી.) તફડંચી, ગોટાળો, આઘુંપાછું કે અહીંનું તહીં થઈ જવું તે |
| ૪૦૩ | અબૂલોઢબૂલો | (પું.) એક રમત |
| ૪૦૪ | અમનચમન | (ન.) મોજમજા |
| ૪૦૫ | અમરીચમરી | (સ્ત્રી.) માથે ઘાલવાનું સ્ત્રીઓનું એક ઘરેણું |
| ૪૦૬ | અરશદરશ | (વિ.) પરસ્પર (કા.) |
| ૪૦૭ | અરસપરસ | (અ.) પરસ્પર |
| ૪૦૮ | (૧) અરુપરુ | (અ.) અરુંપરું, આમતેમ, આગળપાછળ |
| | (૨) અરુંપરું | (અ.) જુઓ અરુપરુ |
| ૪૦૯ | અલકમલક | (પું.) દેશવિદેશ, ગમે તેવો દૂરનો કે વિકટ દેશપ્રદેશ (અરબી – "મુલ્ક") |
| ૪૧૦ | અલપઝલપ | (વિ.) અળપઝળપ, અસ્પષ્ટ, ઝાંખું (સુ.) |
| ૪૧૧ | અલંગછલંગ | (અ.) અદ્ધર, વગર ટેકે કે આધારે (સુ.) |
| ૪૧૨ | અલાણુંફલાણું | (વિ.) આ અને તે |
| ૪૧૩ | અલ્લાબલા | (સ્ત્રી.) (૧) ઝોડઝપટ, નડતર (૨) પીડા, ઉપાધિ (અરબી–"બલા"નું દ્વિત્વ) |
| ૪૧૪ | અલ્લકદલ્લક | (અ.) (૧) અદ્ધરપદ્ધર (સ્ત્રી.) (૨) છોકરાંની એક રમત |

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

| | | |
|---|---|---|
| ૪૧૫ | અલ્લેયાંબલ્લેયાં | (ન.બ.વ.) જુઓ અલૈયાંબલૈયાં |
| ૪૧૬ | અલૈયાંબલૈયાં | (ન.બ.વ.) ઓવારણાં |
| ૪૧૭ | અવડચવડ | (વિ.) કાચરકૂચર |
| ૪૧૮ | અવઢવ | (ન.) (૧) ઢચુપચુપણું (સ્ત્રી.) (૨) ઓરતો |
| ૪૧૯ | અષ્ટંપષ્ટં | (અ.) આડુંઅવળું, અગડંબગડં, ખરુંખોટું |
| ૪૨૦ | અળગળ | (વિ.) (૧) રુકાવટ – અંકુશ વિનાનું (૨) અપાર, પુષ્કળ |
| ૪૨૧ | અળપઝળપ | (સ્ત્રી.) (૧) હાવભાવ (વિ.) (૨) ઝાંખું ઝાંખું, અલપઝલપ (સુ.) |
| ૪૨૨ | અળફસળફ | (વિ.) (કા.) દીઠું ન દીઠું – હતું ન હતું એવું |
| ૪૨૩ | અંડળગંડળ | (વિ.) ખરુંખોટું, એલફેલ |
| ૪૨૪ | અંતીપંતી | (સ્ત્રી.) એક રમત |
| ૪૨૫ | આકસબાકસ | (ન.) (૧) આ તે, ગમે તે, પરચૂરણ (૨) કાચુંકોરું |
| ૪૨૬ | આકળવિકળ | (વિ.) ગભરાયેલું |
| ૪૨૭ | આગતાસ્વાગતા | (સ્ત્રી.) આવેલાનો આદરસત્કાર, પરોણાની ચાકરી |
| ૪૨૮ | આચરકૂચર | (વિ.) (૧) પરચૂરણ (ન.) (૨) પરચૂરણ ખાવાનું, કાચુંકોરું (૩) પરચૂરણ સરસામાન |
| ૪૨૯ | આછણલૂછણ | (ન.) ટાપટીપ, વરણાગિયાપણું |
| ૪૩૦ | (૧) આજુબાજુ | (અ.) આસપાસ, ચારે બાજુ ("બાજુ"નું દ્વિત્વ) |
| | (૨) આજૂબાજૂ | (અ.) જુઓ આજુબાજુ |
| ૪૩૧ | આજોકાજો | (પું.) એક જાતની ઔષધિ |
| ૪૩૨ | આટકાટ | (પું.) સાગ વિનાનું બીજું લાકડું |
| ૪૩૩ | આટાપાટા | (પું.બ.વ.) ખારોપાટ, એક રમત |
| ૪૩૪ | આટિયાંપાટિયાં | (ન.બ.વ.) એક બાળરમત (ગણગણમોચલો – વડોદરા પ્રાંતમાં) |
| ૪૩૫ | આટીફીટી | (સ્ત્રી.) (કા.) ઘરમાંથી ઝીણામાં ઝીણી વસ્તુનો જેમાં સમાવેશ થાય તે |
| ૪૩૬ | આડીવાડી | (સ્ત્રી.) કુટુંબકબીલો |
| ૪૩૭ | આડુંગાડું | (વિ.) (૧) ગાડું ચાલ્યું જાય તેટલા અંતરવાળું (૨) (લા.) ઘણું જ (ઉદા. બે વચ્ચે આડાગાડાનો ફેર છે.) (કોશમાં નથી) |
| ૪૩૮ | આડેધડે | (અ.) ધડો રાખ્યા વિના, જેમ આવે તેમ |
| ૪૩૯ | (૧) આડોશપાડોશ | (પું.) (૧) આસપાસનો રહેઠાણનો ભાગ, લત્તો (૨) આસપાસ રહેનારાંઓનો સમૂહ, આસપાસનો વસવાટ |
| | (૨) આડોશીપાડોશી | (પું.) (ન.) આડોશપાડોશમાં રહેનારું તે |
| ૪૪૦ | આણપાણ | (સ્ત્રી.) આના, પા આનો ઇત્યાદિ દર્શાવનારી આડીઊભી લીટીઓ ઉદા. ०।≡।।। ("પાણ"નું દ્વિત્વ) |
| ૪૪૧ | આતીપોતી | (સ્ત્રી.) આથી, પૂંજી |
| ૪૪૨ | આથીપોથી | (સ્ત્રી.) જુઓ આતીપોતી |
| ૪૪૩ | આનમાન | (વિ.) ન માની શકાય તેવું, ખોટું |

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

| | | |
|---|---|---|
| ૪૪૪ | આનાકાની | (સ્ત્રી.) હાના કરવી તે, ઢચુપચુ હોવાની દશા |
| ૪૪૫ | આબકદૂબક | (પું.) ગિલ્લીદંડાની રમતનો એક દાવ |
| ૪૪૬ | આમણદૂમણું | (વિ.) (૧) આભારથી દબાયેલું (૨) હતાશ |
| ૪૪૭ | આમનસામન | (અ.) સામસામે, માંહોમાંહે, પરસ્પર |
| ૪૪૮ | આરણકારણ | (ન.) (૧) બહાનું (વિ.) (૨) અનિશ્ચિત ("કારણ"નું દ્વિત્વ) |
| ૪૪૯ | આરપાર | (અ.) આ બાજુથી પેલી બાજુ, સોંસરું |
| ૪૫૦ | આરાવારા | (પું.બ.વ.) શ્રાદ્ધના દિવસો |
| ૪૫૧ | આરિયાંતૂરિયાં | (વિ.) (ન.) ભાજીમૂળા જેવું, તુચ્છ, ગણના વિનાનું |
| ૪૫૨ | આરીકારી | (સ્ત્રી.) (૧) ચતુરાઈ (૨) દાવપેચ |
| ૪૫૩ | આરેતારે | (અ.) લગભગ કિનારે પહોંચતાં, લગભગ પૂરું થવા વખતે, આખર વખતે. |
| ૪૫૪ | આરોતારો | (પું.) એક ઘાસ |
| ૪૫૫ | આરોવારો | (પું.) (કા.) (૧) છૂટકો (૨) છેવટ |
| ૪૫૬ | આલખીપાલખી | (સ્ત્રી.) એક બાળરમત ("પાલખી"નું દ્વિત્વ) |
| ૪૫૭ | આલપાલ | (સ્ત્રી.) (૧) સેવાચાકરી (૨) માવજત, સંભાળ (બાળકોની) (૩) સરભર |
| ૪૫૮ | આલસવિલસ | (અ.) તરસથી પીડાતું |
| ૪૫૯ | આલસાલ | (વિ.) (કા.) સાલપોલિયું, ઢીલા – બરાબર નહિ બેઠેલાં સાલવાળું ("સાલ"નું દ્વિત્વ) |
| ૪૬૦ | આલાંબાલાં | (ન.બ.વ.) બહાનાં ("બાલા"નું દ્વિત્વ) |
| ૪૬૧ | આલીલીલી | (વિ.) (સ્ત્રી.) તાજી, લીલી, ફળદ્રુપ, સમૃદ્ધ |
| ૪૬૨ | આલુંલીલું | (વિ.) લીલુંસૂકું |
| ૪૬૩ | આલોપાલો | (પું.) (૧) ઝાડનાં પાંદડાં, મૂળિયાં વગેરે વનસ્પતિ (૨) શાકભાજીનો સાદો ખોરાક ("પાલો"નું દ્વિત્વ) |
| ૪૬૪ | આવચીબાવચી | (સ્ત્રી.) એક વનસ્પતિ કે એનાં બીજ, તુકમરિયાં |
| ૪૬૫ | આવડત્રેવડ | (સ્ત્રી.) ઘરકામની વેતરણ, કરકસર |
| ૪૬૬ | આસનાવાસના | (સ્ત્રી.) આશ્વાસન, દિલાસો |
| ૪૬૭ | આસપાસ | (અ.) (૧) આજુબાજુ (૨) નજીકમાં (સ્ત્રી.) સાથે યોગમાં (ઉદા. મંદિરની આસપાસ) |
| ૪૬૮ | આસમાસ | (અ.) (૧) પાસે (૨) જાણીજોઈને, ખામુખા |
| ૪૬૯ | આળુંભોળું | (વિ.) (૧) ભોળું, નિષ્પાપ, બાલિશ (ન.) (૨) બાલક |
| ૪૭૦ | ઇંગલીઢિંગલી | (સ્ત્રી.) એક રમત |
| ૪૭૧ | ઇંડિયાંપિંડિયાં | (ન.બ.વ.) પિંડ અને તેવી શ્રાદ્ધવિધિ (કોશમાં નથી) |
| ૪૭૨ | ઈંડલીપીંડલી | (સ્ત્રી.) વરકન્યાને નજર ન લાગે તે માટે તેમની પર ઉતારીને ફેંકી દેવાની ભીની રાખોડીની ગોળીઓ, પોંખવામાં વપરાતી એક વસ્તુ |
| ૪૭૩ | ઈંડીપીંડી | (સ્ત્રી.) જુઓ ઈંડલીપીંડલી |
| ૪૭૪ | ઈંગલીઢીંગલી | (સ્ત્રી.) છોકરાંની એક રમત |

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

૪૭૫ ઉફરાટસુફરાટ (અ.) આગળ અને પાછળ

૪૭૬ ઊટોફૂટો (પું.) અનાજને ખાંડ્યા ઝાટક્યા પછી રહેલાં ફોતરાં ("ફૂટો"નું દ્વિત્વ)

૪૭૭ ઊડઝૂડ (અ.) ઊંધું ઘાલીને, આડુંઅવળું, વિવેકવિચાર વિના

૪૭૮ ઊડમૂડ (અ.) એકાએક, છાનુંમાનું

૪૭૯ ઊડસૂડ (અ.) (કા.) ભાન રાખ્યા વિના, ખબર આપ્યા વિના

૪૮૦ ઊથોફૂથો (પું.) (૧) નાનીમોટી કચુંબર (૨) નકામી મહેનતનું પરચૂરણ કામ

૪૮૧ ઊંડળગૂંડળ (ન.) (૧) ગોળો, પિંડાળો (૨) પેટમાં ગોળો ચડવો કે ચૂંક આવવી તે (૩) ઢંગધડા વગર બોલવું તે (૪) અવળસવળ, ઢંગધડા વગર, ગોટાળો થાય તેમ

૪૮૨ એનઘેન (સ્ત્રી.) છોકરાંની એક રમત

૪૮૩ એરોખેરો (પું.) સોનારૂપાનો ભંગાર

૪૮૪ એલફેલ (વિ.) (૧) આડુંઅવળું, ગમે તેવું (૨) અવિચારી, ગાંડુંઘેલું (૩) અસત્ય (ન.) (૪) નખરું, તોફાન (૫) અસંબંદ્ધ–મિથ્યા પ્રલાપ

૪૮૫ એલોખેલો (પું.) (કા.) છોકરાંની એક રમત

૪૮૬ એળેસેળે (અ.) (કા.) જુક્તિથી, બારીકીથી

૪૮૭ ઓઘોડોઘો (પું.) છોકરાંની એક રમત

૪૮૮ ઓડોઘોડો (પું.) નવકુંકરી રમતનો એક દાવ (કોશમાં નથી)

૪૮૯ ઓરદોર (પું.) મગરૂરી, અભિમાન

૪૯૦ (૧) ઓલિયુંદોલિયું (વિ.) ભોળું અને દોલું – ઉદાર
(૨) ઓલુંદોલું (વિ.) જુઓ ઓલિયુંદોલિયું

૪૯૧ ઓળઘોળ (અ.) (કા.) માથે ફેરવીને, ઉતારીને

૪૯૨ (૧) ઓળછોળ (અ.) ઓળેછોળે
(૨) ઓળેછોળે (અ.) સૂપડે ને ટોપલે, છૂટે હાથે

૪૯૩ કાવરુંબાવરું (વિ.) બાવરું, બેબાકળું

૪૯૪ કાવાદાવા (પું.બ.વ.) છળપ્રપંચ, કપટબાજી

૪૯૫ ખૂંચખાંચ (સ્ત્રી.) (૧) નાનીમોટી ખોડખાંપણ (૨) ઝીણવટ

૪૯૬ ખેદાનમેદાન (વિ.) તારાજ, પાયમાલ

૪૯૭ ચટાપટા (પું.બ.વ.) રંગબેરંગી આડાઅવળા પટા ("પટા" ઉપરથી)

૪૯૮ ટાચકાટુચકી (સ્ત્રી.) મંતરજંતરના ટુચકા કરવા તે

૪૯૯ ઠાકઠીક (અ.) બરોબર, વ્યવસ્થિત ગોઠવેલું હોય એમ ("ઠીક"નો દ્વિર્ભાવ, સર. મ. "ઠિકઠાક", "ઠાકઠિક")

૫૦૦ થાગડથીંગડ (ન.) (૧) ઊખડેલા કે ફાટેલાની દુરસ્તી (૨) (લા.) જેવોતેવો કામચલાઉ ઉપાય

૫૦૧ ધંતરમંતર (ન.) ધંતર અને મંતર (સં. "–તંત્રમંત્ર", સર. મ. "ધંતરમંતર")

૫૦૨ (૧) ભેળભેળ (વિ.) (૧) એકઠું, મિશ્રિત (સ્ત્રી.) (૨) મિશ્રણ ("ભેળસેળ"નો વ્યત્યય)
(૨) સેળભેળિયું (વિ.) ભેળસેળવાળું

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

| | | |
|---|---|---|
| ૫૦૩ | હાવસોઈઝાવસોઈ | (સ્ત્રી.) (૧) "યા હુસેન" એવો મહોરમમાં હુસેનના મૃત્યુના શોકમાં કરવામાં આવતો પોકાર (૨) (લા.) તેવી રીતે ઝનૂનમાં કૂદવું અને બૂમો પાડવી તે, હોહા, તોફાન, દંગો (ઝાવસોઈ–અરબી "યા હુસેન") |
| ૫૦૪ | (૧) હેમખેમ | (વિ.) જુઓ હેમક્ષેમ |
| | (૨) હેમક્ષેમ | (વિ.) કુશળ, સહીસલામત ("ક્ષેમ"નો દ્વિર્ભાવ) |

## (ખ) (૨)(આ)
## જેમાં આગલો ઘટક પ્રતિધ્વન્યાત્મક છે તેવા સંયોજકવાળા દ્વિરુક્ત પ્રયોગો

| | | |
|---|---|---|
| ૫૦૫ | અકટોવિકટ | (વિ.) (૧) અતિ મુશ્કેલ (૨) અતિ ભયંકર |
| ૫૦૬ | અખડાબખડી | (સ્ત્રી.) જુઓ અખડબખડ |
| ૫૦૭ | અડાકડી | (સ્ત્રી.) (૧) અકડાઅકડી (૨) સખત મુકાબલો |
| ૫૦૮ | અડાબીડ | (વિ.) (૧) ભય ઉપજાવે તેવું મોટું (૨) ખોડખાંપણ વગરનું |
| ૫૦૯ | અદલાબદલી | (સ્ત્રી.) જુઓ અદલબદલ |
| ૫૧૦ | અફરાતફરી | (સ્ત્રી.) (૧) ઊથલપાથલ, ફેરબદલી (૨) ગોટાળો, ઘાલમેલ (જુઓ અફરતફર) |
| ૫૧૧ | (૧) ટાભાટેભા | (પું.બ.વ.) (૧) થાગડથીગડ (૨) જખમના ટાંકા |
| | (૨) ટાભાટેભી | (સ્ત્રી.) ટાભાટેભા કરવા તે |

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

# પ્રકરણ ૧૨

## ઉપસંહાર

આપણે આ સમગ્ર અધ્યયનમાં દ્વિરુક્ત પ્રયોગોનાં ભિન્ન ભિન્ન પાસાંઓની ચર્ચા કરી. પ્રથમ તો દ્વિરુક્ત પ્રયોગોનું સ્વરૂપ નિશ્ચિત કરી તેની વ્યાખ્યા બાંધી અને આ વિષયમાં જુદાં જુદાં વિદ્વાનોએ કરેલા કાર્યની નોંધ, અને સમીક્ષા કરી. પ્રસ્તુત અધ્યયનની સામગ્રીની સંકલનપદ્ધતિ સમજાવીને, જેમાંથી આ પ્રયોગો એકત્રિત કરવામાં આવ્યા છે તે કોશની મર્યાદાઓની પણ વિગતે છણાવટ કરી તે મર્યાદાઓની અસર આપણા આ અધ્યયન ઉપર કેટલે અંશે પડી તે પણ જોયું.

દ્વિરુક્ત પ્રયોગોના ઘડતરમાં આવર્તનનું તત્ત્વ અગત્યનો ભાગ ભજવે છે. આપણે તે તત્ત્વ નિસર્ગમાં, ભાષામાં અને સાહિત્યમાં કેવી રીતે પ્રવેશી પ્રયુક્ત થાય છે તે પણ જોયું. દ્વિરુક્તિની પ્રક્રિયા અર્વાચીન ભાષાઓ પૂરતી જ મર્યાદિત નથી પરંતુ વૈદિક ભાષાથી માંડીને ઠેઠ અર્વાચીન–ભાષા સુધી આપણને જોવા મળે છે. તેની ઐતિહાસિક રૂપરેખા પણ તપાસી અને અંતે ગુજરાતી ભાષાના બધા કોશસ્થ દ્વિરુક્ત પ્રયોગો એકત્રિત કરી વર્ગીકરણની યોજના પ્રમાણે તેમનું વર્ગીકરણ તૈયાર કર્યું અને એક એક વર્ગની પ્રયોગ, અર્થ, ઘડતર, ઉદ્ભવ આદિ દૃષ્ટિએ વિવેચન કર્યું. દ્વિરુક્તિનું તત્ત્વ ભારતની બધી જ આર્ય–ભાષાઓમાં મળે છે અને એક નમૂના દાખલ નેપાળી ભાષાના દ્વિરુક્ત પ્રયોગો પરિશિષ્ટ ૨ માં નોંધવામાં આવ્યા છે.

અહીં સંકલિત કરેલા પ્રયોગો અને તેમના વર્ગોને અનુલક્ષીને ગુજરાતી દ્વિરુક્ત પ્રયોગો વિશે કેટલાંક સામાન્ય કે વ્યાપક તથ્યો તારવી શકાય તેમ છે.

(૧) લક્ષમાં લેવાની પ્રથમ હકીકત તો એ છે કે ગુજરાતી ભાષાના દ્વિરુક્ત પ્રયોગોનું સંખ્યા-બળ ૧૩૦૦ જેટલું છે.

અત્યાર સુધીમાં ગુજરાતીના દ્વિરુક્ત પ્રયોગો વિશે જે કંઈ ચર્ચાવિચારણા આ પહેલાં થયેલ છે તે ઉપરથી જોઈ શકાશે કે આવા પ્રયોગો આટલી મોટી સંખ્યામાં હશે એવો ખ્યાલ અત્યાર સુધી કોઈને આવ્યો નથી. માત્ર એસ. એમ. કત્રેએ, સમગ્ર ભારતીય–આર્યમાં દ્વિરુક્તિઓ જે ભાગ ભજવે છે તેનું અધ્યયન કર્યું છે. તેથી તેમણે ગુજરાતીના દ્વિરુક્ત પ્રયોગોની જે સંખ્યાની સંગીન અટકળ કરી છે તેને આપણું અધ્યયન વિગતવાર પુરાવાથી સમર્થિત કરી આપે છે.

(૨) ગુજરાતીમાં આટલી મોટી સંખ્યામાં દ્વિરુક્ત પ્રયોગો મળી આવે છે એટલું જ નહીં પરંતુ દ્વિરુક્તિની પ્રક્રિયા પોતે જ વ્યવસ્થિત છતાં સારી પેઠે સંકુલ છે તેનો ખ્યાલ આપણને દ્વિરુક્ત પ્રયોગોનાં સ્વરૂપ અને પ્રકારો ઉપરથી મળી રહે છે. આપણે જોયું તેમ ગુજરાતીમાં જુદી જુદી રીતે સધાયેલા ૧૭ પ્રકારના દ્વિરુક્ત પ્રયોગો મળે છે જે મુખ્ય ત્રણ વર્ગો, ૭ ઉપવર્ગોમાં વહેંચાયેલા મળે છે. કોઈ

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

પ્રક્રિયા આટલી વ્યાપક અને સંકુલ ત્યારે જ હોઈ શકે જ્યારે તે લાંબી પરંપરાથી ભાષામાં પ્રચલિત હોય અને ભાષાના એક મહત્ત્વના અંગરૂપ હોય. ટૂંકમાં સંખ્યાની અને ઘડતરના પ્રકારની એમ બંનેય દૃષ્ટિએ દ્વિરુક્ત પ્રયોગોનું ભારતીય આર્ય–ભાષાઓના ઇતિહાસ અને સ્વરૂપરચનામાં જે મહત્ત્વ હોવાનું એસ. એમ. કત્રેએ દર્શાવ્યું છે તેનું ગુજરાતી દ્વિરુક્તિઓના પ્રસ્તુત અધ્યયનથી પૂરેપૂરું સમર્થન થઈ રહે છે.

(૩) ગુજરાતીના વિવિધ દ્વિરુક્ત પ્રકારો વિશે વાત કરીએ તો એટલું તો તરત જ જોઈ શકાશે કે બધા પ્રકારો એક સરખા વિસ્તાર કે મહત્ત્વના નથી. તેમાંથી કેટલાક પ્રકારો ફળદ્રુપ (Productive) છે. એટલે કે એક વ્યાપક પ્રક્રિયા તરીકે પ્રચલિત છે અથવા બીજા શબ્દોમાં કહીએ તો નવનિર્માણની શક્તિ ધરાવે છે જ્યારે બીજા પ્રકારો અમુક જ શબ્દ પૂરતા મર્યાદિત છે. તેમના જેવાં નવાં ઘડતર રચવાની શક્તિ ધરાવતા નથી અને માત્ર રૂઢ રૂપે જ મળે છે.

ઘરઘર, માણસમાણસ, લખલખ, બોલબોલ જેવા વીપ્સાવાચક કે આવર્તનવાચક દ્વિરુક્ત પ્રયોગો અત્યારે પણ એટલા જ વ્યાપક છે અને વ્યાકરણના સર્વમાન્ય નિયમની જેમ તેમનો ઉપયોગ થાય છે. પણ આટઆટલું, તેવતેવડું, બોલાબોલી, ઘરેઘર, કાનોકાન, દોડંદોડા જેવા વીપ્સાવાચક કે આવર્તન-વાચક પ્રયોગો અમુક જ સંખ્યામાં પ્રચલિત છે. રવાનુકારી પ્રયોગોની સંખ્યા વિપુલ છે પણ તેમાં ફળદ્રુપ વલણ જોવા મળતું નથી. પ્રાસસાધક દ્વિરુક્ત પ્રયોગોમાં આદ્ય વ્યંજનને સ્થાને બકારવાળા પ્રયોગો ફળદ્રુપ છે જેમકે માણસબાણસ, ઘરબર વગેરે અને આડોશીપાડોશી જેવા પ્રયોગો, જેમાં આગલો ઘટક પ્રતિધ્વન્યાત્મક છે તેવા પ્રયોગોનું સંખ્યાબળ પ્રમાણમાં ઠીક ઠીક છે પણ એક વ્યાપક પ્રક્રિયા તરીકે પ્રચલિત નથી.

(૪) દ્વિરુક્ત પ્રયોગો ભાષામાં પ્રવર્તતા પ્રાસના તત્ત્વની પ્રબળતાને પણ પ્રત્યક્ષ કરે છે. રવાનુકારી દ્વિરુક્ત પ્રયોગો તેમ જ પ્રાસસાધક દ્વિરુક્ત પ્રયોગોમાં પ્રાસનું તત્ત્વ વધુ ઉત્કટ રૂપે દેખાય છે. અને આવર્તનને લગતા પ્રકરણ ૬માં આપણે જોયું તેમ ભાષામાં વર્ણનું માત્ર વર્ણ લેખે પણ અમુક સ્થાન અને મહત્ત્વ છે તેનું આથી સમર્થન થાય છે.

(૫) જેમ ગુજરાતી શબ્દભંડોળની, તેના ઉદ્‌ભવસ્થાન કે મૂળ સ્રોતની દૃષ્ટિએ વિચારણા કરી શકાય છે, શબ્દઘડતરની દૃષ્ટિએ વિચારણા કરી શકાય છે, અર્થપરિવર્તનની દૃષ્ટિએ વિચારણા કરી શકાય છે, તેમ દ્વિરુક્ત પ્રયોગોની દૃષ્ટિએ પણ વિચારણા કરી શકાય છે. અમુક શબ્દ સંસ્કૃતમૂળનો છે, પરપ્રદેશનો છે, વિદેશી છે કે અજ્ઞાત મૂલનો છે એની આપણે તપાસ કરીએ છીએ, તેમાં મૂળ ધાતુ કયો, કયા કયા ઘટકોનો તે બનેલો છે એની તપાસ આપણે કરીએ છીએ. પહેલાં એનો કયો અર્થ હતો અને હાલ કયો અર્થ છે તે વિચારીએ છીએ તેમ તે કયા વિભાવનું આવર્તન વગેરે કઈ રીતે અભિવ્યક્ત કરે છે તેની તપાસ પણ થઈ શકે છે. અને આ વિચારણા પણ ગુજરાતીનું સ્વરૂપ સમગ્ર રીતે સમજવા માટે બીજી વિચારણાઓની અપેક્ષાએ જરા પણ ઓછા મહત્ત્વની નથી.

(૬) વ્યાપક રીતે જોતાં દ્વિરુક્ત પ્રયોગોનું ભાષાના ભાવમૂલક પક્ષને અભિવ્યક્ત કરનાર તત્ત્વ તરીકે પણ મહત્ત્વ છે. બાળકોની ભાષામાં દ્વિરુક્તિ માત્ર બોલવાની પ્રબળ ઇચ્છા અને લીલા માટે જ આવતી હોય છે.[૧]

---

૧. Language: Its Nature, Development And Origin: Otto Jespersen; London, 1934. p. 119.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

જે. વેન્ડ્રિ ભાષાના બે વિભાગ પાડે છે. એક બુદ્ધિનિષ્ઠ (Intellectual) ભાષા અને બીજી ભાવમૂલક (Affective) ભાષા. બોલનાર ભાષામાં જેમ પરને વ્યક્ત કરે છે તેમ સ્વને પણ વ્યક્ત કરે છે. એટલે કે વિચાર સાથે લાગણી કે ભાવો પણ વ્યક્ત થતાં હોય જ છે. બુદ્ધિના ક્ષેત્ર માટે વપરાતી બુદ્ધિનિષ્ઠ ભાષા તેમજ સંવેદન, ભાવ કે હૃદયની લાગણી આદિને વ્યક્ત કરવા માટે વપરાતી ભાવમૂલક ભાષાની વચ્ચે સ્પષ્ટ અંતર છે.

જે. વેન્ડ્રિના મત મુજબ દ્વિરુક્તિનું મૂળ તો ભાવમૂલક ભાષામાં છે અને જ્યારે તેને વ્યાકરણગત પ્રયુક્તિ તરીકે પ્રયુક્ત કરવામાં આવે છે ત્યારે તે તર્કનિષ્ઠ કે બુદ્ધિનિષ્ઠ ભાષાના ક્ષેત્રમાં પ્રવેશ કરે છે.[૨] પ્રારંભમાં વીપ્સા, આવર્તન, અતિશયતા, ઉત્કટતા, અવધારણ (ભાર) આદિ વ્યક્ત કરવા માટે આ પ્રક્રિયાથી શબ્દનું ઘડતર થાય છે અને પછી ચાલુ વપરાશથી તે પ્રયોગો રૂઢ બની જાય છે.

ભૂમિકામાં જેમ સ્પષ્ટ કર્યું છે તેમ ગુજરાતી દ્વિરુક્ત પ્રયોગોનું પ્રસ્તુત અધ્યયન મુખ્યત્વે કોશસ્થ સામગ્રી પૂરતું મર્યાદિત છે. કોશમાં સંગૃહીત ન થયા હોય તેવા અને ગુજરાતી બોલીઓમાં પ્રચલિત હોય તેવા દ્વિરુક્ત પ્રયોગો નોંધવા તથા ગુજરાતીના દ્વિરુક્ત પ્રયોગો અને પ્રકારોની રાજસ્થાની, હિંદી જેવી સંલગ્ન ભાષાઓ સાથે તેમજ ઇતર અર્વાચીન ભારતીય આર્ય-ભાષાઓ સાથે તુલના કરવી તેનો આ વિષયની ભવિષ્યની કાર્યદિશા લેખે નિર્દેશ કરી શકાય. ઉપરાંત પ્રાચીન અને મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાંથી તારવેલા દ્વિરુક્ત પ્રયોગોનો કોશ પણ તૈયાર કરવાનો રહે છે. ઐતિહાસિક દૃષ્ટિએ આ પ્રયોગોને પ્રાકૃત અને અપભ્રંશ સાથે સાંકળવાના રહે અને ઉત્તરોત્તર તેમના પ્રમાણ અને પ્રકારમાં કેવી વૃદ્ધિ થતી રહી છે તે પણ તપાસવાનું રહે છે. આ રીતે ગુજરાતી દ્વિરુક્ત પ્રયોગોના અધ્યયનને સમગ્ર ભારતીય-આર્ય દ્વિરુક્તિના બૃહત્તર અધ્યયન સાથે સાંકળી શકાય.

---

૨. "Duplication is another of those processes which have their origin in affective language and which become simply grammatical devices when applied to logical language." p. 152.
The Language: A Linguistic Introduction to History: J. Vendryes: London, 1931.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

# પરિશિષ્ટ–૧

## આદ્યાક્ષરની દ્વિરુક્તિવાળા રવાનુકારી શબ્દો [1]

| | | | |
|---|---|---|---|
| ૧ | | કકડધજ | (વિ.) (૧) મજબૂત (૨) અક્કડ, ટટાર (૩) મહાન, ભવ્ય |
| ૨ | | કકડભૂસ | (અ.) કડકડ એવા અવાજ સાથે (તૂટવું, પડવું વગેરે) |
| ૩ | (૧) | કકડતું | (વિ.) (૧) ઘણું જ તપી ગયેલું, ઊકળતું (૨) ચોખ્ખું અને ઇસ્ત્રીવાળું (કપડું) (૩) આકરી–ધ્રુજાવે એવી (ટાઢ) : (કડકડતું) |
| | (૨) | કકડવું | (અ.ક્રિ.) (૧) કડકડ એવો અવાજ કરવો (૨) દાંત કકડે એવું ધ્રૂજવું (૩) કડકડ થાય એટલું ઊકળવું (કડકડવું) |
| | (૩) | કકડાટ | (પું.) (૧) કડકડવું તે, કડકડ એવો અવાજ (અ.) (૨) ઝપાટાબંધ, વેગભેર (૩) એકસરખી રીતે, અટક્યા વગર (કડકડાટ) |
| ૪ | (૧) | કકણવું | (અ.ક્રિ.) દુઃખ અથવા અસંતોષને લીધે ગળામાંથી અસ્પષ્ટ અવાજ કાઢવો, ઝીણું રોવું (કણકણવું) |
| | (૨) | કકણાટ | (પું.) કણકણવું તે |
| | (૩) | કકણાટો | (પું.) કણકણવું તે |
| ૫ | (૧) | કકરાવવું | (સ.ક્રિ.) કાકર કાઢવા (કરકરાવવું) |
| | (૨) | કકરું | (વિ.) (૧) લીસું નહિ–કરકર લાગે તેવું (૨) (લા.) આકરા સ્વભાવનું (કરકરું) |
| ૬ | | કકલાણ | (ન.) (૧) કળકળવું તે, કલ્પાંત (૨) ખુમરાણ (કલકલાણ) |
| ૭ | (૧) | કકળવું | (અ.ક્રિ.) (૧) કલ્પાંત કરવું, જીવ બાળવો (૨) બબડવું, ગણગણવું (૩) ઊકળવું (કળકળવું) |
| | (૨) | કકળાટ | (ન.) (૧) કજિયો, કલેશ, રડારોળ (૨) ખુમરાણ (કળકળાટ) |
| | (૩) | કકળાણ | (સ્ત્રી.) જુઓ કકળાટ |
| | (૪) | કકળાટિયું | (વિ.) કકળાટ કરે–કરાવે તેવું, કજિયાખોર |
| | (૫) | કકળામણ | (સ્ત્રી.) જુઓ કકળાટ |
| ૮ | (૧) | ખખડવું | (અ.ક્રિ.) ખડખડ એવો અવાજ થવો (ખડખડવું) |
| | (૨) | ખખડાટ | (પું.) ખડખડવાથી થતો અવાજ (ખડખડાટ) |
| | (૩) | ખખડાવવું | (સ.ક્રિ.) (૧) ખડખડ અવાજ કરવો (૨) (લા.) ધમકાવવું (૩) મારવું (જેમકે ધોલ) |

૧. વિગત માટે જુઓ પ્રકરણ ૩, પૃ. ૩૦–૩૧ અને પ્રકરણ ૧૦, પૃ. ૯૦.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

૯ (૧) ખખરવું (અ.ક્રિ.) (૧) લાગવું, બળાપો–શોક થવો, સાલવું (૨) ખૂંચવું (આંખમાં) (૩) ખખળવું (૪) ખરખર એવો અવાજ થવો (૫) (સ.ક્રિ.) દુઃખ દેવું (ખરખરવું)

(૨) ખખરી (સ્ત્રી.) (૧) ગળામાં બાઝેલો કફ કે ખાધેલી વસ્તુનો ભાગ (જેનાથી અવાજ ખોખરો થાય છે.) (૨) ગાતી વખતે સૂર કંપાવવો તે (૩) સૂર, અવાજ (૪) ચિંતા, ચટપટી (ખરખરી)

(૩) ખખરો (પું.) (૧) શોક, સંતાપ (૨) પસ્તાવો (ખરખરો)

૧૦ (૧) ખખળવું (વિ.) (૧) ખૂબ ઊનું, ઊકળતું (૨) ખળખળ કરતું વહેતું (ખળખળતું)

(૨) ખખળવું (અ.ક્રિ.) (૧) ખૂબ ઊનું થવું, ઊકળવું (૨) વહેતાં ખળખળ અવાજ થવો (૩) (સં. "–સ્ખલ્") બાંધાનું હાલી ઊઠવું. ખખ–જીર્ણ–અશક્ત થવું (ખળખળવું)

(૩) ખખળાવવું (સ.ક્રિ.) (૧) "ખખળવું"નું પ્રેરક (૨) ઘણા પાણીથી ધોવું (૩) (નાણું) કઢાવવું, પટાવી લેવું

૧૧ (૧) ગગડવું (અ.ક્રિ.) ગડગડ અવાજ કરવો, ગાજવું (ગડગડવું)

(૨) ગગડાટ (પું.) (૧) ગડગડ એવો અવાજ (અ.) (૨) સપાટાબંધ, વગર હરકતે (ગડગડાટ)

(૩) ગગડાવવું (સ. ક્રિ.) (૧) ગડગડે એમ કરવું (૨) ઝપાટાબંધ – અટક્યા વગર કામ ચલાવવું (જેમ કે વાચનનું)

૧૨ (૧) ગગણવું (અ.ક્રિ.) (૧) ગણગણ એવો અવાજ કરવો (૨) નાકમાં બોલવું (૩) (લા.) પોતાની નામરજી અસ્પષ્ટ રીતે બતાવવી (સ.ક્રિ.) (૪) મનમાં બબડવું, ગણગણતાં કહેવું (ગણગણવું)

(૨) ગગણાટ (પું.) ગણગણવું તે (ગણગણાટ)

૧૩ (૧) ગગળવું (અ.ક્રિ.) (૧) ઢીલા થઈ જવું (પ્યારથી, ધમકીથી કે એવી કોઈ લાગણીથી) (૨) ફિક્કા પડી જવું (સં. "–ગદ્ગદ્", પ્રા. "ગગ્ગર")

(૨) ગગળું (વિ.) (૧) ઢીલું, દીન (૨) પાકવા ઉપર આવેલું (ગળગળું)

૧૪ (૧) ચચણવું (અ.ક્રિ.) (૧) બળતરા થવી, લાય લાગવી (૨) ચણચણ થઈને બળવું (૩) (લા.) મનમાં દુઃખી થવું, બળવું (ચણચણવું)

(૨) ચચણાટ (પું.) ચચણવું તે, લાય (ચણચણાટ)

૧૫ (૧) ચચરવું (અ.ક્રિ.) બળતરા થવી, બળતરા (ચરચરાટ)

(૨) ચચરાટ (પું.) ચચરવું તે, બળતરા (ચરચરાટ)

૧૬ (૧) છછણવું (અ.ક્રિ.) (૧) છણછણ અવાજ કરવો (૨) ગણગણવું (૩) ઊકળવું (પાણી) (૪) (લા.) ગુસ્સે થવું (છણછણવું)

(૨) છછણાટ (પું.) (૧) ખણખણાટ, મિજાજ (છણછણાટ)

૧૭ (૧) ઝઝણાટ (પું.) (સ્ત્રી.) (૧) મોટો ઝણકારો (૨) ઝમઝમાટ, બળતરા (૩) ધમધમાટ (ઝણઝણાટ)

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

| | | |
|---|---|---|
| | (૨) ઝઝણી | (સ્ત્રી.) (૧) ખાલી (૨) ક્રોધ કે રીસની લાગણી, ઝાંઝ ( ઝણઝણી ) |
| ૧૮ | (૧) ટટળવું | (અ.ક્રિ.) (૧) પીડાવું, ઝૂરવું (૨) લટકી રહેવું ( ટળટળવું ) |
| | (૨) ટટળાટ | (પું.) ટટળવાનું દુઃખ |
| ૧૯ | ઠઠણવું | (અ.ક્રિ.) ઠણઠણ એવો અવાજ થવો |
| ૨૦ | ઠઠરવું | (અ.ક્રિ.) (૧) ઠાઠવાળું–દેખાવડું બનવું (૨) ( ટાઢે ) થરથરવું, ધ્રૂજવું ( સર. હિં. " ઠિઠરના " ) |
| ૨૧ | ઠઠળવું | (અ.ક્રિ.) (૧) ન બફાતા અફળાયા કરવું ( દાણા માટે ) (૨) ખખળી જવું |
| ૨૨ | ડડળવું | (અ.ક્રિ.) દોદળું, અશક્ત થવું ( સર. મ. " ડંડળણેં " ) |
| ૨૩ | (૧) ઢઢણવું | (અ.ક્રિ.) (૧) ઢણઢણ એમ વાગવું (૨) જોરથી બધું એક સાથે હાલી ઊઠવું, ધણધણવું ( ઢણઢણવું : સર. મ. " ઢણઢણણેં " ) |
| | (૨) ઢઢણાટ | (પું.) ઢણઢણવું તે ( ઢણઢણાટ ) |
| | (૩) ઢઢણાવવું | (સ.ક્રિ.) " ઢઢણવું "નું પ્રેરક ( ઢણઢણાવવું ) |
| ૨૪ | (૧) તતડવું | (અ.ક્રિ.) (૧) તડતડ અવાજ થવો (૨) ફાટું ફાટું થવું, તસતસવું (૩) (લા.) ગુસ્સાથી બોલવું ( તડતડવું ) |
| | (૨) તતડાટ | (પું.) તડતડવું તે ( તડતડાટ ) |
| | (૩) તતડાવવું | (સ.ક્રિ.) (૧) " તતડવું "નું પ્રેરક (૨) (લા.) ધમકાવવું ( તડતડાવવું ) |
| | (૪) તતડિયું | (વિ.) બળતાં તડતડિયા ઊડે એવું ( લાકડું, કોલસો વગેરે ) |
| | (૫) તતડિયો | (પું.) તણખો, તડતડિયો |
| ૨૫ | થથડાવવું | (સ.ક્રિ.) ધમકાવવું, ધધડાવવું |
| ૨૬ | થથરડો | (પું.) જાડો લેપ–થર, થથેડો |
| ૨૭ | (૧) થથરવું | (અ.ક્રિ.) (૧) કંપવું, ધ્રૂજવું (૨) (લા.) બીવું, ત્રાસવું ( દે. " થરથર ", થરથરવું ) |
| | (૨) થથરાટ | (પું.) થથરવું તે |
| | (૩) થથરાટી | (સ્ત્રી.) થથરાટ, કંપ ( કોશમાં નથી ) |
| | (૪) થથરાવવું | (સ.ક્રિ.) " થથરવું "નું પ્રેરક |
| ૨૮ | દદડવું | (અ.ક્રિ.) દદૂડી પડવી ( દડદડવું ) |
| ૨૯ | ધધડાવવું | (સ.ક્રિ.) ધડધડ–ખૂબ ઠપકો આપવો |
| ૩૦ | ધધણાવવું | (સ.ક્રિ.) ધણધણે એમ કરવું ( ધણધણાવવું ) |
| ૩૧ | નનડવું | (સ.ક્રિ.) કનડવું, પજવવું |
| ૩૨ | પપડાટ | (પું.) પડપડાટ, ( તુમાખીભેર ) પડપડ બોલવું તે |
| ૩૩ | (૧) ફફડવું | (અ.ક્રિ.) (૧) ફડફડ અવાજ થવો ( હવાથી ઊડવાથી ) (૨) (બીકથી) ધ્રૂજવું, કંપવું (૩) ગુસ્સામાં બોલવું (૪) પૂંઠે ગુસ્સામાં બબડવું ( ફડફડવું ) |
| | (૨) ફફડાટ | (પું.) (૧) ફડફડવું તે (૨) પતરાજી, તોર ( ફડફડાટ ) |
| ૩૪ | (૧) ફફળતું | (વિ.) ઊકળતું ( ફળફળતું ) |
| | (૨) ફફળાવવું | (સ.ક્રિ.) રેડવું |

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

૩૫ (૧) બબડ (સ્ત્રી.) બબડવું તે, બડબડાટ ( બડબડ )
(૨) બબડવું (અ.ક્રિ.) (૧) બડબડવું, બડબડ કરવું (૨) અણગમાને કારણે મનમાં ગણગણવું (૩) (સુ.) વઢવું ( બડબડવું )
(૩) બબડાટ (પું.) બડબડવું તે ( બડબડાટ )
(૪) બબડાટિયું (વિ.) બડબડાટ કરનારું ( બડબડાટિયું )

૩૬ (૧) ભભક (સ્ત્રી.) ચળકાટ, ઝબક
(૨) ભભકવું (અ.ક્રિ.) (૧) ભભૂકા મારવા (૨) શોભવું (૩) (લા.) ગુસ્સે થવું ( સર. હિં. "ભભકના", મ. "ભબકણેં" )

૩૭ (૧) ભભડવું (અ.ક્રિ.) (૧) ખાઉં ખાઉં થવું (૨) મોટો સાદ કાઢવો ( ભડભડવું )
(૨) ભભડાટ (પું.) ભભડવું તે ( ભડભડાટ )
(૩) ભભડો (પું.) (૧) જુઓ ભભડાટ (૨) ઉકાળો ( મરી, હિંગ, સંચળ વગેરેનો )

૩૮ (૧) ભભરાવવું (સ.ક્રિ.) ભૂકો છૂટો છૂટો નાખવો ( ભરભરાવવું )
(૨) ભભરું (વિ.) વેરાઈ જાય એવું ( સર. મ. "ભરભરીત" )

૩૯ (૧) વવળવું (અ.ક્રિ.) ખરજ આવવી
(૨) વવળાટ (પું.) (૧) ચળ, ખણુજ (૨) સળવળાટ

૪૦ (૧) સસણવું (અ.ક્રિ.) સણસણ એવો અવાજ થવો ( સણસણવું )
(૨) સસણી (સ્ત્રી.) (૧) સસણવાનો અવાજ (૨) બાળકનો એક રોગ
(૩) સસણાટ (પું.) સસણવું તે ( સણસણાટ )

૪૧ (૧) સસડવું (અ.ક્રિ.) સડસડ અવાજ સાથે ખૂબ ઊકળવું ( સડસડવું )
(૨) સસડાવવું (સ.ક્રિ.) (૧) "સસડવું"નું પ્રેરક, ખૂબ ગરમ કરવું (૨) (સુ.) સડસડ પી જવું ( સડસડાવવું )

---

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

# પરિશિષ્ટ–૨

## નેપાળી ભાષાના દ્વિરુક્ત પ્રયોગો

આ પરિશિષ્ટમાં આર. એલ. ટર્નરના નેપાળી કોશમાંથી[૧] નેપાળી ભાષાના દ્વિરુક્ત પ્રયોગો એકત્રિત કરીને આપવામાં આવ્યા છે. મૂળ તો આ કોશ અંગ્રેજીમાં છે પરંતુ અહીં તે પ્રયોગોની સમજણ અને અર્થ ગુજરાતીમાં આપવામાં આવ્યાં છે. મૂળ શબ્દ, તેની વ્યાકરણસંજ્ઞા અને તેનો અર્થ એ ક્રમ સ્વીકારવામાં આવ્યો છે. **અહીં (સં.)ને "સંજ્ઞા"ના સંક્ષેપ તરીકે સ્વીકારવામાં આવ્યો છે.** બાકીના સંક્ષેપો તેના તેજ રહે છે.

| | | |
|---|---|---|
| ૧ | અકબક્કુ | (વિ.) શિરસ્તા મુજબનું, સાધારણ |
| ૨ | અકમક્કુ | (વિ.) ચકિત થયેલ, મૂંઝાયેલ, મુશ્કેલીમાં મુકાયેલ, ક્ષુબ્ધ |
| ૩ | અકસપકસ | (સં.) જુઓ ઉકુસમુકુસ |
| ૪ | અગલબગલ | (વિ.) બન્ને બાજુએ, ઉભયતઃ, જમણી તેમજ ડાબી બાજુએ, સર્વ બાજુએ |
| ૫ | અજબગજબ | (સં.) આશ્ચર્ય, વિસ્મય, અજાયબી, તાજુબી |
| ૬ | અટમટ્ટ | (વિ.) અક્કડ, કઠણ (ભીંજવ્યા બાદ સુકાયેલ બુટ માટે), અણનમ, મુશ્કેલ |
| ૭ | અઠસમઠસ | (સં.) ઠાંસોઠાંસ ભરેલ, ઠેઠ સુધી ભરેલ |
| ૮ | અડેરમડેર | (સં.) ખૂબ જથ્થામાં, ખૂબ સંખ્યામાં |
| ૯ | અડબડ | (સં.) અડચણ, વિઘ્ન, તકલીફ, મુશ્કેલી (ગુ. "અડબડિયું" – લથડિયું) |
| ૧૦ | અત્તોપત્તો | (સં.) ચિહ્ન, નિશાની, લક્ષણ, પત્તો ("પત્તો"નું દ્વિરુક્ત) |
| ૧૧ | અદલબદલ | (સં.) ફેરફાર, અદલાબદલી |
| ૧૨ | અમૌમૌમૌ | (સં.) આશ્ચર્યનો ઉદ્ગાર |
| ૧૩ | અલમલ્લ | (સં.) ગૂંચવણ, મૂંઝવણ, (વિ.) મૂંઝાયેલ, ગભરાયેલ, રોકેલ, પ્રવૃત્ત |
| ૧૪ | *અલ્યાઙ્ટલ્યાઙ્* | *(સં.) શ્લિષ્ટ શબ્દો દ્વારા પ્રસ્તુત પ્રશ્નને ઉડાવી દેવો તે, ટાળવું તે,* ભટકવું તે, રઝળવું તે |
| ૧૫ | અલ્યાઙ્મલ્યાઙ્ | (સં.) જુઓ અલ્યાઙ્ટલ્યાઙ્ |
| ૧૬ | આઇમાઇ | (સં.) નારી, સ્ત્રી, પત્ની |
| ૧૭ | આઁચોખાઁચો | (સં.) જરૂરિયાતનો સમય ("ખાઁચો"નું દ્વિરુક્ત) |
| ૧૮ | (૧) આઁટકાઁટ | (સં.) બહાદુરી, સાહસ, હિંમત |
| | (૨) આઁટકાઁટ | (સં.) સૂચના, આદેશ, હુકમ, આજ્ઞા |
| ૧૯ | આકલઝુકલ | (સં.) (ક્રિ.વિ.) કૂદકે અને ભૂસકે, એકદમ |

૧. "Comparative and Etymological Dictionary of Nepali Language": R.L. Turner: London, 1931.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

| | | |
|---|---|---|
| ૨૦ | આતેપાતે | (સં.) ગોર (કે ધર્મગુરુ) ધાર્મિક મંત્રનો જપ કરે તે પ્રત્યે વપરાતો ઘૃણાદર્શક શબ્દ |
| ૨૧ | આનાકાનિ | (સં.) આનાકાની, સંકોચ, ક્ષોભ, સંશય |
| ૨૨ | આનામાનિ | (સં.) નમાલું, બિન–ઉપયોગી, ગણના વિનાનું |
| ૨૩ | આનેકાને | (ક્રિ.વિ.) જોયું ન જોયું કરવું, ઉપેક્ષા કરવી, ની પ્રત્યે બેદરકાર રહેવું, ની દરકાર નહિ કરવી |
| ૨૪ | આફાલતાફાલ | (સં.) પુષ્કળ, ખૂબ ("આફાલ"નું દ્વિરુક્ત) |
| ૨૫ | આફાલવાફાલ | (સં.) નાખી દેવામાં આવે તે, કચરો ("આફાલ"નું દ્વિરુક્ત) |
| ૨૬ | આલસતાલસ | (સં.) જિતાયેલ, સંશ્રાન્ત, અત્યંત નશામાં ખૂબ પીધેલ |
| ૨૭ | આલેટાલે | (સં.) વિલંબકારી, વિલંબ કરે એવું, ઉડાઉ |
| ૨૮ | આલોપાલો | (સં.) વારો, (ક્રિ. વિ.) વારાફરતી |
| ૨૯ | આલટાલ | (સં.) વિલંબકારી, ટાળવું તે, બહાનું |
| ૩૦ | આલ્તુફાલ્તુ | (વિ.) અજાણ્યું, બહારથી |
| ૩૧ | આલમાલ | (સં.) ફર્નીચર, રાચરચીલું, સરસામાન, ગાંસડાંપોટલાં, માલ ("માલ"નું દ્વિરુક્ત) |
| ૩૨ | આહારજાહાર | (સં.) સરસામાન, સામાન, માલમિલકત, ઘરનું રાચરચીલું |
| ૩૩ | ઇખાઇખ | (સં.) વિવાદ, ઝઘડો, સ્પર્ધા, હરીફાઈ |
| ૩૪ | ઈર્દગિર્દ | (સં.) સંજોગો, પરિસ્થિતિ, વાતાવરણ |
| ૩૫ | ઉકુસપુકુસ | (સં.) જુઓ ઉકુસમુકુસ |
| ૩૬ | ઉકુસમુકુસ | (સં.) પેટ ફાટું ફાટું |
| ૩૭ | ઉખાલપખાલ | (સં.) વમન, ઊલટી, અતિસાર (રોગ), સંગ્રહણી |
| ૩૮ | ઉછારપછાર | (સં.) ઉછાળવું અને પછાડવું (સંજ્ઞા રૂપે) |
| ૩૯ | ઉછિનાઉછિન | (સં.) એકબીજાને પાછળ રાખી દેવાનો પારસ્પરિક પ્રયાસ |
| ૪૦ | ઉછિનપાછિન | (સં.) જુઓ ઉછિનાઉછિન |
| ૪૧ | ઉથલપુથલ | (વિ.) ઊંધે માથે, ઊંધુંચત્તું, ઊલટુંસૂલટું |
| ૪૨ | ઉધિનપાધિન | (સં.) શોધ, બારીક તપાસ, ચકાસણી |
| ૪૩ | ઉપ્રિથુપ્રિ | (વિ.) વધારો, તદુપરાંત |
| ૪૪ | ઉફ્રિપાફ્રિ | (સં.) કૂદી જવું તે, દોરી વડે કૂદવું તે |
| ૪૫ | ઉબ્રિપાબ્રિ | (સં.) વધારો, જોઇએ તે કરતાં વધારે |
| ૪૬ | ઉબ્રોપાબ્રો | (સં.) વધારો, જોઇએ તે કરતાં વધારે |
| ૪૭ | ઉલટપલટ | (વિ.) ઊંધું, ઊલટું, ઊલટપાલટ (ઊલટપૂલટ) |
| ૪૮ | ઉલ્ટાપુલ્ટા | (વિ.) ઊંધું વાળેલું, ઉલટાવેલું |
| ૪૯ | ઉલ્ટોમુલ્ટો | (સં.) જુઓ ઉલ્ટા–પુલ્ટા (ગુ. "ઊલટસૂલટ", મ. "ઉલ્ટાસુલ્ટા") |
| ૫૦ | ઉલ્લિબિલ્લી | (સં.) નો ઉપહાસ કરવો તે, ની મજા કરવી તે, ની મશ્કરી કરવી તે |
| ૫૧ | ઉસિનપસિન | (સં.) હાંફ, ગૂંગળામણ |

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

૫૨ ઉસિસનિસિસ (સં.) હાંફ, ગૂંગળામણ

૫૩ ઐંચોપૈંચો (સં.) ઊછીનું આપવું તે, ધીરવું તે

૫૪ ઓછ્યાનસોછ્યાન (સં.) તળાઈ, ગોદડું વગેરે, ચાદર, બિછાનું ( " ઓછ્યાન "નું દ્વિરુક્ત )

૫૫ ઓલ્ટાકોલ્ટા (સં.) ટાળવું તે, બહાનું

૫૬ ઓલ્ટ્યાહ્પલ્ટ્યાહ્ (વિ.) અવ્યવસ્થિત, વ્યવસ્થા વિનાનું, અરાજકતાવાળું, અંધાધૂંધીવાળું

૫૭ ઓસારપસાર (સં.) ફેલાવવું તે, વિસ્તારવું તે, બિછાવવું તે, એક પાસેથી બીજાની પાસે લઈ જવું તે, પુષ્કળ પ્રમાણમાં હોવું તે, જોઈએ તે કરતાં વધારે હોવું તે, ગભરાટ, અવ્યવસ્થા

૫૮ ઓહરદોહર (સં.) અવરજવર, આવજા, વાણિજ્ય, વેપાર

૫૯ ઔલાદૌલા (સં.) મહા સમૃદ્ધિ, ખૂબ આબાદી ( " દૌલત "નું દ્વિરુક્ત )

૬૦ કહ્લાહ્કુહ્લુહ્ (વિ.) વાંકુંચૂકું, સર્પાકાર

૬૧ કચરકચર (સં.) કચરો, પૂંજો, નકામી ચીજ, ફોતરાં ( ખાસ કરીને ખોરાક ) ("કચર"નું દ્વિરુક્ત ) ( સર. ગુ. " કાચરકૂચર " ખોરાકના નાના નાના ટૂકડા )

૬૨ કચરપચર (સં.) કચરકચર, ઝણુકાર, એક જાતનો અવાજ, ( " કચર "નું દ્વિરુક્ત ) " કચડકચડ " અવાજ

૬૩ કચપચ (સં.) ટોળે વળેલો સમૂહ, ઘોંઘાટ કરતું બાળકોનું ટોળું, ખીચડો ( મ., ગુ. " કચપચ " )

૬૪ કટકટ (સં.) તીવ્ર પીડા, તકલીફ

૬૫ કડકડિનુ (અ.ક્રિ.) ( તેલ જેવા પ્રવાહીઓ ઊકળે ત્યારે અવાજ કરે છે તેની બાબતમાં ) ઊકળવું, ( ગુ. " કડકડવું " ), તડતડ થવું, તડતડવું

૬૬ કત્રમત્ર (સં.) અવશેષ, પ્રકીર્ણ ( " કત્ર "નું દ્વિરુક્ત )

૬૭ કપાકપ (સં.) ગળતાં થતો અવાજ

૬૮ કલ્યાહ્મલ્યાહ્ (સં.) ગડબડ, ઘોંઘાટ, અવાજ ( ગુ. " કલબલવું " )

૬૯ કસનતસન (સં.) ઠામવાસણ, ઘરનું રાચરચીલું

૭૦ કસાકસ (સં.) મજબૂત પકડ, ભાવમાં રકઝક કરવી તે, ભાવમાં કસવું તે

૭૧ કસોકસો (ક્રિ.વિ.) ગમે તે રીતે, યેનકેન પ્રકારેણ ( " કસો "નું દ્વિરુક્ત )

૭૨ કાઉઁ કાઉઁ (સં.) અવાજ કરવો તે, ઘોંઘાટ કરવો તે

૭૩ કૌંટછૌંટ (સં.) જુઓ છૌંટકૌંટ

૭૪ કાટાકાટ (સં.) હત્યા, વધ, કતલ, ( કાટાકાટી, કાપાકાપી ) ( સર. ગુ. " કાટાકાટ " )

૭૫ કાટિકુટિ (ક્રિ.વિ.) બધી બાબતોમાં, સર્વ રીતે, સર્વથા

૭૬ કાટકુટ (સં.) કાપવું તે, કતલ, કાપી નાખવું તે, ખર્ચમાં કાપકૂપ

૭૭ કિરિકકિરિક (સં.) કર્કશ અવાજ ( દાંતમાં કાંકરી આવે ને થાય તેવો )

૭૮ કિરિખિરિ (સં.) નજીવાં કાર્યો, નાની નાની બાબતો

૭૯ કિરિમિરિ (વિ.) વાંકુંચૂંકું, સર્પાકાર, રંગની પટ્ટીવાળું, લિસોટાવાળું

૮૦ કિલિકકિલિક (અ.ક્રિ.) ગૂંગળામણ અનુભવવી, ગૂંગળાવું

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

| | | |
|---|---|---|
| ૮૧ | કુટાકુટ | (સં.) પ્રહાર, માર, ફટકા |
| ૮૨ | કુટ્ટકુટ્ટ | (સં.) પેટનું શૂળ |
| ૮૩ | કુટપિટ | (સં.) હુલ્લડ |
| ૮૪ | કુપાકુપા | (ક્રિ.વિ.) જુઓ કુપુકુપુ |
| ૮૫ | કુપુકુપુ | (સં.) ગળતાં થતો અવાજ |
| ૮૬ | કુસ્તાકુસ્તિ | (સં.) કુસ્તી, કુસ્તીનો દાવ |
| ૮૭ | કુહુકુહુ | (સં.) કોકિલનું કૂજન, કોયલનો મધુર અવાજ |
| ૮૮ | કેરકાર | (સં.) ઊલટ તપાસ |
| ૮૯ | કેલાઇકુલાઇ | (સં.) ચોખ્ખું કરવું તે, ચાળવું તે |
| ૯૦ | કોચાકોચ | (સં.) ભીડ |
| ૯૧ | કોપ્પાકોપ્પિ | (સં.) પ્રવાહને લીધે ઉત્પન્ન થયેલ ખીણનો વિષમ પ્રદેશ |
| ૯૨ | કોરાકોર | (સં.) ઉઝરડો, ઉઝરડાવું તે ( ક્રિયાપદ " કરણુ " ) |
| ૯૩ | કોરકાર | (સં.) એકદમ લખવું, કાળજી વિના ગમે તેમ લખવું ( " કોર "નું દ્વિરુક્ત ) |
| ૯૪ | કવૈંાકવૈંા | (સં.) કૈંા કૈંા કરવું, કા–કા કરવું તે |
| ૯૫ | ખચ્ચાહૂખચ્ચાહૂ | (વિ.) લંગડાતું, ખોડંગાતું |
| ૯૬ | ખટાખટ | (ક્રિ.વિ.) ભંગાણ વિના, ક્ષોભ વિના, સતત, અવિરત, ઝડપથી ક્રમ પ્રમાણે આવતું |
| ૯૭ | ખટિરાપટિરા | (સં.) ગૂમડાં અને ચામડીના બીજા રોગ |
| ૯૮ | ખટખટ | (સં.) ઊકળતા પાણીનો થતો અવાજ |
| ૯૯ | ખટપટ | (સં.) તકરાર, મતભેદ, ઝઘડો, વિવાદ ( ગુ. " ખટપટ " ) |
| ૧૦૦ | ખડાખડિ | (સં.) " ખોપે "ની રમતમાં સિક્કા નાખવામાં આવે છે તે ચિહ્ન, (ક્રિ.વિ.) એકદમ, ઝડપથી, સત્વર |
| ૧૦૧ | ખડખડાઉનુ | (અ.ક્રિ.) રવ. |
| ૧૦૨ | ખડખડ | (સં.) વિષમ ભૂમિ, ખડબડિયાવાળી જગ્યા, તકરાર, ઝઘડો |
| ૧૦૩ | ખતનાપતના | (સં.) મૂછનો ફૂટતો દોરો |
| ૧૦૪ | ખનાખન | (ક્રિ.વિ.) અવાજ થાય એ રીતે, ઝણુકારપૂર્વક |
| ૧૦૫ | ખપાખપ | (સં.) કોળિયો ગળતાં થતો અવાજ, ઘૂંટડો ગળતાં થતો અવાજ ( ક્રિ.વિ. ) એક કોળિયે, એક ઘૂંટડે |
| ૧૦૬ | ખરાખરિ | (સં.) સતત ચાલુ, અવિરતપણે ચાલુ, વણથંભ્યું |
| ૧૦૭ | ખરખર | (સં.) અટકયા વિના, અવિરત |
| ૧૦૮ | ખર્ચપર્ચ | (સં.) ખર્ચ, ખર્ચ કરવા માટેની રકમ |
| ૧૦૯ | ખલોકુલો | (સં.) યજ્ઞ પછી ગોર ( ધર્મગુરુ કે પુરોહિત )ને મળેલી કુલ દક્ષિણા કે ભેટો |
| ૧૧૦ | ખલ્ખલ | (ક્રિ.વિ.) સંપૂર્ણપણે, સંપૂર્ણતઃ, એકદમ ( સર. ગુ. " ખળખળ " ) |
| ૧૧૧ | ખલ્લમલ્લ | (ક્રિ.વિ.) ધમાલપૂર્વક |
| ૧૧૨ | ખસરમસર | (સં.) અવ્યવસ્થા, ગોટાળો |

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

| | | |
|---|---|---|
| ૧૧૩ | ખસોખાસ | (સં.) તોછડી ભાષા, સ્પષ્ટ વક્તૃત્વ |
| ૧૧૪ | ખસ્ખસ | (સં.) ગલીપચી |
| ૧૧૫ | ખૌંદાખૌંદ | (વિ.) ઠાંસોઠાંસ ભરેલ |
| ૧૧૬ | ખાતાપાતા | (સં.) ગાલ ઉપર ઊગતા વાળ |
| ૧૧૭ | ખાનપિન | (સં.) ખાવું અને પીવું, ખાણીપીણી, ખાનપાન |
| ૧૧૮ | ખાપાખાપ | (વિ.) એકબીજામાં આવી જતું |
| ૧૧૯ | ખાપ્ટાખાપ્ટિ | (વિ.) એકની ઉપર બીજાનો ઢગલો કરેલ |
| ૧૨૦ | ખારખેર | (સં.) તપાસ, પરીક્ષા, પરીક્ષણ, કસોટી |
| ૧૨૧ | ખાસાખાસ | (ક્રિ.વિ.) અચૂક, અવશ્ય, ખચીત |
| ૧૨૨ | ખાસોખાસ | (સં.) જુઓ ખાસાખાસ |
| ૧૨૩ | ખિચડિમિચડિ | (વિ.) ગભરાયેલ, સંભ્રાન્ત, મુંઝાયેલ |
| ૧૨૪ | ખુપુખુપુ | (ક્રિ.વિ.) એકદમ ગળી જવાની રીતે, અકરાંતિયાની જેમ, ખાઉધરાની જેમ |
| ૧૨૫ | ખુરિમુરિ | (સં.) સઘળી મિલકત, સરસામાન, લબાચો, ગાંસડાંપોટલાં (ઘૃણા દર્શાવવાની હોય ત્યારે) |
| ૧૨૬ | ખુરૂખુરૂ | (ક્રિ.વિ.) શાંતિથી, સ્વસ્થતાથી (દા. ત. ઘોડાની ગતિ માટે) |
| ૧૨૭ | ખુસુખુસુ | (ક્રિ. વિ.) અભાનપણે, વિચારણા વિના, મનન વિના, વિચાર્યા વિના |
| ૧૨૮ | ખુસખુસ | (સં.) કાનમાં વાત કહેવી તે, ધીમેથી કહેવું તે |
| ૧૨૯ | ખૈંચાખૈંચિ | (સં.) ખેંચાખેંચી, ગજગ્રાહ, રસ્સીખેંચ |
| ૧૩૦ | ખૈલાબૈલા | (સં.) શોરબકોર, હુલ્લડ, ધાંધાટ, અવાજ |
| ૧૩૧ | ખોજખાજ | (સં.) બધી દિશામાં શોધ, સંપૂર્ણ તપાસ ("ખોજ"નું દ્વિરુક્ત) |
| ૧૩૨ | ખોદલખાદલ | (સં.) ખોદવું તે, ની શોધ કરવી |
| ૧૩૩ | ખોલખાલ | (સં.) ખોલવું તે, અથવા હોક્કાની લાકડાની નળીના માર્ગને સાફ કરવો તે |
| ૧૩૪ | ખોસાખોસ | (સં.) લૂંટ, લૂંટનો માલ, તલ્લીન (ક્રિ. "ખોસ્નુ") |
| ૧૩૫ | ખોસમોસ | (સં.) લઈ લેવું તે, જપ્ત કરવું તે |
| ૧૩૬ | ખ્યાલખ્યાલ | (સં.) પરિહાસ, ઉપહાસ, વિનોદ |
| ૧૩૭ | ખ્યાસખ્યાસ | (સં.) ગરમ મસાલો દળતાં થતો અવાજ |
| ૧૩૮ | ગજક્કગુજુક્ક | (વિ.) જિદ્દી, હઠાગ્રહી, હઠીલું, જક્કી |
| ૧૩૯ | ગડાહૂગુડુહૂ | (સં.) ગડગડાટ, મિયાઉં મિયાઉં કરવું તે |
| ૧૪૦ | ગડબડ | (સં.) ઉશ્કેરાટ, આવેશ, ગભરાટ (હિં., મ., ગુ. "ગડબડ") |
| ૧૪૧ | ગન્ગન | (સં.) બડબડાટ, ખળખળાટ, ઝીણો અવાજ, ગણગણાટ |
| ૧૪૨ | ગરાગર | (સં.) ક્રિયા, કાર્ય, કરવું તે, આચરણ |
| ૧૪૩ | ગર્દાગર્દિ | (સં.) ટંટો, ઝપાઝપી, ભારે ઝઘડો (સર. હિં., ગુ. "ગર્દી") |
| ૧૪૪ | ગૌંમગુમ | (સં.) થીગડાં મારવાં તે, સુધારવું તે |
| ૧૪૫ | ગામગુમ | (વિ.) ચૂપ કરી દીધેલ |
| ૧૪૬ | ગુજુમુજુ | (સં.) જથ્થો, ઢગલો, રાશિ, સંચય |

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

| | | |
|---|---|---|
| ૧૪૭ | ગુટ્ઠુમુટ્ઠુ | (ક્રિ.વિ.) ગરમાવો રહે એવી રીતે લપેટેલ |
| ૧૪૮ | ગુડગુડિ | (સં.) હુક્કો ગગડાવવવો તે |
| ૧૪૯ | ગુદુગુદુ | (ક્રિ.વિ.) એક પ્રકારના અવાજ સહિત |
| ૧૫૦ | ગુનુગુનુ | (સં.) ગણગણાટ, એક પ્રકારનો અવાજ |
| ૧૫૧ | ગુપચુપ | (સં.) આશ્ચર્યકારક ગુપચુપ ( સર. ગુ. " ગુપચુપ " ) |
| ૧૫૨ | ગુરુગુરુ | (સં.) ગડગડાટ |
| ૧૫૩ | ગુર્ગુર | (સં.) મિયાઉં મિયાઉં અવાજ, ઘુરઘુરાટ ( સર. ગુ. " ઘુરઘુરવું " ) |
| ૧૫૪ | ઘચેટાઘચેટ | (સં.) ઝપાઝપી |
| ૧૫૫ | ઘચઘચ | (ક્રિ.વિ.) આંચકા લાગે તેવી અસમાન ગતિથી |
| ૧૫૬ | ઘચ્ચમચ્ચ | (સં.) કામનું દબાણ, ભારે કામગીરી, એક બાબત પછી બીજી બાબત |
| ૧૫૭ | ઘટાઘટ | (વિ.) ઘટઘટાવવાથી થતો અવાજ, ઘડિયો બોલવો તે ( મૃત્યુ પામતા માણસની જેમ ), મૃત્યુની અણી પર હોવું તે. |
| ૧૫૮ | ઘટાઘટિ | (સં.) મૃત્યુ વખતે બોલતો ઘડિયો |
| ૧૫૯ | ઘટાઘટિ | (સં.) ક્રમસર ઘટાડો, ધીમો ધીમો ઘટાડો |
| ૧૬૦ | ઘસરમસર | (વિ.) અસ્તવ્યસ્ત, અવ્યવસ્થિત, અસ્વસ્થ |
| ૧૬૧ | ઘિડઘિડે | (સં.) સ્વચ્છંદી, જક્કી, હઠીલું |
| ૧૬૨ | ઘિડઘિડો | (સં.) ઝંખના, અંતિમ ઇચ્છા ( ખાસ કરીને મૃત્યુ પામનારની ) |
| ૧૬૩ | ઘુર્ઘુર | (સં.) ઘુરકવું તે |
| ૧૬૪ | ઘ્યાચઘ્યાચ | (ક્રિ.વિ.) વિષમ રીતે, અસમાન રીતે |
| ૧૬૫ | ઘ્યારઘ્યાર | (સં.) ખખડવું તે, ખખડાટ |
| ૧૬૬ | ચકતાચકતિ | (સં.) ટુકડા, બિન્દુઓ, કણ |
| ૧૬૭ | ચકાચક | (ક્રિ.વિ.) સંતોષ થાય તે રીતે, સંતુષ્ટપણે |
| ૧૬૮ | ચકચક | (સં.) બેચેન હોવું તે, બેચેની, અસ્વસ્થતા |
| ૧૬૯ | ચક્તાચક્તિ | (સં.) ઘાની નિશાની, ડાઘ, ચાઠું, દાઝયાનું લક્ષણ |
| ૧૭૦ | ચકમક | (સં.) અગ્નિ ઉત્પન્ન કરવા ચકમક ઉપર ઘસાતું ગજવેલ, ચપ્પા ( અને છરીઓને ) ધાર કાઢવા માટે ગજવેલ |
| ૧૭૧ | ચટાચટ | (ક્રિ.વિ.) ઝડપથી, ક્રમસર, વણથંભી રીતે, સતત |
| ૧૭૨ | ચટચટ | (સં.) " ચટચટ " અવાજ ( ચોંટી જાય એવા બે પદાર્થોને છૂટા પાડવાથી થતો અવાજ ) |
| ૧૭૩ | ચટચટ | (ક્રિ.વિ.) ચટચટ અવાજ વડે, ચચરાટપૂર્વક |
| ૧૭૪ | ચટ્ટપટ્ટ | (સં.) ઉતાવળ ( ગુ. " ચટપટ " ) |
| ૧૭૫ | ચટપટ | (સં.) જુઓ ચટ્ટપટ્ટ |
| ૧૭૬ | ચમચમ | (સં.) પ્રકાશ, ચમકાર ( સર. ગુ. " ચમચમ " ) |
| ૧૭૭ | ચલાચલ | (સં.) કજિયો, તકરાર |
| ૧૭૮ | ચલબલ | (સં.) ચળવળ, અજંપો ( સર. ગુ. " ચળવળવું " ) |

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

| | | |
|---|---|---|
| ૧૭૯ | ચહકમહક | (સં.) ઝળહળાટ, તેજ, ભવ્યતા |
| ૧૮૦ | ચહચહ | (સં.) ઝૂલે ઝૂલતી વખતે લોકોથી કરાતો શબ્દ |
| ૧૮૧ | ચહલપહલ | (વિ.) જુઓ ચહલમહલ |
| ૧૮૨ | ચહલમહલ | (વિ.) પ્રવૃત્તિશીલ, ક્રિયાશીલ ( સર. મ. " ચહલપહલ " – પ્રવૃત્તિ તથા ધમાલ માટે ) |
| ૧૮૩ | ચાઇચુઇ | (સં.) એક પ્રકારનો અવાજ |
| ૧૮૪ | ચાકલચુકલ | (સં.) ચિચોંડો, હીંચકા ખાવાનું રમતનું પાટિયું |
| ૧૮૫ | ચાટિચુટિ | (ક્રિ.વિ.) બધું ચાટી જવું ( " ખાનુ " ક્રિયાપદની સાથે બધું ખાઈ જવું ) |
| ૧૮૬ | ચાટચુટ | (સં.) બધું ચાટી જવું તે |
| ૧૮૭ | ચાડબાડ | (સં.) ઉત્સવ, તહેવાર |
| ૧૮૮ | ચાનુમાનુ | (વિ.) છાનુંમાનું (સં.) ચૂપકી, ચૂપકીદી, શાંતિ |
| ૧૮૯ | ચાનચુન | (ક્રિ.વિ.) લગભગ, આશરે, અધૂરું, જરાક વધારે |
| ૧૯૦ | ચાપચુપ | (ક્રિ.વિ.) જુઓ ચુપચાપ |
| ૧૯૧ | ચામચુમ | (વિ.) શાંત, ચૂપ, નિઃશબ્દ |
| ૧૯૨ | ચાલામાલા | (સં.) રિવાજ, ટેવો, શરત ( " ચાલા "નું દ્વિરુક્ત ) |
| ૧૯૩ | ચાલઢાલ | (સં.) રીતભાત, વર્તણૂક, વર્તન, ચાલ |
| ૧૯૪ | ચાસચુસ | (સં.) ભિન્ન ભિન્ન પ્રકારનાં ગરમ અથાણાં ( " ચાસ "નું દ્વિરુક્ત ) ( સર. ગુ. ચાસણી માટેનો " ચાસ " ) |
| ૧૯૫ | ચિચ્-િછબિચિ | (સં.) પક્ષિવિશેષ |
| ૧૯૬ | ચિજબિજ | (સં.) ચીજ |
| ૧૯૭ | ચિરચાર | (સં.) તૂટવું તે, ફાટવું તે, ફાટ, ચીરો, કાપ |
| ૧૯૮ | ચિર્બિર | (સં.) બકવાદ કરવો તે, લવારો કરવો તે |
| ૧૯૯ | ચુઁઇચુઁઇ | (સં.) એક પ્રકારનો અવાજ ( દા. ત. જોડા તથા જીનનો અવાજ ) |
| ૨૦૦ | ચુકલચાકલ | (ક્રિ.) જુઓ ચાકલચુકલ |
| ૨૦૧ | ચુટપિટ | (સં.) હુલ્લડ, ઝઘડો |
| ૨૦૨ | ચુનિચુનાઉ | (સં.) ભવ્ય ભપકો, રૂઆબદાર ભપકો |
| ૨૦૩ | ચુપચાપ | (વિ.) શાંત, ચૂપ, નિઃશબ્દ ( સર. ગુ. " ચૂપચાપ " ) |
| ૨૦૪ | ચુમચામ | (વિ.) શાંત, ચૂપ (સં.) શાંતિ, ચૂપકીદી |
| ૨૦૫ | ચુરચાર | (સં.) રોટલાના ટુકડા, કકડા ( " ચુર "નું દ્વિરુક્ત ) |
| ૨૦૬ | ચુરચુર | (સં.) ટુકડા, નાના કકડા, નાના નાના ભાગ |
| ૨૦૭ | ચેપાચેપ | (સં.) દબાણ, કચડી નાખવું, છૂંદી નાખવું, ચેપો કરવો, પીલવું |
| ૨૦૮ | ચેપચેપ | (ક્રિ.વિ.) જુઓ ચ્યાપચ્યાપ |
| ૨૦૯ | ચ્યાઁઉઁચ્યાઁઉઁ | (સં.) ચીં ચીં કરવું તે, જંતુનો એક પ્રકારનો અવાજ |
| ૨૧૦ | ચ્યાઁહાઁચ્યાઁહાઁ | (સં.) બાળકનો એક પ્રકારનો અવાજ |
| ૨૧૧ | ચ્યાટચ્યાટ | (વિ.) ચોંટી જાય એવું, ચોંટી જાય એવો કોઈ પણ પદાર્થ |

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

| | | |
|---|---|---|
| ૨૧૨ | ચ્યાતાચ્યાત | (સં.) ચીરી નાખવું તે ( ચીરેલ વસ્તુની પ્રાપ્તિ માટે એક સાથે ઘણા પ્રયત્ન કરતા હોય ત્યારે ) |
| ૨૧૩ | ચ્યાપચ્યાપ | (ક્રિ.વિ.) ચાવતી વખતે થતો અવાજ, ચાવતી વખતે થતા અવાજ વડે |
| ૨૧૪ | છટાછટ | (ક્રિ.વિ.) અપવાદ વિના એક પછી એક |
| ૨૧૫ | છટાછટિ | (ક્રિ.વિ.) જુઓ છટાછટ |
| ૨૧૬ | છટપટાઉનુ | (અ.ક્રિ.) ઉછાળવું, ઉથલાવવું, ગબડવું ( ભૂલથી ), હાથપગ પહોળા કરીને ચાલવું, વિચાર અને વાણીમાં ભૂલ થવી |
| ૨૧૭ | છટપટિ | (સં.) અજંપો, ચટપટી |
| ૨૧૮ | છડછડ | (સં.) હજી રંધાતા હોય ત્યારે ચોખાનો થતો અવાજ |
| ૨૧૯ | છતિપતિ | (સં.) માન, આબરૂ, પ્રતિષ્ઠા |
| ૨૨૦ | છનાછન | (સં.) સિક્કાનો ખણખણતો અવાજ, રણકો (ક્રિ.વિ.) નગદ નાણું, રોકડ રકમ |
| ૨૨૧ | છનછન | (સં.) સિક્કાનો અવાજ, રણકો |
| ૨૨૨ | છન્છનાહટ | (સં.) એક જાતનો અવાજ, છણછણાટ |
| ૨૨૩ | છપાછપ | (ક્રિ.વિ.) અપવાદ વિના એક પછી એક |
| ૨૨૪ | છમછમ | (ક્રિ.વિ.) એક પ્રકારનો અવાજ થવો તે ( સર. ગુ. " ચમચમ " ) |
| ૨૨૫ | છલછલિ | (ક્રિ.વિ.) ભયથી થરથરવું તે |
| ૨૨૬ | છલફલ | (સં.) દલીલ |
| ૨૨૭ | છાઁટકાઁટ | (સં.) આકાર અને દેખાવ |
| ૨૨૮ | છાઁટછુટ | (સં.) કાપી નાખવું તે, કાપકૂપ, છટણી |
| ૨૨૯ | છાતછુત | (સં.) જુઓ છુતછાત |
| ૨૩૦ | છાનબિન | (સં.) પસંદગી, ચૂંટણી |
| ૨૩૧ | છાપાછાપ | (સં.) પારસ્પરિક આચ્છાદન, સરખી કિંમતના દાવની તીવ્ર હરીફાઈ |
| ૨૩૨ | છાપોછાપ | (સં.) ઠેઠ સુધી ભરવું તે |
| ૨૩૩ | છામછામ | (સં.) છુમછુમ, ફંફોસવું તે અંધારામાં સ્પર્શ વડે ઓળખવું તે |
| ૨૩૪ | છામછુમ | (સં.) સ્પર્શથી જાણવું તે, સ્પર્શ વડે પારખવું તે |
| ૨૩૫ | છાસછુસ | (સં.) બધે જરી જરી છાંટ, સર્વત્ર જરી જરી છાંટવું તે |
| ૨૩૬ | છાસમિસ | (વિ.) મિશ્રિત (સં.) મિશ્રણ |
| ૨૩૭ | છાસ્સછુસ્સ | (ક્રિ.વિ.) કૂદકે અને ભૂસકે |
| ૨૩૮ | છિડકાછિડકિ | (સં.) રેખાઓ, બધે નાનાં ચાઠાં |
| ૨૩૯ | છિતિરમિતિર | (ક્રિ.વિ.) છૂટુંછવાયું ( સર. હિં. " तितरबितर " ) |
| ૨૪૦ | છિનછિનૈ | (ક્રિ.વિ.) અવારનવાર, થોડી થોડી વારે |
| ૨૪૧ | છિયાછિયા | (વિ.) ટુકડા કરવા કે ચીરિયાં કરવાં તે |
| ૨૪૨ | છુટછાટ | (વિ.) –માંથી મુક્ત, પૂર્ણ, સંપૂર્ણ |
| ૨૪૩ | છુટ્ટપુટ્ટ | (સં.) વિભાગ, વિદાય, છૂટા પડવું તે, ધર્મનો ફાંટો |
| ૨૪૪ | છુટ્ટાછુટ્ટાઇ | (ક્રિ.વિ.) જુદું જુદું, છૂટું છૂટું |

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

| | | |
|---|---|---|
| ૨૪૫ | છુટ્ટોપુટ્ટો | (વિ.) વિભક્ત, ભાગ વહેંચેલ, જુદો કરેલ |
| ૨૪૬ | છુતછાત | (સં.) શારીરિક (દૈહિક) સ્પર્શ, સંપર્ક, અરસપરસ વ્યવહાર, સ્ત્રીસંભોગ |
| ૨૪૭ | છુનુમુનુ | (અ.) બાળકો પ્રત્યે વહાલ દર્શાવવા માટે વપરાતો શબ્દ કે જેથી બાળક પોતાનું માથું હલાવે |
| ૨૪૮ | છેકછાક | (સં.) અડચણ, રુકાવટ, પ્રતિબંધ, ડખલગીરી |
| ૨૪૯ | છેડછાડ | (સં.) વક્રોક્તિ, કટાક્ષ, મર્મવચન ("છેડ"નું દ્વિરુક્ત) |
| ૨૫૦ | છેપાછેપ | (ક્રિ.વિ.) જુઓ ચ્યાપચ્યાપ |
| ૨૫૧ | છેલોખેલો | (સં.) પુષ્કળ, પૂરતું પ્રમાણ |
| ૨૫૨ | છોપાછોપ | (સં.) પરસ્પર છુપાવવું તે, એકબીજાથી છુપાવવું તે |
| ૨૫૩ | છૌંડાછૌંડિ | (સં.) બાળકો માટે વપરાતો અપશબ્દ |
| ૨૫૪ | જગજગિ | (સં.) ભય, જોખમ |
| ૨૫૫ | જગજગ | (સં.) ચળકાટ, પ્રકાશ |
| ૨૫૬ | જરકજરક | (સં.) થાકને લીધે થતી કળતર, દુખાવો |
| ૨૫૭ | જરકમરક | (સં.) થાક, શારીરિક શ્રમ |
| ૨૫૮ | જાનાજાનિ | (ક્રિ.વિ.) જાણીજોઈને, જાણતો હોવા છતાં |
| ૨૫૯ | જાલામાલા | (સં.) "જ્વાલામાલા"નું અપભ્રષ્ટ રૂપ, વિષ્ણુની સંસ્કૃત પ્રાર્થનામાં જ્વાલાની માળા |
| ૨૬૦ | (૧) જાલજુલ | (સં.) દગો, પ્રપંચ ("જાલ"નું દ્વિરુક્ત) |
| | (૨) જાલજુલ | (સં.) વિલંબ, વિલંબ કરવો તે, ઢીલ કરવી તે |
| ૨૬૧ | જિનતિન | (સં.) કોઈક રીતે, મહા પ્રયાસે, મહા મહેનતે, માંડમાંડ, મુશ્કેલીથી |
| ૨૬૨ | જોઈપોઇ | (સં.) દંપતી (સર. "જાયાપતી"), પરિણીત યુગલ |
| ૨૬૩ | જોડતોડ | (વિ.) સરખું જોડું, ઠીક ઠીક હરીફાઈ થયેલ |
| ૨૬૪ | જોરિપારિ | (સં.) હરીફ |
| ૨૬૫ | ઝકમક્ક | (વિ.) ઝગમગતું, ઝળહળતું, ચમકતું (સર. ગુ. "ઝગઝગ", "ઝગમગ") |
| ૨૬૬ | ઝકાઝક | (સં.) શોભા, ભવ્યતા, ઝગમગાટ, વૈભવ |
| ૨૬૭ | ઝકઝક | (સં.) શોભા, ભવ્યતા, ઝગમગાટ, વૈભવ (સર. ગુ. "ઝગઝગ") |
| ૨૬૮ | ઝગડાઝગડા | (સં.) ઝઘડા, કજિયા, ટંટા ("ઝગડા"નું દ્વિરુક્ત) |
| ૨૬૯ | ઝટ્ટપટ્ટ | (ક્રિ.વિ.) ઝટપટ, એકદમ, તરત (સં.) ઝડપ, ઉતાવળ (સર. ગુ. "ઝટપટ") |
| ૨૭૦ | ઝટપટ | (ક્રિ.વિ.) જુઓ ઝટ્ટપટ્ટ |
| ૨૭૧ | ઝટપટિ | (સં.) ઉતાવળ, ઝડપ, ઝટ કરવું તે |
| ૨૭૨ | ઝનઝન | (સં.) કોપ, ક્રોધ, રોષ, ગુસ્સો (સર. ગુ. "ઝણઝણ") |
| ૨૭૩ | ઝપાઝપ | (ક્રિ.વિ.) એકદમ, ઝડપથી (સર. ગુ. "ઝપાઝપ") |
| ૨૭૪ | ઝમઝમ | (ક્રિ.વિ.) ધોધમાર (વરસાદ) (સર. ગુ. "ઝમઝમ") |
| ૨૭૫ | ઝલકઝિલિક | (સં.) ચમકારો, ઝબકારો ("ઝલક"નું દ્વિરુક્ત) |

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

| | | |
|---|---|---|
| ૨૭૬ | ઝલકમલક | (સં.) ચમકારો, ઝબકારો |
| ૨૭૭ | ઝલમલ્લે | (વિ.) સળગતું, ભડકે બળતું, ઝળહળતું |
| ૨૭૮ | ઝલાઝલ | (વિ.) ચકચકિત, પ્રકાશિત, તેજસ્વી, ઝળહળતું |
| ૨૭૯ | ઝલઝલ | (વિ.) પ્રકાશમય, ઝગમગતું ( સર. ગુ. " જલવું " ) |
| ૨૮૦ | ઝલઝલિ | (ક્રિ.વિ.) અનેકવાર, વારંવાર, હરઘડીએ, દરેક ક્ષણે |
| ૨૮૧ | ઝલ્યાકઝુલુક | (સં.) ટમટમતો પ્રકાશ |
| ૨૮૨ | ઝાઈઁઝાઈઁ | (સં.) સંગીતના સૂરોની મિલાવટ |
| ૨૮૩ | ઝાઈઁઝુઈઁ | (સં.) એક પ્રકારનો અવાજ, તડતડ અવાજ થવો તે, ઝઘડો કરવો તે |
| ૨૮૪ | ઝૅાકઝુક | (વિ.) છૂટાછવાયા (ક્રિ.વિ.) ઘડી ઘડી, અવારનવાર, વારંવાર |
| ૨૮૫ | ઝૅાટઝુટ | (સં.) ( અનાજ ) ઝૂડવું તે, ( અનાજ ) ઝપેટવું તે |
| ૨૮૬ | ઝાકલઝુકલ | (સં.) તક, અણધારી ઘટના, દૈવયોગ, અકસ્માત |
| ૨૮૭ | ઝાકઝુક | (સં.) તક, અણધારી ઘટના, દૈવયોગ, અકસ્માત |
| ૨૮૮ | ઝાનઝુન | (સં.) ઘી કે તેલમાં તળવું તે |
| ૨૮૯ | ઝાપઝુપ્પ | (ક્રિ.વિ.) અણધાર્યું, એકાએક, ધારણા વિના |
| ૨૯૦ | ઝારાતિરા | (સં.) વેઠિયો, ઉપર ઉપરનું કામ કરનાર, કામમાં પોલ ચલાવનાર |
| ૨૯૧ | ઝાલેમાલે | (સં.) શ્યામ અને શ્વેત, ચટાપટાવાળું, વર્ણવૈવિધ્યવાળું |
| ૨૯૨ | ઝાસઝુસ | (સં.) ફોતરાં, છાલાં, કોમળ સૂકું ઘાસ |
| ૨૯૩ | ઝિટિમિટિ | (સં.) જંગમ મિલકત, માલમિલકત, મિલકત |
| ૨૯૪ | ઝિમિઝિમિ | (સં.) ઝરમર ઝરમર મેહ વરસવો તે, ઝરમર ઝરમર વર્ષા |
| ૨૯૫ | ઝિલિકઝિલિક | (સં.) ઝબકારો, ચમકારો, ઝગમગતો પ્રકાશ |
| ૨૯૬ | ઝિલિકમિલિક | (સં.) ઝબકારો, ચમકારો, ઝગમગતો પ્રકાશ |
| ૨૯૭ | ઝિલિમિલિ | (સં.) પ્રકાશ, ઝબકારો, ઝળહળાટ (વિ.) પ્રકાશિત, ઝળહળતું, તેજસ્વી |
| ૨૯૮ | ઝિલિલિલિ | (વિ.) પ્રકાશિત, ઝળહળતું, તેજસ્વી, આંજી દેતું |
| ૨૯૯ | ઝિલઝિલ | (વિ.) ઝળહળતું, ઝગમગતું, તેજસ્વી |
| ૩૦૦ | ઝિસિમિસિ | (સં.) પ્રભાત, સંધ્યા |
| ૩૦૧ | ઝુરાઝુરિ | (સં.) ટુકડા, કકડા, નાના ભાગ |
| ૩૦૨ | ઝુરામુરા | (સં.) ટુકડા, નાના કકડા, નાના ભાગ |
| ૩૦૩ | ઝયાકઝયાક | (સં.) એંજિનનો અવાજ |
| ૩૦૪ | ટકટકા | (સં.) બીજાઓને મદદ કરવી ન પડે તે માટે ગરીબાઈનું બહાનું કાઢતો |
| ૩૦૫ | ટકટકિ | (સં.) એકીટસે જોઈ રહેવું તે, તાકીને જોવું તે ( ગુ., મ. " તકતક "– તાકીને જોવું તે ) |
| ૩૦૬ | ટણ્ટઘણ્ટ | (સં.) વૈભવનાં સાધનો, અંગત ઉપયોગી વસ્તુઓ, બિનજરૂરી કપડાં અને ચાદર, ઓઢવાનાં વગેરે |
| ૩૦૭ | ટડટડ | (સં.) જપ કરવો તે, બડબડાટ, લવરી ( હિં. " ટરટર " ) |
| ૩૦૮ | ટનાટન | (વિ.) કાંઠા સુધી ભરેલું, ઠાંસોઠાંસ ભરેલ |

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

| | | |
|---|---|---|
| ૩૦૯ | ટપાટપ | (સં.) ઉતાવળમાં લઈ લેવું તે, ઉતાવળમાં ઊંચકી લેવાની ક્રિયા |
| ૩૧૦ | ટમટમ | (સં.) બે પૈડાંની ગાડી, બગી, કૂતરાગાડી |
| ૩૧૧ | ટમ્માટમ્મિ | (વિ.) પૂરેપૂરું ભરેલું |
| ૩૧૨ | ટલકટલક | (સં.) ઝળહળાટ, ચળકાટ ( " ટલક "નું દ્વિરુક્ત ) |
| ૩૧૩ | ટલપલ | (સં.) ચળકવું તે ( ખાસ કરીને નેત્રમાં આવેલાં આંસુઓની બાબતમાં અથવા ઝાકળ કે ઓસની બાબતમાં ) ( " ટલ "નું દ્વિરુક્ત ) |
| ૩૧૪ | ટહટહ | (ક્રિ.વિ.) (પ્રકાશતા સૂર્ય કે ચંદ્રની બાબતમાં) પ્રકાશમય રીતે, ઝળહળાટથી, તેજસ્વિતાથી ( સર. ગુ. " ટહટહ " – એકીટસે જોવું તે ) |
| ૩૧૫ | ટાકનટુકુન | (ક્રિ.વિ.) ટુકડે ટુકડે, ખંડશઃ ( " ટુકુન "નું દ્વિરુક્ત ) |
| ૩૧૬ | ટાકટુક | (સં.) નાના હિસાબ, પાટી ઉપર રમાતી એક પ્રકારની રમત ( " ટુક "નું દ્વિરુક્ત ) |
| ૩૧૭ | ટાપટિપ | (સં.) ચોરવું તે, લૂંટવું તે |
| ૩૧૮ | ટામટિમ | (સં.) સ્વચ્છતા, ચોખ્ખાઈ, સફાઈ, યોગ્યતા, લાયકાત |
| ૩૧૯ | ટામટુમ | (સં.) ભપકો, ડોળદમામ, દેખાવ |
| ૩૨૦ | ટાલાટુલિ | (સં.બ.વ.) નાનાં ચીંથરાં, ઉતારી નાખેલાં કપડાં |
| ૩૨૧ | ટાલટુલ | (સં.) સુધારવું તે, થીગડાં મારવાં તે, સમું કરવું તે |
| ૩૨૨ | ટિકટિક | (સં.) ઘડિયાળનું " ટક ટક " થવું તે, જંતુવિશેષ |
| ૩૨૩ | ટિપટાપ | (સં.) વીણવું તે, નાની નાની વસ્તુઓ ચોરવી તે, નાની નાની ચોરી કરવી તે |
| ૩૨૪ | ટિપટિપ | (સં.) ઉતાવળમાં ( ઝડપથી ) કંઈક ઊંચકી લેવાની ક્રિયા, ઝડપથી ઉપાડી લેવાની ક્રિયા |
| ૩૨૫ | ટિમિકટિમિક | (સં.) ઝબકતો, ટમકતો ( તારાની બાબતમાં ), પ્રકાશતું |
| ૩૨૬ | ટુકટુક | (ક્રિ.વિ.) ટૂંકાં પગલાંવાળી ચાલે, ટૂંકાં પગલાંવાળી ચાલથી |
| ૩૨૭ | ટુકટુક | (સં.) ટુકડા |
| ૩૨૮ | ટુટલફુટલ | (સં.) ભંગાણ, તોડફોડ, નુકસાન |
| ૩૨૯ | ટુટફુટ | (સં.) ભંગાણ, તોડફોડ, નુકસાન |
| ૩૩૦ | ટુપુટુપુ | (ક્રિ.વિ.) એક પછી એક, એક એક |
| ૩૩૧ | ટુલુટુલુ | (ક્રિ.વિ.) સ્થિર દૃષ્ટિથી, એકીટસે |
| ૩૩૨ | ટોટલટાપલ | (સં.) કામમાં પોલ ચલાવવી તે, વેઠ |
| ૩૩૩ | ટ્યૌઁઉટ્યૌઁઉ | (સં.) લવરી કરવી તે |
| ૩૩૪ | ટ્યાકટ્યાક | (સં.) ફરી ફરી થતો નાનો અવાજ ( ટકટક ) |
| ૩૩૫ | ઠકઠકિ | (વિ.) ઠંડીથી ધ્રુજતું, કડકડતી ( ઠંડીની બાબતમાં ) |
| ૩૩૬ | ઠટાકઠુટુક | (સં.) એક જાતનો અવાજ, તાળીઓનો અવાજ |
| ૩૩૭ | ઠમઠમ | (સં.) ઠસ્સાથી કે દમામથી ચાલવું તે, ગર્વ, ગુમાન, ભપકો, ચાલાકી |
| ૩૩૮ | ઠસમસ્સ | (ક્રિ.વિ.) કોઈએ જાણે કે સ્વસ્થ બનવું |
| ૩૩૯ | ઠસાઠસ | (સં.) એકલા બેસવું તે ( સર. ગુ. " ઠસ " ) |

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

| | | |
|---|---|---|
| ૩૪૦ | ઠૅાંટઠૂઁટ | (સં.) પ્રસાધનવિધિ, કેશભૂષા અને વેશભૂષા ( " ઠાટ "નું દ્વિરુક્ત ) |
| ૩૪૧ | ઠાકઠિક | (વિ.) જુઓ ઠિકઠાક ( ગુ. " ઠાકઠીક " ) |
| ૩૪૨ | ઠાકઠુક | (સં.) ધબ્બો મારવો તે, ઠોંસો મારવો તે, ઝૂડવું તે, કલહ |
| ૩૪૩ | ઠાનઠુન | (સં.) ચાલાકી, ચપળતા, ચંચળતા, આનંદ ( " ઠાન "નું દ્વિરુક્ત ) |
| ૩૪૪ | ઠિકાઠિક | (વિ.) માંડ માંડ પૂરું થાય એટલું, કેવળ ડોળ નભાવવા પૂરતું, ઉદાસીન, કાળજી વિનાનો ( ગુ. " ઠીકાઠીક " ) |
| ૩૪૫ | ઠિકઠાક | (વિ.) ખરુંસાચું, વાસ્તવિક, હૂબહૂ |
| ૩૪૬ | ઠેટનામેટના | (સં.) કોઈપણ વસ્તુનો બિનઉપયોગી કે નજીવો ભાગ |
| ૩૪૭ | ઠેલમઠેલ | (સં.) ધકેલવું તે, હડસેલવું તે, ટોળે વળવું તે ( સર. ગુ. " ઠેલંઠેલા " ) |
| ૩૪૮ | ઠેલાઠેલ | (સં.) અર્થ ઉપર પ્રમાણે ( સર. ગુ. " ઠેલાઠેલ " ) |
| ૩૪૯ | ઠેલપેલ | (સં.) દબાણ |
| ૩૫૦ | ઠેલફેલ | (સં.) દબાણ |
| ૩૫૧ | ઠોકાઠોક | (સં.) એકબીજા ઉપર પ્રહાર કરવો તે, દંડાદંડી |
| ૩૫૨ | ઠોસઠાસ | (સં.) ઘોંચવું તે, ઘોદો મારવો તે |
| ૩૫૩ | ડગડગ | (સં.) ધ્રૂજવું તે, ધ્રૂજારી, કંપન |
| ૩૫૪ | ડગડગાઉનુ | (અ.ક્રિ.) ધ્રૂજવું, ડગડગવું ( ગુ. " ડગડગવું " ) |
| ૩૫૫ | ડગમગ | (સં.) આમતેમ ઉછાળવું, ડગમગ થવું ( હોડીની બાબતમાં ) ( સર. ગુ. " ડગડગવું " ) |
| ૩૫૬ | ડરભર | (સં.) ભય, ડર, ક્ષોભ |
| ૩૫૭ | ડાકાડાક | (સં.) પ્રતિનિમંત્રણ, સામી મુલાકાત, તેડું |
| ૩૫૮ | ડાબાડાબિ | (વિ.) ચાબૂકથી ફટકારેલ |
